# ધર્મબિંદુપ્રકરણ

## ભાગ-૨

: સંકલન :

પૂ.આ.ભ.શ્રી.વિ.ચન્દ્રગુપ્તસૂરીશ્વરજી મ.

: પ્રકાશન :

શ્રી અનેકાન્ત પ્રકાશન જૈન રિલીજીયસ ટ્રસ્ટ

: સૌજન્ય :

સ્વ. લિલાબાઈ લાલચંદ સંઘવીના સ્મરણાર્થે

ટિંબરમાર્કેટ, પૂના

અંશ પ્રવચનના

પ્રવચનસ્રોતઃ

# ધર્મબિંદુ પ્રકરણ

## ભાગ-૨


: પ્રવચન :

પૂ. પરમશાસનપ્રભાવક આ.ભ.શ્રી.વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર

પૂજ્યપાદ આ.ભ.શ્રી.વિ. મુક્તિચન્દ્રસૂ.મ. સા. ના શિષ્યરત્ન

પૂજ્યપાદ આ.ભ.શ્રી.વિ. અમરગુપ્તસૂ.મ.સા.ના શિષ્ય

પ.પૂ.આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્તસૂ.મ.



: પ્રકાશન :

શ્રી અનેકાન્ત પ્રકાશન જૈન રિલીજીયસ ટ્રસ્ટ

: સૌજન્ય :

સ્વ. લિલાબાઈ લાલચંદ સંઘવીના સ્મરણાર્થે

ટિંબરમાર્કેટ, પુના

આવૃત્તિ - પ્રથમ
નકલ - ૧૦૦૦
વિ.સં. ૨૦૭૦

: પ્રાપ્તિસ્થાન :

મુકુંદભાઈ રમણલાલ શાહ
૨૦૧, નવરત્ન આપાર્ટમેંટ,
ન્યૂ વિકાસ ગૃહ રોડ,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

પ્રમોદભાઈ છોટાલાલ શાહ
૧૦૨, વોરા આશિષ
પં. સોલીસીટર રોડ,
મલાડ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૯૭.

જતીનભાઈ હેમચંદ શાહ
'કોમલ' છાપરીયા શેરી
મહીધરપુરા સુરત-૩.

તનિલ અમૃતલાલ વોરા
૪/૭૪, કૃષ્ણકુંજ,
જુના પુલગેટ, પુના-૪૧૧૦૦૧.

: મુદ્રક :

પ્રિંટઑલ પ્રિંટસ
પરેશ ઇંડસ્ટ્રીઅલ ઈસ્ટેટ, શંકરશેઠ રોડ,
પુણે - ૪૧૧ ૦૩૭.

# પાંચમો અધ્યાય

**बाहुभ्यां दुस्तरो यद्वत्, क्रूरनक्रो महोदधिः।**
**यतित्वं दुष्करं तद्वदित्याहुस्तत्त्ववेदिनः।।२५।।**

ક્રૂર એવા જળચર પ્રાણીઓ જેમાં છે એવો મોટો સમુદ્ર બાહુથી તરવો જેમ દુષ્કર છે તેમ સાધુપણું દુષ્કર છે - એવું તત્ત્વને જાણનારા કહે છે.

**अपवर्गः फलं यस्य, जन्ममृत्यादिवर्जितः।**
**परमानन्दरूपश्च, दुष्करं तन्न चाद्भुतम्।।२६।।**

જે સાધુપણાનું ફળ જન્મમરણથી રહિત અને અત્યન્ત આનન્દ સ્વરૂપ મોક્ષ છે તે સાધુપણું દુષ્કર હોય એમાં કોઈ આશ્ચર્ય નથી. સંસારમાં ગમે તેટલું સુખ હોય પણ જન્મ અને મૃત્યુનું દુઃખ તો પડેલું જ છે. જ્યારે મોક્ષમાં જન્મ અને મરણનું દુઃખ નથી, માટે સંસાર કરતાં મોક્ષમાં અનન્તું સુખ છે. આવા અનન્તા સુખનું સાધન સુકર ન હોય ને? વ્યવહારમાં આ વસ્તુનો અનુભવ તમને બધાને છે ને? ખાવાનું સુખ પણ ભૂખનું દુઃખ વેઠ્યા વગર નથી મળતું તેમ અનન્તું એવું સુખ પણ દુષ્કર એવા સાધુપણા વગર નહિ મળે. આના માટે ગ્રંથમાં દૃષ્ટાન્ત આપ્યું છે કે જેનું ફળ સારું છે એવા વિદ્યા મન્ત્ર ઔષધાદિ સાધનો જેમ દુષ્કર છે તેમ જેનું ફળ મોક્ષ છે, તે સાધુપણું દુષ્કર છે. તમારે ત્યાં પણ જ્ઞાનાદિ પ્રાપ્ત કરવા હોય, નીરોગી થવું હોય તો તેના માટે દુઃખ વેઠવું પડે ને? દુઃખ વેઠ્યા વગર સુખ નથી ભોગવાતું. તમારે ઉપધાનની નીવિમાં પણ સુખ ઉપવાસનું દુઃખ વેઠ્યા પછી જ લાગે છે ને? પેટ ભરેલું હોય તો નીવિમાં મજા ન આવે ને? હવે આ દુષ્કર એવું પણ સાધુપણું કોણ પાળી શકે તે માટે જણાવે છેઃ

**भवस्वरूपविज्ञानात्तद्विरागाच्च तत्त्वतः।**
**अपवर्गानुरागाच्च स्यादेतन्नान्यथा क्वचित्।।२७।।**

સંસારના સ્વરૂપનું જ્ઞાન હોય, સંસાર પ્રત્યે વૈરાગ્ય હોય અને મોક્ષ પ્રત્યે અનુરાગ હોય : આવા જીવોને સાધુપણું પ્રાપ્ત થાય છે, આ ત્રણ ન હોય તેને સાધુપણું નથી મળતું. આપણે ધર્મ કરીએ છીએ પરંતુ આ ત્રણ ગુણ આપણી પાસે નથી ને? આપણે રહીએ છીએ સંસારમાં છતાં સંસારને ઓળખી નથી શક્યા! સંસારને ઓળખ્યા વગર સંસારથી મુક્ત થવા માટે ધર્મ કરીએ છીએ. આ સંસારથી

મુક્ત થવાની ભાવના ધર્માત્માની ખરી પણ શા માટે મુક્ત થવું છે એનો જવાબ ન મળે ને? અરિહંત પરમાત્માની ભક્તિ કરીએ છીએ પણ અરિહંતપરમાત્માને ઓળખતા નથી. ગુરુની ભક્તિ કરીએ, ધર્મ કરીએ પણ ગુરુને અને ધર્મને ઓળખતા નથી. સંસારથી મુક્ત થવાની ભાવના કયા કારણસર થઈ છે એ પહેલાં જાણી લેવું છે. સંસારને ઓળખ્યો નથી માટે સંસાર અનુકૂળ લાગે છે. સંસાર અનુકૂળ લાગે છે માટે ધર્મ અનુકૂળ નથી લાગતો, સાધુપણું પળાતું નથી, મોક્ષ તરફ પ્રયાણ થતું નથી. તમારે ત્યાં જેમ ઘર મળે, દુકાન મળે અને ગાડી મળે એટલે તમારા સંસારનું પ્રયાણ અવિરતપણે ચાલ્યા કરે છે તેમ સાધુપણું મળ્યા પછી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર મળે એટલે મોક્ષ તરફ અવિરત પ્રયાણ ચાલુ થાય. સાધુપણું લીધા પછી પણ જે છોડ્યું છે એ અનુકૂળ લાગ્યા કરે છે અને જે મળ્યું છે એ અનુકૂળ નથી લાગતું માટે સાધુપણું પળાતું નથી. ધર્મ કરવાની અનુકૂળતા પૂરતી મળી છે છતાં નથી કરતા એનું કારણ એ છે કે સંસાર અનુકૂળ લાગ્યો છે. સંસાર અનુકૂળ લાગે છે એનો અર્થ જ છે કે સંસારને ઓળખતા નથી. જે માણસ ખરાબ લાગે એની તરફ પગલાં ભરો ખરા? આપણે સંસાર તરફ પગલાં માંડીએ છીએ માટે માનવું પડે કે સંસારના સ્વરૂપનું ભાન હજુ આપણને થયું નથી. જ્યાં સુધી સંસાર ઓળખાય નહીં ત્યાં સુધી ધર્મ કરવાની ઉતાવળ નથી કરવી. ઈન્દ્રજાળ, મૃગતૃષ્ણા-ઝાંઝવાના પાણી, આકાશમાં આવેલા ગન્ધર્વનગર અને સ્વપ્ન જેવો આ સંસાર છે. આ બધામાં વાસ્તવિકતા નથી. એ કાલ્પનિક છે, ક્ષણવાર માટે જ છે-આવું જેને સમજાય એને સંસાર સારો લાગે નહીં. સંસારની અસારતાનું ભાન ન થાય ત્યાં સુધી ધર્મની યોગ્યતા આવતી નથી. સંસારનું સ્વરૂપ ઓળખાઈ ગયા પછી તેના પ્રત્યે વૈરાગ્ય આવે. તપેલા લોઢા પર પગ મૂક્યા પછી પાછો બીજી વાર એની પર પગ ન મૂકીએ ને? તેવી રીતે સંસાર પ્રત્યે ઉદ્વેગ આવે તો સમજવું કે સંસાર પ્રત્યે વૈરાગ્ય આવ્યો છે. આપણો સંસાર પ્રત્યેનો વૈરાગ્ય આવો જ છે ને? કે ફરીથી તપેલા લોઢા પર પગ મૂકવાની તૈયારી છે? સુખથી ઉદ્વેગ પામેલા ધર્મ કરવા માટે લાયક છે, દુઃખથી ઉદ્વેગ પામેલા ધર્મ કરવા માટે લાયક નથી. સુખથી ઉદ્વેગ પામવા માટે શરૂઆત અહીંથી કરવી છે કે - પાંચે ઈન્દ્રિયોના વિષયો ભોગવતી વખતે જરાક થોભી જવું છે. આપણા દુઃખનું કારણ આપણે હજુ સુધી જાણ્યું નથી માટે સંસારના સ્વરૂપનું ભાન થતું નથી. આપણા દુઃખનું કારણ સંસારના સુખનો રાગ છે. એક વખત જેનાથી હેરાન થયા હોઈએ એ વસ્તુ કાયમ માટે છોડીએ ને? બિરબલની બિલાડીએ એક વાર ગરમ

દૂધથી દાઝ્યા પછી દૂધ છોડી દીધું. આપણે ન છોડીએ ને? એક વખત નડ્યા પછી પણ પાછા બીજી વાર લેવા તૈયાર ને? બીજી વાર અખતરો કરવા તૈયાર ને? પૌદ્ગલિક વસ્તુ છોડવા તૈયાર ન હોય એ સંસારને છોડવા તૈયાર થાય ખરા?

સંસાર પ્રત્યે વૈરાગ્ય આવે એને પરમપદ-મોક્ષ પ્રત્યે અનુરાગ જન્મે. અનુરાગનો અર્થ સ્પૃહાનો અતિરેક. જ્યાં સુધી ન મળે ત્યાં સુધી જંપીને બેસવું નહિ-તેને અનુરાગ કહેવાય. મોક્ષ માટે જે કરવું પડે તે કરવું છે, જે છોડવું પડે તે છોડવું છે આનું નામ મોક્ષ પ્રત્યેનો અનુરાગ. ઈચ્છામાં અને સ્પૃહામાં ફરક છે. મળે તો સારું, આપે તો સારું-આને ઈચ્છા કહેવાય અને મેળવવાની ભાવનાથી એકીટસે જોતા રહેવું, ન આપે તોપણ મેળવીને રહેવું તેને સ્પૃહા કહેવાય. સંસારના સ્વરૂપનું જ્ઞાન હોય, સંસાર પ્રત્યે વૈરાગ્ય હોય અને મોક્ષ પ્રત્યે અનુરાગ હોય : આ ત્રણ ઉપાય સાધુપણાના છે. આ ત્રણ ન હોય તો કોઈ પણ કાળે અને કોઈ પણ ક્ષેત્રમાં સાધુપણાની પ્રાપ્તિ થતી નથી.

આ ત્રણ ઉપાય બતાવવા દ્વારા યતિનું સ્વરૂપ બતાવ્યું. તે યતિધર્મ બે પ્રકારનો છે : સાપેક્ષયતિધર્મ અને નિરપેક્ષયતિધર્મ.

**इत्युक्तो यतिरधुनाऽस्य धर्ममनुवर्णयिष्यामो, यतिधर्मो द्विविधः- सापेक्षयतिधर्मो निरपेक्षयतिधर्मश्चेति।।१।।**

સાપેક્ષયતિધર્મ એટલે સ્થવિરકલ્પ અને નિરપેક્ષયતિધર્મ એટલે જિનકલ્પ. સ્થવિરકલ્પની આરાધના કર્યા વિના જિનકલ્પ ન સ્વીકારાય. તેથી પહેલાં સાપેક્ષ યતિધર્મ જણાવે છે.

**तत्र सापेक्षयतिधर्म इति।।२।। (२७१)**

રોગીને 'રોગ સારો નથી થવાનો' આ પ્રમાણે ડૉક્ટરે કીધા પછી પણ જો કોઈ કહે કે 'આ દવાથી મારો તમારા જેવો રોગ સારો થયો' તો રોગીને એમ થાય ને કે - આ દવા લઈને જોઈએ તો કદાચ સંભવ છે કે રોગ જતો રહેશે, મહેનત કરવામાં કશું જતું નથી. જ્યારે ધર્મ કરનારને એમ થાય ખરું કે -'સાધુપણું મેળવવા માટે મહેનત કરવી છે'? સાધુપણાની વાત આવે ત્યારે એમ જ લાગે ને કે 'આમાં આપણું કામ નથી'. અત્યારે નિરપેક્ષયતિધર્મ નથી માટે પચાસ ટકા તો ગ્રંથકારે કાઢી જ નાંખ્યા છે. નિરપેક્ષ યતિધર્મ તો હમણાં છે જ નહિ, પણ સાપેક્ષયતિધર્મ સુધી

પહોંચવું છે-આવું થાય ખરું? નિરપેક્ષ યતિધર્મમાં ભગવાનજેવું આચરણ કરવાનું હોય છે. એક પણ અપવાદ સેવવાનો હોતો નથી. જ્યારે સ્થવિરકલ્પ (સાપેક્ષયતિધર્મ) માં તો અપવાદ હોય પણ ખરો. જિનકલ્પી તો આંખમાં પડેલું તણખલું પણ કાઢતા નથી. સાડા નવ પૂર્વ જેટલું જ્ઞાન ભણ્યા પછી જિનકલ્પ સ્વીકારે. અત્યારે આપણને જે મળે એવું નથી, એના માટે મહેનત નથી કરવી પણ જે (સાપેક્ષયતિધર્મ) મળે એવું છે તેના માટે તો મહેનત કરી લેવી છે. જેટલો પણ ધર્મ કરીએ એ સાધુપણા માટે કરવો છે અને જેટલું પણ પાપ છોડીએ એ સાધુપણા માટે છોડવું છે. વ્યાપારી માણસ ધંધો કરતી વખતે જેમ દેવું થાય નહિ, વધે નહિ, નફો વધે એની કાળજી રાખે તેમ ધર્માત્મા કર્મ જાય અને ગુણો મળે એની કાળજી રાખે.

**यथा गुर्वन्तेवासितेति।।३।। (२७२)**

ધર્મ પાળવા માટેના સાધનની અપેક્ષા રાખવી તે સાપેક્ષ યતિધર્મ. ગચ્છમાં રહેવું તે સાપેક્ષયતિધર્મ અને ગચ્છમાં ન રહેવું તે નિરપેક્ષયતિધર્મ. ગુરુની પાસે રહેવું, ગચ્છમાં રહેવું, ગુરુની સાથે રહેવું તે સાપેક્ષયતિધર્મનો પહેલો આચાર છે. વચ્ચે વચ્ચે ગુરુને છોડીને જતા ન રહેવું. ગુરુમહારાજ આજ્ઞા કરે તો ગુરુમહારાજને છોડીને જવાનું તે સિવાય નહીં જવાનું. છોકરી પરણીને સાસરે આવ્યા પછી વારંવાર પિયર જઈ આવું આ પ્રમાણે કહે તો તમને ગમે ખરું? તો અહીં પણ શિષ્ય વારંવાર હું અહીં જઈ આવું, આ પ્રમાણે કહે તો ગુરુને ગમે ખરું? ગુરુનો અર્થ કર્યો છે કે જેઓએ આપણને દીક્ષા આપી છે તે અને તેમની પાસે યાવજ્જીવ સુધી રહેવું - તેને ગુર્વન્તેવાસિતા કહેવાય. ગુરુની પાસે રહેવાનું ફળ જણાવતાં કહ્યું છે કે જેઓ જીવન પર્યન્ત ગુરુકુળવાસને છોડતા નથી તેઓ ધન્ય છે અને તેઓને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે તેમ જ દર્શન અને ચારિત્રમાં સ્થિર થાય છે. સમુદાયમાં રહેતા હોય તો કોઈની પાસે વિશિષ્ટ જ્ઞાનાદિ હોય તો વિશિષ્ટ જ્ઞાનાદિની પ્રાપ્તિ થાય. બે બે જણ રહેતા હોય તો વિશિષ્ટ જ્ઞાનાદિની પ્રાપ્તિ ન થાય. જ્ઞાનની પ્રાપ્તિ થાય સાથે સાથે શ્રદ્ધા મજબૂત બને, સહન કરવાનો અભ્યાસ પડે. દુ:ખનો દ્વેષ ઓછો થાય એટલે શ્રદ્ધા મજબૂત બનવા માંડે. શ્રદ્ધા મજબૂત બને એટલે ચારિત્ર દિવસે દિવસે વધવા માંડે. જેઓ ગુરુકુળવાસમાં રહેવા ઈચ્છતા ન હોય તેઓ સાપેક્ષયતિધર્મ પાળવા માટે સમર્થ નહીં બને. ગુરુકુળમાં રહેતી વખતે પણ શેઠ થઈને નહિ રહેવાનું. તેથી કેવી રીતે રહેવાનું તે કહેવા માટે આગળનું સૂત્ર છે.

## तथा - तद्भक्तिबहुमानाविति।।४।। (२७३)

ગુરુના અંતેવાસી તરીકે રહીને ગુરુ પ્રત્યે ભક્તિ અને બહુમાન રાખવાનું છે. આજે મોટે ભાગે ગુરુ પાસે રહેવાનું જ ગમતું નથી તો તેમની ભક્તિ કરવાની વાત ક્યાંથી આવે? પહેલાં ભક્તિ કરવાની પછી બહુમાન ધારણ કરવાનું. ભક્તિ કરવી નહિ અને બહુમાન છે એવી વાત કરવી, એ બરાબર નથી. ગુરુની ભક્તિ કર્યા વિના ચાલે એવું નથી તેથી ભક્તિ પહેલાં બતાવી. બહુમાન વગરની ભક્તિ કરનારા લોકો પણ હોય છે અને એવાઓની ભક્તિ લેખે લાગતી નથી તે જણાવવા માટે ભક્તિ પછી બહુમાન જણાવ્યું. ગુરુને ઉચિત એવા અન્નપાનાદિ લાવી આપવા, ગુરુભગવંત બહારથી પધારે ત્યારે તેમના પગ ધોવા વગેરે અનેક પ્રકારની ભક્તિ છે. આ ભક્તિ માત્ર જરૂરી કામ તરીકે નથી કરવાની, ગુરુ પ્રત્યે ભાવથી, હૈયાથી પ્રતિબંધ-રાગ રાખીને કરવાની છે. ભક્તિ એ વારામાં કરવાની વસ્તુ નથી, ભાવથી કરવાની વસ્તુ છે. ભક્તિનો ભાવ હોય તે ભક્તિમાં વારો ન રાખે. જે ભક્તિ કરે તેને બહુમાન છે એવું મનાય. આજે ભક્તિના વારા કરવા પડે છે તેનું કારણ વ્યવસ્થા છે કે ભક્તિભાવની ખામી છે? ગુરુની પાસે કામ કરનારા મળે માટે નથી રહેવાનું, ગુરુની પાસે કામ કરવાનું મળે માટે ગુરુકુળવાસમાં રહેવાનું છે. અમે આચાર્યભગવંતની આજ્ઞાથી જુદા ચોમાસા કરવા માટે જતા અને ચોમાસા પછી જ્યારે આચાર્યભગવંત પાસે આવતા ત્યારે મારા ગુરુમહારાજ અમને કહેતા કે આપણે માત્ર ચાર-છ મહિના માટે સમુદાયમાં રહેવાનું છે. પાછા ચાતુર્માસ માટે જવું પડશે. આપણને થોડા કાળ માટે જ ભક્તિનો લાભ મળવાનો છે, તેથી પાછા વળીને જોવું નથી. સમુદાયના વ્યવસ્થાપકને કહી દેવાનું કે પહેલી પોરિસિના છ ઘડા અને બીજી પોરિસિના છ ઘડા હું નાંખીશ, ત્રણે સમય એક ઝોળી લાવીશ, એ સિવાયની ભક્તિ બીજાને સોંપજો. આટલું તો હું કરીશ જ. આને ભક્તિ અને બહુમાન કહેવાય. ગુરુની ભક્તિ કર્યા વિના આ ભવથી તરાશે નહિ. આ ભક્તિ બહુમાનપૂર્વક કરવી. બહુમાન તેને કહેવાય કે ગુરુભગવંત હૈયામાંથી ખસે નહિ. ભાવથી હૈયામાં જકડી રાખવું તેને પ્રતિબંધ કહેવાય. આ રીતે ગુરુભગવંત હૈયામાં હોય તો આપણે અકાર્ય કરતાં અટકી જઈએ, પાપ કરતાં અટકી જઈએ. ગુરુને યાદ કરવા પડે - એ બહુમાન નથી, ગુરુ ભુલાય નહિ તેને બહુમાન કહેવાય. યાદ તેને કરવા પડે કે જે ભુલાઈ ગયા હોય. ગુરુ ભુલાયા જ ન હોય તો તેમને યાદ કરવાનો વખત આવે જ નહિ. ગુરુની ભક્તિ આગ્રહપૂર્વક કરવાની પરંતુ તેમાં જીદ કરવાની નથી. ગુરુ ના પાડે તોપણ ભક્તિ કરવી એવું નથી

તે માટે જણાવે છે :

**तथा - सदाज्ञाकरणमिति।।५।। (२७४)**

ગુરુની ભક્તિ પણ ગુરુની આજ્ઞા પ્રમાણે કરવાની. ગુરુ આપણને ના પાડે અને બીજાને ભક્તિ કરવાનું કહે તો ત્યારે તહત્તિ કરવાનું. એવા વખતે એમ ન કહેવું કે ગુરુ પક્ષપાત કરે છે, બીજા પાસે કરાવે, અમને ના પાડે, મારી પ્રત્યે તેમને દ્વેષ છે... ગુરુ એક વાર ના પાડે તો બીજી વાર પાછું પૂછવા જ ન જાય-એવું ન કરવું. ગઈ કાલે કોઈ કારણસર ના પાડી હોય તોપણ બીજા દિવસે ફરી આજ્ઞા આપે પણ ખરા. તેથી રોજ ગુરુની આજ્ઞા રાતદિવસ પાળવી. તે જ રીતે ગુરુ રાત્રે ઊંઘમાંથી ઉઠાડીને માત્રું વગેરે પરઠવવા મોકલે તો તરત ઊઠીને જતા રહેવું. તે વખતે બીજાને નથી ઉઠાડતાં અને મને જ ઉઠાડે છે-એવો વિચાર પણ ન કરવો.

**तथा-विधिना प्रवृत्तिरिति।।६।। (२७५)**

સાધુપણામાં દરેક ક્રિયા ગુરુને પૂછીને તેમની આજ્ઞા લઈને જ કરવી. તેમ જ એ પ્રવૃત્તિ કરતી વખતે વિધિપૂર્વક કરવી. માત્ર કામ પતાવવા માટે કરવાનું એવું નથી. પ્રત્યુપેક્ષણા, ભિક્ષાચર્યા વગેરે દરેક પ્રવૃત્તિ શાસ્ત્રમાં બતાવ્યા પ્રમાણેની વિધિપૂર્વક કરવી.

સાપેક્ષયતિધર્મ અને નિરપેક્ષયતિધર્મ : એમ બે પ્રકારના યતિધર્મમાંથી આપણે સાપેક્ષયતિધર્મ સમજવાનું શરૂ કર્યું છે, જેમાં ગચ્છની અપેક્ષા હોય છે. નિરપેક્ષ યતિધર્મ અત્યારે વિચ્છેદ ગયો છે છતાં નિરપેક્ષયતિધર્મનું પાલન રાતદિવસ ચાલુ છે ને?! ગચ્છની અપેક્ષા રાખીને ગુરુકુળવાસમાં રહેવાનું હોવા છતાં ગચ્છથી નિરપેક્ષપણે, સ્વચ્છંદપણે જીવવાનું કામ કરીએ તો માનવું પડે ને કે નિરપેક્ષયતિની જેમ જીવવાનું શરૂ કર્યું છે! આવી નિરપેક્ષતા નુકસાનકારક છે. સાપેક્ષયતિધર્મ પાળ્યા વિના નિરપેક્ષયતિધર્મનું સામર્થ્ય પ્રગટતું નથી. સાપેક્ષયતિધર્મમાં ગુર્વન્તેવાસિતા, તેમની આજ્ઞાનું કરણ, વિધિથી પ્રવૃત્તિ કરવી... આટલું જણાવ્યા બાદ હવે કહે છે :

**तथा - आत्मानुग्रहचिन्तनमिति।।७।। (२७६)**

ગુરુની આજ્ઞાપૂર્વક પ્રવૃત્તિ કરતી વખતે વિધિપૂર્વક કરવી. પરંતુ ગુરુની આજ્ઞા પાળવાનો અવસર આવે ત્યારે 'મારા આત્મા ઉપર અનુગ્રહ કર્યો' એવું વિચારવું. આટલા બધા છે છતાં મને જ કહે છે, બધા ભૂલ કરે છે છતાં એમનું ચલાવી લે

છે અને અમને જ બોલે છે... આવા વિચારો ન કરવા. ગુરુ આપણને કહે તે આપણા આત્મા ઉપરનો અનુગ્રહ છે. તમારી દુકાનમાં ઘણી ઘરાકી હોય તો તમને એવો વિચાર આવે ખરો કે હું એકલો જ વેપારી છું? આ બધા પણ વેપારી છે જ ને? તો બધા મારે ત્યાં જ શા માટે આવે છે? કે ઉપરથી એમ થાય કે આ બધા મારી ઉપર ઉપકાર કરે છે...! ડોક્ટરને ત્યાં જાઓ તો તમારી ટ્રીટમેન્ટ થાય તેમાં તમે રાજી કે નારાજ? અને અહીં ગુરુ જો આપણને કામ કહે કે આપણને હિતશિક્ષા આપે, આપણી ભૂલ બતાવે તો તેમાં નારાજ થવાનું? કે આપણી ઉપર અનુગ્રહ કર્યો-એમ માનવાનું? આ વિષયમાં ગ્રંથકારશ્રીએ પ્રશમરતિ ગ્રંથમાં ઉમાસ્વાતિજી મહારાજે જણાવેલ વાતનો હવાલો આપ્યો છે. ત્યાં જણાવ્યું છે કે જે ધન્ય આત્મા છે તેની ઉપર જ ગુરુભગવંતના મુખમાંથી નીકળતો વચનના રસરૂપી ચંદનનો સ્પર્શ પડે છે કે જે ચંદનસ્પર્શ અહિતના આચરણના કારણે વળેલા પરસેવાને સૂકવવાનું કામ કરે છે. આપણને પરસેવો શેના કારણે થાય છે? અહિતનું આચરણ કરવાના કારણે જ ને? ખોટાં કામ કરવાથી જે પરસેવો થાય છે તેને દૂર કરનાર ગુરુના હિતશિક્ષાના વચનરૂપી ચંદનનો સ્પર્શ છે. ગુરુના હિતશિક્ષાનાં વચનો કેવાં હોય? કઠોર હોય ને? છતાં તેને ચંદનજેવાં શીતલ એટલા માટે કહ્યાં છે કે તેમનાં વચન કરતાં ય આપણું વર્ત્તન અત્યંત કર્કશ છે. આપણા એવા અહિતકારી વર્ત્તનના કારણે જે સંતાપ છે તેને શમાવવાનું સામર્થ્ય ગુરુવચનમાં છે. શ્રી હરિભદ્રસૂરિ મહારાજ પણ બૌદ્ધ સાથે વાદ કરીને બૌદ્ધનો ઉચ્છેદ કરવા તૈયાર થયેલા ત્યારે તેમના ગુરુએ માત્ર સાડાત્રણ શ્લોક સમજાવીને તેમાં ગુણસેન અગ્નિશર્માના નવ ભવ જણાવીને તેમને વૈરના પરિણામથી પાછા વાળ્યા અને ક્રોધના પરિણામ દૂર કરી તેમને શાંત કરેલા. જેને આ રીતે ગુરુભગવંતની હિતશિક્ષાની શીતલતાનો અનુભવ થયો હોય તે જ આ રીતે ગુરુવચનમાં આત્માના અનુગ્રહને વિચારવાનું જણાવી શકે. શ્રી હરિભદ્રસૂરિ મહારાજમાં એટલી લાયકાત હતી કે ગુરુના કહેવાથી તેમનો ક્રોધ શાંત થયો. ગુરુએ ના પાડી તો વાદ માંડી વાળ્યો. આપણામાં આટલી પણ લાયકાત છે? આજે આટલો નિયમ આપી દઉં કે કોઈ પણ આપણને ઝઘડો કરવાની, સામે બોલવાની ના પાડે તો તરત આપણે અટકી જવું. આપણે જાતે તો અટકી શકતા નથી, પણ કોઈ ના પાડે તો ઝઘડાથી, બોલવાથી અટકી જવું છે. આમાં તો કોઈ સુખ છોડવાનું નથી, અવિરતિ છોડવાની નથી, માબાપ-બૈરાછોકરા છોડવાની વાત નથી ને? તો આમાં શું વાંધો છે? તમારા કરતાં તો જડ એવી તમારી ગાડી સારી કે તેને બ્રેક મારીએ તો તે અટકી જાય છે, તમે તો કોઈનાથી અટકતા જ નથી.

સ૦ આપણું સાચું હોય તોપણ છોડી દેવાનું? અટકી જવાનું?

આપણે સાચા ક્યાંથી? જે ભગવાનનું માને એ સાચા. ભગવાને ઝઘડવાની ના પાડી છે ને? આપણે ભગવાનનું માનતા નથી માટે આપણે સાચા નથી. જેઓ ભગવાનનું માનતા નથી તેઓ ખોટા છે. તો ખોટાથી અટકવામાં શું વાંધો છે?

સ૦ એટલે આપણે સમતામાં રહેવાનું એમ જ ને?

સમતા કોને કહેવાય? સુખ ભોગવવું અને દુ:ખ ટાળવું-એ સમતા નથી. દુ:ખ મજેથી ભોગવી લેવું અને સુખ છોડી દેવું તેનું નામ સમતા. ગુરુભગવંત આપણને જે કાંઈ કહે છે તે આપણા અહિતને દૂર કરનાર છે-એવું માનીએ તો સમતા આવે. આ રીતે જો સહનશીલતા ન કેળવીએ તો વ્રતના પરિણામની રક્ષા નહિ થાય. આ રીતે અસહનશીલતાનો અવસર આવે ત્યારે સહનશીલતા કેળવીને વ્રતના પરિણામની રક્ષા કરવી તે જણાવે છે :

**तथा – व्रतपरिणामरक्षेति।।८।। (२७७)**

ગમે તેવા પરિષહ કે ઉપસર્ગો વેઠવાનો વખત આવે ત્યારે સહિષ્ણુતા કેળવી લઈને વ્રતના પરિણામની રક્ષા કરી લેવી. કષ્ટ અસહ્ય આવે ત્યારે વ્રતનો પરિણામ પડવાનો સંભવ છે માટે તેને સાચવી લેવાનું કહ્યું છે. વ્રતના પરિણામ ટકાવવા હોય તો ગમે તેટલું કષ્ટ પડે તોપણ સમુદાયનો, ગુરુકુળવાસનો ત્યાગ ન કરવો. શાસ્ત્રમાં કહ્યું છે કે દરિયાનું માછલું જેમ ગમે તેટલા મગરમત્સ્ય વગેરે હેરાન કરે તોપણ દરિયાનો ત્યાગ કરીને ન જાય. કારણ કે તેને ખબર છે કે સમુદ્રનો ત્યાગ કર્યો તો પાણી વિના તરફડીને મરવાનો વખત આવે. એ રીતે સાધુસાધ્વી પણ ગમે તેટલી તકલીફ ગુરુકુળવાસમાં પડે, ઉપસર્ગ-પરીષહ આવે તોય તેનો ત્યાગ ન કરે, પરંતુ સહનશીલતા કેળવીને પરિણામની રક્ષા કરે. દુ:ખનો દ્વેષ જ એવો છે કે જે આપણા ધર્મના પરિણામનો ઘાત કરે. તેવા વખતે દુ:ખ આપનાર પરીષહ અને ઉપસર્ગ સામે ઝઝૂમીને, એને જીતીને વ્રતના પરિણામની રક્ષા કરવી. અહીં જણાવે છે કે ચિંતામણિ, ઔષધિ વગેરે કીમતી વસ્તુઓની રક્ષા જે રીતે કરીએ તે રીતે અપ્રમત્તપણે, ઉપયોગપૂર્વક વ્રતના પરિણામની રક્ષા કરવી. ગમે તેટલું કષ્ટ પડે તોપણ ચિંતામણિ કે ઔષધિ ગુમ ન થઈ જાય, નાશ ન પામે તેની કાળજી રાખીએ-તેવી કાળજી અહીં રાખવી. દુ:ખ આવ્યા પછી દુ:ખ ટાળીને આરાધના કરવી એ વ્રતની રક્ષાનો ઉપાય છે- એવું કોઈ ન માને તે માટે આગળના સૂત્રથી જણાવે છે.

**तथा - आरम्भत्याग इति।।९।। (२७८)**

આપણે ધર્મ કરીએ છીએ પણ ભગવાનની બધી વાત માનતા નથી. પાપ કરીને નરકમાં નથી જવું-એ વાત કદાચ માની લઈએ, પણ ધર્મ કરીને મોક્ષમાં જવું છે-આ વાત માનવાની તૈયારી નથી ને? જો ધર્મ કરીને મોક્ષમાં જવું હશે તો સાધુપણામાં પહોંચવું જ પડશે. આ આશયથી જ આપણે સાધુના આચાર સમજવા છે, સાંભળવા છે. શ્રાવક તેને જ કહેવાય કે જે સાધુ પાસે સાધુની સામાચારી સાંભળે. શ્રાવકની સામાચારી તો જે માર્ગાનુસારી હોય તે સાંભળે. જેને સાધુ થવું હોય તે સાધુની સામાચારી જ સાંભળે ને? આપણે જોઈ ગયા કે વ્રતના પરિણામની રક્ષા સાધુએ કરવી. આ રક્ષા કેવી રીતે કરવી તે માટે જણાવે છે કે છ કાય જીવની હત્યાથી વિરામ પામવું એ જ વ્રતના પરિણામની રક્ષાનો ઉપાય છે. જે હિંસાથી વિરામ ન પામે તેના વ્રતના પરિણામની રક્ષા ન થાય. પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસ કાય આ છયે જીવનિકાયની હિંસા મનથી વચનથી કે કાયાથી કરે પણ નહિ, કરાવે પણ નહિ અને કરતાને અનુમોદે પણ નહિ, તે જ વ્રતના પરિણામની રક્ષા કરી શકે. અમે કદાચ હિંસા કરીએ નહિ, પરંતુ કરાવવાનું કે અનુમોદવાનું ચાલુ છે ને? અમે જાતે કાચું પાણી ન લૂસીએ, પણ તમારા જેવાને લૂસવાનું કહીએ તો કરાવવાનું કે કોઈ લૂસી લે ને રાજી થઈએ તો અનુમોદનાનું પણ પાપ લાગે. સાધુભગવંતો ઉપાશ્રયની બારી બંધ હોય તો ખોલે નહિ અને ખુલ્લી હોય તો બંધ ન કરે. કારણ કે એમાં છજીવનિકાયનો આરંભ થાય છે. આ રીતે આરંભની અનુમોદનાથી કે કરણકરાવણથી વ્રતના પરિણામની રક્ષા થતી નથી. વ્રતનો પરિણામ ટકાવવો હોય તો સૌથી પહેલાં પ્રવૃત્તિ ઓછી કરવી પડશે. ધમધમતી પ્રવૃત્તિ કરે, અનેક પ્રકારના ધામ બનાવવાના પ્રોજેક્ટ રાખે તેના વ્રતના પરિણામની રક્ષા ન થાય. જેટલી ઓછી પ્રવૃત્તિ કરીએ તેટલી વ્રતના પરિણામની રક્ષા થશે. આરંભનો ત્યાગ કેવી રીતે કરવો તે માટે જણાવે છે કે :

**पृथिव्याद्यसङ्घट्टनमिति।।१०।। (२७९)**

આરંભનો ત્યાગ કરવો હોય તો પૃથ્વીકાય, અપ્કાય વગેરેનો સંઘટ્ટો-સ્પર્શ પણ ન કરવો. આ 'સંઘટ્ટા' પદથી અભિહયા વગેરે પહેલાની વિરાધના અને પરિયાવિયા વગેરે પાછળની વિરાધનાનો ત્યાગ પણ સમજી લેવો. જે સંઘટ્ટો પણ ન કરે તે બીજી વિરાધના તો ન જ કરે ને? સચિત્ત એવા પૃથ્વીકાયનો સ્પર્શ પણ ન કરે તે સાધુપણું

પાળી શકે. જો આ રીતે સ્પર્શ પણ ન કરવાનો હોય તો ચાલવા વગેરેની પ્રવૃત્તિ કેવી રીતે કરવી આવી શંકામાં જણાવે છે :

**તથા – त्रिधेर्याशुद्धिः।।११।। (२८०)**

ઊર્ધ્વ દિશા, અધોદિશા અને તીરછી દિશામાં યુગપ્રમાણ અર્થાદ્ પોતાની કાયાપ્રમાણ (સાડા ત્રણ હાથ જેટલી) જગ્યા ઉપર નજર રાખીને ચાલવું. ડુંગર વગેરે ચઢતી કે ઊતરતી વખતે ઊર્ધ્વ અને અધોદિશામાં ચાલવાનું બને.

**તથા – भिक्षाभोजनमिति।।१२।। (२८१)**

ચાલવાનો વિધિ જણાવ્યા બાદ આહાર લેવાનો વિધિ જણાવે છે. આહાર વિના શરીર ચાલતું નથી, જીવન ચાલતું નથી એ વાત સાચી, પરંતુ શરીરને બગાડનાર કે સંયમને બગાડનાર પણ આ આહાર જ છે. આથી ભોજનનો પણ વિધિ અહીં જણાવ્યો છે. સાધુભગવંત ભિક્ષા દ્વારા ભોજન લે. એ ભિક્ષા પણ નિર્દોષ હોવી જોઈએ. આજે સાધુપણામાં સવાર અને સાંજનો આહાર લેવાનું શરૂ કર્યું તેના કારણે દોષિત આહાર શરૂ થયો. જો મધ્યાહ્ને જ આહાર લેતા હોત તો તે સમયે રોટલી, દાળ, ભાત, શાક નિર્દોષ મળી જાત. કાળનું ઉલ્લંઘન કરવાના કારણે નિર્દોષ ભિક્ષા અમારા જીવનમાંથી ગઈ. રોટલી, દાળ, ભાત, શાકમાં પણ પાછી સંયોજના નથી કરવાની. રોટલી સાથે શાક નથી લેવું અને ભાત સાથે દાળ નથી વાપરવી. આપણને જે ગમે તેવો આહાર નથી લેવો, ભગવાને જેવો કહ્યો હોય તેવો આહાર લેવો છે. તમે પણ તમારા વ્યવહારમાં શું કરો? જે ગમે તે લઈ આવો કે જે સારું હોય તે લાવો? માંદા પડ્યા હો ત્યારે જે ભાવે તે ખાઓ? કે જે હિતકારી હોય, પથ્ય હોય તે જ ખાઓ? તેમ અહીં પણ આપણને જે ગમે તે નહિ લઈ આવવાનું, ભગવાને કહ્યું હોય તે રોટલી, દાળ, ભાત, શાક જ લાવવું. સાધુપણામાં મિષ્ટાન્ન કે ફરસાણ વાપરવાના જ નથી. આપણે કેવી રીતે વર્ત્તીએ છીએ અને આપણે કેવી રીતે વર્ત્તવું જોઈએ એ બે વચ્ચેનું અંતર તપાસીએ તો એમ લાગે કે આપણે ધર્મ કરવો જ નથી, અધર્મ જ કરવો છે. આ તો અધર્મ કર્યા પછી તે નડી ન જાય તે માટે થોડોઘણો ધર્મ કરી લેવો છે-ખરું ને? આવો ધર્મ કોઈ પણ રીતે લેખે નહિ લાગે. શિરો વગેરે મિષ્ટાન્ન નિર્દોષ મળે તોપણ નથી લેવું. કારણ કે ભગવાને તો એ લેવાની ના પાડી છે. સંયમ લીધા પછી સંયમ ટકાવવા માટે રોટલી દાળ ભાત શાક સિવાય બીજું કશું વાપરવું નહિ. કારણ કે બીજો આહાર લેવાથી સંયમની સાધના સિદાશે.

આહારની જરૂર શરીર ટકાવવા માટે છે, શરીર બગાડવા માટે આહાર નથી લેવાનો. સંયોજના કરવાની નથી તો જો એક વસ્તુથી ચાલે તો બીજી વસ્તુ લેવી નથી.

સાધુભગવંતને નિર્દોષ ભિક્ષા લેવી હોય તો દ્રવ્યનું, કાળનું અને પ્રમાણનું નિયમન કરવું જરૂરી છે. જે કાળે લોકો પોતાના માટે બનાવે એ કાળે આહાર લેવા જવાનું. મધ્યાહ્ન સમયે લગભગ બધા લોકો રાંધતા હોય છે. તેથી મધ્યાહ્ને જઈએ તો નિર્દોષ આહાર મળે. એ જ રીતે દ્રવ્ય તરીકે પણ રોટલી, દાળ, ભાત, શાક આ ચાર વસ્તુ લગભગ બધા રાંધે તેથી એ દ્રવ્ય પણ નિર્દોષ મળે. એ જ રીતે આ ચાર દ્રવ્ય પણ પ્રમાણસર વાપરે તો નિર્દોષ મળે. પ્રમાણ પણ ભગવાને નક્કી કરી આપ્યું છે. પુરુષોએ બત્રીસ કોળિયા અને સ્ત્રીઓએ અઠ્ઠાવીસ કોળિયા જેટલો આહાર લેવો.

સ૦ કોઈનું પેટ ચાર રોટલીથી ભરાય, કોઈનું દસ રોટલીથી ભરાય.

આપણે ટેવ પાડીને જોયું છે ખરું કે ખરેખર આપણું પેટ કેટલાથી ભરાય છે? કેવળજ્ઞાની કહે છે કે પુરુષોનું પેટ બત્રીસ કોળિયાથી અને સ્ત્રીઓનું પેટ અઠ્ઠાવીસ કોળિયાથી ભરાય છે. લોકમાં પણ કહેવત છે કે આહાર અને નિદ્રા વધાર્યા વધે અને ઘટાડ્યા ઘટે. આપણો ગમે તેટલો આહાર હોય આપણે ધારીએ તો ભગવાને કીધા પ્રમાણેનો આહાર વાપરીને પણ શરીર ટકાવી શકીએ. શરીર આહારથી જ ટકે છે એવું નથી તેમાં આયુષ્યકર્મ પણ કામ કરે છે. જ્યાં સુધી આયુષ્યકર્મ હશે ત્યાં સુધી શરીર પ્રમાણોપેત આહારથી ટકશે જ. ખાવાથી શક્તિ નથી આવતી, ખાવાનું પચે તો શક્તિ આવે. ખાય એટલું કામ ન લાગે, પચે એટલું કામ લાગે. રોગી થોડું થોડું ખાઈને પણ નીરોગી બને. જ્યારે નીરોગી વધુ ખાઈ ખાઈને રોગી બને છે. વધારે ખાવાથી શરીર ટકે આ માન્યતા મિથ્યાત્વના ઘરની છે. ભગવાને બતાવેલા પ્રમાણોપેત આહારથી શરીર ટકી શકે-આટલી માન્યતા કેળવવી જ પડશે. ઘીના દીવામાં પણ થોડું થોડું ઘી નાંખીએ તો જ્યોત ઝળહળતી રહે, પણ આખો ઘીનો ડબ્બો ઠલવે તો દીવો બુઝાઈ જ જાય ને? જંગલમાં મુશળધાર વરસાદ વરસે છતાં બે-ચાર મહિનામાં જંગલ ઉજ્જડ બની જાય ને? જ્યારે ઘરના બગીચામાં રોજ થોડું થોડું સિંચન કરવાથી બગીચો લીલોછમ રહે. તેવી રીતે અહીં પણ પ્રમાણોપેત આહારથી શરીર શક્તિશાળી અને સ્ફૂર્તિમાન બને. ચક્રવર્તીનું બળ એટલું હોય છે કે તેમની આખી સેના તેમની આગળ ઊભી રહે અને ચક્રવર્તી તેમને ખેંચે તો તેઓ પતંગની જેમ ખેંચાઈ જાય. અને આખી સેના ભેગી થઈને ચક્રવર્તીને ખેંચે તોપણ ચક્રવર્તી

તસુભાર ખસે નહિ. આટલું બળ હોવા છતાં ચક્રવર્તીનો આહાર કેટલો હોય? ચક્રવર્તીના આત્માઓ પણ દીક્ષા લઈને અંતપ્રાંત ભિક્ષા લેતા. સનત્કુમાર ચક્રવર્તીએ દીક્ષા લીધા પછી સાતસો વર્ષ રોગ સહન કર્યા અને લાખ વર્ષ દીક્ષા પાળી છતાં આહાર પ્રમાણોપેત જ લીધેલો. જે પુણ્યથી મળે તે પુરુષાર્થથી નહિ જ મળે. અને જે પુરુષાર્થથી મળે એવું છે તે પુણ્યથી નહિ મળે. પૈસો, શરીરની શક્તિ પુણ્યથી મળે એવી છે અને દીક્ષા પુરુષાર્થથી મળે એવી છે છતાં દીક્ષા માટે પુરુષાર્થ નથી કરવો ને? બેંતાલીસ દોષથી રહિત ભિક્ષા લાવ્યા પછી પણ માંડલીના પાંચ દોષ ટાળવાના છે. પ્રમાણથી (૩૨,૨૮ થી) વધુ આહાર લે તો માંડલીનો દોષ લાગે છે. માટે પ્રમાણ પણ જાળવવું જરૂરી છે. અહીં જણાવ્યું છે કે ભિક્ષા ત્રણ પ્રકારની છે. ૧. સર્વસમ્પત્કરી, ૨. પૌરુષઘ્ની, ૩. વૃત્તિભિક્ષા. તેમાંથી સાધુભગવંતો સર્વસંપત્કરી ભિક્ષા વાપરે. સર્વસંપત્કરી ભિક્ષા કોને કહેવાય છે તે જણાવે છેઃ ધ્યાનાદિથી યુક્ત એવો યતિ ગુર્વાજ્ઞામાં રહીને સદા આરંભનું વર્જન કરતો; બાલ, વૃદ્ધ, ગ્લાન, તપસ્વી વગેરે માટે તેમ જ પોતાના દેહના તથા દાતા એવા ગૃહસ્થના ઉપકાર માટે ભ્રમરની ઉપમાથી અસંગપણે ભમતા શુભઆશયથી ભિક્ષા લાવે તે સર્વસંપત્કરી ભિક્ષા કહેવાય. સાધુ ભગવંત ભિક્ષાએ જાય તો ભકત વગેરેની વિનંતિથી ન જાય, ગુરુની આજ્ઞાથી જાય. બેતાલીસ દોષનું વર્જન કરતો હોવાથી સાધુ અનારંભી કહેવાય. ખાવા માટે પણ કોઈને પીડા ન પહોંચાડે એવા ભગવાનના આચારનું પાલન કરનારા સાધુઓ હોય છે. તેમ જ ગૃહસ્થને સુપાત્રદાનથી ધર્મનો લાભ થાય તથા પોતાનો સંયમદેહ પુષ્ટ થાય એ જ શુભ આશયથી જે ભિક્ષા લવાય છે તે સર્વસંપત્કરી ભિક્ષા કહેવાય. સર્વ રીતે તે કલ્યાણને કરે છે માટે તેને સર્વસંપત્કરી કહેવાય છે. જ્યારે પ્રવ્રજ્યાને સ્વીકારીને જે દીક્ષાના વિરોધી એવા આચારમાં વર્ત્તે છે અને જેઓ અસદ્નો આરંભ કરનારા છે તેમની ભિક્ષા પૌરુષઘ્ની એટલે કે પુરુષાર્થને હણનારી છે. તેમ જ જેઓ દરિદ્ર છે, અંધ કે પંગુ છે તેમ જ અન્ય (ભીખ માગવા સિવાય) ક્રિયા કરવા માટે અસમર્થ છે તેઓ પોતાની આજીવિકા માટે ભિક્ષાએ ફરે છે તેને વૃત્તિભિક્ષા કહેવાય છે. આ ત્રણમાંથી સર્વસંપત્કરી ભિક્ષાથી જ સાધુભગવંતો પિંડનું ગ્રહણ કરે છે.

ધર્મબિંદુ ગ્રંથમાં સાધુનો આચાર સૌથી છેલ્લે બતાવ્યો છે. શરૂઆતમાં કદાચ કોઈ ભૂલ થઈ જાય તો એને સુધારી શકાય પરંતુ છેલ્લી ઘડીએ જો ભૂલ થાય તો તેને સુધારવાની તક ન રહે, ફરી પહેલેથી શરૂઆત કરવી પડે. તેથી જ આ

સાધુપણાના આચારમાં નાનામાં નાના આચારો ઝીણવટથી બતાવ્યા છે. સાધુધર્મ ઊંચામાં ઊંચો છે તેમાં ભૂલ થાય તે પાલવે એવું નથી. સારામાં સારું ફરસાણ બનાવ્યું હોય પરંતુ વઘારતી વખતે જ દાઝી જાય તો બધું જ બગડે ને? દૂધ દાઝી જાય તો માવો બનાવાય પણ માવો જ દાઝી જાય તો ખાવાલાયક ન રહે. ગૃહસ્થપણામાં જો કોઈ ભૂલ થાય તો તે સાધુપણામાં સુધારી શકાય. પરંતુ સાધુપણામાં જ ભૂલ થાય તો તેને સુધારવા ક્યાં જવું? આથી જ સાધુપણામાં એક પણ ભૂલ ન થઈ જાય તેની તકેદારી રાખવી. આપણા પુરુષાર્થને સફળ બનાવે એ સર્વસંપત્કરી ભિક્ષા છે અને આપણા પુરુષાર્થને નકામો બનાવે એવી પૌરુષઘ્ની ભિક્ષા છે. વૃત્તિ ભિક્ષા તો ભિખારીઓને હોય. સાધુપણામાં જો ભૂલો થઈ તો કર્મોની નિર્જરા નહિ થાય. સાધુપણું પાળીને સારો જનમ જોઈએ છે કે જનમ જ નથી જોઈતો? સારો જન્મ પુણ્યથી મળે, જન્મ જ ન જોઈતો હોય તો નિર્જરા કરવી પડશે. અને એ નિર્જરા સાધુપણામાં જ થઈ શકે. શ્રાવકપણાના ધર્મથી પુણ્ય બંધાય, નિર્જરા સાધવી હોય તો સાધુપણામાં આવીને સાધુપણું દોષરહિતપણે પાળવું પડશે. હવે આગળ જણાવે છે.

**तथा – आघाताद्यदृष्टिरिति।।१३।। (२८२)**

સાધુભગવંત ભિક્ષાએ જાય ત્યારે આઘાતાદિના સ્થાનમાં દષ્ટિ કર્યા વગર જાય. આઘાત એટલે હિંસા. જેમાં અનેક પ્રકારના જીવોની હિંસા થતી હોય એવા સ્મશાન, જુગારનો અડ્ડો, સ્નાનગૃહ, શયનગૃહ વગેરે પ્રમાદના સ્થાનમાં દષ્ટિ ન કરવી. વહોરવા જાય ત્યારે ભિક્ષા, પોતાનું પાત્ર અને દાતા એવી સ્ત્રીના હાથ વગેરે સચિત્તના સંઘટ્ટાવાળા છે કે નહિ-એટલું જ જોવું. એ સિવાય તેનાં વસ્ત્રો, દાગીનાં, રૂપ વગેરેને ન જુએ. જેની નજર ચોખ્ખી ન હોય તેને લોકો પણ સારા નથી માનતા. જ્યાં ત્યાં નજર કર્યા કરે તો તેવા સાધુના પરિણામ પડી જવાની સંભાવના છે. ગમે ત્યાં નજર નાંખવાથી જે ભોગવ્યું ન હોય તે ભોગવવાની ઈચ્છા થાય અને જેણે ભોગવ્યું હોય તેને ભોગવવાનું યાદ આવે. ભૂતકાળના સંસ્કારને જાગૃત કરે, સંસ્કારથી સ્મરણ થાય અને સ્મરણથી પ્રવૃત્તિ કરવાનું મન થાય. માટે આવાં સ્થાનો પર દષ્ટિ જ ન કરવી.

**तथा – तत्कथाऽश्रवणमिति।।१४।। (२८३)**

આઘાતાદિના સ્થાનમાં દષ્ટિ તો ન કરવી સાથે સાથે ત્યાં જે વાતો ચાલતી હોય તે સાંભળવી નહિ. શબ્દો કાને પડે, પણ કાન ધરવા નહિ. શબ્દો કાને પડે

એટલે સંભળાય જ એવું નહિ ને? પ્રતિક્રમણમાં શબ્દો કાને પડે પણ સંભળાય નહિ ને? ધ્યાન રાખીએ તો જ સંભળાય. તેથી શબ્દો કાને પડે છતાં ત્યાં ધ્યાન ન રાખવું. કારણ કે શબ્દો કાને પડવાથી પણ સ્મરણાદિના કારણે પરિણામ પડી જાય. તેમ જ લોકોને પણ સાધુસાધ્વી ઉપર શંકા પડે.

**तथा – अरक्तद्विष्टतेति।।१५।। (२८४)**

ગોચરી માટે ગયેલા સાધુને કોઈ વાર માલપૂઆ પણ મળે અને કોઈ વાર સૂકો રોટલો પણ મળે: છતાં એમાં રાગ કે દ્વેષ ન કરે. કોઈ વાર સારામાં સારી પૌષ્ટિક વસ્તુ મળે તો તેમાં રાગ ન કરવો અને કોઈ વાર રસ કસ વગરનો આહાર મળે તો તેમાં દ્વેષ ન કરવો. રાગ અને દ્વેષનાં નિમિત્તો મળવા છતાં તેમાં રાગદ્વેષ ન કરવો એ જ તો તપ છે. કહેવાય પણ છે કે જો રાગદ્વેષ એવા ને એવા જ હોય તો તપનું શું પ્રયોજન છે અને જો રાગદ્વેષ ન હોય તોપણ તપ કરવાનું કોઈ કામ નથી. રાગદ્વેષ હોય છતાં તેને આધીન ન થવું, રાગના નિમિત્તમાં રાગ ન કરવો અને દ્વેષના નિમિત્તમાં દ્વેષ ન કરવો-આ જ તપનું ફળ છે.

**तथा – ग्लानादिप्रतिपत्तिरिति।।१६।। (२८५)**

સાધુભગવંત નિર્દોષ ભિક્ષાના નામે ગમે તે આહારાદિ ન લઈ આવે. અને જે લાવે તે અનુકૂળ હોય તો તેની ઉપર રાગ ન કરે અને પ્રતિકૂળ હોય તો દ્વેષ ન કરે. આ રીતે જણાવ્યા બાદ ગ્લાનાદિની પ્રતિપત્તિ-સેવા કરવાનું જણાવ્યું છે. ગ્લાનાદિમાં 'આદિ' પદથી બાલ, વૃદ્ધ, તપસ્વી વગેરેની સેવા પણ સમજી લેવી. ગ્રંથકારશ્રીએ આ સૂત્ર બનાવ્યું છે. એના ઉપરથી જ સમજી શકાય છે કે ગ્લાનાદિની સેવા કરવાનું કામ બધા કરતા નથી. સેવા લેવાનું બધાને ગમે છે પણ સેવા કરવાનું લગભગ કોઈને ગમતું નથી. આથી જ સેવા કરવાનો ઉપદેશ આપ્યો છે. આ સેવા પણ વિધિ મુજબ, ભગવાનના વચન મુજબ કરવાની છે. આ તો સેવા કરનાર પણ કહી દે કે 'તમારે કામથી કામ છે ને? તો વચ્ચે બોલશો નહિ'. આપણે કહેવું પડે કે 'કામથી કામ છે' આ આપણું સૂત્ર નથી, 'આપણે આજ્ઞાથી, વચનથી કામ છે' આ આપણે ત્યાંનું સૂત્ર છે. સેવા લેવાની રજા ભગવાનના શાસનમાં નથી, સેવા કરવાનું વિધાન માત્ર ભગવાનના શાસનમાં છે.

સ૦ સેવાના સંસ્કાર આપવા માટે સેવા લેવી પડે ને?

સેવાના સંસ્કાર તમારે તમારા પુત્રાદિને કે શિષ્યને આપવા હોય તો તમારે સેવા

લેવાની જરૂર નથી, તમે જાતે તમારા વડીલની સેવા કરવા માંડો, આપોઆપ એ સેવા કરતો થઈ જશે. આ તો પોતે બાપાની સેવા ન કરે અને દીકરાને કહે કે 'જા, દાદાજી માટે પાણી લઈ આવ'. તો દીકરો પણ મનમાં ગાંઠ વાળે કે આપણે મોટા થઈશું એટલે આપણે પણ આ રીતે આજ્ઞા કરશું. તમે જો સત્તા બતાવશો તો છોકરાઓને પણ સત્તા બતાવવાના સંસ્કાર પડશે અને તમે તમારા બાપાની સેવા કરશો તો તેને પણ સેવા કરવાના સંસ્કાર પડશે. મારા ગુરુમહારાજ એક સાસુ ને વહુની વાત કહેતા હતા. એક સાસુ પોતાની સાસુને વૃદ્ધાવસ્થામાં માટીના ઠીકરામાં લૂખો સૂકો આહાર આપતી હતી. તેની તાજી આવેલી વહુએ આ જોયું અને સાસુને પાઠ ભણાવવા માટે એ માટીનાં ઠીકરાં ભેગાં કરીને માળિયા ઉપર મૂકી રાખ્યાં. દીવાળીના દિવસમાં સાફસફાઈ કરતાં એ ઠીકરા સાસુએ જોયા તો વહુને પૂછ્યું કે આ ઠીકરાં મેં કાઢી નાંખ્યાં હતાં તેં કેમ ભેગાં કરી રાખ્યાં છે? ત્યારે વહુએ કહ્યું કે 'તમે ઘરડા થશો ત્યારે તમને ખવડાવવા માટે જોઈશે માટે રાખ્યા છે.' સાસુની સાન ઠેકાણે આવી અને બીજા દિવસથી પોતાની સાસુને થાળીમાં રસકસવાળો આહાર આપવા માંડી. તમે તમારા વડીલની સેવા કરશો તો તમારા આશ્રિતોને સેવાના સંસ્કાર પડશે. ઉપાધ્યાય ભગવંતો પણ સાધુભગવંતોને વિનયના સંસ્કાર આપે તે આચાર્યભગવંતનો વિનય પોતે જાતે કરવા દ્વારા આપે છે. આપણે ગમે તેટલા શિષ્યના ગુરુ થઈએ તોપણ આપણા ગુરુના તો શિષ્ય જ છીએ એ ક્યારે ય ભૂલવું નહિ. એક વકીલ એના અસીલો સાથે મિટિંગમાં બેઠો હતો એવામાં ઘરમાંથી એનો નાનો છોકરો રમતો રમતો ત્યાં આવ્યો અને બાપા સાથે મસ્તી કરવા લાગ્યો. વકીલે એક બે વાર એને અંદર જવા કહ્યું છતાં પેલો ન માન્યો. આથી વકીલને ગુસ્સો આવ્યો તેણે છોકરાને એવી જોરથી થપ્પડ મારી કે છોકરાના ગાલ ઉપર આંગળા ઊઠી આવ્યા. પેલું છોકરું રડતું રડતું અંદર એની દાદી પાસે ગયું અને બાપાની ફરિયાદ કરી. તેનો ગાલ જોઈને એની દાદીને પણ ગુસ્સો આવ્યો કે આ રીતે છોકરાને મરાય? આથી તે પણ ગુસ્સામાં ત્યાં આવી અને દસ પંદર માણસોની વચ્ચે વકીલને એક ધોલ મારી. આ જોઈને તો પેલા અસીલો એકદમ 'અરે સર!' એમ કહીને ઊભા થઈ ગયા. તરત વકીલે બધાને બેસાડી દીધા અને કહ્યું કે 'મને મારવાનો અધિકાર જેને છે તેવી આ એક જ વ્યક્તિ છે'. પોતાના ઘરાક આગળ પણ પોતાની માતા આવું અપમાન કરે છતાં ગુસ્સો ન આવે એને ખરો વિનય કહેવાય. આવેશ કદાચ આવી જાય પણ એમાં સમજણ તો જતી ન રહે ને? આજે તો દીક્ષા લેવા તૈયાર થયેલા મુમુક્ષુ પણ એવું

સ્થાન પસંદ કરે કે જ્યાં પોતે સચવાઈ જાય. આપણે બીજાને સાચવીએ એવા સ્થાનમાં જવું છે કે બીજા આપણને સાચવે એવા સ્થાનમાં? વૈયાવચ્ચ એ સૌથી મહત્ત્વનો ગુણ છે. ગ્લાનાદિને ઉચિત એવાં અન્નપાનાદિ લાવી આપવાં એનું જ નામ સેવા- વૈયાવૃત્ય. આ વૈયાવચ્ચ મહાન ફળવાળી છે. શાસ્ત્રમાં કહ્યું છે કે વ્રતનો ભંગ થાય અથવા મરણ થાય તો ચારિત્ર નાશ પામે છે, સ્વાધ્યાય ન કરીએ તો જ્ઞાન નાશ પામે છે. જ્યારે વૈયાવચ્ચના કારણે જે નિર્જરા થાય છે અને જે કુશલાનુબંધી શુભકર્મ બંધાય છે તે નકામું નથી જતું. આથી જ વૈયાવચ્ચ અપ્રતિપાતિ કહેવાય છે. આ વૈયાવચ્ચ કેવી રીતે કરવી તે માટે જણાવે છે કે જેમ પુષ્પ ઉપર ભમરાઓ એકી સાથે આવી પડે તે રીતે ગ્લાનની સેવા કરવી. 'કોઈ જતું હોય તો આપણે નથી જવું' આવું વિચારે તે સેવા ન કરી શકે. તે જ રીતે આપણે આની વૈયાવચ્ચ કરીશું તો કાલે એ પણ માંદગીમાં આપણી સેવા કરશે... આવા બદલાની ભાવના સ્વરૂપ કપટ ન હોવું જોઈએ. આપણું કોઈ કરે તે માટે નહિ, આપણાં કર્મોની નિર્જરા માટે ભગવાને આ અનુષ્ઠાન બતાવ્યું છે-એમ સમજીને નિઃસ્વાર્થ બુદ્ધિથી વૈયાવચ્ચ કરવી. ત્યાર બાદ જણાવે છે :

**तथा - परोद्वेगाहेतुतेति।।१७।। (२८६)**

આ રીતે ગ્લાનાદિની સેવા કરવા સાથે બીજા કોઈ પણ જીવના ઉદ્વેગનું કારણ બનીએ નહિ-એ રીતે જીવવું. દીક્ષા લીધા પછી સ્વપક્ષના હોય કે પરપક્ષના હોય એવા ગૃહસ્થ તથા પાખંડી વગેરેને પણ ઉદ્વેગ-અપ્રીતિનું કારણ ન બનાય તેનું ધ્યાન રાખવું. આપણા કારણે કોઈને પણ અપ્રીતિ થાય તેવું ન કરવું. કહ્યું છે કે જેઓ ધર્મ કરવા માટે ઉદ્યમશીલ થયા હોય તેમણે કોઈને પણ અપ્રીતિ થાય એવું ન કરવું. આ રીતે જીવવાથી જ સંયમનું પાલન કલ્યાણકારી બને છે. આ વિષયમાં ભગવાન દૃષ્ટાંતભૂત છે. ભગવાને જ્યારે દીક્ષા લીધા પછી તાપસ આશ્રમમાં ઊતર્યા હતા ત્યારે ત્યાંના તાપસને અપ્રીતિ થાય છે-એવું જાણ્યું તો ભગવાન અકાળે પણ ત્યાંથી વિહાર કરીને ગયા. કારણ કે આ રીતે સાધુ તરફથી બીજાને અપ્રીતિ થાય તે પરમ અબોધિનું બીજ છે. આથી સર્વ ધર્માત્માએ કોઈ પણ માણસને અપ્રીતિ થાય તેવા આચારનો સારી રીતે પરિહાર કરવો. અપ્રીતિનો પ્રતિકાર કરવાનું શક્ય હોય ત્યાં સુધી પૂરતા પ્રયત્ને તેને દૂર કરવી. જ્યારે એવું શક્ય ન બને ત્યારે પોતાના દોષનો વિચાર કરવો કે આ મારો જ દોષ છે કે મેં પૂર્વભવમાં એવા શુભ કર્મનું ઉપાર્જન કર્યું નથી તેથી લોક મારી ઉપર કુપ્રીતિથી યુક્ત હૃદયવાળાં બને છે. જો મારા પાપકર્મનો ઉદય ન

હોત તો આ લોકો પોતાના સ્વાર્થ પ્રત્યે વિમુખ બનીને મારી પ્રત્યે મત્સર ભાવને શા માટે ધારણ કરત? આ રીતે આપણા અપરાધનું ચિંતન કરવું, પરંતુ અપ્રીતિ કરનાર પ્રત્યે દ્વેષભાવ ન રાખવો. લોકો તો સમજવાના નથી, એના બદલે આપણે સમજી લેવું છે. આખા ગામને મનાવવું એના કરતાં આપણે જાતે માની લેવું સારું ને?

### भावतः प्रयत्न इति।।१८।। (२८७)

બીજાના ઉદ્વેગને ટાળવાનું કામ આજે તમારે ત્યાં કે અમારે ત્યાં પણ શક્ય બનતું નથી. કારણ કે આપણે એવું માની લીધું છે કે બીજાને જે દુઃખ આવે છે તે તેના પાપના ઉદયથી આવે છે. આપણને સુખ મળે તે આપણા પુરુષાર્થથી મળે અને બીજાને દુઃખ આપણા કારણે નહિ તેના પાપના ઉદયથી આવે : ખરું ને? આજે આપણે બીજાની પીડાનો વિચાર નથી કરતા માટે સંસાર છૂટતો નથી. આપણે આપણા દુઃખનો પ્રતિકાર કરીએ છીએ તે બીજાના દુઃખનું કારણ બને છે : આ વાતનો વિચાર આપણે કર્યો જ નથી ને? સાધુપણામાં આવેલા પોતાના દુઃખનો, પોતાની પીડાનો જ વિચાર કર્યા કરે અને બીજાનો વિચાર જ ન કરે તો તેઓ બીજાના ઉદ્વેગનું કારણ બન્યા વિના ન રહે. આથી જ પરોદ્વેગહેતુતા સૂત્ર જણાવ્યું છે. આજે આપણે બીજાને દુઃખ કેટલું આપ્યું છે અને બીજાએ આપણને દુઃખ કેટલું આપ્યું છે : આ બેનો વિચાર કર્યો છે? બીજાએ આપણને જેટલું દુઃખ આપ્યું છે એના કરતાં વધારે દુઃખ આપણે બીજાને આપ્યું છે ને? અત્યાર સુધી આપણે આપણી અનુકૂળતા ખાતર બીજાને પ્રતિકૂળતા આપવાનું અને આપણી પ્રતિકૂળતા ટાળવા માટે બીજાની અનુકૂળતા લેવાનું જ કામ કર્યું છે ને? આપણે આ સંસારમાં દુઃખ ઘણું આવે છે માટે સંસારને છોડવો છે એવું નથી, આ સંસારમાં દુઃખ ઘણું આપવું પડે છે માટે આપણે આ સંસારમાં રહેવું નથી. આપણે એકલા છીએ, એકલા માણસને આવી-આવીને કેટલું દુઃખ આવે? અને આપણે એકલા અનંતાને પણ દુઃખ આપીએ ને? તમારા ઘરમાં બોર્ડ મારવાની જરૂર છે કે આ ઘરમાં મને જેટલું દુઃખ આવ્યું છે તેના કરતાં મેં ઘરનાને દુઃખ વધારે આપ્યું છે. આપણા કહેવાના કારણે બીજાને દુઃખ થાય છે- એવો આપણને હજાર વાર અનુભવ થયો છે છતાં બીજાને કહેવાનું કામ ચાલુ છે ને? આપણે આપણા દુઃખને જ દુઃખ માનીએ છીએ, બીજાના દુઃખને દુઃખ માનતા જ નથીઃ માટે જ તો આ સંસારમાંથી ખસતા નથી. જે દિવસે આપણે બીજાના દુઃખે દુઃખી થઈશું તે દિવસે આ સંસાર છૂટશે. આપણને જે કાંઈ દુઃખ આવે

છે તે પણ બીજાના કારણે નથી આવતું, આપણા પોતાના પાપથી જ આવે છે. આપણા નસીબનું સુખ કે દુઃખ ક્યાંય જવાનું નથી. આપણા નસીબમાં નહિ હોય તો હાથમાં રહેલો કોળિયો પણ કોઈ લઈ જશે. અને આપણા નસીબમાં હશે તો કોઈ ચમચીથી મોઢામાં મૂકી જશે. આપણે દુઃખ સમજીને ભોગવી લઈશું તો દુઃખનો અંત આવશે. સમજણમાં જે તાકાત છે તે બીજા કશામાં નથી. ભગવાને ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં સેવકના કાનમાં સીસું રેડ્યું તે પાપ જ્યારે છેલ્લા ભવમાં ઉદયમાં આવ્યું અને ગોવાળે કાનમાં ખીલા ઠોક્યા તે વખતે ભગવાને શાંતિથી સહન કરી લીધું અને પ્રતિકાર ન કર્યો તો એ દુઃખનો અંત આવી ગયો. જે ભગવાને જનમતાંની સાથે જ એક અંગૂઠાથી મેરુ પર્વત હલાવેલો તે ભગવાન ગોપાળને ધારે તો આકાશમાં અધ્ધર રાખી શકે ને? છતાં ભગવાને કોઈ પ્રતિકાર કર્યો નહિ. આપણે દુઃખ પ્રતિકાર કર્યા વિના ભોગવી લેવું છે. દુઃખનો પ્રતિકાર પણ ન જોઈએ અને દુઃખની ફરિયાદ પણ ન જોઈએ. કોઈ ગમે તેટલું દુઃખ આપે તોપણ એ દુઃખની ફરિયાદ નથી કરવી. આપણે જો કોઈની ફરિયાદ ન કરીએ તો સંભવ છે કે અપરાધ કરનાર માફી માંગીને સુધરી જાય. જે પોતે ભગવાનનું માને તેને કોઈની ફરિયાદ ન હોય અને જે ભગવાનનું માને નહિ તેની ફરિયાદનો અંત આવે એવો નથી. આપણે કોઈને દુઃખ નથી આપવું, છતાં આપણા કારણે કોઈ દુઃખી થાય તો ચિંતા ન કરવી. આપણે સંસાર છોડીને જઈએ તો સગાસંબંધી દુઃખી થાય, તેમને આર્ત્તધ્યાન થાય એવું બને તો ત્યારે તેની ચિંતા ન કરવી. કારણ કે તેમને આપણા જવાથી દુઃખ થાય છે, પરંતુ આપણે તેમને દુઃખ આપવા માટે જતા નથી. સનત્કુમાર ચક્રવર્ત્તી દીક્ષા લઈને ગયા ત્યારે છ મહિના સુધી તેમની એક લાખ ને બાણું હજાર સ્ત્રીઓ રોતી રોતી તેમની પાછળ ફરતી હતી. છતાં ચક્રવર્ત્તીનું રૂંવાટું પણ ફરક્યું નહિ. કારણ કે તેઓ સમજતા હતા કે આ તો મોહના કારણે દુઃખી થાય છે, માટે થોડી વાર રડશે. બાકી જો એની ખાતર માર્ગ છોડીએ તો કાયમ માટે દુઃખી થવાનો વખત આવે. જેમ મરનાર માણસ પોતાના સગાને દુઃખ આપવા માટે મરતો નથી તેમ દીક્ષા લેનાર પણ કોઈને દુઃખી કરવા માટે દીક્ષા નથી લેતો, ઉપરથી કોઈને દુઃખ આપવું ન પડે માટે દીક્ષા લે છે. કોઈને દુઃખ થાય તેનો ઉપાય નથી, પરંતુ કોઈને દુઃખ આપવું નથી. આથી જ બીજાનો ઉદ્વેગ ટાળવાનું જણાવ્યા બાદ આગળના સૂત્રથી જણાવ્યું છે કે કોઈક વાર તેવા પ્રકારના કારણ વિશેષથી કાયાથી અથવા વચનથી બીજાના ઉદ્વેગને ટાળવાનું શક્ય ન બને ત્યારે ભાવથી, મનથી તો બીજાને ઉદ્વેગનું કારણ ન જ બનવું. અર્થાદ્ બીજાના ઉદ્વેગને પરિહરવાનો ભાવ તો પ્રયત્નપૂર્વક જાળવી રાખવો. કારણ કે ભાવ

એ જ ફળની પ્રત્યે અવન્ધ્ય કારણ છે. કહ્યું પણ છે કે સમાન એવું અનુષ્ઠાન હોવા છતાં પણ અભિસંધિ અર્થાદ્ ભાવના ભેદના કારણે ફળમાં ભેદ પડે છે. તેથી જેમ ખેતીમાં પાણી જ મુખ્ય ગણાય છે તેમ ફળની પ્રત્યે ભાવ એ જ પરમ-શ્રેષ્ઠ કારણ છે.

ધર્મ કરનાર જીવ ચૌદરાજ લોકના જીવની પીડાનો વિચાર કર્યા વિના ન રહે. પરંતુ એટલું યાદ રાખવું કે આપણે ધર્મ કરીએ કે સારી પ્રવૃત્તિ કરીએ અને એ સાથેના લોકોને ન ગમતું હોય તો તેનો ત્યાગ કરવાની વાત નથી. આપણે ધર્મ કરીએ અને માતાપિતા કે ઘરના લોકોને ગમતું ન હોય તો સમજી લેવું કે એમને ધર્મ ગમતો નથી માટે તેમને દુ:ખ થાય છે. આપણા નિમિત્તે દુ:ખ થતું હોય તો આપણે તે પહેલી તકે ટાળવું છે. પરંતુ આપણા ધર્મના કારણે દુ:ખ થતું હોય તો એ ધર્મ ટાળવાની જરૂર નથી. આપણું નિમિત્ત હોય અને ઉદ્વેગ થતો હોય તો આપણું નિમિત્ત સૌથી પહેલાં ટાળવું છે. પરંતુ આપણા ધર્મના નિમિત્તે ઉદ્વેગ થાય તો તેને ટાળવાનો ઉપાય નથી. તમે ધર્મ કરો તો ઘરનાને દુ:ખ થાય અને પાપ કરો તો દુ:ખ ન થાય તેથી માનવું પડે ને કે તેમને પાપ ગમે છે અને ધર્મ ગમતો નથી માટે દુ:ખ થાય છે. તમે ફરવા જાઓ તો દુ:ખ ન થાય અને અઢારિયું કરવા જાઓ તો દુ:ખ થાય એનો અર્થ જ એ છે કે તેમને ધર્મ ગમતો નથી. તમે સુખ ભોગવો કે પાપ કરો તો રજા આપે અને તમે દુ:ખ ભોગવો કે ધર્મ કરો તો ના પાડે-એવાના દુ:ખની ચિંતા આપણે નથી કરવી. આથી જ કહ્યું કે વચન કે કાયાથી દુ:ખ ટાળી ન શકાય તોપણ કોઈને દુ:ખી બનાવવાનો ભાવ તો કોઈ કાળે ન આવવા દેવો. ત્યાર બાદ જણાવે છે :

**तथा – अशक्ये बहिश्चार इति।।११।। (२८८)**

જે વસ્તુ આપણાથી શક્ય ન હોય ત્યાંથી આપણે ખસી જવું. ભગવાને ના પાડી હોય તેમાં માથું ન મારવું. જે આપણી કક્ષાને ઉચિત ન હોય તેમાં પ્રયત્ન ન કરવો. ભગવાને છ મહિનાના ઉપવાસ આ કાળમાં કહ્યા છે. તેથી છ મહિનાથી અધિક ઉપવાસ ન કરવા. જેઓ આવો પ્રયત્ન કરે તેઓ મિથ્યાદષ્ટિ છે. આ કાળમાં અનશન પણ નથી કરવાનું. છતાં જે સંપ્રદાયમાં સંથારા લેવાય છે, અનશન લેવાય છે તેઓ અશક્યમાં પ્રવૃત્તિ કરનારા છે. દિગંબર મત પણ જે પ્રવર્ત્યો તે આ અશક્યમાં પ્રવૃત્તિ કરવાના કારણે પ્રવર્ત્યો છે. ગુરુએ જિનકલ્પનું વર્ણન કર્યું ત્યારે શિવભૂતિ ગુરુ પ્રત્યેના દ્વેષના કારણે વસ્ત્રોનો ત્યાગ કરીને જિનકલ્પ સ્વીકારવા તૈયાર થયો. રાજાનો માનીતો હોવાથી શિવભૂતિને જે રત્નકંબળ વહોરાવેલી તેના ઉપર

મમત્વ હોવાથી ગુરુએ તેની ગેરહાજરીમાં કંબલ ફાડીને પરઠવી દીધી. આ જાણીને શિવભૂતિને ગુસ્સો આવ્યો અને ગુસ્સાના કારણે જિનકલ્પ લીધો. ગુરુએ કહ્યું કે અત્યારે જિનકલ્પનું પાલન અશક્ય છે, તેનો વિચ્છેદ થયો છે. છતાં તેમાં પ્રયત્ન કર્યો અને આ રીતે મિથ્યાત્વને વધારવાનું કામ કર્યું. આપણામાં વિગુણતા-વિકલતા હોવાથી જે તપ વગેરે અનુષ્ઠાન આપણાથી શક્ય ન હોય તેમાં પ્રયત્ન ન કરવો. તપ કરવાથી ગુસ્સો આવતો હોય તો પહેલાં ગુસ્સો કાઢવો પછી તપ કરવો. ભૂખ્યા રહેવું સહેલું છે પણ ગુસ્સો આવ્યા પછી ચૂપ રહેવાનું કામ સહેલું નથી. આપણો તપ માત્ર આપણા શરીરને તપાવનારો ન હોવો જોઈએ, આત્માનાં કર્મોને તપાવનારો હોવો જોઈએ. જ્યાં સુધી સહન કરવાની વૃત્તિ ન આવે ત્યાં સુધી તપ કરવાની ઉતાવળ ન કરવી. જે અશક્ય હોય એવા કાર્યનો આરંભ કરવાથી એકમાત્ર ક્લેશની પ્રાપ્તિ થાય છે તેથી એવી પ્રવૃત્તિથી સાધ્યની સિદ્ધિ થતી નથી.

### तथा – अस्थानाभाषणमिति।।२०।। (२८९)

અસ્થાને-અનવસરે બોલવું નહિ. આપણે જે બોલીએ તેના કારણે કોઈ લાભ ન થવાનો હોય, આપણું વચન જો ઉપયોગી બને એવું ન હોય તો સમજી લેવું કે અત્યારે ભાષણનું અસ્થાન છે, બોલવાનો અવસર નથી. સાધુ ભગવંત નિરર્થક વચન ન બોલે. આથી જ સાધુના આચારમાં પણ જણાવ્યું છે કે કોઈ પૂછે નહિ ત્યાં સુધી બોલવું નહિ. તો જ સાધુની ભાષાસમિતિની શુદ્ધિ જળવાય.

### तथा – स्खलितप्रतिपत्तिरिति।।२१।। (२९०)

સાધુપણામાં તેવા પ્રકારના પ્રમાદાદિ દોષના કારણે મૂળગુણ કે ઉત્તરગુણમાં કોઈ વિરાધના થવા સ્વરૂપ સ્ખલના થાય તો તે ભૂલ પોતાને ખ્યાલમાં આવે તો તરત તેનો સ્વીકાર કરીને તેની શુદ્ધિ કરી લેવી. કોઈ વાર બીજા ભૂલ બતાવે તોપણ તે સ્વીકારીને તેની શુદ્ધિ કરી લેવી. જાતે ભૂલનો સ્વીકાર કરીને ગુરુભગવંત પાસે સરળભાવે તે ભૂલનું નિવેદન કરવું અને ગુરુ તેનું જે કાંઈ પ્રાયશ્ચિત્ત આપે તેને વહેલી તકે પૂરું કરવું. સાધુભગવંતને પ્રમાદના કારણે ભૂલ થવાનો સંભવ તો પૂરેપૂરો છે પરંતુ તેવા વખતે ભૂલ થયા પછી એનો સરળભાવે સ્વીકાર કરવામાં ન આવે તો સ્ખલના કાળે જે દોષ લાગ્યો હોય તે અનંતગુણો થઈ જવાથી તે અતિ ભયંકર વિપાકને આપનારો થાય છે. આથી જ કહ્યું છે કે સ્ખલના ઉત્પન્ન થતાંની સાથે તેને આલોચના, નિંદા અને ગર્હા દ્વારા હણી નાંખવી જોઈએ અને બીજી વાર તેવી ભૂલ

ન થાય તેની કાળજી રાખવી જોઈએ. ગુનો કોઈ સંયોગોમાં થઈ જાય તો તેને ક્યારે પણ છુપાવવો નહિ. ગુનો છુપાવવાથી કદાચ આપણે ગુનેગાર ગણાઈશું નહિ, પરંતુ એટલામાત્રથી ગુનેગાર મટી નહિ જઈએ. તેથી કાયમ માટે માયા વિનાનો પવિત્રભાવ રાખી જિતેન્દ્રિય તથા માનાદિમાં સંસક્ત બન્યા વિના શુચિ એટલે કે પવિત્રતા ધારણ કરવી. ગુનાની કબૂલાત ઘણી વાર નિષ્ઠુરભાવથી પણ થાય છે કે 'હા! આ મેં કર્યું છે, બોલો શું કરવું છે?' આથી એવી કઠોરતાને દૂર કરવા જણાવે છે.

**तथा–पारुष्यत्याग इति।।२२।। (२९१)**

ભૂલ બતાવ્યા પછી તે જેને ગમે નહિ તે સાધુપણું પાળી ન શકે. કોઈ આપણને ભૂલ બતાવે ત્યારે 'તમે તમારું કામ કરો, હું મારું જોઈ લઈશ'. ઈત્યાદિ બોલવું આ એક પ્રકારનું પારુષ્ય-કઠોરતા છે. આવી કઠોરતાનો ત્યાગ કરવો. આપણને કોઈ ભૂલ બતાવે એનું દુઃખ છે પરંતુ આપણે ભૂલ કરી છે-એનું દુઃખ થતું નથી માટે આપણા સ્વરમાં કઠોરતા આવે છે. કઠોરતા કોને કહેવાય તે માટે અહીં જણાવ્યું છે કે તીવ્ર કોપકષાયના ઉદયવિશેષના કારણે આપણામાં કઠોરતા આવે છે. સામા માણસને આપણા બોલવાના કારણે ગુસ્સો આવે કે ન પણ આવે, પરંતુ આપણે જો તીવ્ર કષાયના ઉદયથી બોલ્યા હોઈએ તો આપણું વચન કઠોર છે એમ સમજી લેવું. સામા માણસના હિત માટે કઠોરતા ધારણ કરવાની જરૂર નથી.

સ. છોકરો ભણતો ન હોય તો કઠોરતા બતાવવી પડે, નહિ તો તેનું વરસ બગડે.

છોકરાને આઠમા વરસે દીક્ષા ન અપાવી તેથી તેની આખી જિંદગી બગડી જ છે, હવે વરસ બગડે એની ચિંતા શા માટે કરવી? તમારા પૈસા બગડે તો બગડવા દો. એક વાર પેલાનું વરસ બગડશે, તો પછી આખી જિંદગી સુધરી જશે. જે કોઈના કહેવાથી ન સુધરે તે ઠોકર ખાઈને સુધરી જાય. તેથી તેને સુધારવા માટે પણ હૈયામાં કઠોરતા લાવવાની જરૂર નથી. ઘણી વાર એવું બને કે હૈયામાં હિતબુદ્ધિ હોય પણ વચનમાં કઠોરતા હોય આને પારુષ્ય ન કહેવાય. જેમ કે માતા-પિતા પોતાના છોકરાને 'મૂરખ' વગેરે કહે તે કઠોરતા નથી. કારણ કે તે વખતે ભાવ સુધારવાના હોય છે તેથી તીવ્ર કષાયનો ઉદય નથી હોતો. અને ઘણી વાર એવું ય બને કે દાઢમાં સૌમ્ય શબ્દો બોલાતા હોય તે વખતે હૈયામાં તીવ્ર કષાયનો ઉદય હોવાથી તેને કઠોર વચન કહેવાય. સામાને ગુસ્સો આવે તેને જ જો કઠોરતા કહેવાઈ હોય તો ભગવાને

ગોશાળાને 'તુ જિન નથી' એવું કહ્યું એ વખતે ગોશાળાને ગુસ્સો આવ્યો અને તેણે ભગવાન ઉપર, ભગવાનના બે શિષ્યો ઉપર તેજોલેશ્યા મૂકી છતાં ભગવાનનું વચન કઠોર ન હતું. કારણ કે ભગવાનને કષાયનો ઉદય જ ન હતો. અહીં જણાવે છે કે પરુષ ભાષણના કારણે સ્વપક્ષ કે પરપક્ષની સાથેનો સંબંધ નાશ પામે છે. તેથી સ્વપર પક્ષ સાથેના અસંબંધની યોગ્યતા કઠોરતામાં પડી છે. અપરુષતાના કારણે જ વિશ્વાસિતા આવે છે અને વિશ્વાસિતા સર્વ સિદ્ધિનું મૂળ છે. પરુષતાના કારણે આપણી ઉપર કોઈ વિશ્વાસ મૂકતું નથી. લોકમાં પણ સિંહને મૃગાધિપતિ કહેવાય છે, છતાં તે પરુષ હોવાથી કોઈ પશુઓ એની પાછળ ફરતા નથી. જ્યારે હાથી અપરુષ હોવાથી હાથી યૂથાધિપતિ બને છે અર્થાદ્ બધા હાથીઓ યૂથ-સમુદાયમાં સાથે ફરે છે. હાથી અપરુષ હોવાથી તેની ઉપર લોકો વિશ્વાસ મૂકે છે, સિંહ પરુષ હોવાથી તેની ઉપર કોઈ વિશ્વાસ મૂકતું નથી.

**तथा-सर्वत्रापिशुनतेति ।।२३।। (२९२)**

કઠોરતાનો ત્યાગ કરવા સાથે પૈશુન્યનો પણ ત્યાગ કરવો. સ્વપક્ષમાં કે પરપક્ષમાં કોઈના પણ દોષને પરોક્ષપણે કહેવા નહિ, ઉઘાડા પાડવા નહિ. બીજાના દોષો બીજાની આગળ કહેવા તેને પિશુનતા કહેવાય છે. આપણા માણસોના કે પારકા કોઈના પણ દોષ કોઈની પણ આગળ ન કહેવા. કારણ કે કહ્યું છે કે બીજાના દોષોને ગાવાથી આપણો આત્મા દોષવાળો બને છે. લોકો બીજાના દોષો અને ગુણોને પોતાના હાથે જ ગ્રહણ કરે છે. જેમ બીજા ઉપર કાદવ નાંખવા માટે આપણે કાદવ હાથમાં લેવો પડે તેથી આપણા હાથ જ કાદવવાળા પહેલાં થાય, તેમ જેઓ બીજાના દોષોને જણાવે તે પોતે દુષ્ટ બને છે. આથી જ કહ્યું છે કે લોકો બીજાના દોષોને અને ગુણોને પોતાના હાથે જ ગ્રહણ કરે છે. તેથી લોક સદોષ-દુષ્ટ પણ પોતાની જાતે થાય છે અને ગુણવાન પણ પોતાની જાતે થાય છે. જે દોષને ગ્રહણ કરે તે દુષ્ટ થાય અને ગુણને ગ્રહણ કરે તે ગુણવાન બને.

**तथा-विकथावर्जनमिति।।२४।। (२९३)**

સાધુભગવંત વિકથાનું કાયમ માટે વર્જન કરે. સ્ત્રીકથા, ભક્તકથા, દેશકથા, રાજકથા આ ચાર પ્રકારની વિકથા છે. આ વિકથાઓ સ્વભાવથી જ અકુશલ એવા આશયને ઉત્પન્ન કરનારી છે. સ્ત્રી વગેરેની કથા કરે તેને ખરાબ ભાવ આવ્યા વિના ન રહે. અહીં જણાવે છે કે જેમ સ્ફટિકમણિમાં કાળાવર્ણની કે લાલ વર્ણવાળી વસ્તુનું

પ્રતિબિંબ પડવાથી સ્ફટિકમણિ કાળા કે લાલવર્ણવાળો થઈ જાય છે (દેખાય છે) તેમ જે સ્ત્રી વગેરેની કથા કરે તે સ્ત્રીવગેરેના પરિણામવાળો તન્મય બની જાય છે. આથી જ અકુશલ આશયને ઉત્પન્ન કરનાર આ કથાઓનું સાધુ વર્જન કરે. કારણ કે અશુભ આશય કર્મબંધનું મુખ્ય કારણ છે.

**तथा–उपयोगप्रधानतेति ।।२५।। (२९४)**

સાધુભગવંત દરેક ક્રિયા ઉપયોગની પ્રધાનતાએ કરે. ઉપયોગ વિનાની ક્રિયા દેખીતી રીતે શુદ્ધ કે નિરતિચાર હોય તોપણ તે તુચ્છ દ્રવ્યક્રિયા છે. અને ઉપયોગપૂર્વકની ક્રિયા કોઈ કારણસર અશુદ્ધ હોય તોપણ તે પ્રધાનક્રિયા ગણાય છે. ભાવનો આગ્રહ જેને ન હોય તેને ક્રિયાનું ફળ ન મળે. અનુપયોગવાળી ક્રિયા એ દ્રવ્યકિયા છે, એમ કહેલું છે. સાધુસાધ્વી એક ઈરિયાવહી જેવી નાની ક્રિયા કરે ત્યારે પણ ઉપયોગ રાખી ન શકે તો પ્રતિક્રમણ કે પડિલેહણાદિમાં ઉપયોગ ક્યાંથી રહે?

**तथा–निश्चितहितोक्तिरिति ।।२६।। (२९५)**

મનવચનકાયાના યોગો આપણને મળેલા હોવા છતાં આપણે વચનનો ઉપયોગ જેટલો કરીએ છીએ એટલો કાયાનો ઉપયોગ નથી કરતા. લોકની પરિભાષામાં કહીએ તો 'લોકો કરે છે ઓછું અને બોલે છે વધારે' આથી ઉપયોગ રાખવાની વાત કર્યા પછી વચનમાં ઉપયોગ રાખવાનું જણાવ્યું છે. આપણે કાયાની પ્રવૃત્તિ તો ઘણી વાર ઉપયોગપૂર્વક કરી લઈએ પરંતુ બોલતી વખતે આપણા બોલવાના કારણે સામા માણસનું હિત થવાનું છે કે નહિ તેનો ઉપયોગ આપણે રાખતા જ નથી. તેથી ગ્રંથકારશ્રીએ આગળના સૂત્રમાં જણાવ્યું છે કે જેમાં સામાના હિતનો નિશ્ચય ન હોય એવું વચન ન બોલવું. જેમાં હિતનો નિશ્ચય હોય એવું જ વચન બોલવું. નિશ્ચિત તેને કહેવાય કે જેમાં સંશય પણ ન હોય, વિપર્યય પણ ન હોય અને અનધ્યવસાય પણ ન હોય. જે દ્વિધાભર્યું હોય તેને સંશય કહેવાય, ઊંધું જેમાં જણાયું હોય તેને વિપર્યય કહેવાય, અને જેમાં સ્પષ્ટ બોધ ન હોય તેને અનધ્યવસાય કહેવાય. દૃષ્ટાંતથી સમજવું હોય તો સામે રહેલ ઘોડો છે કે ગધેડો એવી દ્વિધા પડે તેને સંશય કહેવાય, ઘોડાને ગધેડો માનવો તેને વિપર્યય કહેવાય અને ઘોડા કે ગધેડાનો બોધ જ ન હોય અને કંઈક છે એવું ભાન હોય તેને અનધ્યવસાય કહેવાય. જે અર્થનો આપણને નિર્ણય ન હોય તેવું વચન ક્યારે પણ ન બોલવું. આપણે અર્થનો નિર્ણય કર્યા વિના બોલવાનું કામ ચાલુ રાખ્યું છે ને? આપણને જે વાતનો નિર્ણય ન હોય

તેવી વાત શા માટે બોલવી? બોલ્યા વિના ચાલે એવું હોય તો બોલવું જ નહિ. બોલવાનો વખતે આવે તો નિર્ણય કરીને અને તે પણ હિતકારી હોય એવું બોલવું. નિર્ણીત વચન પણ હિતકારી ન હોય તો નથી બોલવું. હિતનો સંભવ છે-એવું માનીને પણ ન બોલવું. પરીક્ષા કરીને હિતકારી બની શકે એવું હોય તેવું જ બોલવું, નહિ તો મૌન રહેવું. નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે - કુદષ્ટ હોય, કુશ્રુત હોય, કુજ્ઞાત હોય, કુપરીક્ષિત હોય કે કુભાવજનક હોય એવું વચન સજ્જન પુરુષો ક્યારે પણ બોલતા નથી. ગમે તેટલું ખરાબ જોયું હોય, ગમે તેટલું ખરાબ સાંભળ્યું હોય, ગમે તેવું ખરાબ જાણ્યું હોય, ખરાબ રીતે પરીક્ષા કરેલું હોય અથવા ખરાબ ભાવને પેદા કરનારું હોય એવું વચન ન બોલવું. ચોરી કરવી ખરાબ છે ને? જૂઠું બોલવું ખરાબ છે ને? નિંદા કરવી ખરાબ છે ને? ગુસ્સો કરવો, રાગ કરવો ખરાબ છે ને? તો આવું ખરાબ જોયું હોય કે સાંભળ્યું હોય, જાણ્યું હોય તોપણ કોઈને ન કહેવું, અથવા તો જે સારી રીતે જોયું ન હોય, સાંભળ્યું ન હોય, સારી રીતે જાણ્યું ન હોય, સારી રીતે પરીક્ષા કરી ન હોય તે ન બોલવું. જે સારી રીતે જોયું, સાંભળ્યું, જાણ્યું હોય કે પરીક્ષા કરેલું હોય તે પણ જો કુભાવ(દુર્ભાવ)ને ઉત્પન્ન કરે એવું હોય તો ન બોલવું. જે સારું જોયું, જાણ્યું, સાંભળ્યું, પરીક્ષા કરેલું હોય તે બોલવું, તેમ જ જે સારા ભાવને ઉત્પન્ન કરનારું હોય તેવું વચન બોલવું.

**तथा–प्रतिपन्नानुपेक्षेति ।।२७।। (२९६)**

નિશ્ચિત અને હિતકારી વચન જ બોલવું હોય તો ઉપયોગપૂર્વક જીવવું પડશે. આપણે જો નિશ્ચય કર્યા વિના બોલીએ તો તેના કારણે સામાનું હિત થાય કે ન થાય પણ આપણે ગ્રહણ કરેલી પ્રતિજ્ઞાનું પાલન થતું નથી. આથી જ આગળના સૂત્રથી જણાવે છે કે ગ્રહણ કરેલી પ્રતિજ્ઞાની ઉપેક્ષા ન કરવી. જે જે ગુરુવિનય, સ્વાધ્યાય વગેરે સાધુસમાચારીનો સ્વીકાર કર્યો હોય તેની ઉપેક્ષા ક્યારેય કરવી નહિ. ધર્મ કરવાની શરૂઆત આપણે સુખ ભોગવવા કે દુઃખ ટાળવાના ઈરાદે કરતા જ નથી. છતાં ધર્મ કરતી વખતે દુઃખ આવે તો તરત જ ગ્રહણ કરેલી પ્રતિજ્ઞાને છોડી દઈએ ને? આથી જ અહીં ગ્રહણ કરેલી પ્રતિજ્ઞાની ઉપેક્ષા કરવાની ના પાડી છે. સાધુપણું જ્યારે પણ હાથમાંથી જાય ત્યારે દુઃખ આવવાના કારણે નથી જતું, ગ્રહણ કરેલી પ્રતિજ્ઞા ન પાળવાના કારણે જાય છે. ગજસુકુમાલ મુનિને માથે અંગારા મુકાયા છતાં તેમને કેવળજ્ઞાન મળ્યું. અને અરણિકમુનિને માત્ર તડકાની ગરમી સહન ન થઈ તો સાધુપણું ગુમાવી બેઠા. દુઃખ આવ્યા પછી ગ્રહણ કરેલી પ્રતિજ્ઞાને પાળે તો વ્રત

ન જાય. અરણિક મુનિએ જ્યારે પાછો પ્રતિજ્ઞાનો સ્વીકાર કર્યો ત્યારે પણ ગ્રહણ કરેલી પ્રતિજ્ઞા પાળી તો ઠેકાણું પડ્યું. પાછળથી તો તેમણે ધગધગતી પથ્થરની શિલા ઉપર અનશન કર્યું. શાસ્ત્રમાં કહ્યું છે કે માખણનો પિંડ જે રીતે ઓગળે તે રીતે તેમનું શરીર ઓગળી ગયેલું. આ મહાપુરુષોએ જે દુઃખ વેઠ્યું છે - એ જોતાં એમ લાગે કે આપણને તો કોઈ દુઃખ જ નથી આવ્યું. સામાન્ય ગરમી આવે તો અકળાઈ શા માટે જવું? આવેલું દુઃખ દુઃખ ન લાગે તો જ ગ્રહણ કરેલી પ્રતિજ્ઞા પાળી શકાશે. એના બદલે આજે આપણી તાસીર એવી છે કે ગ્રહણ કરેલી પ્રતિજ્ઞા પાળવી નહિ, કરેલો વાયદો પાળવો નહિ, બોલેલું વચન પાળવું નહિ.. આના કારણે જ સુખી છીએ ને? શાસ્ત્રમાં જણાવ્યું છે કે જેઓ ગ્રહણ કરેલી પ્રતિજ્ઞાની ઉપેક્ષા કરે તેને ભવાન્તરમાં આ બધી સામાચારીની પ્રાપ્તિ નહિ થાય, સાધુપણું દુર્લભ બની જશે. આપણને દુઃખ આવે છે માટે ધર્મ સારો કરતા નથી- એવું નથી, આપણે લીધેલી પ્રતિજ્ઞા પાળતા નથી માટે જ સારો ધર્મ કરી શકતા નથી. જે ઘર લીધા પછી વાપરીએ નહિ તો તે ઘર અવાવરું થઈ જાય ને? તેમ જે દીક્ષા લીધી હોય તેને પાળીએ નહિ તો એ દીક્ષા કચરામાં નાંખવાજેવી થઈ જશે.

ગ્રહણ કરેલી પ્રતિજ્ઞાનું પાલન ન કરીએ તો હાથમાં આવેલું સારામાં સારું વ્રત હાથમાંથી સરી પડવાનું, માટે જે પ્રતિજ્ઞા લીધી તેનું પાલન પૂરતા પ્રયત્ને કરવું. આપણે સારું કામ કરવા જઈએ એટલે જે દુષ્ટ પુરુષો હોય તેઓ આપણને સારું કરતાં અટકાવવાના. તેવા વખતે તેની વાતો કાને ન ધરવી-એમ આગળના સૂત્રથી જણાવે છે.

**तथा–असत्प्रलापाश्रुतिरिति ॥२८॥ (२९७)**

જેઓ દુષ્ટસ્વભાવવાળા હોય, ટાંટિયાખેંચ પ્રવૃત્તિ કરવાના સ્વભાવવાળા હોય તેમના પ્રલાપો કાને ન ધરવા. પ્રલાપ એટલે વગર વિચાર્યે બોલાયેલું. દુષ્ટ માણસો વગર વિચાર્યે બોલવાના સ્વભાવવાળા હોય છે. તેથી તેમનાં અનર્થક વચનો કાને ધરવાં નહિ. આપણે સારું કાર્ય કરવું હશે તો આટલું સત્ત્વ કેળવવું જ પડશે. જેઓ આવા પ્રકારની લોકસંજ્ઞાનો ત્યાગ ન કરે તેઓ ગ્રહણ કરેલી પ્રતિજ્ઞાનું પાલન કરી ન શકે. આજે તો નાની ઉંમરના દીક્ષા લેવા તૈયાર થાય તો બધા લોકો તરત કહેવા માંડે કે -'નાની ઉંમર છે, કાચી ઉંમર છે, એમાં આવી ઉતાવળ ન કરાય....' આ અસત્પ્રલાપ જ છે ને? આવાં વચનો કાને ધરે તે દીક્ષા લઈ શકે ખરા? ઘરના લોકોને પણ દીકરાદીકરી પાસે પોતાની આજ્ઞા પળાવવી છે, એમને ભગવાનની આજ્ઞા

પાળવા માટે દીક્ષામાં નથી મોકલવા. આપણા ઘરના લોકો આપણી આજ્ઞા પાળે તો સારું કે ભગવાનની આજ્ઞા પાળે તો સારું? લોકોનું સાંભળવાના કારણે આપણે કેટલું ગુમાવ્યું છે- એનો આપણને જ અંદાજ નથી. આપણે મોટા થઈને ખોટા થયા તે પણ આ લોકસંજ્ઞાને આધીન થવાના કારણે. આપણી સમજણ જેમ જેમ વધતી ગઈ તેમ તેમ તેનો ઉપયોગ લોકોનું સમજવામાં જ કર્યો ને? નાના હતા ત્યારે માતાપિતાની આંગળી છોડતા ન હતા, આજે માબાપને લાત મારીને જવા તૈયાર થયા હોય તો તે ખરાબ માણસની વાતો કાને ધરી તેનો પ્રભાવ છે. આજે તો માત્ર રાત્રિભોજનનો ત્યાગ કરે તેને પણ લોકો કહે કે 'આ કાંઈ ધર્મ કરવાની ઉંમર છે?' આવું કહે એની વાત કાને ધરે તે આવો નાનો પણ ધર્મ કરી નહિ શકે. આપણે સારું કરીએ, સારાના કહ્યામાં રહીએ- એ ખરાબ માણસોને ગમે જ નહિ. કારણ કે ખલપ્રકૃતિવાળા, લોકોને પોતાની આજ્ઞામાં રાખવાના સ્વભાવવાળા હોય છે. તેથી તેઓ આપણને ભગવાનની આજ્ઞા પાળતા રોકવાના. તે વખતે એમના વચનને આધીન ન થવું. એક બ્રાહ્મણ બકરી લઈને જતો હતો. તેને ત્રણચાર ધૂર્ત મળ્યા. એક ધૂર્તે કહ્યું કે 'ભૂદેવ! આ કૂતરું ક્યાં લઈ ચાલ્યા?' ત્યારે પેલાએ કહ્યું કે 'આ કૂતરું નથી, બકરું છે.' ત્યારે પેલો ધૂર્ત કહે 'તમારે મારું ન માનવું હોય તો તમે જાણો.' થોડો આગળ ગયો એટલામાં બીજા ધૂર્તે પાછું એવું જ કહ્યું. એટલે બ્રાહ્મણે તપાસીને જોયું કે આ બકરી જ છે. આગળ ગયો એટલામાં ત્રીજા ધૂર્તે પાછું એવું જ કહ્યું. એટલે પાછી શંકા પડી, છતાં તેનું માન્યું નહિ. છેવટે ચોથા ધૂર્તે પણ કહ્યું કે 'આ કૂતરું જ છે' તો બ્રાહ્મણે એ બકરી છોડી દીધી. આપણી પણ આવી જ દશા છે ને? અમારે ત્યાં પણ શરૂઆતમાં બધું જયણાપૂર્વક કરતા હતા. પણ પછી આજુબાજુવાળા બોલવા લાગ્યા કે 'ઉતાવળ કરો' એટલે જયણા રાખવાનું માંડી વાળ્યું. આને અસત્પ્રલાપની આધીનતા કહેવાય. જે મોક્ષમાં બાધા કરનારા હોય તેને અસત્પ્રલાપ કહેવાય. આ અસત્પ્રલાપની ઉપેક્ષા કેવી રીતે કરવી- એ માટે જણાવે છે કે એવા અસત્પ્રલાપો કાને પડે તોપણ એવું બોલનારા પ્રત્યે દ્વેષ ન કરવો, ઉપરથી તેઓને, પોતાને સારા કાર્યથી અટકાવવા દ્વારા સારા કાર્યમાં સ્થિર રહેવામાં સહાય કરનારા માની તેમને ઉપકાર કરનારા માનવા. આપણે સારું કાર્ય કરવા તૈયાર થયા હોઈએ અને કોઈ આપણને એ કરતાં રોકે છતાં આપણે તેનું ન માનીએ તો આ રીતે વિચલિત થવાનું નિમિત્ત મળવા છતાં આપણે વિચલિત ન થવાથી આપણું સત્ત્વ વધે. આ પ્રમાણે આપણને સત્ત્વ વધારવામાં નિમિત્ત બનવાથી આપણે તેને ઉપકારી તરીકે માનવો. રોગની ચિકિત્સા કરાવતી વખતે લોકો ગમે તેટલું કહે તોપણ આપણે તેને આધીન

નથી થતા ને? તેમ ધર્મ કરતી વખતે કોઈ (દુષ્ટ માણસો) ગમે તેટલું બોલે તોપણ તે કાને ન ધરવું. લોકમાં પણ કહ્યું છે કે –'જો કોઈ પ્રતિકાર કરનાર ન મળે તો ક્ષમા કોની ઉપર કરવાની? તેથી પ્રતિકાર કરનારના અભાવમાં ક્ષમા તો આશ્રય વગરની બની જવાની. જેને આશ્રયીને મને ક્ષમાસ્વરૂપ ફળ પ્રાપ્ત થાય છે, તે વ્યક્તિ શું સત્કાર કરવાને યોગ્ય નથી?'

જેને સાધુપણું પાળવું હોય તેણે અસત્ માણસોનો પ્રલાપ સાંભળવો નહિ પણ સાથે સાથે જે સત્પુરુષો હોય તેમનું વચન સાંભળ્યા વિના, કાને ધર્યા વિના ચાલે એવું નથી. જેને મોક્ષે જવું હોય તેણે મોક્ષના પ્રરૂપકોનું સાંભળ્યા વિના ન રહેવું. આપણે ઈષ્ટ સ્થાને પહોંચવું હોય તો રસ્તે રખડતા માણસનું પણ સાંભળવા તૈયાર હોઈએ ને? જ્યારે મોક્ષમાં જવા નીકળેલા આજે મોક્ષમાર્ગમાં રહેલા મોક્ષમાર્ગના પ્રરૂપકોનું સાંભળવા તૈયાર નથી, તેનું કારણ અભિનિવેશ છે. આથી આગળનો ગુણ બતાવ્યો છે:

**तथा–अभिनिवेशत्याग इति ।।२९।। (२९८)**

અભિનિવેશ એટલે મિથ્યા આગ્રહ, તેનો ત્યાગ કરવો. આમ ગુરુને પૂછીને કરવું અને આમ ઈચ્છા મુજબ કરવું તેનું નામ અભિનિવેશ. તમારે ત્યાં જેમ પૂછવા આવે કે 'આજે શું રસોઈ કરું?' તમે કહો કે 'અમુક વસ્તુ બનાવજો.' તો પેલા કહે કે 'એના બદલે આ બનાવું તો?' તે વખતે તમારે કહેવું પડે ને કે 'તમને ઠીક પડે એમ કરો' અને પેલા બહાર જઈને કહે કે 'મેં વડીલોને પૂછીને કર્યું છે.' આને અભિનિવેશ કહેવાય. અમારે ત્યાં પણ ગુરુને પૂછવા માટે જાય ખરા પણ તેમને પૂછ્યા પછી કરે પોતાનું ધાર્યું, એનું નામ અભિનિવેશ. જેની પાસે ભણવું હોય, જેની નિશ્રામાં રહ્યા હોઈએ તેનું સાંભળવું નહિ તેનું નામ અભિનિવેશ. ગુરુભગવંત કોઈ પણ આજ્ઞા કરે તેમાં સલાહ આપવી, દલીલો કરવી તેનું નામ અભિનિવેશ. ગુરુને પૂછ્યા પછી પણ ગુરુનું માનવું નહિ તે અભિનિવેશનું લક્ષણ છે.

સ. જો માનવાનું ન હોય તો પૂછે શા માટે?

આ તો કોઈ કહે તો તેને 'ગુરુમહારાજને પૂછીને કર્યું છે.' એમ કહીને ચૂપ કરવા માટે કામ લાગે માટે પૂછે. પોતાની વાત પર ગુરુની મહોરછાપ પડે એટલે કોઈ કશું બોલી ન શકે - એ માટે પૂછે: આને અભિનિવેશ કહેવાય. ખરાબ માણસનું તો સાંભળવું જ નથી, સારા માણસનું પણ સાંભળ્યા પછી જો આપણે એ પ્રમાણે જીવી

શકતા ન હોઈએ તો તેનું કારણ આપણો અભિનિવેશ છે. તેથી આ અભિનિવેશનો ત્યાગ કરવો છે. અહીં જણાવે છે કે જેઓ અભિનિવેશી હોય તેઓ પ્રજ્ઞાપનીય નથી. અભિનિવેશ એ અપ્રજ્ઞાપનીયતાનું મૂળ બીજ છે. જે અભિનિવેશી હોય તેને હિતશિક્ષા આપી ન શકાય. કોઈ પણ આપણને એક શબ્દ કહી ન શકે એ આપણી અપ્રજ્ઞાપનીયતાને સૂચવે છે. આ રીતે અભિનિવેશનો ત્યાગ કરીને ગુરુના કહ્યા મુજબ પ્રવૃત્તિ કરવી, તેમાં સૌથી પહેલાં ભિક્ષા લેવાનો વિધિ જણાવે છે.

**तथा–अनुचिताग्रहणमिति ।।३०।। (२९९)**

સાધુજનના આચારને બાધા કરનાર હોવાથી અયોગ્ય એવા અશુદ્ધ પિંડ, શય્યા, વસ્ત્ર, પાત્ર વગેરે ધર્મોપકરણનું તેમ જ શાસ્ત્રમાં બતાવેલા બાલ, વૃદ્ધ, નપુંસક વગેરે અઢાર પ્રકારના પુરુષો, વીસ પ્રકારની સ્ત્રીઓ અને દસ પ્રકારના નપુંસકો કે જે દીક્ષા આપવા માટે અયોગ્ય છે તેમનું પણ શિષ્ય તરીકે ગ્રહણ ન કરવું. દીક્ષા માટે બતાવેલા અયોગ્ય જીવોનું સ્વરૂપ નિશિથ અધ્યયનમાં આપ્યું છે.

**तथा–उचिते अनुज्ञापनेति ।।३१।। (३००)**

જે વસ્તુઓ અનુચિત ન હોય અને સાધુપણાને ઉચિત હોય તે પિંડાદિ પણ ગુરુની અનુજ્ઞા લઈને પછી જ ગ્રહણ કરવા તેમ જ દાતાના ઘરે ગયા બાદ અથવા કોઈ પણ વસ્તુ ગ્રહણ કરવા પહેલાં તે વસ્તુના સ્વામીની અનુજ્ઞા લઈને પછી જ રજા મેળવી ગ્રહણ કરવું. કારણ કે ગુરુની કે સ્વામીની અનુજ્ઞા લીધા વિના વસ્તુ ગ્રહણ કરવાથી અદત્તાદાનનું પાપ લાગે છે.

**तथा–निमित्तोपयोग इति ।।३२।। (३०१)**

ઉચિત-આહારાદિને ગ્રહણ કરવાની ઈચ્છાવાળા સાધુએ આહારાદિની શુદ્ધિના અને અશુદ્ધિના સૂચક એવા શકુન કે જે સાધુજનમાં પ્રસિદ્ધ છે એનો ઉપયોગ મૂકીને પછી જ ગ્રહણ કરવું. જો નિમિત્ત શુદ્ધ ન હોય તો ચૈત્યવંદનાદિ કુશળ ક્રિયા કરવા પૂર્વક અન્ય નિમિત્તની રાહ જોવી. આમ છતાં ત્રણ વાર સુધીમાં નિમિત્તની શુદ્ધિ ન થાય તો તે દિવસે કશું ગ્રહણ ન કરવું. અથવા બીજા સાધુએ લાવેલ આહાર વાપરવો.

**अयोग्येऽग्रहणमिति ।।३३।। (३०२)**

જો નિમિત્ત શુદ્ધ હોય તોપણ જે અયોગ્ય પિંડાદિ હોય એટલે કે જે સંયમદેહને

ઉપકારક ન હોય તેવા પિંડાદિનું ગ્રહણ ન કરવું. એ જ રીતે

**तथा-अन्ययोग्यस्य ग्रह इति ।।३४।। (३०३)**

પોતાના સિવાય ગુરુભગવંત, ગ્લાન, બાલ, વૃદ્ધ વગેરેને ઉપકાર કરનાર હોવાથી જે યોગ્ય પિંડ હોય તેનું ગ્રહણ કરવું. ગોચરી માટે જનાર સાધુ પણ સાધર્મિક સાધુની ભક્તિ કરવા માટે તત્પર હોય.

ધર્મ કરનારાનું લક્ષ્ય એકમાત્ર સર્વવિરતિ ધર્મ પામવાનું જ હોય, આથી આપણે સર્વવિરતિધર્મનું સ્વરૂપ સમજવાનું શરૂ કર્યું છે. એમાં આપણે જોઈ ગયા કે આપણે ખરાબ લોકોનું માનવાનું સાંભળવાનું ચાલુ રાખ્યું તેના કારણે આપણે આપણું થોડુંઘણું સારું મળેલું પણ ગુમાવી બેઠા. ખોટાની વાત કાને ધરવી નથી અને સાચાનું માન્યા વિના ચાલે એવું નથી. આપણે આપણું ધાર્યું કરવું છે કે ભગવાનનું ધાર્યું કરવું છે? જેને સર્વવિરતિના પંથે જવું હોય તેણે અવિરતિનો ત્યાગ સૌથી પહેલાં કરવો પડશે. આપણે આરાધના કરવી છે પણ અવિરતિનો ત્યાગ નથી કરવો. પાછા અમને કહે કે શાંતિથી આરાધના થાય એવું કરવું છે. આપણે કહેવું પડે કે આરાધના અને આપણે માનેલી શાંતિ : આ બેનો મેળ જામે એમ નથી. શાંતિ શેમાં છે? દુ:ખ વેઠવામાં કે દુ:ખ ટાળવામાં? દુ:ખ ટાળવામાં આપણને શાંતિ લાગે છે, પરંતુ શાંતિ વસ્તુતઃ દુ:ખ વેઠવામાં છે. ખંધકમુનિ પાસે જે શાંતિ અને સમાધિ હતી તે શાંતિ અનુત્તરના દેવો પાસે નથી. ખંધકમુનિની સમાધિ કેવળજ્ઞાન અપાવે એવી હતી, જ્યારે અનુત્તરના દેવોની સમાધિ સાધુપણાને પણ અપાવતી નથી. પ્રસન્નતાના કારણે આરાધના સારી થાય છે - એવું નથી, આરાધના કરવાથી પ્રસન્નતા પ્રગટે છે. આથી જ કહ્યું છે કે मनः प्रसन्नतामेति पूज्यमाने जिनेश्वरे। તમારે ત્યાં પ્રસન્નતા હોય તો પૈસા કમાવા જાઓ કે પૈસા કમાવાના કારણે પ્રસન્નતા આવે? ત્યાં સમજાય છે ને? તેમ અહીં પણ આરાધના કરતી વખતે કષ્ટ પડવાનું છે, તે કષ્ટ વેઠતી વખતે પ્રસન્નતા ન પણ આવે. પરંતુ એ આરાધનાનું કષ્ટ વેઠવાના કારણે પ્રસન્નતા પ્રગટે છે. સાધુ ગમે અને સાધુની ચર્યા ન ગમે તો કેમ ચાલે?

સ. ભરત મહારાજાની જેમ કેવળજ્ઞાન મળે તો સારું ને?

ભરત મહારાજા બનવાનું સહેલું નથી. એના માટે પાંચ સો સાધુની વૈયાવચ્ચ કરવા જવું પડશે. આજે આપણી દશા એ છે કે બીજાની વૈયાવચ્ચ કરવાનું તો બાજુ પર રહ્યું, આપણું પોતાનું કામ પણ જાતે કરવું-એવો નિયમ નથી. કોઈ ગોચરીએ

જતું હોય તો તેની પાસે આપણી વસ્તુ મંગાવી લઈએ ને? 'તમે જાઓ છો તો લેતા આવજો' એવું કહેનારા મળે પણ 'મારે જવું જ છે તો હું તમારું લેતો આવીશ.' આવું કહેનારા શોધવા પડે ને? આટલી પણ વૈયાવચ્ચ કરવાની તૈયારી ન હોય તો કઈ રીતે કેવળજ્ઞાન મળે? સાધુપણું પાળનારને પણ સાધુપણું ગમે નહિ, સાધુચર્યા ન ગમે તે કેમ ચાલે? સાધુની ચર્યાના કારણે જ સાધુની કિંમત છે. ગુરુભગવંત આપણને નથી તારતા, ગુરુએ બતાવેલા આચાર જ આપણને તારે. સાધુચર્યામાં છૂટ મળે તો સારું કે એ ચર્યા જેવી છે એવી ને એવી આચરવા મળે તો સારું? સાધુપણું જોઈએ છે ને? માટે આ ચર્યા સમજવી છે. આપણે જોઈ ગયા કે જે સંયમદેહને ઉપકારી ન હોય તેવા પિંડાદિ ન લાવવા અને જે ગ્લાનાદિને ઉપકારક હોય તેવું લાવવું. તે લાવ્યા બાદ ગુરુને જણાવવું.

**गुरोर्निवेदनमिति ।।३५।। (३०४)**

જે આહારપાણી લાવીએ તે ગુરુને બતાવ્યા વિના ન વપરાય. આજે સાધુસાધ્વી પાસે જે કાંઈ હોય તે ગુરુની જાણમાં જ હોય ને? ગુરુની જાણબહાર એક વસ્તુ ન રાખીએ અને ગુરુની જાણબહાર કોઈ કામ ન કરીએ, કોઈની સાથે વાત ન કરીએ તો આજે અમે મોક્ષે પહોંચી જઈએ. આ તો ગુરુએ માત્ર ભણાવવા માટે કહ્યું હોય તેવા મુમુક્ષુને પોતાનો ચેલો બનાવી દે! આ સાધુનો આચાર નથી. ચાતુર્માસ વગેરે માટે ગુરુએ મોકલ્યા હોય ત્યારે પણ કશું ન વહોરવું, કદાચ આગ્રહ કરીને કોઈ વહોરાવી જાય તો બધું ગુરુને સોંપી દેવાનું. પોતાના કરણે પ્રતિબોધ પામ્યો હોય તોપણ કહેવું કે 'ભગવન્! આપની કૃપાથી પ્રતિબોધ પામ્યો.' કારણ કે ગુરુના કહેવાથી જ આપણે ચાતુર્માસ માટે ગયેલા. તમે કંપનીની વસ્તુ વેચો તો કંપનીના નામે વેચો કે તમારા પોતાના નામે વેચો? તમે કંપનીની જાહેરાત કરો ને? તેવું જ અહીં સમજવાનું. કારણ કે આપણી પાસે જે જ્ઞાન છે, શ્રદ્ધા છે, ચારિત્ર છે : એ બધું જ ગુરુએ આપેલું છે ને? ગુરુની કૃપાથી મળેલી વસ્તુ ગુરુની જ છે, એ; ગુરુને પૂછ્યા વિના રાખીએ તો ગુરુઅદત્તનું પાપ લાગે. જે લાવ્યા તે ગુરુને સોંપવું-ગુરુને જેને આપવું હોય તેને આપે. માટે જ જણાવે છે કે -

**स्वयमदानमिति ।।३६।। (३०५)**

પોતે જે આહારાદિ લઈને આવ્યા હોય તે ગુરુને જણાવવાનું અને ગુરુને જ સોંપી દેવું. આપણે જાતે ગ્લાનાદિને આપવા નહિ બેસવાનું. કારણ કે એ આહારાદિ

ઉપર ગુરુની માલિકી છે. નાનાં સાધુસાધ્વીઓએ અરસપરસ કોઈ પણ વસ્તુની આપ- લે ગુરુની જાણબહાર ન કરવી. સાધુપણાના દરેક ઉપકરણ ઉપર, ભિક્ષા ઉપર ગુરુની જ માલિકી છે. તેથી આપણે જાતે ગુરુની આજ્ઞા વિના કોઈને કશું ન આપવું. આપણે લાવેલ ભિક્ષામાંથી ગુરુ પોતે જ જે બાલાદિને યોગ્ય હશે તે તેને આપી દેશે. કોઈ વાર ગુરુ વ્યગ્રતાના કારણે પોતે ન આપે અને આપણી પાસે અપાવે ત્યારે પણ

**तदाज्ञया प्रवृत्तिरिति।।३७।। (३०६)**

ગુરુની આજ્ઞાથી આપવાની પ્રવૃત્તિ કરવી. આપણે જાતે ન આપવું, ગુરુની આજ્ઞાથી આપવામાં બાધ નથી. આ વાત માત્ર ખાવાપીવા પૂરતી નથી, સાધુપણામાં કોઈ પણ પ્રવૃત્તિ ગુરુની આજ્ઞા વિના કરવાની જ નથી- એ જણાવવા માટે આ સૂત્ર છે. સામાન્ય એક ઈરિયાવહી પણ ગુરુની આજ્ઞા લીધા વિના નથી કરવાની, તો બીજી કઈ પ્રવૃત્તિ પૃછ્યા વિના કરાય? એક પ્રતિક્રમણની ક્રિયામાં પણ દરેક આદેશ ગુરુને પૂછી- પૂછીને લેનારા આખા દિવસની બીજી પ્રવૃત્તિઓ ગુરુને પૂછ્યા વિના કરે એ કેમ આલે? આ તો ગુરુને કહી ન શકાય એવી વાત પણ ગૃહસ્થ સાથે કરી આવે- આવું ચાલે? આજે નિયમ આપી દઉં કે જે વાત ગુરુને કહી ન શકાય એવી વાત કોઈને કરવી નહિ, કોઈની વાત સાંભળવી પણ નહિ. આ નિયમમાં ફાયદો ઘણો છે. તેના કારણે શક્તિનો સંચય થશે, સમયની બચત થશે, વિકથાના પાપથી બચાશે, અદત્તાદાન(ગુરુ-અદત્ત)નું પાપ પણ નહિ લાગે. સાધુસાધ્વીને મોક્ષમાં જવું છે માટે ગુરુભગવન્ત પ્રત્યે આવો સમર્પણભાવ કેળવે છે. શરીરને સારું કરવા માટે દુઃખ વેઠીને પણ ડોક્ટર પ્રત્યેનો સમર્પણભાવ ટકાવી રાખીએ ને? તો આત્માના કલ્યાણ માટે ગુરુ પ્રત્યે સમર્પણભાવ કેવો કેળવવો જોઈએ?

**उचितच्छन्दनमिति ।।३८।। (३०७)**

જે ગ્લાનાદિ માટે લાવ્યા હોઈએ તે તેને જેટલું ખપ હોય જેટલી ઈચ્છા હોય એટલું જ આપવું. તેમની અભિલાષા જેટલી હોય તેનાથી અધિકનો આગ્રહ ન કરવો. તમારે પણ વહોરાવતી વખતે સાધુસાધ્વીને જે ખપ હોય તે ભાવથી વહોરાવવું. તેમને મિષ્ટાન્નનો ખપ ન હોય તો દાળભાત પણ એટલા જ ભાવથી વહોરાવવા. અન્દનબાળાજીએ અડદના બાકળા વહોરાવ્યા તોપણ તેમને અપૂર્વ લાભ મળ્યો ને? અભિનવશ્રેષ્ઠીએ વહોરાવ્યું તો તેમને ત્યાં સાડાબાર કરોડ સોનૈયાની વૃષ્ટિ થઈ. જ્યારે જીર્ણશ્રેષ્ઠી વહોરાવવાના શુભભાવમાં રહ્યા તોપણ તેમણે ઘણાં કર્મોની નિર્જરા

સાધી. દાનથી ઔદારિક વર્ગણાનાં પુદ્ગલો ભેગાં થાય તો સારું કે કાર્મણવર્ગણાનાં પુદ્ગલો ઓછાં થાય તો સારું? સાધુભગવંતો આ રીતે આદાનપ્રદાનનો વ્યવહાર પણ જેની સાથે માંડલીવ્યવહાર હોય તેની સાથે જ રાખે. ભાવની વિશુદ્ધિ પણ આજ્ઞાને અનુસરવાથી થાય છે. આજે અમારે ત્યાં એવું સૂત્ર પ્રચલિત છે કે જેની સાથે માંડલીવ્યવહાર ન હોય તેને આપવામાં વાંધો નથી. અહીં ગ્રંથકારશ્રી ચોખ્ખી ના પાડે છે કે જેની સાથે સાત પ્રકારની માંડલીનો વ્યવહાર ન હોય તેને આપવાનો અધિકાર નથી. જેઓના સિદ્ધાંત અને સમાચારી એક હોય તેની સાથે માંડલીવ્યવહાર હોય. જે આપણા ભગવાનનું ન માને, આપણા ગુરુનું ન માને તેની સાથે આપણે વ્યવહાર ન રખાય. જે સાધુ પોતાના ગુરુનું ન માને તેની સાથે વ્યવહાર ન રખાય. અમારા માટે કોઈ સાધુ અયોગ્ય હોવા છતાં ગુરુની આજ્ઞામાં હોય તો તેને અમે વંદન કરીએ. બાકી તમારા માટે એવો નિયમ નથી. તમારે તો આજ્ઞા મુજબ પ્રરૂપણા કરનારા તારક ગુરુ શોધીને તેમને વંદન તથા ભક્તિ કરવા. બાકીનાનું ઔચિત્ય જાળવો - એની ના નહિ, પરંતુ ભક્તિ તો સુસાધુભગવંતોની જ કરવાની. જે સાધુસાધ્વીને પરસ્પર માંડલીવ્યવહાર ન હોય તેમને સાથે પ્રતિક્રમણમાં બેસાડવાનો આગ્રહ ગૃહસ્થોએ ન રાખવો. તમે માર્ગના જ્ઞાતા બનો તો તમને પણ કેવી રીતે વર્ત્તવું એનો ખ્યાલ આવે. ગ્લાનાદિને આપ્યા બાદ જે અન્નાદિ શેષ રહ્યા હોય તેનો ધર્મ માટે ઉપભોગ કરવો : તે જણાવે છે.

**धर्मायोपभोग इति ।।३१।। (३०८)**

ધર્મના આધારભૂત શરીરને સારી રીતે ધારી રાખવા માટે જ સાધુ આહાર લે, પોતાના શરીરનું ઓજસ, વર્ણ, બળ વગેરે વધારવાના ઈરાદે સાધુ આહાર ન લે. જેટલાથી શરીરનો નિર્વાહ થાય એટલું જ લેવું. દૂધ ઉભરાતું હોય તો તે વખતે પાણી કેટલું છાંટો? એવી રીતે સાધુ આહાર લે. સાધુભગવંત છ કારણ ઉપસ્થિત થાય ત્યારે જ આહાર લે. ૧. ક્ષુધાવેદનીય સહન ન થતી હોય, ૨. ગ્લાનાદિનું વૈયાવૃત્ય કરી શકાતું ન હોય, ૩. ઈર્યાસમિતિનું પાલન ન થઈ શકતું હોય, આંખે અંધારા આવતા હોય, ૪. સત્તર પ્રકારનો સંયમ-પડિલેહણાદિ ક્રિયાઓ વ્યવસ્થિત થઈ શકતી ન હોય, ૫. પ્રાણ કંઠે આવ્યા હોય, ૬. ધર્મચિંતનાદિ રૂપ સ્વાધ્યાય બરાબર થતો ન હોય તો જ સાધુ ભિક્ષા ગ્રહણ કરે. જો આહાર વિના આ બધાં જ કાર્યો થઈ શકતાં હોય તો આહાર લેવા માટે સાધુ જાય જ નહિ. ગમે તેટલો સારામાં સારો આહાર હોય તોપણ જો છ કારણમાંથી કોઈ પણ એક કારણ ઉપસ્થિત હોય તો જ તે લેવો. છ

કારણમાંથી એક પણ કારણ ન હોય તો સાધુ ભિક્ષાએ જાય જ નહિ. રોગના અભાવમાં કોઈ દવા લે ખરું? જેને રોગ થયો હોય તે દવા લે. નીરોગી માણસ ઔષધ ન લે ને? ભારેમાં ભારે, કીમતીમાં કીમતી ઔષધ હોય, મફતમાં પણ મળતું હોય છતાં નીરોગી માણસ ન લે ને? તેમ સાધુસાધ્વી નિર્દોષ પણ આહાર નિષ્કારણ ન લે. આજે અમે લોકોએ છ કારણની ઉપર એક સાતમું કારણ શોધી લીધું છે. વાપરવાનો સમય થાય એટલે વાપરવા બેસી જઈએ છીએ- આ નિર્દોષ ચર્યા નથી. તમે દવાનો ટાઈમ થાય એટલે દવા લઈ લો કે માંદા હો તો દવા લો? કારણ ન હોય, પ્રયોજન ન હોય અને પ્રવૃત્તિ કરે એવું તમારે ત્યાં ન બને ને? અમારે ત્યાં વગર કારણે આહાર કરનારા મળે. સંવત્સરીનો ઉપવાસ કર્યા પછી પારણાના દિવસે નવકારશીમાં એકાસણું કરવા બેસી જાય. અને પાછા કહે કે 'સવારે બધું નિર્દોષ મળે, બપોરે કશાં ઠેકાણાં ન હોય'. ગમે તેટલું નિર્દોષ મળે તોપણ અકાળે ન વપરાય. મધ્યાહ્ને જે નિર્દોષ મળે તે લઈ આવવાનું. આહાર લીધા પછી સ્વાધ્યાય માટે નિર્દોષ વસતિનું સેવન કરવાનું આગળના સૂત્રથી જણાવે છે.

**तथा–विविक्तवसतिसेवेति ।।४०।। (३०९)**

સાધુભગવંતો એવી વસતિમાં રહે કે જ્યાં તેમના સ્વાધ્યાયનો વ્યાઘાત ન થાય. જ્યાં સ્ત્રી, પશુ, નપુંસક વગેરેની અવરજવર ન હોય એવા એકાન્ત સ્થાનમાં રહેલ વસતિમાં સાધુ ઊતરે. જ્યાં ઘણા લોકોની અવરજવર હોય ત્યાં સાધુ રહે તો સાધુના બ્રહ્મચર્યવ્રતનું પાલન થતું નથી. આથી જ બ્રહ્મચર્યના પાલન માટેની નવ વાડો આગળના સૂત્રથી જણાવે છે.

**तत्र–स्त्रीकथापरिहार इति ।।४१।। (३१०)**

શાસ્ત્રકારોએ સાધ્વાચારના પાલન વખતે જેની ઉપર ભાર આપ્યો છે એની ઉપર લગભગ અમે ભાર આપતા નથી. ગોચરી-પાણી ઉપર અમે ભાર આપીએ પણ નવ બ્રહ્મચર્યની વાડ પર બહુ ભાર ન આપીએ. જે વસ્તુ ચોવીસ કલાક માટે નડવાની છે એની પર ભાર નથી આપતા. નવ બ્રહ્મચર્યની વાડોનું પાલન કાયમ માટે કરવાનું છે જ્યારે ગોચરી-પાણી તો એકાદ કલાક માટે થતા હોય છે છતાં ગોચરી-પાણી નિર્દોષ મળે એની માટે ધ્યાન રાખીએ પણ વસતિ નિર્દોષ મળે એની માટે લગભગ ધ્યાન નથી રાખતા.

'બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ' એવું કીધા પછી તરત જ 'સ્ત્રીકથાનો ત્યાગ કરવો' આ પ્રમાણે કહ્યું છે. લગભગ મોટે ભાગે સ્ત્રી વગેરેની કથાથી આચારનું પાલન થતું નથી. સાવદ્ય વસતિ સેવવાના કારણે ગૃહસ્થના સંસ્કાર સાધુસાધ્વી પર પડવા માંડ્યા. ગૃહસ્થ જેવી રીતે એકબીજાની સાથે વાતો કરે એવી વાતો સાધુસાધ્વી ગૃહસ્થ સાથે કરવા માંડ્યા. કોઈના મરણના, લગનના, જનમના આ બધા સમાચાર સાધુસાધ્વીને આપવાની જરૂર નથી. ગોચરી-પાણી નિર્દોષ વાપરીએ અને વસતિ સાવદ્ય વાપરીએ : એ ખાળે ડૂચા અને દરવાજા ખુલ્લાં : એના જેવું છે. દરવાજો ખુલ્લો છે માટે ખાળે ડૂચા નથી રાખવા એવું કરવાની જરૂર નથી. દરવાજો બંધ કરીને ખાળે ડૂચા રાખવા છે. નિર્દોષ ગોચરી-પાણીની સાથે વસતિ પણ નિર્દોષ રાખવી છે. સાવદ્ય વસતિમાં નિર્દોષ ગોચરી-પાણી વાપરવાં : એ દારૂની દુકાનમાં દૂધ પીવા જેવું છે. નિર્દોષ વસતિનું સેવન કરવું હશે તો ગૃહસ્થના પરિચયથી દૂર થવું પડશે. જેટલો ગૃહસ્થનો પરિચય વધારે એટલા સાધુપણાથી દૂર થઈશું.

સ્ત્રીકથા જાતિ, કુળ, રૂપ અને વસ્ત્રને આશ્રયીને ચાર પ્રકારની છે. ગુજરાતની, મારવાડની, પંજાબની, સૌરાષ્ટ્રની સ્ત્રીઓ આવી આવી હોય... આ બધી વાતો ન કરવી. આ જાતિને આશ્રયીને વાત થઈ. કુળ, રૂપ અને વસ્ત્રને આશ્રયીને આ રીતે સમજી લેવું.

### निषद्यानुपवेशनमिति ।।४२।। (३११)

જે જગ્યાએ સ્ત્રી બેઠી હોય તે સ્થાને ન બેસવું. અપવાદે બેસવું જ પડે તો કાજો કાઢીને બેસવું. એટલા માટે શ્રાવકો પોતાનું વાહન રાખે છે, મોભા માટે નથી રાખતા. એક આસન પર પણ ન બેસવું. સોફા પર બાજુબાજુમાં પણ ન બેસવું. જો જાહેર વાહનોમાં મુસાફરી કરે તો આ રીતે ગમે તે જગ્યાએ ગમે તેની પાસે બેસવાનો પ્રસંગ આવે તેથી શ્રાવકો શક્ય હોય તો આવા દોષોથી બચવા પોતાનું વાહન રાખે. નવ વાડોનું પાલન માત્ર સાધુસાધ્વીએ જ કરવાનું છે એવું નથી. શ્રાવક પણ સાધુ થવાની ઈચ્છાવાળો હોવાથી તેમ જ વ્રતધારી હોવાથી શક્ય પ્રયત્ને આ વાડોનું પાલન કરે.

### इन्द्रियाप्रयोग इति ।।४३।। (३१२)

સ્ત્રી નજરે પડ્યા પછી તેના ગુહ્યાદિ ભાગોને જોવાનો પ્રયત્ન ન કરવો, ઈન્દ્રિયોને સંયમમાં રાખવી.

**कुड्यान्तरदाम्पत्यवर्जनमिति ।।४४।। (३१३)**

જ્યાં સ્ત્રી પુરુષો ક્રીડા વગેરે કરતા હોય તેવા સ્થાને એક ભીંતના આંતરે પણ ન રહેવું.

**पूर्वक्रीडितास्मृतिरिति ।।४५।। (३१४)**

પૂર્વે ભોગવેલાનું સ્મરણ ન કરવું. દીક્ષા લીધા પહેલા જે કાંઈ પણ ભોગવ્યું હોય તેનું સ્મરણ ન કરવું. સ્કૂલમાં અમે સાથે ભણતા હતા તે આ ભાઈ છે... આવું બધું યાદ ન કરવું.

**तथा-प्रणीताभोजनमिति ।।४६।। (३१५)**

જેમાંથી તેલનાં કે ઘીના ટીપાં પડતાં હોય તેવો આહાર ન લેવો.

**तथा-अतिमात्राभोग इति ।।४७।। (३१६)**

રસ કસ વગરનો આહાર પણ બત્રીસ કે અઠ્ઠાવીસ કોળિયાથી અધિક ન લેવો. દ્રવ્ય ધારવાના સાથે સાથે કોળિયા પણ ધારવાના.

**विभूषापरिवर्जनमिति ।।४८।। (३१७)**

શરીર અને ઉપકરણની શોભા-ટાપટીપ કરવા સ્વરૂપ વિભૂષા ન કરવી. સ્ત્રી કથા વગેરે નવ ભાવો મોહને વધારતા હોવાથી તેનો નિષેધ કર્યો છે.

**तथा-तत्त्वाभिनिवेश इति ।।४९।। (३१८)**

સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર સ્વરૂપ તત્ત્વમાં અત્યન્ત આદર કરવા સ્વરૂપ અભિનિવેશ રાખવો. ધર્મ ગમે તેમ કરાય એ તત્ત્વનો અભિનિવેશ નથી. ધર્મ ધર્મની રીતે જ કરવો આનું નામ તત્ત્વનો અભિનિવેશ. જે અશક્ય હોય તેમાં ભાવથી પ્રતિબંધ રાખવો. સાધુપણું લઈ શકાતું ન હોય ત્યારે ગૃહસ્થપણાનાં અનુષ્ઠાન ભગવાનની આજ્ઞા મુજબ કરવાનાં અને સાધુપણામાં ભાવથી પ્રતિબંધ રાખવો. શક્યમાં પૂરતો પ્રયત્ન અને અશક્યમાં ભાવ રાખવો આનું નામ તત્ત્વનો અભિનિવેશ.

**तथा-युक्तोपधिधारणेति ।।५०।। (३१९)**

સંયમની સાધનામાં જેટલી જરૂર હોય તેટલાં જ ઉપકરણો રાખવાનાં. શાસ્ત્રમાં બતોવલા પ્રમાણથી યુક્ત તેમ જ લોકમાં નિંદા ન થાય અને પોતાને કે પરને રાગાદિ

ઉત્પન્ન ન કરે એવાં ઉપકરણો રાખવાનાં. મુસાફરીએ તમે સામાન લઈને જાઓ તો કેટલું લઈ જાઓ? તમારાથી ઊંચકાય એટલું જ લઈ જાઓ ને? આજે સાધુસાધ્વીને નિયમ આપવો છે કે આપણે ઊંચકી શકીએ, ગાડીમાં મૂકવું ન પડે એટલો જ સામાન રાખવાનો. જે ઊંચકાય નહીં એ રાખવું નહીં.

**तथा–मूर्च्छात्याग इति ।।५१।। (३२०)**

જે વસ્તુ નથી મળી એને મેળવવાનો વિચાર અને જે મળી છે એને ટકાવવાનો વિચાર આનું નામ મૂર્ચ્છા. સંયમનાં ઉપકરણો રાખવા છતાં તેની ઉપર મૂર્ચ્છા ન કરવી. જીવોની વિરાધનાથી બચવા માટે રાખેલા ઉપકરણ ઉપર મમત્વ નથી કરવું. મૂર્ચ્છા ન હોવા છતાં વસ્તુનો ઉપયોગ કરી શકાય છે. મૂર્ચ્છા હોવાથી વસ્તુનો ઉપયોગ ન કરે. કામળી ખરાબ થઈ ન જાય માટે આસન ઓઢીને જાય અને કામળી ન ઓઢે એ કામળી પરનું મમત્વ છે માટે.

સ. મૂર્ચ્છા કાઢવા માટે શું કરવું?

શરીરના રાગે ધનની મૂર્ચ્છા ઊતરે છે ને? રોગ આવી ગયા પછી ધનનું મમત્વ તોડતાં આવડે છે ને? તેમ ભગવાનના વચનના રાગે મૂર્ચ્છાનો ત્યાગ થઈ જાય. સુખનો રાગ એટલો બધો ભયંકર છે કે ભગવાનના વચન પ્રત્યે રાગ થવા દેતો જ નથી. આટલું નક્કી કરવું છે કે જે વસ્તુ ખાવાના કારણે એક વાર તબિયત બગડી તે વસ્તુ કાયમ માટે છોડી દેવી છે? દવા લઈને પાછી વાપરવા માટે પ્રયત્ન નથી કરવો. જે વસ્તુ અવશ્ય નાશ પામવાની છે એવી ખબર હોય એ વસ્તુને ટકાવવા માટે પ્રયત્ન કરે તો એને તમે મૂરખ કહો ને? અને તમે પૈસા, શરીર નાશવંત હોવા છતાં સાચવ્યા કરો છતાં તમારી જાતને બુદ્ધિમાન ગણો ને?

સ. લક્ષ્મી નાશવંત છે એ વાત સાચી પણ જરૂર છે માટે સાચવવી પડે ને?

તમારી જરૂરિયાત છે માટે લક્ષ્મી ટકી જ રહેશે એવું ખરું? તમે ગમે તેટલી ટકાવવા માટે મહેનત કરશો તોય ટકી જ જશે એવું ખરું? જરૂરિયાત તો બધાની પૂરી થાય છે ને? ગમે તેવા સારામાં સારા કે ખરાબમાં ખરાબ ચશ્મા પહેરો છતાં દેખાવાનું તો એકસરખું જ છે ને? જૈનેતરો પણ એટલું બોલે છે કે - જેણે દાંત આપ્યા છે એ ચાવવાનું આપશે જ. આપણને આટલો વિશ્વાસ નથી ને? લક્ષ્મી પુરુષાર્થથી ટકે છે કે ભાગ્યથી ટકે છે? પૈસા મેળવવા માટે મહેનત કરો છો તો પૈસા છોડવા માટે મહેનત કેમ નથી કરતા? સાધુભગવન્તોને તૃષ્ણા ન હોય, મૂર્ચ્છા હોઈ

શકે માટે મૂર્ચ્છાનો ત્યાગ કરવાનું કહ્યું. તમને એટલો વિચાર આવે ને કે - જેઓ બધું છોડીને બેઠા છે એમને પણ મૂર્ચ્છાનો ત્યાગ કરવાનું કહ્યું તો મારું શું થશે? મારી તૃષ્ણાનો તો પાર નથી. ભરતમહારાજાની વીંટી નીચે પડ્યા પછી લેવા માટે ન નમ્યા તો કેવળજ્ઞાન પામ્યા ને! તમારે એટલું નક્કી કરવું છે કે નીચે પડી ગયેલી વસ્તુ લેવા માટે નમવું નહીં. જે મૂર્ચ્છાનો ત્યાગ કરીને સાધુપણું પાળવાનું હતું એ મૂર્ચ્છા જ સાધુપણાને ખાઈ જાય એ કેવી રીતે ચાલે?

**तथा-अप्रतिबद्धविहरणमिति ।।५२।। (३२१)**

અપ્રતિબદ્ધપણે વિહાર કરવો. માસકલ્પપ્રાયોગ્ય ક્ષેત્ર હોય તો અનુકૂળતા છે કે નહિ, પ્રતિકૂળતા છે કે નહિ-આ બધું નહિ જોવાનું. તમે પણ મુસાફરી કરો ત્યારે અનુકૂળતા કે પ્રતિકૂળતા જોવા બેસો કે ઈષ્ટસ્થાને પહોંચવું છે એ જોયા કરો? સાધુભગવન્તો આજે અહીં જઈશું, કાલે ત્યાં જઈશું... આ પ્રમાણે ધારીને વિહાર ન કરે. શ્રાવકોના પ્રસંગ માટે અહીં ત્યાં દોડધામ કરે તો અપ્રતિબદ્ધપણે વિહાર નહીં થાય. દેશનું, ગામનું, કુળનું મમત્વ કર્યા વગર વિહાર કરવો. મહારાષ્ટ્ર ખરાબ લાગે એટલે કહે કે - ગુજરાત સારું. ગુજરાત ખરાબ લાગે એટલે મહારાષ્ટ્ર સારું લાગે- આ દેશનું મમત્વ. મુંબઈ કરતાં પૂના સારું. પૂના કરતાં મુંબઈ સારું લાગે-એ ગામનું મમત્વ અને આ ઘર સારું, આ ખરાબ - આ કુળનું મમત્વ. આવા કોઈ પણ મમત્વ વગર વિહાર કરવો તેને અપ્રતિબદ્ધ વિહાર કહેવાય. 'સંયમનાં ઉપકરણો ઉપર મૂર્ચ્છા નહિ કરવી' એમ કીધા પછી દેશાદિ ઉપર મૂર્ચ્છા કરવાની છૂટ છે - એવું કોઈ માની ન લે માટે તરત જ એની પછીના સૂત્રમાં દેશાદિ પર મમત્વ રાખ્યા વિના વિહાર કરવોઃ આ પ્રમાણે કહ્યું.

જો સર્વસાવદ્યયોગથી વિરામ પામ્યા પછી સાધ્વાચારનું પાલન ન કરે તો સાવદ્યયોગ ફરી પાછો આવ્યા વગર ન રહે. પ્રતિજ્ઞા ગ્રહણ કર્યા પછી તેનું પાલન ન કરવુંઃ એ મોટામાં મોટો વિશ્વાસઘાત છે. પરંતુ એનો અર્થ એ નથી કે આવા ડરથી નિયમ લેવો જ નહિ. નિયમ લીધા પછી તેમાં આઘુંપાછું થાય તો અતિચારનું પાપ લાગે પણ વિરાધનાના ડરથી નિયમ લેવામાં ન આવે તો અનાચારનું પાપ લાગે. અતિચારના પાપ કરતાં અનાચારનું પાપ મોટું છે. પ્રતિજ્ઞાનું પાલન કરતી વખતે કદાચ અતિચાર લાગે તો તેનું પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ થવાય. તમારે ત્યાં પણ કપડાં મેલાં થશે માટે પહેરવાં નહીં એવું કોઈ નથી વિચારતું. પહેર્યા પછી મેલાં થાય તો ધોઈને શુદ્ધ કરી લેવાય : એમ વિચારો છો, તેમ ધર્મમાં પણ વિચારી લેવું.

વિરાધનાના ડરથી સાધુપણું ન લેવું - એ સારું નથી. સાધુપણાના આચારનું વર્ણન કરતી વખતે જણાવ્યું છે કે - અપ્રતિબદ્ધપણે વિહાર મમત્વને મારવા માટે કરવાનો છે. અત્યારે અમારો વિહાર મોટેભાગે મમત્વને મારવા નથી થતો, મમત્વને પુષ્ટ બનાવવા માટે થતો હોય છે. ભગવાનની આજ્ઞા મુજબ વિહાર કરવો હશે તો જ્યાં આપણને ઓળખે ત્યાંથી નીકળી જવું. એક વખત પરિચય થશે એટલે મમત્વ વધતાં વાર નહિ લાગે. પૈસા છોડ્યા પછી પણ 'મેં આટલા પૈસા છોડ્યા' એવું હંમેશ માટે બોલતા રહે તો સમજવું કે પૈસા છોડવા છતાં પણ પૈસાનું મમત્વ નથી છૂટ્યું. આપણા કરેલા સુકૃતની અનુમોદના બીજા કરે - આ ભાવ જ મમત્વના ઘરનો છે. મમત્વનું પાપ ધર્મ કરતી વખતે ચિકાર પ્રમાણમાં છે. આપણે જે કાંઈ અનુષ્ઠાન કરીએ એ પાપ છોડવા માટે કરીએ કે લોકો આપણું નામ ગાજતું કરે એ માટે? ઉપધાન કર્યા પછી લોકોને આમંત્રણ આપો છો તે શા માટે? લોકો તમારા અનુષ્ઠાનની અનુમોદના કરે - એ માટે જ ને? આપણે જે આરાધના કરવાની છે તે આપણાં કર્મો ખપાવવા કરવાની છે. મમત્વ મારવા માટે ભગવાનની આજ્ઞા આત્મસાત્ કર્યા વગર નહિ ચાલે. જો સાધુભગવન્તોને પણ ઘર વગેરે છોડ્યા પછી મમત્વ મારવા માટે વિહાર કરવાની આજ્ઞા છે તો હું એકને એક ઘરમાં રહું છું, તો મને કેટલું પાપ લાગે છે' એટલું તમારે વિચારી લેવું. મમત્વ એ પાપ છે એવું હજુ આપણને લાગ્યું જ નથી. ઉપરથી બીજા આપણા પ્રત્યે મમત્વ કરે, લાગણી ધરાવે તો પુણ્યોદય લાગે. કોઈ ભાવ ન પૂછે તો આપણે પુણ્ય વગરના છીએ-એવું લાગે તો ક્યાંથી મમત્વના પાપથી છૂટવાના? મમત્વનો ત્યાગ કરવા માટે વિહાર કરવાનું કહ્યું. વિહાર કર્યા પછી ક્યાં ઊતરવું એ જણાવવા માટે આગળનું સૂત્ર છે-

**तथा परकृतबिलवास इति ।।५३।। (३२२)**

ગૃહસ્થે પોતા માટે બનાવેલા મકાનમાં સાધુભગવન્તોએ રહેવું. સાધુભગવન્ત માટે બનાવેલા મકાનમાં સાધુભગવન્તો ન રહે. તીર્થંકરભગવન્તો, સમર્થ મહાપુરુષો ગોશાળા, અશ્વશાળા વગેરેમાં ઊતરતા હતા : એ તો આપણે સાંભળ્યું છે ને?

**तथा-अवग्रहशुद्धिरिति ।।५४।। (३२३)**

અવગ્રહ એટલે જગ્યા. જગ્યાના જે જે માલિક હોય તેમની રજા લઈને રહેવું તે અવગ્રહની શુદ્ધિ કહેવાય. મકાન ખાલી છે માટે અંદર પેસી જવું: એવું સાધુમહાત્મા ન કરે. માલિકે રજા આપ્યા પછી જેટલું વાપરવા માટે આપ્યું હોય તેટલું જ

વાપરવાનું. તેનાથી અધિક નહીં વાપરવાનું. ગમે તેટલી જગ્યા ખાલી પડી હોય પણ આપણને એ વાપરવા માટે ન આપી હોય તો નહિ જ વાપરવાની. અહીં સૂત્રમાં **परकृतबिलवास** લખ્યું છે, **परकृतगृहवास** આ પ્રમાણે નથી લખ્યું. તેનો આશય એ છે કે - બિલને કોઈ સંસ્કારિત ન કરે, બિલમાં સમારકામ ન કરે તેમ સાધુભગવન્તો જે મકાનમાં રહ્યા હોય તે મકાનમાં અંધારું પડતું હોય, પવન આવતો હોય, તડકો આવતો હોય, વરસાદ આવતો હોય તો ય તે મકાનનું સમારકામ ન કરે, ન કરાવે.

સારી જગ્યા મળી છે માટે ધામા નાખીને રહી ન જાય તે જણાવવા માટે આગળનું સૂત્ર છે -

**मासादिकल्प इति ।।५५।। (३२४)**

દરેક સ્થાને એક મહિનાથી અધિક વાસ ન કરવો. આઠ મહિનામાં આઠ અને ચોમાસાનો એક : એમ નવકલ્પી વિહાર કરવો. સાધુભગવંત અપ્રતિબદ્ધપણે વિહાર કરે. વિહાર કરવા છતાંય અપ્રતિબદ્ધતા ન આવે તોય ન ચાલે અને અપ્રતિબદ્ધતા હોય તો વિહાર ન કરે તોય ન ચાલે. જો પ્રતિબંધ ન હોય તો વિહાર કરવામાં શું વાંધો છે? અપ્રતિબદ્ધપણે એક સ્થાને રહેવું- એ ભગવાનની આજ્ઞા નથી. અપ્રતિબદ્ધપણે વિચરતા રહેવું-એ ભગવાનની આજ્ઞા છે. રાગ વિના વાપરવું-એવું ભગવાને કહ્યું નથી. રાગ ન હોય તો વાપરવાની જરૂર જ નથી. વાપરવાની જરૂર પડે તોપણ રાગ ન કરવો-એટલું ભગવાને કહ્યું છે. એક સ્થાને રહેવાથી મમત્વ બંધાય છે, માટે ભગવાને આ રીતે નવકલ્પી વિહાર કરવાની આજ્ઞા કરી છે.

સ. સ્થાન છોડવાથી મમત્વ જતું રહે?

જે સ્થાન છોડવાનું હોય ત્યાં આપણે મમત્વ કરતા જ નથી. તમે ધર્મશાળામાં જાઓ, હોસ્પિટલમાં જાઓ તો ત્યાં સ્થાન ઉપર કે કોઈ વ્યક્તિ ઉપર મમત્વ કરો ખરા? નહિ ને? કારણ કે ત્યાંથી જવાનું છે એ નક્કી જ છે. તેવી રીતે અહીં પણ એક મહિનામાં કે ચાર મહિનામાં જ્યાંથી જવાનું હોય ત્યાં મમત્વ થવાની સંભાવના જ નથી. ભગવાને જે માર્ગ બતાવ્યો છે તે એકાંતે આપણા કલ્યાણને કરનારો છે. ભગવાનની આજ્ઞા પાળવાથી સમાધિ મળશે. મમત્વ અસમાધિનું કારણ છે, દુ:ખ અસમાધિનું કારણ નથી. સમાધિ ભગવાનનું માનવાથી મળે છે, દુ:ખ ટાળવાથી નહિ.

સ. નવા નવા સ્થાને જાય તો રાગ થવાની સંભાવના છે ને?

રાગ ભલે થાય, પણ એ સ્થાન છોડીને જાય એટલે રાગની પ્રવૃત્તિ તો અટકી જાય ને? એક વાર પ્રવૃત્તિ છૂટે એટલે સંસ્કાર ભૂસાતાં વાર ન લાગે. રાગ ન થાય, થયો હોય તો નાશ પામે તે માટે આ વિહારની આજ્ઞા છે. બાવીસ તીર્થંકરના સાધુભગવંતો ઋજુ અને પ્રાજ્ઞ હતા તેથી તેમના માટે આ આચાર બતાવ્યો નથી. આપણે મહાવીરસ્વામી ભગવાનના શાસનમાં છીએ માટે આપણે આ માસકલ્પની મર્યાદા જાળવી લેવી છે. હવે શિષ્યને શંકા થાય કે માસકલ્પપ્રાયોગ્ય ક્ષેત્ર ન હોય અથવા વરસાદ વગેરેના કારણે વિરાધનાનો સંભવ હોય તો શું કરવું - તે માટે આગળના સૂત્રથી જણાવે છે :

**एकत्रैव तत्क्रियेति ।।५६।। (३२५)**

જો કોઈ સંયોગોમાં વિહાર ન કરી શકાય તોપણ જે ગામમાં રહ્યા હોઈએ ત્યાં પણ અન્ય અન્ય ઉપાશ્રયમાં જવા દ્વારા માસકલ્પની મર્યાદા જાળવવી. કોઈ વાર એક ઉપાશ્રયમાંથી બીજા ઉપાશ્રયમાં ન જઈ શકાય તોપણ જે ઉપાશ્રયમાં રહ્યા હોય ત્યાં છેવટે, સંથારાની જગ્યા બદલીને પણ આ મર્યાદા જાળવવી. હવે જે સ્થાનમાં રહ્યા હોઈએ ત્યાં પણ કોઈ વસ્તુનું મમત્વ ન રાખવું તે માટે જણાવે છે-

**तत्र च - सर्वत्राममत्वमिति ।।५७।। (३२६)**

ઉપાશ્રયમાં પણ પીઠફલક વગેરે, રહેવામાં ઉપયોગી એવા કોઈ પણ સાધન હોય તેની પર પણ મમત્વ ન કરવું. ટૂંકમાં કોઈ પણ દ્રવ્ય પ્રત્યે પછી તે સચિત્ત હોય કે અચિત્ત હોય, કોઈ પણ ક્ષેત્ર ઉપર, કોઈ પણ ઋતુ વગેરે કાળ ઉપર અને કોઈ પણ અવસ્થારૂપ ભાવ પ્રત્યે મમત્વ કરવું નહિઃ આ ભગવાનની આજ્ઞા છે. 'આ મારું છે' આવા પ્રકારનો મારાપણાનો જે ભાવ તેને મમત્વ કહેવાય. આવું મમત્વ ક્યાંય ન કરવું. આ લોકસંબંધી સુખમાં જેમ મમત્વ નથી કરવાનું, તેમ પરલોક સંબંધી સુખમાં પણ મમત્વ રાખવાનું નથી, તે જણાવે છે :

**तथा - निदानपरिहार इति ।।५८।। (३२७)**

સાધુભગવંત કોઈ પણ જાતનું નિયાણું ન કરે. પોતાની આરાધનાના ફળરૂપે પરલોકસંબંધી દેવાદિની ઋદ્ધિની આશંસા રાખવી તેને નિયાણું કહેવાય છે. આવું નિયાણું સાધુ ન કરે. જોકે શ્રાવકોએ પણ આવું નિયાણું કરવાનું નથી. પરંતુ શ્રાવકો

પાસે એવી વિશિષ્ટ આરાધના જ નથી તેથી તેમના માટે એવું વિધાન નથી કર્યું. નિયાણું કોને કહેવાય તે માટે અહીં જણાવ્યું છે કે ધર્મરૂપી કલ્પવૃક્ષને જે સારી રીતે કાપી નાખે તેને નિદાન કહેવાય. 'નિયાણું' પ્રાકૃત શબ્દ છે. 'નિદાન' સંસ્કૃત શબ્દ છે. नि ઉપસર્ગસહિત दा ધાતુ 'સારી રીતે કાપવું' એ અર્થમાં વપરાય છે. ઈચ્છા અને નિયાણામાં ફરક છે. જે જરૂરી હોય તેની ઈચ્છા હોય. જે સુખના સાધન છે તેને; ધર્મના ભોગે પણ મેળવવાની ઈચ્છા તે નિયાણા સ્વરૂપ છે. જેમ કુહાડાથી વૃક્ષ છેદાય છે તેમ દેવલોકાદિના સુખની આશંસા સ્વરૂપ કુહાડાથી ધર્મરૂપી કલ્પવૃક્ષ છેદાય છે. વૃક્ષને જેમ મૂળ, થડ (સ્કન્ધ), શાખા-ઉપશાખા, ફૂલ ફળ વગેરે હોય છે તેમ ધર્મરૂપી કલ્પવૃક્ષમાં પણ મૂળ વગેરે છે. સમ્યગ્દર્શનના સડસઠ બોલરૂપ વિસ્તાર એ ધર્મવૃક્ષનું મૂળિયું છે. તેમાંથી જ્ઞાનાદિના હેયોપાદેયાદિ વિષયથી વિશુદ્ધ એવા વિનય વગેરેના વિધિથી વ્યાપ્ત તેનો સ્કન્ધ છે. મૂળમાંથી સ્કન્ધ નીકળે તેમ જેનામાં સમ્યગ્દર્શન હોય તેને જ્ઞાન ભણવાનું ગમે જ. આથી સમ્યક્ત્વના મૂળ પછી જ્ઞાનાદિનો સ્કંધ બતાવ્યો. જે જ્ઞાન ભણે તેને દાનાદિ ધર્મોનું આચરણ કરવાનું મન થાય જ. તમે પણ છાપું વાંચો તો ખરીદી કરવાનું મન થાય ને? તેથી ધર્મવૃક્ષની શાખા-ઉપશાખારૂપે વિહિત-આજ્ઞા મુજબના શ્રેષ્ઠ એવા દાન, શીલ, તપ ભાવ વગેરે ધર્મો જણાવ્યા. આ ધર્મોના પાલનથી અતિશયિત એવા દેવ અને મનુષ્ય લોકનાં સુખોની પ્રાપ્તિ થાય છે તે ધર્મવૃક્ષનાં પુષ્પો છે. આ પુષ્પો માત્ર વૃક્ષની શોભા વધારનારાં છે. તેની ઈચ્છા રાખવાની નથી. દેવલોકાદિનાં સુખો ફૂલ સ્વરૂપ હોવા છતાં તે ઈચ્છવાયોગ્ય નથી. એની ઈચ્છા એ જ ધર્મવૃક્ષને છેદનાર કુહાડો છે. અને આ ધર્મવૃક્ષના ફળરૂપે મોક્ષની પ્રાપ્તિ થાય છે કે જેમાં સમસ્ત દુઃખો દૂર થયેલાં હોય છે. કોઈ પણ વ્યક્તિ ફળની ઈચ્છાથી વૃક્ષને વાવે તેમ ધર્મ પણ મોક્ષરૂપ ફળની ઈચ્છાથી કરવાનો છે. કહ્યું છે કે જે વિશુદ્ધ એવા ચારિત્રનું પાલન કરી ભોગ વગેરેનું નિયાણું કરે છે તે મૂર્ખ બિચારો ફળ આપવા માટે સમર્થ એવા નંદનવનને વધારીને તેને ભસ્મસાત્ કરવાનું કામ કરે છે. જો નિયાણું નહિ કરવાનું તો શું કરવું તે જણાવે છે.

આપણે આ સંસારથી તરવું હોય તો આપણને સંસારથી તારે એવો ધર્મ સ્વીકારવો પડશે અને તારક ધર્મ બતાવનાર ગુરુને શોધવા પડશે. જેને સાધુ થવું હોય તેણે સાધુતત્ત્વની શોધમાં નીકળવું જ પડશે, જેનાથી આપણે તરવાનું છે એ પાત્ર જ કાણું મળે તો આપણી શી દશા થાય? આપણે ત્યાં પાંચ સો શિષ્યને ખબર

પડી કે પોતાના ગુરુ અભવ્ય છે, તો અભવ્ય એવા અંગારમર્દકાચાર્ય ગુરુને છોડીને જતા રહ્યા.

સ. એ પાંચ સોમાંથી કોઈએ એવું ન વિચાર્યું કે એ ગુરુ ઉપકારી હતા?

તમે જે ગાડીમાં બેસીને જતા હો એ ગાડી જો પંક્ચર પડે તો ગાડીમાં બેસી રહો કે તેમાંથી ઊતરીને બીજી ગાડીમાં બેસી જાઓ? 'અહીં સુધી લાવનાર આ જ ગાડી છે, મારી ઉપકારી છે એને છોડીને કેવી રીતે જઉં' એવું ત્યાં વિચારો ખરા? નહિ ને? તેમ મોક્ષમાર્ગમાં લઈ જનાર ગુરુ પોતે જ ઉન્માર્ગગામી બની જાય તો તમને કેવી રીતે મોક્ષે પહોંચાડે? એવા ગુરુને ઉપકારી માનીને બેસી ન રહેવું, એમને છોડીને સાચા ગુરુ પાસે આવી જવું. માતાપિતા પણ ગમે તેટલા ઉપકારી હોય તોપણ તે સંસારમાં જ રાખનારા છે. આપણા સાચા ઉપકારી તો એકમાત્ર ભગવાન અને ભગવાનની આજ્ઞામાં રહેનાર સાધુભગવંતો જ છે. મોક્ષમાર્ગે જવા માટે બીજા બધાને છોડવા પડે. ઋષભદેવ ભગવાન પણ માતાને રોતી મૂકીને જતા રહ્યા, નેમનાથ ભગવાન પણ માતાપિતાને અવગણીને નીકળી ગયા ને? આપણે સાધુપણું જોઈએ છે અને એ આપનાર સાચા સાધુ ઓળખવા છે, તમારા હાથમાં ખોટા સાધુ આવી ન જાય, એ જ આશયથી તમારી આગળ સાધ્વાચારનું વર્ણન શરૂ કર્યું છે. શ્રાવકની વ્યાખ્યા કરતાં શાસ્ત્રમાં જણાવ્યું છે - નિત્ય સાધુની પાસે સાધુની સામાચારી સાંભળે તેનું નામ શ્રાવક. આ સામાચારી સાંભળવાના કારણે તમને ગુરુતત્ત્વનો પરિચય પણ થાય-એ માટે આ વર્ણન છે. આપણે જોઈ ગયા કે સાધુભગવંતો નિયાણું ન કરે. આ રીતે સંસારના સુખની ઈચ્છા ન રાખે તો શેની ઈચ્છા રાખે તે જણાવે છે.

**विहितमिति प्रवृत्तिरिति ।।५१।। (३२८)**

ભગવાને આ સાધુના આચાર પાળવાના કહ્યા છે માટે સાધ્વાચારનું પાલન કરવું છે. સાધુપણું પાળવાથી દેવલોક મળશે, એમ સમજીને દીક્ષા પાળવાની નથી. સાધુપણું કશું મેળવવા માટે નથી, કર્મનો કચરો કાઢવા માટે છે. ગુણઠાણાનો વિકાસક્રમ ગુણની પ્રાપ્તિને લઈને છે. તે તે કર્મો બંધ, ઉદય, ઉદીરણા, સત્તામાંથી કાઢવાનું કામ તે તે ગુણઠાણે કરવાનું છે. આ કર્મોને દૂર કરવા માટે ભગવાનની આજ્ઞા પાળવાની છે. ભગવાનની આજ્ઞા પાળવાથી કર્મોની નિર્જરા થાય છે. પૂ. યશોવિજયજી મહારાજે પણ કહ્યું છે કે 'મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી.... ચમકપાષાણ

જિમ લોહને ખેંચશે, મુક્તિને સહજ તુજ ભક્તિરાગો... ચમક પથ્થર જેમ લોઢાને ખેંચે તેમ ભગવાનની ભક્તિ મોક્ષને ખેંચી લાવે છે. ભગવાનની ભક્તિ એટલે ભગવાનની આજ્ઞાનું પાલન કરવું. આપણે જો ભગવાનની આજ્ઞા પાળીએ તો કર્મની નિર્જરા થાય અને તેના કારણે મોક્ષની પ્રાપ્તિ થાય છે. ધર્મ આપણને ગમે છે માટે નથી કરવાનો, ભગવાને કહ્યું છે માટે કરવાનો છે. આ રીતે સર્વ ધર્મકાર્યો ભગવાનની આજ્ઞા છે માટે કરવાના છે. આ ધર્મક્રિયામાં શું શું કરવાનું તે જણાવે છે -

**तथा - विधिना स्वाध्याययोग इति ।।६०।। (३२९)**

સૌથી પહેલાં વિધિપૂર્વક વાચનાપૃચ્છના વગેરે પાંચ પ્રકારનો સ્વાધ્યાય કરવો. તે પણ કાળે ભણવું, વિનયપૂર્વક ભણવું, બહુમાનપૂર્વક ભણવું વગેરે જ્ઞાનાચારના પાલનપૂર્વક સ્વાધ્યાય કરવો. સાધુપણામાં ચારિત્રની ક્રિયા કરવા સિવાયના બાકીના સમયમાં સ્વાધ્યાય જ કરવાનો છે. એક માણસને ભૂત પ્રસન્ન થયેલું. એ ભૂત કહે તું મને કામ બતાવ. જો તારું કામ પતી જશે અને તું મને કામ નહિ બતાવે તો હું તને ખાઈ જઈશ. પેલા માણસે તો બગીચો સાફ કરવાથી માંડીને ઘરનાં પણ બધાં કામ કરવાનું કહ્યું. પણ ભૂત તો દેવ હોવાથી તેણે ઘડીભરમાં બધું કામ કરી નાંખ્યું અને માણસને આવીને કહ્યું કે હવે મને કામ બતાવ નહિ તો તને ખાઈ જઈશ. છેવટે પેલા માણસે પોતાના ઘરની બહાર એક થાંભલો હતો તે બતાવીને કહ્યું કે જ્યારે હું બીજું કશું કામ ન બતાવું ત્યારે તારે આ થાંભલા ઉપર ચઢઊતર કરવાનું. પેલું ભૂત તો હાથ જોડીને ચાલવા માંડ્યું અને કહેતું ગયું કે મારું કામ પડે ત્યારે મને યાદ કરજો. આપણી વાત એટલી છે કે પેલા ભૂતને જેમ બીજું કશું કામ ન હોય ત્યારે ચઢઊતર કરવાનું કહ્યું તેમ સાધુસાધ્વીજી પણ ચારિત્રનાં બીજાં કાર્યો ન હોય ત્યારે સ્વાધ્યાય કરતા રહે.

આપણે આ સાધુપણાનું વર્ણન કોઈની ટીકા કરવા માટે નથી કરતા, આપણને સારું સાધન મળે માટે આ વર્ણન શરૂ કર્યું છે. સારા સાધુ કેવા હોવા જોઈએ એનું સ્વરૂપ વર્ણવીએ એના કારણે બીજાની ટીકા થાય છે - એવું માનવાની જરૂર નથી. સારાનું સ્વરૂપ ખરાબથી બચવા માટે બતાવાય છે, ખરાબની નિંદા કે ટીકા કરવા માટે નહિ. સાધ્વાચારમાં વિધિપૂર્વકના સ્વાધ્યાયને જણાવ્યા બાદ આગળ જણાવે છે:

**तथा - आवश्यकापरिहाणिरिति ।।६१।। (३३०)**

સાધુભગવન્તો જે કાળે જે અવશ્ય કરણીય આચાર તરીકે જણાવ્યા હોય તેની પરિહાણિ ન થાય એટલે કે તે સિદાય નહિ તે રીતે પ્રવૃત્તિ કરે. માત્ર આવશ્યકની અપરિહાણિ લખ્યું હોવા છતાં ટીકામાં 'स्वकाले' પદ આપ્યું છે. જે માત્ર અવશ્ય કરવાયોગ્ય છે તેને આવશ્યક ન કહેતાં પોતપોતાના કાળે તે તે નિયમે કરવાની ક્રિયા કરવી તેને આવશ્યક કહેવાય. તમારે ત્યાં પણ માત્ર નહાવા ધોવાનો નિયમ હોય કે નહાવાના ટાઈમે નહાવાનું કામ કરો? નહાવાનો નિયમ છે કે નહાવાના ટાઈમે નહાવાનો નિયમ છે? સૂવાથી કામ છે કે સૂવાના ટાઈમે સૂવાનું મળે તો સારું? અને પ્રતિક્રમણ માત્ર રહી ન જવું જોઈએ એટલો નિયમ છે, પરંતુ પ્રતિક્રમણના સમયે પ્રતિક્રમણ કરવાનો નિયમ નથી ને? નહાવા-ધોવાનું સમયસર ન થાય તો દુઃખ થાય. અને પ્રતિક્રમણ સમયસર ન થાય તોપણ પ્રતિક્રમણ રહી ન ગયું એનો આનંદ હોય ને? જો કાળ ન સચવાયો તો આવશ્યકની પરિહાણિ થઈ જ છે - એમ સમજવું. આ આવશ્યકની અપરિહાણિ એ સાધુનું પ્રધાન લિંગ છે. સાધુનાં લિંગો દશવૈકાલિકસૂત્રની નિર્યુક્તિમાં જણાવ્યાં છે. ૧. સંવેગ, ૨. નિર્વેદ, ૩. વિષયનો વિવેક. અહીં 'શું સારું શું ખરાબ, શું અનુકૂળ શું પ્રતિકૂળ' ઇત્યાદિ વિચારવું એ વિષયવિવેકની વાત નથી. આપણને શું ફાવે છે અને શું નથી ફાવતું - એવું ન વિચારવું. કયું બંધનું કારણ છે અને કયું નિર્જરાનું કારણ છે, કયું સંસારનું કારણ છે અને કયું મોક્ષનું કારણ છે, કયું આશ્રવનું કારણ છે અને કયું સંવરનું કારણ છે.. ઇત્યાદિ વિચારવું એ વિષયનો વિવેક છે. ત્યાર બાદ ૪. સુશીલનો સંસર્ગ જણાવ્યો છે. જે સારા આચારવાળા હોય તેવા સાધુના સંપર્કમાં રહેવું. સાધુ માટે ગૃહસ્થ એ કુશીલ છે, સુશીલ નથી. માટે સાધુ ગૃહસ્થનો પરિચય ન કરે. શાસ્ત્રમાં કહ્યું છે કે બિલાડી આગળ જેમ દૂધની રક્ષા નથી, તેમ અવિરતિધરની આગળ વિરતિની સુરક્ષા નથી. ગૃહસ્થ સાધુનો પરિચય કરે પરંતુ તેમનું સાધુપણું લૂંટાઈ ન જાય તેની કાળજી રાખે તો ગૃહસ્થ પણ સાધુ થઈ શકે. ૫. આજ્ઞાની આરાધના, ૬. તપ, ૭. જ્ઞાન, ૮. દર્શન, ૯. ચારિત્ર, ૧૦. વિનય, ૧૧. ક્ષમા, ૧૨. મૃદુતા, ૧૩. ઋજુતા, ૧૪. વિમુક્તતા-નિર્લોભતા, ૧૫. અદીનતા-દુઃખનાં રોદણાં ન રોવાં, ૧૬. તિતિક્ષા-દીન બન્યા વિના ખુમારીથી સહન કરવું. ૧૭. આવશ્યકની પરિશુદ્ધિ.. આ ભિક્ષુનાં લિંગો છે.

**तथा - यथाशक्ति तपःसेवनमिति ।।६२।। (३३१)**

અનશનાદિ તપનું આસેવન શક્તિને છુપાવ્યા વિના શક્તિ અનુસાર કરવું. જે

તપ શરૂ કર્યો હોય તેનાથી નીચો તપ ન કરવો. અધિક તપ કર્યા પછી ઓછો તપ કરીએ તો તપનો અનુબંધ તૂટી જાય. કહ્યું છે કે વધતો વધતો તપ કરવાથી દશગુણો લાભ થાય છે. એકાસણાં શરૂ કર્યા પછી ઉપવાસના પારણે પણ એકાસણું કરવું. જો બેસણું કર્યું તો એકાસણાનો અનુબંધ તૂટી જાય. તેથી શક્તિ ઉપરાંત પણ ન કરવું અને શક્તિ છુપાવવી પણ નહિ. કહ્યું પણ છે કે શરીરને માત્ર પરિતાપ ન આપવો તેમ જ મિષ્ટાન્નાદિ દ્વારા પુષ્ટ પણ ન કરવું જોઈએ. માત્ર જેનાથી ચિત્ત ઈન્દ્રિય ઉન્માર્ગે ન જાય અને કાબૂમાં રહે તેવું આચરણ કરવું.

### तथा – परानुग्रहक्रियेति ।।६३।। (३३२)

સાધુભગવન્તો જ્ઞાન, દર્શન, ચારિત્રનું સંપાદન બીજાને કરાવે તો તે એકમાત્ર અનુગ્રહની બુદ્ધિથી કરાવે. સ્વપક્ષના સાધુ હોય કે પરપક્ષના, દરેક પ્રત્યે સંસારથી તારવાની બુદ્ધિસ્વરૂપ કરુણામાં તત્પર એવા પરિણામથી દરેક ઉપર ઉપકાર કરવો. કોઈને જ્ઞાન આપતી વખતે કે ચારિત્ર આપતી વખતે શિષ્યસંપત્તિ વધશે, પદવી મળશે, લોકોમાં માનમોભો પ્રતિષ્ઠા મળશે. આવો કોઈ અશુભ આશય ન હોવો જોઈએ, એકમાત્ર તેના આત્માને સંસારથી તારવા સ્વરૂપ અનુગ્રહ કરવાનો જ આશય હોવો જોઈએ.

### तथा – गुणदोषनिरूपणमिति ।।६४।। (३३३)

કોઈ પણ ક્રિયા કરતી વખતે, પછી તે આહાર લેવાની હોય, વિહાર કરવાની હોય કે આવશ્યકાદિ કરવાની હોય: દરેકમાં ગુણ અને દોષનો વિચાર કરવો, શેમાં ગુણ છે અને શેમાં દોષ છે – એ વિચારીને પછી પ્રવૃત્તિ કરવી.

### तथा – बहुगुणे प्रवृत्तिरिति ।।६५।। (३३४)

ગુણદોષનો વિચાર કર્યા બાદ જેમાં ગુણ ઘણા હોય અથવા તો જે કેવલ ગુણકારી હોય તેમાં જ પ્રવૃત્તિ કરવી. જેમ કે કોઈને પ્રતિબોધવાનું કામ આપણો સ્વાધ્યાય સિદાય એ રીતે ન કરવું. જેઓ દશપૂર્વધર હોય તેઓ જિનકલ્પનો આચાર સ્વીકારી ઉત્કૃષ્ટઆરાધના ન કરે, પરંતુ ગચ્છમાં રહીને અમોઘ દેશના આપવા દ્વારા અનેક જીવોને ઉપકાર કરવાની પ્રવૃત્તિ બહુગુણકારી હોવાથી કરે.

### तथा – क्षान्तिर्मार्दवमार्जवमलोभतेति ।।६६।। (३३५)

ક્ષમા, મૃદુતા, ઋજુતા અને નિર્લોભતા રાખવી. આ ચાર ગુણો ચાર કષાયના

પ્રતિપક્ષભૂત છે, સાધુધર્મની મૂળ ભૂમિકા સ્વરૂપ છે તેથી કાયમ માટે તે ગુણોનું આસેવન કરવું.

**क्रोधाद्यनुदय इति ॥६७॥ (३३६)**

ક્ષમાદિ ગુણો પામવા માટે સૌથી પહેલાં ક્રોધાદિ ચાર કષાયોનો ઉદય થાય જ નહિ તે માટે પ્રયત્ન કરવો. ગુસ્સો આવે જ નહિ, માન આવે જ નહિ, એવો પ્રયત્ન કરવો.

**तथा – वैफल्यकरणमिति ॥६८॥ (३३७)**

કોઈ વાર ક્રોધાદિનો ઉદય થઈ જાય તોપણ તેનું કાર્ય ન થવા દેવું. મનમાં ગુસ્સો આવી ગયો હોય તોપણ તેને વચન કે કાયામાં આવવા ન દેવો. જેમ તમને ખણજ આવે તોપણ ઘણી વાર અમુક કારણસર ખણો નહિ, તેમ ક્રોધની ખણજ ઊપડ્યા પછી પણ ખણવું નહિ, ગુસ્સો કરવો નહિ. ઘણી વસ્તુ પાસે હોવા છતાં તેનો આપણે ઉપયોગ કરતા નથી તેમ અહીં પણ ક્રોધાદિ આવવા છતાં કરવા નહિ. ક્રોધાદિને નિષ્ફળ બનાવવા કે તેનો ઉદય જ ન થાય તે માટે શું કરવું તે જણાવે છે.

**विपाकचिन्तेति ॥६९॥ (३३८)**

ક્રોધાદિ કરવાના કારણે તેનો જે ભયંકર વિપાક-પરિણામ આવશે તેનો વિચાર કરવો. કહ્યું છે કે ક્રોધના કારણે પ્રીતિનો નાશ થાય છે, માનના કારણે વિનયનો નાશ થાય છે, માયાના કારણે વિશ્વાસનો નાશ થાય છે, લોભના કારણે સર્વનો વિનાશ થાય છે.

સાધુસાધ્વી જ નહિ, કોઈ પણ માણસ કષાયને સારા માનતો નથી. આમ છતાંય કષાય કરવાનું કામ બધા જ કરે છે. સાધુસાધ્વી આમ કર્મગ્રંથ ભણે, પંચસંગ્રહ ભણે, કમ્મપયડી ભણે, બીજાને પણ ભણાવે છતાં પોતે કષાય કર્યા વિના ન રહે. ભણેલાગણેલા સાધુસાધ્વીને પણ નિયમ નથી કે કષાય ન કરવા. સાધુસાધ્વીનું જ્ઞાન બીજાને કામ લાગે છે, એમને પોતાને કામ નથી લાગતું. જેમ તમારો પૈસો બીજાને કામ લાગે છે, તમને નહિ; તેમ અમારે ત્યાં પણ અમારું જ્ઞાન બીજાને ભણાવવા કામ લાગે છે, જાતને સુધારવા કામ નથી લાગતું. જે જ્ઞાની હોય તે સહન કરે, કષાય ન કરે.

સ. ગુસ્સો આવ્યા પછી બોલીએ નહિ તો મનમાં સમસમી જઈએ, માથું ફાટી જાય, એના કરતાં એક વાર બોલી જઈએ પછી મનમાં કાંઈ ન રહે.

ગુસ્સો આવ્યા પછી ન બોલવાથી માથું ફાટે, મનમાં ઘમસાણ ચાલે તો નુકસાન માત્ર તમને એકલાને છે, જ્યારે મોઢું ખોલવાથી આપણને તો નુકસાન છે જ સાથે બીજાને પણ નુકસાન થાય છે. માટે સહન કરતાં શીખી જ લેવું પડશે.

સ. આપણી ભૂલ ન હોય અને કોઈ કહે તો ખુલાસો કરવો પડે ને? નહિ તો પેલાને ગેરસમજ થાય.

આપણે ખુલાસો કરીશું એટલે ગેરસમજ દૂર થશે એવું માની લેવાની જરૂર નથી. અને આપણી ભૂલ નથી - આ વાત જ ખોટી છે. કારણ કે વગર ગુનાની સજા ભગવાનના શાસનમાં મળતી નથી, મળી નથી અને મળવાની નથી. પ્રતિકાર કરવામાં નુકસાન છે, વેઠવામાં નુકસાન નથી. આપણે ત્યાં ખંધક મુનિએ ખુલાસો ન કર્યો, મેતારજમુનિએ ન કર્યો, ઝાંઝરિયામુનિએ ન કર્યો, ગજસુકુમાલમુનિએ ન કર્યો, સુકોશલમુનિએ ન કર્યો, સુદર્શન શેઠે પણ ખુલાસો ન કર્યો.

સ. સહન કરીએ તો બધા આપણને દબાવે, એમાં ફાયદો શું?

સહન કરવાના કારણે લોકો નથી દબાવતા, આપણે બધાને દબાવીને આવ્યા છીએ માટે લોકો આપણને દબાવે છે. આ રીતે સહન કરવાથી આપણાં કર્મો પૂરાં થશે અને આપણે પરમાત્મા થઈશું. આપણા ભગવાન સહન કરે, આપણા ગુરુ સહન કરે, આપણો ધર્મ સહન કરવાનું શીખવે અને આપણે પ્રતિકાર કરીએ - એ ચાલે?

સ. સહન થોડુંઘણું કરીએ પણ ગમતું નથી.

ઓપરેશન કરાવો તો ગમે? કાંટો કઢાવતાં સોંય ભોંકાય તો ગમે? છતાં સહન કરો ને? તેમ સહન કરવાનું ન ગમે તોપણ તેમાં ફાયદો છે માટે સહન કરવું છે.

સ. થોડો કષાય કરવાની છૂટ આપો.

તમારે કષાય કરવો હોય તો તમારી જાત ઉપર કરવાની છૂટ. બીજા ઉપર કષાય ન કરવા. સાધુસાધ્વીએ તો એટલું શીખી જ લેવું કે સહન નહિ કરીએ તો આપણું ચારિત્ર જતું રહેશે. પ્રતિકાર કરવાની ભાવના કાઢી જ નાંખો. રસ્તે ચાલતાં ઠેસ વાગે તો પથ્થર ઉપર ગુસ્સો આવે ખરો? તો કોઈ આપણી સાથે જેમતેમ વર્તે કે આપણને

જેમતેમ બોલે તો સમજવું કે ઠેસ વાગી છે, એમાં ગુસ્સો શા માટે કરવો? ક્રોધાદિ ચાર કષાયને આપણે બીજા નામ આપીને કરવાનું ચાલુ રાખ્યું છે. ગુસ્સો કરીએ તો હિતબુદ્ધિ છે - એમ કહીએ, માન કરીએ તો સ્વાભિમાન છે એમ કહીએ, માયા કરીએ તો મુત્સદ્દીપણું માનીએ, લોભ કરીએ ને તેને જરૂરિયાત માનીએ. આ કષાયમાં લોભ સૌથી ભૂંડો છે. ઈર્ષ્યા, અસૂયા વગેરે દોષો અપેક્ષામાંથી જ જાગે છે. જેની પાસે કંઈક અપેક્ષા હોય તેના વિષયમાં ઇર્ષ્યા, દ્વેષ વગેરે દોષો નડે. પરંતુ 'હું કોઈનો નથી, મારું કોઈ નથી' આટલું નક્કી કરી લેવું છે. આપણે સંસારમાં રહેવું છે કે મોક્ષે જવું છે? જેને સંસારમાં રહેવું જ ન હોય તે બીજાની અપેક્ષા શા માટે રાખે? બીજાને સુધારવા માટે પણ ગુસ્સો કરવાના બદલે ઉપેક્ષા કરતા થઈ જવું. આપણે કોઈના ઉપર ગુસ્સો કરવો જ નથી. આજે નિયમ આપવો છે કે મનમાં ગુસ્સો આવે તો એકાસણું કરવું, વચનમાં ગુસ્સો આવે તો આયંબિલ કરવું અને કાયામાં ગુસ્સો આવે તો ઉપવાસ કરવોઃ આટલું બને ને? ક્રોધાદિ કષાયોનો વિપાક વિચારીએ તો કષાયોને ટાળવાનું કામ સરળ બને.

**तथा – धर्मोत्तरो योग इति ।।७०।। (३३९)**

ક્રોધાદિને ટાળ્યા પછી મોઢું ચઢાવીને નહિ ફરવાનું પરંતુ ધર્મની પ્રાપ્તિ જેનાથી થાય એવો વ્યાપાર કરવો. પ્રસન્નતાપૂર્વક ક્ષમાદિધર્મોની પ્રાપ્તિ જેનાથી થાય તેવી પ્રવૃત્તિ કરવી. હાંસી મશ્કરી, અટ્ટહાસ્ય, કિલકિલ વગેરે ન કરવું. કષાયના ક્ષય માટે જ સંયમ છે. આમ છતાં સંયમ લઈને પણ કષાય કરીએ તો એના જેવી વિષમ દશા બીજી કઈ છે? કષાયના ઉદયના કારણે, તેને આધીન થવાના કારણે સાધુપણાને ગુમાવવાનું બને છે. આથી જ કષાયને જીતવાનું જણાવ્યા બાદ ધર્મોત્તરનો યોગ કરવાનું જણાવ્યું છે. સાધુપણું લઈને કષાય કરે છે એમ બોલવાના બદલે કષાય કરીને સાધુપણું ગુમાવે છે - એમ માનવાની જરૂર છે. સાધુપણાના આચારની વાત શરૂ કર્યા પછી ફરીથી ધર્મનો યોગ કરવો- એવું જણાવવાની જરૂર નથી. છતાં અહીં ફરી ધર્મોત્તરયોગ જણાવ્યો છે તેનું કારણ જ એ છે કે કષાયના ઉદયને નિષ્ફળ ન બનાવીએ તો આવેલું સાધુપણું પણ હાથમાંથી સરી પડશે - એ જણાવવું છે. કષાય કરનારા ગુણઠાણામાં આગળ તો વધતા નથી, ઉપરથી મળેલું ગુણઠાણું પણ ગુમાવી બેસે છે. કષાયને આધીન બનવાના કારણે પામેલો ધર્મ હારી જવાનો વખત આવે છે. એવું ન બને તે માટે ધર્મોત્તરનો યોગ કરવાનું જણાવ્યું. આપણે સારું નહિ કરીએ તો ચાલશે, ઓછું કરીશું તો ચાલશે, પરંતુ સારું કરતી વખતે ખરાબ થાય એવું નથી

કરવું. તપ કદાચ નહિ કરીશું તો ચાલશે પણ તપ કરીને ગુસ્સો કરવા દ્વારા તપને વગોવવાનું કામ નથી કરવું. ધર્મ ન કરે તો વાંધો નહિ પણ ધર્મ કરતી વખતે અધર્મ કરવો પડે અને એના કારણે ધર્મને નિંદાપાત્ર બનાવવો - એવું નથી કરવું. ગુસ્સો દુ:ખના કારણે નથી આવતો, આપણે દુ:ખ વેઠવું નથી માટે ગુસ્સો આવે છે. એક વાર દુ:ખ વેઠવાનું નક્કી કરી લઈએ તો ગુસ્સો આવવાનું કોઈ કારણ નથી. કષાયનો ત્યાગ કરીને ધર્મનો યોગ ન કરે તો નોકષાય આવવાના જ કે જેનું ફળ પાપ છે. જેને પાપ પ્રિય હોય તેને નોકષાયની જરૂર પડે. કષાયને કાબૂમાં નહિ લઈએ તો તે કષાયો નોકષાયને લઈ આવવાનું કામ કરે છે. કષાયને આધીન બને તેઓ નોકષાયના ભોગ બનવાના. આથી જ અહીં જણાવ્યું છે કે સાધુ અટ્ટહાસ્ય વગેરે ન કરે. જેના કારણે દાંત દેખાય એવું ખડખડાટ હસવાનું કામ સાધુ ન કરે. સાધુના મુખ ઉપર મલકાટ જોવા મળે, પ્રસન્નતા જોવા મળે પણ ખીલખીલ હસવાનું કામ સાધુ ન કરે. સારા ડોક્ટરો કામ ઘણાં કરે પરંતુ તેમના મુખ ઉપર પ્રસન્નતા હોય. તેઓ હસવાનું કામ ન કરે, સામાન્ય સ્મિત કરે. તેવી રીતે કર્મના રોગને દૂર કરવા માટે નીકળેલા ગંભીર હોય, પ્રસન્ન હોય, પરંતુ હસહસ ન કરે.

સ. હસવાથી રોગ જાય છે-એમ લોકો કહે છે.

હસવાથી હાસ્યમોહનીય કર્મ બંધાય છે- એવું ભગવાન કહે છે. હસવાના કારણે રોગ જાય કે ન પણ જાય, કર્મ તો બંધાય છે- એટલું ન ભૂલવું. જેઓ પ્રસન્નતા ધારણ કરે, ગંભીરતા રાખે તેનો ભવરોગ જાય. આથી જ સાધુ ભગવંત પ્રસન્નતા રાખે, હાસ્ય ન કરે. વિકથા, હાસ્ય વગેરે પાપસ્વરૂપ ફળ જેનું છે તેવા નોકષાયને સાધુ કરે નહિ. નોકષાય એ પ્રમાદનું ફળ છે. આવો પ્રમાદ ન કરીએ તો ધર્મ આપણા હૈયામાં આવ્યો-એમ સમજવું. તપ કરવો કે સ્વાધ્યાય કરવો, એ જ માત્ર સંયમનું ફળ નથી. પ્રમાદ આપણા જીવનમાંથી જાય, પ્રમાદને આધીન ન થઈએ એ જ સંયમનું ફળ છે. આ રીતે જેઓ પ્રમાદના ત્યાગ દ્વારા ગંભીરતા ધારણ કરે તેઓ આત્માની અનુપ્રેક્ષા કરે તે જણાવે છે.

**તથા - आत्मानुप्रेक्षेति।।७१।। (३४०)**

કષયાની અને નોકષાયની આધીનતા ટાળ્યા બાદ પ્રસન્ન અને ગંભીર બનેલો સાધુ પોતાના આત્માની અનુપ્રેક્ષા કરવાનું કામ કરે. જે પ્રમાદી હોય તે અનુપ્રેક્ષા ન કરી શકે. આ અનુપ્રેક્ષામાં શું વિચારવું, કેવી રીતે વિચારવું તે ઓઘનિર્યુક્તિના

આધારે જણાવે છે. 'મને શું થાય છે' – એની ફરિયાદ અનુપ્રેક્ષામાં ન આવે. 'મેં શું કર્યું અને મારે શું કરવાનું બાકી છે'? .. એની વિચારણા અનુપ્રેક્ષામાં આવે. 'મેં કેટલું કર્યું, શું બાકી છે, કરણીય એવો કયો તપ હું કરતો નથી.' ઇત્યાદિની વિચારણા મધ્યરાત્રિએ ઊંઘ ઊડી જાય ત્યારે કરવી. રાત્રે ઊંઘ ન આવે ત્યારે 'બારીમાંથી પવન બહુ આવતો હતો, કૂતરા બહુ ભસતા હતા, ગરમી બહુ લાગતી હતી માટે ઊંઘ ઊડી ગઈ. હવે પાછી ઊંઘ ક્યારે આવશે...' આવું બધું વિચારવા ન બેસવું. આત્માને કેટલો લાભ થયો અને કેટલું નુકસાન થયું- ઇત્યાદિ વિચારવું તે ભાવપડિલેહણા કહેવાય છે. અહીં ભાવપ્રત્યુપેક્ષામાં બીજા યોગોની વિચારણા ન જણાવતાં તપની વિચારણા કરવાનું જણાવ્યું છે. કારણ કે તપ એ સાધુજીવનનો પ્રાણ છે. બાર પ્રકારના તપ વિનાનો સાધુ એ સાધુપણાનું મડદું છે. શરીર રૂડુંરૂપાળું હોય, અલંકારોથી મઢેલું હોય પરંતુ શ્વાસ જ ન ચાલતો હોય તો તેની શી કિંમત? તેમ સાધુવેષ સારામાં સારો હોય, ચારિત્રની ક્રિયા પણ સારી કરે છતાં બાહ્ય-અભ્યંતર તપ ન હોય તો તેની કશી કિંમત નથી. આથી જ સાધુને વંદન કરતી વખતે સૌથી પહેલાં 'સુખ તપ' થી તપની શાતા પુછાય છે, પછી સંયમની શાતા પુછાય છે. તપ વિનાનું સંયમ એ સંયમ જ નથી. અન્યત્ર પણ કહ્યું છે કે – ચંદનના લાકડાના અગ્નિમાં, વૈડુર્યરત્નથી બનાવેલ પાત્રમાં તલ બાફવાનું કામ કરનાર જેવો મૂર્ખ ગણાય છે, સોનાના હળથી આંકડાના રૂની ખેતી કરનારો જેમ મૂર્ખ ગણાય છે તેમ જ કોદરીના ખેતરની રક્ષા માટે કપૂરની વાડ કરનાર જેમ મૂર્ખ ગણાય છે તેમ કર્મભૂમિમાં જન્મ પામ્યા પછી પણ તપને નહિ કરનાર મહામૂર્ખ ગણાય છે. મળેલા સારામાં સારા જન્મને તપ દ્વારા સફળ બનાવવાના બદલે ભોગસુખમાં જ વેડફી નાંખવો-એના જેવી મૂર્ખાઇ બીજી એકે નથી. આથી જ સતત આત્માની અનુપ્રેક્ષા દ્વારા તપ કરવામાં મનને ઉત્સાહિત કરવું. આપણી દશા એવી છે કે જે કરવાનાં કામ છે તે બાકી રાખ્યાં છે અને ન કરવાનાં કામ કરવાનું રાતદિવસ ચાલુ છે. તે દશામાંથી બહાર નીકળવા માટે આ અનુપ્રેક્ષા જરૂરી છે. આ રીતે અનુપ્રેક્ષા કર્યા બાદ શું કરવું તે હવે જણાવે છે....

જેઓ સાધુ થયા છે તેઓ આત્માની અનુપ્રેક્ષા કરીને સાધુ થયા છે. આમ છતાં અહીં આત્માની અનુપ્રેક્ષા કરવાનું જણાવ્યું છે તેનું કારણ એ છે કે સાધુપણામાં આવેલા પણ આત્માના બદલે શરીરની ચિંતામાં પડીને આત્માને ભૂલી જાય છે. શરીરને શું માફક આવશે, શું નહિ આવે? શરીર બગડી ન જાય, માંદું ન પડે – તેની કાળજી રાતદિવસ ચાલુ છે ને? શરીર માંદું પડે તો આહારમાં ફેરફાર કરી

નાંખવાનો, બીજો કોઈ વિચાર કરવાની જરૂર નથી. ચિંતા શરીરની નહીં, આત્માની કરવાની જરૂર છે. શરીર પરલોકમાં સાથે નથી આવવાનું, આત્મા જ પરલોકમાં જાય છે, છતાં આત્માની અનુપ્રેક્ષા નથી ને? આત્માની ઉપેક્ષા કરીને શરીરની અનુપ્રેક્ષા શરૂ કરી ત્યારથી આપણે સાધુપણામાંથી દૂર ખસવા માંડ્યા. શરીરની અનુપ્રેક્ષા કર્મ બંધાવે, જ્યારે આત્માની અનુપ્રેક્ષા કર્મનિર્જરાનું કારણ છે. આત્માની અનુપ્રેક્ષામાં આપણે બાર પ્રકારના તપની વિચારણા કરવાનું જણાવ્યું છે. કારણ કે જે સાધુના જીવનમાં તપાચાર ન હોય તે સાધુ અનાચારી (સાધ્વાચારથી રહિત) છે. બારમાંથી એક પણ તપ એવો નથી કે જે બીજા તપનો બાધ કરે. જો આપણે ધારીએ તો બારે પ્રકારનો તપ રોજ કરી શકીએ. કેટલું દુ:ખ પડે છે-એની વિચારણા કરવી-એ શરીરની અનુપ્રેક્ષા છે. મારા આત્મામાં દોષો કેટલા પડ્યા છે-એનો વિચાર કરવો એ આત્માની અનુપ્રેક્ષા છે. કર્મભૂમિમાં મળેલો મનુષ્ય જન્મ વૈડુર્યરત્નના પાત્રસમાન છે, સોનાના હળ સમાન છે, કપૂરની વાડ સમાન છે છતાં તેમાં સુખ મેળવવા અને દુ:ખ ટાળવા પ્રયત્ન કરવો એ તો તલ બાફવાસમાન, રૂની ખેતી કરવા સમાન અને કોદરીની રક્ષા કરવા સમાન છે. આપણે આવી જ મૂર્ખાઈ કરી રહ્યા છીએ ને? જે સુખ ક્ષણવારમાં નાશ પામવાનું છે એની ખાતર અનંતા સુખની ઉપેક્ષા કરી, અનંતું દુ:ખ ઊભું કરવું-આ તો મૂર્ખાઈની હદ છે ને? સનત્કુમાર ચક્રવર્તીનું રૂપ કેવું હતું? અને ક્ષણવારમાં કેવું થઈ ગયું? શરીરમાં રોગ ઉત્પન્ન થયા પછી ડોક્ટર પાસે ન ગયા, દીક્ષા લેવા નીકળી પડ્યા. સોળ પ્રકારના રોગ થવા છતાં કોઈ વૈદ્ય પાસે ન ગયા. શરીરમાં રોગ થયા પછી ડોક્ટર પાસે જવું તેનું નામ શરીરની અનુપ્રેક્ષા અને શરીરમાં રોગ થયા પછી સાધુ થવા નીકળી પડવું-એ આત્માની અનુપ્રેક્ષા. આ રીતે આત્માની અનુપ્રેક્ષા કર્યા પછી ઉચિતનો સ્વીકાર કરવો તે જણાવે છે.

**उचितप्रतिपत्तिरिति ।।७२।। (३४१)**

જે અનુષ્ઠાન આપણા પ્રમાદનો નિગ્રહ કરવા દ્વારા આપણા ગુણોને વધારનારું હોય તેવા અનુષ્ઠાનનો સ્વીકાર કરવો. આત્માની અનુપ્રેક્ષા કરવાના કારણે આપણને કયો દોષ વધારે નડે છે - એનો ખ્યાલ આવે ને? તેથી તેને દૂર કરવાના ઉપાયો સેવવાની શરૂઆત કરવી. આપણને રાગ વધારે નડતો હોય તો રાગના પાત્રભૂત વસ્તુ અને વ્યક્તિઓથી દૂર થવું. દ્વેષ વધુ નડતો હોય તો તે પાત્રની નજીક જવું. મોહ નડતો હોય તો સ્વાધ્યાય કરવા બેસી જવું, સંસારના સ્વરૂપનું પરિભાવન કરવું. સુખ ઉપર રાગ ઘણો છે ને? તેથી સુખનાં સાધનોથી અળગા રહેવું. દુ:ખ ઉપર દ્વેષ ઘણો

છે ને? તો દુ:ખને સ્વીકારી લેવું. જે ન ફાવતું હોય તેની સાથે રહેવાથી તેની ફાવટ આવી જાય. જે ચશ્મા ફાવતા ન હતા તે થોડા દિવસ વાપર્યા તો ફાવવા માંડ્યા ને? સંસાર ગમે છે ને? માટે સંસારથી દૂર થવું છે. સાધુપણું નથી ગમતું ને? દુ:ખી થઈશું એવું લાગે છે ને? તો તે સાધુપણાની નજીક જવું છે. રાગ નડે તેણે વિષયસેવન ન કરવું, દ્વેષ નડે તેણે દુ:ખને ટાળવાના બદલે દુ:ખ વેઠવા તૈયાર થવું, જેને મોહ નડતો હોય તેણે જ્ઞાન મેળવવા પ્રયત્ન કરવો.

**तथा – प्रतिपक्षासेवनमिति ।।७३।। (३४२)**

ઉચિતની પ્રતિપત્તિ કરતી વખતે જે દોષો નડતા હોય તેના પ્રતિપક્ષનું આસેવન કરવું. જેમ ટાઢથી પીડાયેલો અગ્નિનું આસેવન કરે તેમ રાગાદિ દોષોથી પીડાયેલો તે તે ઉપાયોનું સેવન કરે. આપણને રાગદ્વેષ કરતાં પણ મોહ વધારે નડે છે ને? કોઈ કહે કે આ સંસારમાં સુખ નથી, તો આપણે માનીએ ખરા? પરિવાર અનુકૂળ હોય, શરીર નીરોગી હોય અને પૈસાની તંગી ન હોય તો સંસારમાં સુખ છે ને? આવા વખતે સંસારની અસારતાને જણાવનારા ગ્રંથોનું ગુરુનિશ્રાએ અધ્યયન કરવું એ મોહ ટાળવાનો ઉપાય છે. આજે 'સમજાતું નથી' આવી ફરિયાદ કરનારા મળે, પરંતુ સમજવાનો પ્રયત્ન કરનારા કેટલા મળે?

**तथा – आज्ञानुस्मृतिरिति ।।७४।। (३४३)**

કોઈ પણ અનુષ્ઠાન કરતી વખતે ભગવાનની આજ્ઞાની અનુસ્મૃતિ કરવી. આપણને આપણી ઈચ્છા મુજબના અનુષ્ઠાન કરવાની ટેવ પડી ગઈ છે ને? અહીં જણાવે છે કે ડગલે ને પગલે, પ્રત્યેક પળે હૈયામાં ભગવાનના વચનનું સ્મરણ કર્યા કરવું. કારણ કે ભગવાનના વચનનું અનુસ્મરણ મહાગુણકારી છે. આપણને જે ફાવે તે કરવાનું હોય તો શાસ્ત્રની જરૂર જ નહિ પડે.

સ. ભગવાને જે કહ્યા હોય તેમાંથી એકાદમાં રસ વધારે હોય ને તે કરીએ તો?

ભગવાને જે કહેલું છે તેમાંથી પણ જે ફાવે, (જે) ગમે તે નથી કરવાનું. ભગવાને જે કાળે જે કરવાનું કહ્યું હોય તે ફાવે કે ન ફાવે, તેમાં રસ પડે કે ન પડે, કર્યા વિના ન રહેવું. ભગવાને પ્રતિક્રમણનો સમય બતાવ્યો હોય તે સમયે પ્રતિક્રમણ જ કરવાનું, સ્વાધ્યાય નહિ કરવાનો. જેને સ્વાધ્યાય ગમે તે પ્રતિક્રમણ દસ મિનિટમાં પતાવી દે – એ ન ચાલે.

સ. બીજાં અધર્મનાં કામ કરે એના કરતાં સારું ને?

ભગવાને કીધેલાં કાર્યો પણ ભગવાને કીધેલા સમયે અને ભગવાને કહ્યા પ્રમાણે કરીએ તો જ તે ધર્મમાં ગણાય. બાકી ઈચ્છા મુજબ કરેલો ધર્મ ધર્મની કોટિમાં ગણાતો નથી તો તે સારું ક્યાંથી કહેવાય? આપણી ઈચ્છા મુજબ જીવવા મળે-એ જ તો એક સંસારનું સુખ છે, એ ધર્મમાં ક્યાંથી ગણાય? આજે તમને કે અમને જો ઈચ્છા મુજબ જીવવા મળે તો મોક્ષમાં જવાનું મન નથી ને? આજે મોક્ષમાં જવાનું મન કેમ છે? સંસારની ઈચ્છા ખરાબ છે માટે કે ઈચ્છા મુજબ જીવવા મળતું નથી માટે? જો આ સંસારમાં ઈચ્છા ખરાબ લાગે તો જ મોક્ષ માટે પુરુષાર્થ થશે. ઈચ્છા જેને અધૂરી લાગે તે ઈચ્છા પૂરી કરવા માટે મહેનત કરે. ઈચ્છા જેને ખરાબ લાગે તે ઈચ્છા છોડીને મોક્ષે જવા મહેનત કરે. આપણને ઈચ્છા જે દિવસે ખરાબ લાગશે તે દિવસે મોક્ષની તાલાવેલી જાગશે. આજે સાધુપણામાં આવેલાને પણ ઈચ્છા ખરાબ નથી લાગતી ને?

સ. સાધુપણામાં આવેલાએ સંસારની ઈચ્છા તો છોડી ને?

જેઓ સાધુપણામાં આવીને ઈચ્છા મુજબ જીવે તેણે સંસાર છોડ્યો નથી, માત્ર સંસાર બદલ્યો છે. એક સંસાર છોડીને બીજો સંસાર ઊભો કરે તો તે કેમ ચાલે? જેને આજ્ઞાનું અનુસ્મરણ હોય તે એક સંસાર છોડીને બીજો સંસાર ઊભો ન કરે. માતાપિતાદિ સ્વજનોને છોડીને અહીં ભક્તવર્ગ કે મુમુક્ષુઓની પાછળ પડે તેણે સંસાર છોડ્યો નથી, માત્ર સંસાર બદલ્યો છે. ભગવાનના વચનનું સ્મરણ કરવાના કારણે સમરસાપત્તિ થાય છે, સમાપત્તિ પ્રાપ્ત થાય છે. આ વાત ષોડશકમાં જણાવેલી છે. ભગવાનનું વચન જો હૈયામાં હોય તો તેમના વચન દ્વારા ભગવાન પોતે આપણા હૈયામાં બિરાજમાન થાય છે, આ જ ભગવાનની સમાપત્તિ છે. આપણને તારવાનું કામ ભગવાન નથી કરતા, ભગવાનનું વચન જ કરે છે. ચોવીસે કલાક વચનનો ઉપયોગ રાખવાના કારણે ભગવાનની સાથે એકાકારતા પ્રાપ્ત થાય છે, આને જ સમરસાપત્તિ કહેવાય. એક વાર ભગવાન સાથે સમરસાપત્તિ પ્રાપ્ત થાય તેનાથી નિયમે કરીને સર્વ અર્થની સિદ્ધિ થાય છે.

સાધુપણામાં આવવા માટે આ સાધ્વાચારનું વર્ણન આપણે શરૂ કર્યું છે. આજે આપણને સાધુ થવાનું મન નથી થતું તેનું કારણ વિચાર્યું છે? દીક્ષામાં દુઃખ ઘણું આવે છે માટે સાધુ થવાનું મન નથી થતું - એવું માનતા હો તો એ ખોટું છે.

સંસારના સુખ માટે દુઃખ ભોગવવાની તૈયારી છે. પરંતુ દુઃખ ભોગવવા માટે સુખ છોડવાની તૈયારી નથી ને? સાધુપણામાં દુઃખ ભોગવવું પડે છે માટે સાધુ નથી થતા એવું નથી, સંસારનું સુખ છોડવું નથી માટે સાધુ થવું નથીઃ આ હકીકત છે. આમ છતાં તમે કોઈ દિવસ એવું વિચાર્યું કે જે સુખ માટે તમે સંસારમાં રહ્યા છો તે સુખ તમને મળે છે ખરું? મળ્યું છે ખરું? એટલું પણ નક્કી કરવું છે કે જે દિવસે એવું લાગે કે આપણું ધારેલું સુખ આ સંસારમાં મળતું નથી તે દિવસે સંસાર છોડીને સાધુપણામાં આવતા રહેવું છે. આ સંસારમાં રહેવાનું મન હોય કે ન હોય, દીક્ષા લેવાનું મન હોય કે ન હોય પરંતુ ભગવાને કહ્યું છે માટે દીક્ષા લેવી છે, આટલું તો નક્કી કરવું છે ને? આનું જ નામ આજ્ઞાનું અનુસ્મરણ. આપણે બીજો અધર્મ કરીએ કે ન કરીએ, પરંતુ ઈચ્છા મુજબ જીવીએ છીએ અને ઈચ્છા મુજબ જીવવાનું મન છે એ જ મોટામાં મોટો અધર્મ છે. દીક્ષા ગમે છે માટે નહિ, ભગવાને કહી છે માટે લેવી છે. તપ હોય, સ્વાધ્યાય હોય, વૈયાવચ્ચ હોય, કોઈ પણ અનુષ્ઠાન આપણને ગમે છે માટે નહિ; ભગવાને કહ્યું છે માટે કરવું છે. તમે નોકરીએ લાગ્યા હો ત્યારે બધાં કામ કરવાં ગમે છે માટે કરો કે શેઠે કહ્યું છે માટે કરી લો? ઈચ્છા મુજબ જીવવાથી, ધર્મ કરવાથી મોક્ષ નહિ મળે, આજ્ઞા મુજબ જીવવાથી જ મોક્ષ મળશે. આજ્ઞાના અનુસ્મરણ પછી જણાવે છેઃ

**तथा – समशत्रुमित्रतेति ।।७५।। (३४४)**

શત્રુ અને મિત્રને વિશે સમભાવ રાખવો. આજ્ઞા માનવાનો વખત આવે ત્યારે શત્રુ અને મિત્રનો ભેદ ન રાખવો. અધર્મની વાત મિત્રની પણ ન માનવી, ધર્મની વાત શત્રુની પણ માનવી. ભગવાનની આજ્ઞા માનવાનું જે કહે તે શત્રુ હોય તોપણ તે માની લેવું. અને મિત્ર જો ભગવાનની આજ્ઞાથી વિપરીત વાત કરે તો ન માનવું. આજે અમારે ત્યાં ભગતનું માને પણ ભગવાનનું ન માને! બધું છોડીને આવ્યા હોવા છતાં અને ભગવાનને – ગુરુને સમર્પિત થઈને રહેવા આવેલા હોવા છતાં ભગતના કહ્યામાં રહે : આ કેટલી વિષમ દશા છે? ભગવાનની આજ્ઞા પાળતી વખતે કોઈ આપણી પ્રશંસા પણ કરે અને કોઈને ન ગમે તો આપણી ભર્ત્સના (તિરસ્કાર) પણ કરે. તેવા વખતે આપણે સમભાવ રાખવો. 'કોઈ મને માત્ર નિમિત્ત બનાવીને તિરસ્કાર દ્વારા કે સ્તવના દ્વારા પોતાના ચિત્તના સંતોષને પામે તેમાં મારે કશું કરવાની જરૂર નથી. દરેક પોતાના સ્વભાવ પ્રમાણે વર્તે એમાં મારા માટે કોઈ ઓછું નથી કે કોઈ અધિક નથી.' ઇત્યાદિ વિચારણા દ્વારા સમભાવમાં રહેવું. અમારે ત્યાં ભગત

ખાતર અગવડ વેઠવા તૈયાર થાય પણ ગુરુ ખાતર અગવડ વેઠતાં મન બગડે : આ સમભાવ નથી. સમભાવમાં રહેવા માટે આજ્ઞાનું અનુસ્મરણ કરવાનું છે. હવે જે સમભાવમાં રહે તેને પરિષહ ઊભા થવાના, માટે કહે છે.

**तथा – परिषहजय इति ।।७६।। (३४५)**

સમભાવમાં રહેલાને બાવીસ પ્રકારના પરિષહ ભોગવવાનો અવસર આવવાનો. એવા વખતે એ પરિષહોને ટાળવાના બદલે, તેનો પ્રતિકાર કરવાના બદલે, તેને સમતાથી ભોગવી લેવા દ્વારા તેને જીતવા છે. ક્ષુધા, પિપાસા વગેરે બાવીશ પરિષહોમાંથી દર્શનપરિષહ આ માર્ગમાંથી આપણે પતન ન પામીએ તે માટે જીતવાનો છે અને બાકીના પરિષહ (ક્ષુધાદિ) કર્મનિર્જરા માટે સહેવાના છે. પુણ્ય બાંધવા માટે એકે પરિષહ જીતવાનો નથી. પરિષહો જીતવાથી કર્મોની નિર્જરા થાય છે. ત્યાર બાદ જણાવે છે કે:

**तथा – उपसर्गातिसहनमिति ।।७७।। (३४६)**

પરિષહની જેમ ઉપસર્ગો પણ સહન કરવા. સામાન્યથી પરિષહ અને ઉપસર્ગમાં ફરક એટલો છે કે ઉપસર્ગો આગંતુક હોય છે, જ્યારે પરિષહો સહસમુદ્ભૂત પણ હોય છે. ઉપસર્ગો દેવતા, મનુષ્ય કે તિર્યંચો તરફથી ઉદ્ભવેલા હોય છે. તેથી ઉપસર્ગો ઊભા કરવાના નથી, આવે તો વેઠવાના છે. જ્યારે અમુક પરિષહો તો ઊભા કરીને પણ વેઠવાના છે. આ રીતે પરિષહ અને ઉપસર્ગમાં ફરક છે. પરિષહ બાવીસ પ્રકારના છે અને ઉપસર્ગો સોળ પ્રકારના છે. સાધુપણું દુઃખ વેઠવા માટે છે અને ગૃહસ્થપણું દુઃખનો પ્રતિકાર કરવા માટે છે એવું નથી. જેને મોક્ષમાં જવું હોય તેણે દુઃખ વેઠવું જ પડશે. જેને મોક્ષમાં જવું હોય તે સાધુ અને જેને મોક્ષમાં ન જવું હોય તે ગૃહસ્થ – એવી વાત નથી. જેને મોક્ષમાં જવાની ભાવના હોય તેનો જ ભગવાનના શાસનમાં સમાવેશ થાય છે. દુઃખ વેઠવાની ભાવનાથી દુઃખ વેઠવું એ ધર્મ છે અને દુઃખનો પ્રતિકાર કરવાની ભાવના એ અધર્મ છે. માત્ર દુઃખ વેઠવામાં ધર્મ નથી, દુઃખ વેઠવાની ભાવનામાં ધર્મ સમાયેલો છે. ઉપસર્ગો ચાર પ્રકારના છે. દેવતાસંબંધી, મનુષ્યસંબંધી, તિર્યંચસંબંધી અને આત્મસંવેદનીય. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે **देहदुःखं महाफलम्।** શરીરને દુઃખ આપવું એ મહાગુણકારી છે. કારણ કે દુઃખ ભોગવવાથી પાપ ખપી જાય છે. દુઃખ ધર્મ કરવાના કારણે નથી આવતું, પાપના ઉદયથી આવે છે. એ દુઃખ સમતાથી ભોગવી લેવાથી પાપ પૂરું થાય છે અને ધર્મ પણ થાય છે. સાધુભગવંત

બાવીસ પ્રકારના પરિષહ મરણાંત કષ્ટ આવે ત્યાં સુધી વેઠે છે-એ જણાવવા માટે શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં બાવીસ કથાઓ આપી છે. ઉપસર્ગો માટે તો શ્રી મહાવીર પરમાત્માનું દૃષ્ટાંત છે જ. ભગવાનને સંગમાદિ દેવે પણ ઉપસર્ગ કરેલો, ગોવાળિયા વગેરેએ પણ ઉપસર્ગ કરેલો, ચંડકૌશિક સર્પે પણ ઉપસર્ગ કરેલો. તે જ રીતે મેઘકુમારને રાત્રે સંથારામાં ધૂળ આવવાથી નિદ્રા ન આવી એ આત્મસંવેદનીય ઉપસર્ગ છે. આ બધા જ ઉપસર્ગો તૈયારી સાથે ભોગવી લેવા છે. સાધુ ભગવંતો દુઃખ ઊભું કરીને વેઠે છે - આપણે એવું ન કરી શકીએ પરંતુ આવેલા દુઃખને જાકારો નથી આપવો - આટલું તો બને ને? આ સંસારમાં જેટલા પણ ઉપસર્ગો કે પરિષહો આવે છે તેને સારી રીતે સહન કરી લેવા છે. અન્યથા જો સંકટમય એવા આ સંસારમાં રહીને સંકટને સહી ન લઈએ તો આપણે મૂઢમતિવાળા છીએ-એમ માનવું પડે. અન્યત્ર પણ કહ્યું છે કે સંસારમાં રહીને જેઓ આપત્તિ-વિપત્તિઓથી ઉદ્વેગ પામે છે તેઓ મૂરખના સરદાર છે, સમુદ્રમાં પડેલા માણસને પાણીને છોડીને બીજું શું મળવાનું? આ સંસાર દુઃખમય છે, દુઃખવાળો નથી. 'વાળો' અને 'મય' માં ફરક છે. ઘરમાં સર્પ આવે તો સર્પવાળું ઘર કહેવાય. જ્યારે ઘરમાં આગ લાગે તો અગ્નિમય ઘર બન્યું કહેવાય. સમુદ્રનો એક પણ અંશ પાણી વિનાનો ન હોય તેમ આ સંસારનો એક પણ અંશ દુઃખ વગરનો નથી.

સ. અમને જે સુખનો અનુભવ થાય છે તે શું છે?

સમુદ્રમાં ડૂબતાને પાણીની ઠંડક અનુભવાય છે- એના જેવું એ સુખ છે. ઠંડક માટે પાણીમાં પડી રહેવાનું પસંદ કરો કે ડૂબી મરવું ન પડે તે માટે નીકળવાનું પસંદ કરો? આ સંસારમાં રહીને દુઃખની ફરિયાદ કે પ્રતિકાર કરવો એ સમુદ્રમાં રહીને પાણીનો પ્રતિકાર કરવાજેવું છે. આ રીતે ઉપસર્ગને સહન કરવાનું બનતું ન હોય તો તે ભયના કારણે નથી બનતું. તેથી દુઃખને વેઠવા માટે ભયનો ત્યાગ કરવા જણાવે છે.

**तथा - सर्वत्र भयत्याग इति।।७८।। (३४७)**

આપણે દુઃખના કારણે દુઃખી નથી, દુઃખના ભયના કારણે દુઃખી છીએ. દુઃખ આવ્યું છે એના કરતાં 'દુઃખ આવશે' એની ચિંતાથી દુઃખી છીએ ને? વર્ત્તમાનના દુઃખ કરતાં પણ ભવિષ્યમાં દુઃખ આવશે એવા કાલ્પનિકભયથી દુઃખી છીએ ને? આ સંસારમાં દુઃખ રહેવાનું જ હોય તો તેનો ભય રાખીને કેમ ચાલશે? નીતિશતકમાં

પણ કહ્યું છે કે - કોઈ વ્યક્તિ મેરુગિરિ ઉપર ચઢી જાય, સમુદ્રના પેટાળમાં છુપાઈ જાય, અનેક પ્રકારની વિદ્યાઓ ભણી લે, વેપારધંધો ગમે તેટલો કરે, ખેતી કરે કે ચોસઠ અથવા બહોંતેર કળા ભણી લે તોપણ તેનો દુ:ખથી છુટકારો થાય એવું નથી. તેથી આપણે આ સંસારમાં દુ:ખથી ગભરાયા વિના એ દુ:ખ ભોગવવાની તૈયારી કેળવી લેવી છે. સર્વથા એટલે આ લોકસંબંધી પણ ભય નથી રાખવો અને પરલોકસંબંધી પણ ભય નથી રાખવો. નિરતિચારપણે યતિ-સાધુના સામાચારનું પાલન કરવાના કારણે કર્મની નિર્જરાસ્વરૂપ ઉત્કૃષ્ટ આધાર જેણે ઊભો કર્યો હોય તેવા સાધુએ મરણથી પણ ગભરાવાની જરૂર નથી, તો બીજાં ભયસ્થાનો સાધુને શાથી નડે? જેને આરોગ્ય મળવાનું છે એવાઓને પણ આરોગ્ય માટેની જલદ ચિકિત્સા કરાવતાં મૃત્યુનો ડર નથી લાગતો તો જેને ભાવારોગ્ય પ્રાપ્ત થયું હોય તેવાઓને મરણનો ડર ક્યાંથી લાગે? અન્યત્ર પણ કહ્યું છે કે પ્રાયઃ કરીને અકૃતકૃત્ય માણસને મરણનો ડર લાગે છે, અર્થાત્ જેણે સારાં કાર્યો કર્યાં ન હોય તેને મરણનો ડર લાગે. જેઓ કૃતકૃત્ય છે અર્થાદ્ કરવાયોગ્ય કાર્યો જેણે કરી લીધાં હોય તેઓ તો પ્રિય અતિથિની જેમ મૃત્યુની રાહ જોઈને બેઠા હોય. દુષ્કૃત્યોમાંથી દુ:ખનો ડર પેદા થાય છે. જેણે પાપ કર્યું હોય એને શાંતિ ન મળે. ઔરંગઝેબની વાત સાંભળી છે ને? મરણપથારીએ પડેલો ત્યારે તેને આખી જિંદગીમાં કરેલાં પાપ યાદ આવ્યાં અને તેથી મરણનો ડર લાગવા માંડ્યો. તેની દીકરી તેની બાજુમાં બેઠેલી અને તેમને બધું ભૂલી જવા કહેતી હતી. ત્યારે ઔરંગઝેબે કહ્યું હતું કે 'મેં એવા અન્યાય કર્યા છે કે ભૂલવા મથું છું તોય ભુલાતું નથી'. મરણનો ડર કાઢવા માટે સૌથી પહેલાં પાપ કરવાનું બંધ કરવું પડશે. પાપ ટાળવા માટે અવિરતિ ઉપરથી નજર ખસેડવી પડશે. જેને અવિરતિ ભોગવવી હોય તેને પાપ કર્યા વિના ન ચાલે. જેને અવિરતિ ભોગવવી ન હોય તેને પાપ કરવાની જરૂર ન પડે.

વીતરાગ પરમાત્માનું શાસન સર્વથા ભયરહિત બનાવે એવું છે, આમ છતાં આપણે ભયના ઓથા નીચે જીવ્યા કરીએ એ આપણી બુદ્ધિમત્તાનું લક્ષણ નથી. શ્રી નમુત્થુણં સૂત્રમાં ભગવાનને 'અભયદયાણં' તરીકે સ્તવનારા ભયમાં શા માટે જીવે? અભયને આપનારા ભગવાન આપણી પાસે હોય તો આપણે ભય રાખવાનું કામ શું છે? સાચું કહો, આપણને વિશ્વાસ આપણા ઘરના લોકો ઉપર છે કે ભગવાન ઉપર? આપણે ઘરના લોકોના શરણે જેટલા છીએ, એટલા ભગવાનના શરણે નથી. દેરાસરમાં અભયદયાણં બોલતી વખતે પણ જો કૂતરું આવી જાય તો ગભરાઈને ઊભા થઈ

જઈએ ને? જે આપણને ભયમુક્ત બનાવે તેના શરણે ગયા પછી ભય રાખવાનું કામ શું છે?ભગવાન આપણા સંસારના ભયને દૂર કરે છે, દુઃખના ભયને નહિ. દુઃખનો ડર કાઢવાનું મન હોય તોપણ તે માટે પાપનો ભય પેદા કરવો પડશે. ભગવાન પણ દુઃખથી ગભરાતા ન હતા પણ પાપથી ગભરાતા હતા. જ્યારે આપણે પાપથી નથી ગભરાતા, પણ પાપના ફળથી ગભરાઈએ છીએ. જેને પાપનો ભય હોય તેને આ સંસારમાં એકે ભય સતાવે નહિ. ભવિષ્યનો પણ કોઈ ભય રાખવાની જરૂર નથી. જ્ઞાનીએ જે દીઠું છે - તે થવાનું છે. આપણે જે કરીશું તેને જોવાનું કામ જ્ઞાની કરે છે. જે ભવિષ્યમાં થવાનું છે તેને જ્ઞાની જુએ છે, પણ તે થનાર તરીકે જુએ છે, થયેલ તરીકે નહિ. જ્ઞાની બધું જ જુએ ને બધું જ જાણે એનો અર્થ એ કે જે જેવું હોય તેવું જુએ. ભૂતને ભૂતકાળ તરીકે જુએ, વર્ત્તમાનને વર્ત્તમાન તરીકે જુએ અને ભવિષ્યને ભવિષ્ય તરીકે જુએ. આપણને આજે દુઃખનો જ ભય છે, પાપનો કે સંસારનો ભય નથી. તેથી ભયરહિત બનવા પહેલાં તો સંસારનો ભય પેદા કરવાની જરૂર છે. સંસારમાં જે સુખ મળે છે તેનો ભય પેદા થાય તો સમજવું કે સંસારનો ભય પેદા થયો. સંસારમાં મળતી અનુકૂળતાનો ભય લાગે એ જ સંસારનો ભય છે. આવો ભય દૂર કરવા માટે અરિહંતાદિ ચારના શરણે જવાનું છે. આ ચારના શરણે જવું એટલે એમના કહ્યા પ્રમાણે કરવું. કોઈના શરણે જઈએ તો શું કરીએ? એને પૂછ્યા વગર એકે કામ ન કરીએ ને? ક્યાંય ન જઈએ ને? જેને આ સંસારમાં કોઈ પ્રકારનો ભય ન હોય તે દરેક અવસ્થામાં સમભાવમાં જીવે - તે જણાવે છે:

**तथा - तुल्याश्मकाञ्चनतेति ।।८०।। (३४९)**

અશ્મ એટલે પથ્થર અને કાંચન એટલે સોનું. સોનું હોય કે પથ્થર હોય, બન્નેમાં સમભાવ હોય. સોના પ્રત્યે કોઈ અભિષ્વંગ-રાગ ન હોય અને પથ્થર પ્રત્યે કોઈ તુચ્છભાવ ન હોય તેને સંસારની અસારતા સમજાઈ કહેવાય. આપણને આ સંસારની અસારતા એક વાર સમજાઈ જાય તો આપણે શરીરની ચિંતા છોડીને આત્માની ચિંતામાં લાગી જઈએ. શરીરની સ્ફૂર્તિ માટે કસરત કરવી છે, પણ આત્માની શુદ્ધિ માટે પ્રતિક્રમણ કરવાની તૈયારી નથી : આ જ દશા છે ને?

સ. શરીરની સ્ફૂર્તિ તરત અનુભવાય, પ્રતિક્રમણાદિનું ફળ વિલંબે મળે છે....

ધર્મનું ફળ વિલંબે નહિ વર્ત્તમાનમાં જ અનુભવાય છે. સાચું કહો તમે અત્યારે સુખી છો તે સુખ મળ્યું છે માટે સુખી છો કે 'વધુ જોઈતું નથી' માટે સુખી છો?

જેને સુખ જ જોઈતું હોય તે અહીં વ્યાખ્યાનમાં શા માટે કલાક બગાડે, બજારમાં જ જાય ને? તમે જે અહીં શાંતિથી, પ્રસન્નતાથી સાંભળવા બેઠા છો-આ જ તો ધર્મનું ફળ છે. દુનિયા સુખની પાછળ ગાંડાની જેમ ભટકે છે, આપણે જેટલું છે એમાં શાંતિથી બેઠા છીએ-એ ધર્મનું જ ફળ છે. સંસારના સુખની આસક્તિ ઘટે એ જ તો ધર્મનું સાક્ષાત્ ફળ છે. સોનું હોય કે પથ્થર હોય બેમાંથી એકે આપણા કામના નથી અને એકે આપણને નડતા નથી. સોનું હોય તો મોક્ષમાં જલદી જઈએ અને પથ્થર હોય તો મોક્ષમાં જતાં અટકી જઈશું-એવું નથી ને? તેથી બંન્નેને તુલ્ય દષ્ટિએ જોવા છે. અનુકૂળતા મળે તો મોક્ષ મળે- એવું નથી અને પ્રતિકૂળતા આવે તો મોક્ષ અટકે- એવું ય નથી. તેથી બંન્નેમાં તુલ્યવૃત્તિ રાખવી. આ સંસારની એકે ચીજ સંસારમાંથી મોક્ષે લઈ જાય એવી નથી અને એકે ચીજ મોક્ષે જતાં અટકાવતી નથી. તેથી આ સંસાર નિર્ગુણ છે. એક વાર સંસારની નિર્ગુણતા સમજાય તો આ સંસારનો ભય પેદા થાય અને સંસારનો ભય જેને પેદા થાય તેને સંસારમાં બીજો કોઈ જાતનો ભય ન સતાવે.

સાધુપણાની જીવનચર્યા જીવવા માટે કેવા પ્રકારના અધ્યવસાય પેદા કરવાની જરૂર છે, એ સમજાવવાનું કામ અહીં કર્યું છે. આ સંસારની એક પણ ચીજ આપણા કામની નથી-એવું જ્યાં સુધી નહિ સમજાય ત્યાં સુધી આ સંસાર છોડવાનું શક્ય નહિ બને. જેઓ સંસાર છોડીને બેઠા છે તેઓને પણ જો સંસારમાં કોઈ પણ ચીજ કામની લાગે તો તેમને આ સંસાર પાછો વળગ્યા વિના રહેતો નથી. આ સંસારમાં એક પણ વસ્તુ સારભૂત ન લાગે ત્યારે જ સંસારની નિર્ગુણતા સમજાઈ એમ માનવું. જે વસ્તુ નિર્ગુણ લાગે તેને આપણા હાથે જ ફેંકી દઈએ ને? તેમ જે દિવસે આ સંસાર નિર્ગુણ લાગશે તે દિવસે સંસાર છોડતાં વાર નહિ લાગે. જરૂર પડે તો ધૂળ પણ લઈ લઈએ અને જરૂર ન હોવાથી સોનું પણ ન લઈએ. સાધુપણામાં જે કોઈ ઉપકરણની જરૂર પડે તે વિરાધનાથી બચવા માટે પડે છે, આરાધના માટે એક પણ ચીજની જરૂર નથી. રજોહરણ પણ આંખેથી જોઈ ન શકાય એવા જીવોની વિરાધનાથી બચવા માટે જ છે. જો આરાધના માટે કોઈ વસ્તુની જરૂર ન હોય તો શેમાં મમત્વ રાખવું? જે મળ્યું છે તેનાથી નિસ્તાર નહિ થાય, જે બાકી છે તેને મેળવીશું તો જ મોક્ષ મળશે. મળેલું કામ લાગશે એવું માનવાના બદલે જે બાકી છે તે નડશે- એવું માનવાની જરૂર છે. આપણે જોઈ ગયા કે સાધુ ભગવન્તો મૃત્યુથી પણ ગભરાતા નથી તેથી તેઓ મૃત્યુની તૈયારીમાં હોય. આ તૈયારી કેવી રીતે કરે-એ માટે જણાવે છે:

**तथा – अभिग्रहग्रहणमिति ।।८०।। (३४९)**

દ્રવ્યક્ષેત્રકાળભાવને આશ્રયીને ભિન્ન ભિન્ન પ્રકારના અભિગ્રહો ગ્રહણ કરવાનું કામ સાધુઓ કરે. સાધુભગવંતો જે આહારાદિ લેવાના છે તેમાં પણ સંકોચ કરે. દ્રવ્યથી અમુક વસ્તુ ગ્રહણ કરવાનો અભિગ્રહ લે, ક્ષેત્રથી અભિગ્રહ તેને કહેવાય કે જેમાં ઘરોનું નિયમન હોય. પહેલા ચાર ઘરે ભિક્ષા મળે તો લેવી, જમણી બાજુનાં ઘરોથી ભિક્ષા લેવી- આવું નિયમન હોય. કાળથી બારથી એક વાગ્યાના કાળમાં ભિક્ષા લેવી-અને ભાવથી સ્ત્રી કે પુરુષ હોય, અલંકારવાળી હોય કે અલંકારરહિત હોય. તેના હાથે વહોરવાનો અભિગ્રહ કરવાનો. જેમ શ્રી મહાવીરસ્વામી ભગવાને દ્રવ્યથી અડદના બાકુળા, ક્ષેત્રથી એક પગ ઊંબરાની અંદર હોય અને એક પગ બહાર હોય, કાળથી ભિક્ષાચરોનો કાળ નિવૃત્ત થયો હોય અને ભાવથી રાજકુમારી હોય, માંથે મુંડાયેલી હોય, રોતી હોય, હાથપગમાં બેડી હોય તેના હાથે વહોરવું: એવો અભિગ્રહ લીધેલો. આજે તમને તો ગમે તે વસ્તુ, ગમે તે જગ્યાએ, ગમે તે કાળે અને ગમે તેના હાથનું પણ ચાલે ને? આ તો ઢોરની જાત કહેવાય કે જે ગમે તે વસ્તુ મોઢામાં નાંખે. તમને અભક્ષ્ય ખાવાની પણ છૂટ, હોટલનું ખાવાની પણ છૂટ, રાત્રે ખાવાની પણ છૂટ, નીચ જાતના માણસોના હાથનું ખાવાની પણ છૂટ છે! આ તે કાંઈ જીવન છે? આજે તમને અભિગ્રહ આપી દઉં કે અભક્ષ્ય ખાવું નહિ, હોટલનું, બહારનું ખાવું નહિ, રાત્રે ખાવું નહિ, નીચજાતિના લોકો પીરસે એવા જમણવારમાં જવું નહિ. આપણા સાધુ આટલા અભિગ્રહ લે અને આપણે ગમે તે રીતે ખાઈએ- એ ચાલે? સાધુભગવન્તો માત્ર આહારમાં જ નહિ; વસ્ત્ર, પાત્ર, વસતિ આદિમાં પણ આ રીતે અભિગ્રહ ધારણ કરે. આવા અભિગ્રહ લીધા પછી કોઈને જણાવવું નહિ. માત્ર ગુરુને જણાવીને અભિગ્રહ લેવાનો. ગુરુ પણ કોઈને કહે નહિ. આથી જ આગળ જણાવે છે.

**तथा – विधिवत्पालनमिति।।८१।। (३५०)**

જેમાં શાસ્ત્રોક્ત વિધિ સચવાય તે રીતે અભિગ્રહનું પાલન કરવું. અભિગ્રહ કોઈને જણાવીને પૂરો ન કરાય. મળ્યું તો સંયમવૃદ્ધિ અને ન મળ્યું તો તપોવૃદ્ધિ આવી ભાવનાથી અભિગ્રહનું પાલન કડકાઈથી કરે. ત્યાર બાદ

**तथा – यथार्हं ध्यानयोग इति।।८२।। (३५१)**

જે જેને યોગ્ય હોય તેવું ધ્યાન તે ધરે. સાધુપણાના લગભગ ઘણાખરા

આચારોનું વર્ણન પૂરું કર્યું. ત્યાર બાદ ધ્યાનયોગની સાધના જણાવી છે. સાધુભગવંતો સ્વાધ્યાયાદિ યોગને પૂર્ણ કરીને પછી ધ્યાનયોગને સ્વીકારે છે. જે શુક્લધ્યાનને યોગ્ય હોય તે શુક્લધ્યાનને સ્વીકારે, જે ધર્મધ્યાનને યોગ્ય હોય તે ધર્મધ્યાનને સ્વીકારે અને જે એ બન્ને ધ્યાન માટે અયોગ્ય હોય તે શુભધ્યાનમાં રહેવા પ્રયત્નશીલ બને. વર્ત્તમાનમાં ધર્મધ્યાન કે શુક્લધ્યાનનો વિચ્છેદ થયો છે. તેથી આર્ત્ત-રૌદ્રધ્યાનને દૂર કરવાપૂર્વક શુભધ્યાનમાં રહેવા સદા માટે તત્પર રહેવું.

આપણે જોઈ ગયા કે ભગવાનના સાધુઓને કોઈ પ્રકારનો ભય સતાવતો નથી. એ સિવાય આ સંસારમાં બધા ભયભીત છે. આ ભયને દૂર કરવાનું કામ આપણા ભગવાન કરે છે માટે જ ભગવાનને 'અભયદયાણં' કહીને સ્તવીએ છીએ. આજે આપણને આ સંસારમાં ભય છે ને? શેનો ભય છે?

સ. દુઃખનો ભય છે.

સાચું કહો છે? જેને દુઃખનો ભય હોય તે ગાડી ઉપર બેસીને ઘરની બહાર જઈ શકે ખરા? એ તો શાંતિથી ઘરમાં જ બેસી રહે ને? તમને અસલમાં દુઃખનો ભય નથી, સુખ જતું રહેશે- એનો ભય છે. તમારે ત્યાં કે અમારે ત્યાં તકલીફ જ આ છે. દુઃખ આવે એનું દુઃખ એટલું નથી, જેટલું દુઃખ 'સુખ જતું રહેશે' એનું છે. વિહાર આવે એટલે ચાલવું પડશે એના કરતાં વહેલાં ઊઠવું પડશે-એનું દુઃખ વધારે છે. આપણને જે ભય છે તે ભયને દૂર કરવાનું મન છે ને?

સ. એનો ઉપાય શું?

સાધુ થવું તે. ભયમાં શરણ એ ઉપાય છે. આ સંસારનો ભય ટાળવો હોય, સંસારમાં આવનારા સાત પ્રકારના ભય ટાળવા હોય તો આપણે ભગવાનના શરણે જવું છે, કારણ કે આપણા ભગવાન અભયને આપનારા છે. ભગવાનના શરણે ચોવીસ કલાક માટે રહેવું હોય તો સાધુ થયા સિવાય બીજો ઉપાય નથી. આપણા ભગવાને આઠમા વર્ષે દીક્ષા લેવાનું કહ્યું છે. તેનું કારણ જ આ છે કે આ સંસારમાં ચારે દિશામાં ભય જ ભય છે. આજે કોઈ આઠમાના બદલે પંદર વર્ષે કે અઢાર વર્ષે દીક્ષા લેવા તૈયાર થાય તો તમે એને શું કહો? હજુ તો ઉંમર નાની છે- એમ કહો ને? દીક્ષા લેવામાં વિલંબ જેઓ કરે છે, કરાવે છે તેમને સંસારનો ભય લાગ્યો નથી- એમ માનવું પડે ને? અઈમુત્તામુનિને મરણનો ભય લાગ્યો તો તેઓ દીક્ષા લેવા નીકળી પડ્યા અને માતાએ પણ તેમને જતા રોક્યા નહિ. આપણે નક્કી કરવું છે

કે કોઈ દીક્ષા લેવા જતું હોય તો આપણે તેને રોકવા નથી. આપણે જેને શરણું ન આપી શકીએ તેઓ ભગવાનના શરણે જાય-એમાં વાંધો શું છે? સાધુપણામાં આવનારા પણ દુઃખ વેઠવા આવ્યા હોવા છતાં દુઃખનો પ્રતિકાર કરવા મંડી પડ્યા છે. તેથી માનવું પડે કે તેમને ભગવાનના શરણે રહેવું નથી. જેઓ આ સંસારમાં પાપ ન કરવું પડે તે માટે અને દુઃખ ભોગવવા માટે સાધુપણામાં આવેલા, તેઓ સાધુપણામાં આવીને પાપ કરવા અને દુઃખનો પ્રતિકાર કરવા લાગી ન જાય-એ માટે આગળના સૂત્રથી જણાવે છે.

**तथा – अन्ते संलेखनेति ॥८३॥ (३५२)**

આયુષ્યનો અંત આવે એવું લાગે તો શરીર અને કષાયની અનુક્રમે તપ અને ભાવના દ્વારા કૃશતા કરવી- એનું નામ સંલેખના. આવી સંલેખના અંતસમયે કરવી. મરતી વખતે સુખનું મમત્વ સતાવી ન જાય અને દુઃખનો ભય ગભરાવી ન મૂકે તે માટે આ રીતે સંલેખના કરી લેવાનું જણાવ્યું છે. જે વખતે શાલિભદ્રજી વૈભારગિરિ ઉપર અનશન લેવા માટે ગયા ત્યારે તેમની માતા પરિવાર સાથે તેમને ત્યાં મળવા આવ્યાં અને છાતીફાટ રુદન કરવા લાગ્યાં. તે વખતે શ્રેણિક મહારાજા તેમની પાછળ જ રથ દોડાવીને આવ્યા. કારણ કે તેમને એક જ ચિંતા હતી કે માતાનું રુદન સાંભળીને શાલિભદ્રજીને અંતસમયે મમત્વ ઊભું થાય તો તેમની અંતિમ આરાધનામાં ખામી આવે. આવું ન બને તે માટે ભદ્રા માતાને સમજાવ્યું કે 'તમે તો સિંહજેવા પુત્રની માતા છો તેથી આ રીતે રુદન ન કરો'... મરણસમયે પણ સુખની લાલચ સતાવી ન જાય તેની ચિંતા શાસન પામેલાને હોય છે. મરતી વખતે દુઃખ તો આવવાનું જ છે. છતાં સુખે મરવું તેને કહેવાય કે જેમાં દુઃખ અકળાવે નહિ અને સુખની ઈચ્છાનો પડછાયો પણ જેમાં પડ્યો ન હોય. સુખ ભોગવે તે સુખે મરી ન શકે. જે સુખનું મમત્વ ન રાખે તે સુખે મરી શકે. સાધુપણું દુઃખ ભોગવવા માટે જ છે. આપણે દીક્ષા નથી લેતાં તે દીક્ષા સારી નથી માટે કે આપણે ખરાબ છીએ માટે? અરણિકમુનિ ગોચરીએ ગયા ત્યારે તડકાથી પગ અને માથું બળવા લાગ્યું. ઉષ્ણપરિષહ સહન ન થવાથી પતન પામ્યા. દીક્ષા છોડીને ગયા તેથી માતા ગાંડી થઈને રસ્તે ફરવા માંડી. એક વાર ઝરુખે બેસેલા અરણિકે માતાને આ દશામાં જોઈ. તરત નીચે ઊતરીને માતાના પગમાં પડ્યા. માતાએ કહ્યું આ શું કર્યું? અરણિકે કહ્યું 'માતા દીક્ષા પાળવી કઠિન છે, હું કાયર છું'. માતાએ કહ્યું 'દીક્ષા ભલે તલવારની ધાર પર ચાલવાજેવી હોય તોપણ મોક્ષ તેનાથી જ મળવાનો છે, તેથી દીક્ષા લીધા

વિના નહિ ચાલે.' માતાના વચનથી પાછી દીક્ષા લીધી. અને લાંબા કાળ સુધી દુઃખ ભોગવવા સમર્થ ન હોવાથી જે ઉષ્ણપરિષહ ન જીતવાથી પતન પામેલા એ ઉષ્ણ પરિષહને જીતવા માટે ધગધગતી પથ્થરની શિલા પર સંથારો કર્યો. માખણનો પિંડ જેમ ઓગળે તેમ તેમનું શરીર ઓગળી ગયું.

સ. દુઃખ ભોગવવાનું બહુ અઘરું છે.

એક વાર સુખ ભોગવવાનો અભ્યાસ છોડો તો દુઃખ ભોગવવાનું સહેલું છે. દુઃખ આકરું નથી, સુખ છોડવાનું આકરું છે. જેને સુખ છોડવાનો અભ્યાસ પડે તેને માટે દુઃખ ભોગવવાનું કામ સહેલું છે. આ દુઃખ ભોગવ્યા વિના સંસારના અનંતા દુઃખથી છુટકારો થવાનો જ નથી. તેથી દુઃખ ભોગવવા માટે તૈયાર થવું જ પડશે.

સાધુપણામાં અંતસમયે શરીર અને કષાયની સંલેખના કરવાની છે. આ સંલેખના સંઘયણાદિની અપેક્ષાએ કરવાની છે, તે માટે જણાવે છે:

**तथा – संहननाद्यपेक्षणमिति ।।८४।। (३५३)**

શરીરનું સામર્થ્ય, ચિત્તવૃત્તિ વગેરેની અપેક્ષા રાખીને સંલેખના કરવી. શરીરનું સામર્થ્ય કેળવ્યા વિના સંલેખના ન કરવી. દ્રવ્યથી શરીરની સંલેખના કરવી અને ભાવથી કષાયની સંલેખના કરવી. આ બેમાંથી કઈ સંલેખના અત્યંત આદરણીય છે, તે જણાવે છે–

**तथा – भावसंलेखनायां यत्न इति ।।८५।। (३५४)**

ઇન્દ્રિય અને કષાયના વિકારને તુચ્છ કરવા, કાબૂમાં લાવવા એ ભાવસંલેખના છે. આપણે શરીરને કસવા માટે મહેનત ઘણી કરી પણ ઇન્દ્રિય અને કષાયને પતલા કરવા માટે કોઈ પ્રયત્ન કર્યો છે? આપણી ઇન્દ્રિય કાબૂમાં નથી, કષાયો કાબૂમાં નથી તો મરણસમયે અસમાધિ થવાની જ. આપણું જીવન તો આપણે બગાડ્યું જ છે. મરતી વખતે પણ જો ઈન્દ્રિયો અને કષાયો કાબૂમાં નહિ આવે તો ભવાન્તર પણ બગડવાનો. સાધુ સહન કરે તો જ સંલેખના કરી શકે. આજે સાધુપણામાં સહનશીલતા ઘટતી ચાલી છે તેથી સાધુ પણ ઇન્દ્રિય-કષાયને કાબૂમાં રાખી શકતા નથી. તમારે તમારું જીવન સુધારવું હોય અને અમને અમારું સાધુપણું સુધારવું હોય તો શરીરને સુધારવાના બદલે ઇન્દ્રિયો અને કષાયોને જીતવા માટે પ્રયત્ન આપણે કરી લેવો છે. જેની ઇન્દ્રિયો કાબૂમાં છે અને જેના કષાયો કાબૂમાં છે તેણે ધર્મનું ફળ મેળવ્યું છે.

જેની ઇન્દ્રિયો કે કષાયો કાબૂમાં નથી તેણે ધર્મ કર્યો જ નથી- એમ માની લેવું. ઉત્તરાધ્યયનસૂત્રમાં કથા આવે છે. એક મહાત્માએ બાર વર્ષ સુધી વિચિત્ર તપ દ્વારા સંલેખના કરી, પછી ગુરુ પાસે અનશનની રજા લેવા ગયા. ગુરુએ કહ્યું કે તમને વાર છે. બીજા બાર વરસ સંલેખના કરી પાછા ગુરુ પાસે રજા લેવા ગયા. ફરી ગુરુએ ના પાડી. પાછા ત્રીજા બાર વરસ સંલેખના કરી ગુરુને પૂછવા ગયા, ગુરુએ એમ જ કહ્યું. મહાત્માએ અકળાઈને પોતાની ટચલી આંગળીને આગળ કરીને પૂછ્યું કે 'હવે આ શરીરમાં રહ્યું છે શું?' ગુરુએ કહ્યું 'આ જ બાકી છે, તમે શરીરની સંલેખના કરી, પરંતુ મારું વચન પણ સહન નથી થતું તો કાગડાની ચાંચ કેવી રીતે ખમશો?' જેઓને ગુરુનાં વચન સહન ન થાય તેઓ સાધુપણું કઈ રીતે પાળી શકે? શાસ્ત્રમાં ગુરુને ભીમ અને કાન્ત કહ્યા છે, તેમાં સૌથી પહેલાં ભીમ કહ્યા છે. આચાર્યભગવંતનો તાપ જ એવો હોય કે તેમની નિશ્રામાં રહેલા પાપ ન કરી શકે.

સ. સાધુ તો ક્ષમાશ્રમણ હોય ને?

ગુના માફ કરવા એ ક્ષમા સારી કે ગુનો ન કરવાનું મન કરાવે એ ક્ષમા સારી? આચાર્યભગવંત પોતાની નિશ્રામાં આવેલા સંસારમાં રખડી ન પડે તે માટે અનુશાસન કરે છે, કષાયના કારણે નહિ. અમારે ત્યાં કડકમાં કડક આલોચના આપવાની જણાવી છે, તેનું કારણ એ છે કે પાપની શુદ્ધિ કરાવવી છે. જો ગુનાની સજા માફ કરવાની હોય તો ગુનાઓ નાબૂદ કેવી રીતે થશે? અમારે ત્યાં પહેલાં તપથી-ઉપવાસથી આલોચના અપાતી હતી. ઉપવાસ બાકી રહેવા માંડ્યા એટલે આયંબિલ-એકાસણાં આપ્યાં. તે બાકી રહેવા લાગ્યાં, એટલે રાતનો સ્વાધ્યાય આપવા માંડ્યા, એ પણ રહી જવા માંડ્યો એટલે દિવસના સ્વાધ્યાયની છૂટ આપી. પરંતુ જ્યારથી તપના બદલે સ્વાધ્યાયથી આલોચના વાળવાનું શરૂ કર્યું ત્યારથી પાપનો સંકોચ નાશ પામવા માંડ્યો. આજે તો વળી આલોચનાનો સ્વાધ્યાય પણ આલોચના લેવા પહેલાં જે સ્વાધ્યાય કર્યો હોય તેનાથી વાળે! પહેલાનો સ્વાધ્યાય આલોચનામાં ન વળાય. આલોચના લીધા પછી સ્વાધ્યાય વાળી આપવો જોઈએ. આચાર્ય ભગવંત જે કાંઈ ગુસ્સો કરે છે તે પોતાને દુ:ખ પડે છે માટે નથી કરતા, આપણા હિત માટે ગુસ્સો કરે છે તેમાં તેમની ક્ષમા હણાતી નથી.

આખી જિંદગી મરણ ટાળવા માટે મહેનત કરી, સુધારવા માટે મહેનત ન કરી. તેનું પરિણામ એ આવ્યું કે મરણ ટળ્યું નહિ અને મરણ સુધરવાની પણ શક્યતા

નથી. એના બદલે હવે મરણ સુધારવા માટે મહેનત કરવી છે. મરણ ટળવાનું નથી જ, પણ સુધરી શકે એવું છે, સુધારવું છે? સુખ મળ્યા પછી માંગવાનું મન થાય, લેવાનું મન થાય, ભોગવવાનું મન થાય, રાખવાનું મન થાય તો સમજવું કે ઇન્દ્રિય અને કષાય ઉપર કાબૂ નથી. મરણ સુધારવું હોય તો નક્કી કરવું છે કે સુખ મળે તો આંખ ઊંચી નથી કરવી, દુઃખ ગમે તેટલું આવે તોપણ ફરિયાદ નથી કરવી. દુઃખના પ્રતિકારની અને સુખના આવકારની ભાવના કાઢી નાંખવી છે. આપણે એકમાત્ર સહનશીલતારૂપ ધર્મનો સત્કાર કરવો છે. આ બધું ધારીએ એટલું સહેલું નથી, અને સાથે જો કરવાનું ધારીએ તો અઘરું પણ નથી. જેને દુઃખ વેઠવું જ છે તેને ગુસ્સો આવવાનું કારણ કયું છે? જેને વેઠવું નથી તેને ગુસ્સો આવે. જો આપણે 'સહન કરવું છે'-એટલું નક્કી કરીએ તો ગુસ્સો આવશે જ નહિ. આપણે ગમે ત્યાં જઈએ, આપણે ભૂતકાળમાં જે બાંધીને આવ્યા છીએ તે જ આપણા નસીબમાં આવવાનું છે. તો દુઃખથી દૂર શા માટે ભાગવું?

અહીં જણાવે છે કે દ્રવ્યસંલેખના પણ ભાવસંલેખના માટે કરવાની છે. પ્રધાનતા ભાવસંલેખનાની છે, પરંતુ ભાવસંલેખના માટે દ્રવ્યસંલેખના કરવી જરૂરી છે. મુમુક્ષુ એવા ભિક્ષુએ રોજ મરણના કાળને જાણવા પ્રયત્ન કરવો જોઈએ. મરણકાળને જાણવાના ઉપાય પણ અહીં જણાવ્યા છે. આગમના કારણે, દેવતાના વચનના કારણે, પોતાની સુંદર પ્રતિભાના કારણે, તેમ જ તેવા પ્રકારના અનિષ્ટ સ્વપ્નના દર્શન વગેરેના કારણે મરણનું જ્ઞાન થાય છે. શાસ્ત્રામાં બતાવેલ નાડીસંચારના આધારે તેમ જ 'કાનમાં આંગળા નાંખવાથી જે સમુદ્રના ઘુઘવાટ જેવો અવાજ સંભળાય છે તે ન સંભળાય તો સમજવું કે સાત દિવસમાં મૃત્યુ છે. આંખો બંધ કર્યા પછી જે લાલપીળા ચકરડા દેખાય છે તે ન દેખાય તો સમજવું કે સાત દિવસમાં મૃત્યુ છે. આ જ રીતે જ્યોતિષશાસ્ત્ર કે સામુદ્રિક શાસ્ત્ર વગેરેમાં મૃત્યુને જાણવાના ઉપાય બતાવેલા છે. કોઈ દેવતા આકાશવાણી કરે અથવા મૃત્યુ નજીક છે - એમ કહી જાય. સ્વપ્નશાસ્ત્રમાં જે રીતે જણાવેલું હોય તે રીતે 'પાડા કે ગધેડા ઉપર બેસીને પોતે જાય છે.' એવું સ્વપ્ન આવે તો સમજવું કે મૃત્યુ નજીકમાં છે. આ પ્રમાણે શાસ્ત્રમાં તથા લોકમાં પ્રસિદ્ધ એવા ઉપાયો વડે મરણને જાણીને સંલેખનામાં પ્રયત્ન કરવો. સંલેખનાનો કાળ ઉત્કૃષ્ટથી બાર વર્ષનો છે, જઘન્યથી વર્ષ અથવા છેવટે છ મહિનાનો છે. શરીર અને કષાયની સંલેખના કર્યા વિના અનશન સ્વીકારવાથી તેવા પ્રકારની સમાધિ પામવાનું શક્ય બનતું નથી. તેથી ભાવસંલેખનામાં પ્રયત્ન કરવો.

દ્રવ્યસંલેખનાનો કાળ બાર વર્ષનો છે જ્યારે ભાવસંલેખના તો રોજની રોજ કરવાની છે. એક વાર ઈન્દ્રિય અને કષાયની સંલેખના કરતાં આવડી જાય તો મરણ સુધર્યા વિના ન રહે. જેનું મરણ સુધર્યું તેનો આ ભવ સુધર્યો. જેનો આ ભવ સુધર્યો તેનો સંસાર સુધર્યો એમ સમજવું. સાધુપણામાં આવ્યા પછી કષાય કાબૂમાં ન આવે તો મરણ બગડ્યા વિના ન રહે. સાધુ થયા પછી દુઃખના પ્રતિકારની ભાવના જાગે તો સાધુપણાથી પતન થયા વિના ન રહે. આજે તમારી અને અમારી દશા એ છે કે ધીમે ધીમે પાપનો ડર ઓછો થતો ચાલ્યો છે અને પાપ કરવાની હિંમત વધતી ચાલી છે. ગઈ કાલ સુધી જરૂરિયાતના કારણે કમાતા હતા, આજે લોભના કારણે કમાતા થયા ને? ગુસ્સો હજુ ખરાબ લાગે છે, લોભ ખરાબ નથી લાગતો ને? લોભી ગુસ્સો ન કરે તો તે માયા કરે છે-એવું માનવું પડે. બગલાની શાંતિ જેમ માછલા પકડવા માટેની છે તેમ લોભિયાની ક્ષમા લોભને પુષ્ટ કરનારી છે. તેથી કષાયની સંલેખનામાં પણ ઈચ્છાની સંલેખના કરવી છે. ભાવ સંલેખના દ્વારા જેઓ અનશન કરવા બેઠા હોય તેમને દુઃખ ઘણું પડવાનું અને દુઃખમાં આપણો પ્રિય સ્વજન તરત યાદ આવવાનો. આથી એવા વખતે બ્રહ્મચર્યવ્રતની મનથી રક્ષા કરવાનું કામ કપરું છે. આથી જ આગળના સૂત્રથી જણાવે છે:

**ततो विशुद्धं ब्रह्मचर्यमिति ।।८६।। (३५५)**

બ્રહ્મચર્યની નવ વાડોનું વર્ણન આપણે તો પહેલાં જ જોઈ ગયા છતાં અહીં ફરી બ્રહ્મચર્યની વિશુદ્ધિ જણાવી છે તે બ્રહ્મચર્ય વ્રતની મહત્તા અને ક્ષીણશરીરવાળાને પણ વેદના ઉદયની અત્યંત દુર્ધરતા જણાવવા માટે છે. બ્રહ્મચર્યવ્રતની વાત બે વાર કરવાથી 'द्विर्बद्धं सुबद्धम्' આ ન્યાયે તેની ઉપર ભાર આપ્યો છે. એક ગાંઠ મારી હોય તો છૂટી જાય પરંતુ બે ગાંઠ મારી હોય તો ખૂલે નહિ. વેદોદયમાં આત્માની રક્ષા કરવા માટે આ બ્રહ્મચર્ય વ્રતની વિશુદ્ધતા જ કામ લાગે - એવી છે. મનથી આપણે જેટલાં પાપ કરીએ છીએ એટલાં કાયાથી નથી કરતા. જે ઈચ્છાઓને દૂર કરીને સાધુપણામાં આવ્યા એ જ ઈચ્છાઓ જો અંતસમયે ઊભી થાય તો બધી સાધના વેરવિખેર થયા વિના ન રહે. આ માત્ર ચોથા વ્રતની વાત નથી. પાંચે ઇન્દ્રિયોના અનુકૂળ વિષયોમાં આસક્ત ન થવાની વાત છે. કોઈ સુખના સાધનની કે દુઃખના વિયોગના સાધનની ઈચ્છા તેનું નામ અબ્રહ્મ. આવા અબ્રહ્મનો ત્યાગ વિશુદ્ધપણે કરવાનો. દુઃખમાં માતા, પત્ની, પુત્ર વગેરે સ્વજનોને યાદ ન કરવા.

સ. સમાધિ માટે ગુરુને યાદ કરાય ને?

ગુરુની જરૂર સમાધિ માટે છે કે સારા થવા? ગુરુ દુ:ખ દૂર કરાવી આપે માટે જ તેમની જરૂર છે ને? દવા કરાવે માટે જરૂર છે ને?

સ. દવાથી સમાધિ રહે ને?

સમાધિ દવા લેવાથી નથી આવતી, દુ:ખ ભોગવી લેવાની તૈયારીમાંથી સમાધિ મળે છે. જેને દુ:ખ વેઠવાની તૈયારી હોય તેને અસમાધિ થવાનું કોઈ કારણ જ નથી, સનત્કુમાર ચક્રવર્તીને એકી સાથે સોળ પ્રકારના રોગ અને સાત પ્રકારની વેદના હોવા છતાં સાત સો વર્ષ સુધી તેમણે પ્રતિકાર કર્યા વિના, દવા લીધા વિના સાધુપણું પાળ્યું ને? આપણી પાસે એટલું સત્ત્વ ન હોય તોપણ એટલું નક્કી કરવું છે કે રોગ આવ્યા પછી એક દિવસ પછી જ દવા કરાવવી. દવા કરાવ્યા પછી પણ રોગ ન જાય ત્યારે પણ સમાધિ તો આ દુ:ખ વેઠવાના અધ્યવસાયથી જ મળવાની છે.

સ. સહનશીલતા કયા કર્મના ઉદયના કારણે નાશ પામે છે.

દુ:ખ વેદનીયના ઉદયથી આવે છે. અશાતાવેદનીયના ઉદયમાં સાધુપણું રોકાતું નથી. અશાતાનો ઉદય ચૌદમા ગુણઠાણે પણ હોય છે. સહનશીલતા દુ:ખ વેઠવાના અધ્યવસાય સ્વરૂપ છે. દુ:ખ ભોગવી લેવાનો અધ્યવસાય કષાયના ક્ષયોપશમ વગર ન પ્રગટે. તેથી સહનશીલતા મોહનીયના ક્ષયોપશમથી આવે છે. અને દુ:ખ ન ભોગવવાનો અધ્યવસાય મિથ્યાત્વ-ચારિત્રમોહનીયના ઉદયના કારણે આવે છે. સહનશીલતા મોહનીયના ઉદયથી જાય છે. મોહનીયને આધીન ન થાય તો સહનશીલતા ટકી રહે. દુ:ખ જાય કે ન જાય, દુ:ખ ન ભોગવવાનો અધ્યવસાય તો જવો જ જોઈએ. પુરુષાર્થ દુ:ખને ટાળવા માટે નહિ, મોહને ટાળવા માટે કરવો છે. શરીરનું મમત્વ છે માટે દુ:ખ ટાળવાનું મન થાય છે. તેથી મમત્વ સૌથી પહેલાં મારવું છે. શાલિભદ્રજી જ્યારે અનશન સ્વીકારીને વૈભારગિરિ ઉપર રહ્યા હતા તે વખતે તેમની માતા છાતીફાટ રુદન ત્યાં કરતી હતી છતાં તેમણે માતાની સામે આંખ ઊંચી કરીને પણ જોયું નથી. કારણ કે તેમણે શરીરની પણ સંલેખના કરી હતી અને કષાયની પણ સંલેખના કરી હતી. દુ:ખના ડુંગરો તૂટી પડે છતાં એ દુ:ખને ટાળવાનો અધ્યવસાય ન જાગે તો કોઈના ઉપર મમત્વ ન જાગે. જેને દુ:ખ ટાળવું હોય તેને માતાપિતાદિ સ્વજનો યાદ આવે.

સ. શાલિભદ્રજીએ દુઃખ વેઠવાનો અભ્યાસ ક્યારે પાડેલો?

સહનશીલતા માત્ર દુઃખ વેઠવાના અભ્યાસથી નથી આવતી, દુઃખ વેઠવાનો અધ્યવસાય, સમજણ, શ્રદ્ધા અને વૈરાગ્યમાંથી સહનશીલતા પ્રગટે છે. શાલિભદ્રજીએ એક જ ભવમાં ભદ્રામાતા અને પૂર્વભવની ભરવાડણ માતાઃ આ બન્નેને સાથે જોઈ તો તેઓ ઉત્કટ વૈરાગ્ય પામ્યા, તેના યોગે અનશન સ્વીકારવા જેટલી સહનશીલતા તેમનામાં સહજપણે પ્રગટી ગઈ.

## विधिना देहत्याग इतीति ।।८७।। (३५६)

વિશુદ્ધ બ્રહ્મચર્ય પછી વિધિપૂર્વક શરીરનો ત્યાગ કરવાનું જણાવ્યું છે. આ પ્રાણનો ત્યાગ કર્યા પછી આપણા શરીરનો અગ્નિસંસ્કાર તો લોકો કરવાના જ છે. એના પહેલાં આપણે વિધિપૂર્વક આ શરીરનો ત્યાગ કરવો છે. ધર્મ શરીર સારું કરવા માટે નથી, શરીર છૂટી જાય એ માટે ધર્મ કરવાનો છે. આ શરીરના મમત્વના કારણે જ આપણે આ સંસારમાં ભટકીએ છીએ-એવું જે દિવસે સમજાય તે દિવસે આપણે સમ્યગ્જ્ઞાન પામ્યા એમ સમજવું. આપણે આ સંસારમાં શરીરને લઈને જ ફરીએ છીએ. વિગ્રહગતિમાં પણ તૈજસકાર્મણ શરીર આપણી પાસે હતું જ. તે તે ભવમાં વૈક્રિય કે ઔદારિક શરીર પણ ધારણ કરીએ છીએ. શરીર તો છૂટશે ત્યારે છૂટશે, એના પહેલાં શરીરનું મમત્વ કાઢવું છે. આ શરીરના મમત્વના કારણે જ દુનિયાની ચીજો ઉપર, વ્યક્તિઓ ઉપર મમત્વ જાગે છે. એક વાર શરીરનું મમત્વ ઊતરે તો આ સંસારમાં બીજા કશા ઉપર મમત્વ જાગે નહિ. આજે દીક્ષા પણ જો ન લઈ શકાતી હોય તો તે આ શરીરના મમત્વના કારણે જ લઈ શકાતી નથી. શરીર સારું હોય તો ધર્મ સારો થાય-આ વસ્તુ મગજમાંથી કાઢી નાંખજો. કારણ કે શરીર સારું હોવા છતાં ય અત્યાર સુધી આપણે ધર્મ ક્યાં કર્યો છે? જેનું શરીર સારું છે એવા દુનિયામાં ઘણા લોકો છે છતાં તેઓ પાપ જ કરે છે, ધર્મ કરતા જ નથી. શરીરને સારું કરવા પ્રયત્ન કરીશું તો, સંયમ બગડ્યા વિના નહિ રહે. જે શરીરની સારવારમાં સમય ન બગાડે તેનું સંયમ બગડે નહિ. દવા મોટા ભાગે શરીરના રાગે લેવાય છે જ્યારે દીક્ષા શરીરના વૈરાગ્યથી પળાય છે. શરીરના રાગી દીક્ષા લઈ પણ ન શકે અને પાળી પણ ન શકે.

શરીર આપણાં સમસ્ત દુઃખોનું મૂળ છે. આપણે જે કાંઈ પાપ કરીએ છીએ તે આ શરીરના મમત્વના કારણે જ કરીએ છીએ ને? આથી આ સાપેક્ષયતિધર્મમાં

અંતે શરીરનો ત્યાગ કરવાનું જણાવ્યું છે. ધર્મ કરનારનું લક્ષ્ય શરીરનો ત્યાગ કરવાનું જ હોવું જોઈએ.

સ. શરીરનો ત્યાગ કરવો એટલે શું?

આપણે મરી જઈએ ત્યારે શરીર છૂટી જ જાય છે-એ શરીરનો ત્યાગ નથી. જીવતા હોવા છતાં શરીરની સારવાર છોડી દઈએ-એનું નામ શરીરનો ત્યાગ. માત્ર શરીરના મમત્વનો ત્યાગ એ પણ શરીરનો ત્યાગ નથી. કારણ કે આપણે શરીરને સંભાળવાની પ્રવૃત્તિ ચાલુ રાખવી છે અને શરીરનું મમત્વ નથી-એમ કહેવું છેઃ આવું ન ચાલે. પ્રવૃત્તિનો પણ ત્યાગ કરવા દ્વારા મમત્વનો ત્યાગ કરવો તે દેહત્યાગ છે. તપ કરીને કાયા ગાળવી તે દેહત્યાગ છે. મમત્વ વિના શરીરને પુષ્ટ કરવું તે દેહત્યાગ નથી. શરીરને સુખ ન મળે તેની કાળજી રાખવી-તેનું નામ શરીરનો ત્યાગ. શરીરને પુષ્ટ બનાવવા પ્રયત્ન ન કરવો અને શરીરને કૃશ બનાવવા પ્રયત્ન કરવો-તે શરીરનો ત્યાગ. શરીરનો ત્યાગ વિધિપૂર્વક કરવો છે. અર્થ અને કામ માટે ઘણા લોકો આત્મહત્યા કરે છે, કોઈ ફરિયાદ નથી કરતા-આ દેહત્યાગ નથી. ધર્મ અને મોક્ષ માટે શરીરનો ત્યાગ કરવો-એ વિધિપૂર્વકનો ત્યાગ છે. દેહનો ત્યાગ કરીને મરવું-એ પંડિત મરણ છે. ભગવાનની આજ્ઞા અને અનાજ્ઞા બે ભેગી હોય તેનું બાલપંડિત મરણ કહેવાય. અને જેઓ શરીરનું મમત્વ રાખીને બેઠા છે અને ભગવાનની આજ્ઞા બિલકુલ પાળતા નથી-તેમનું બાલમરણ થાય છે. આપણે જો પંડિતમરણથી મરવું હોય તો શરીરનું મમત્વ છોડવું જ પડશે. જેને શરીર પર પણ મમત્વ ન હોય તેને સ્થાન ઉપર મમત્વ જાગવાનું કોઈ કારણ નથી. સાધુ એક સ્થાને રહી જાય તો મમત્વ જાગવાનું. શરીરનું સંઘયણબળ ક્ષીણ થાય ત્યારે પણ મમત્વ ન જાગે તે રીતે રહેવાનું. સુખ ઉપર મમત્વ ન જાગે એ ધર્મ કરવાની પહેલી લાયકાત છે. આ રીતે સાપેક્ષયતિધર્મનું વર્ણન કરીને હવે નિરપેક્ષયતિધર્મનું સ્વરૂપ સમજાવે છે.

**निरपेक्षयतिधर्मस्त्विति ।।८८।। (३५७)**

**वचनगुरुतेति ।।८९।। (३५८)**

ગચ્છની અપેક્ષા જેમાં નથી તેવો નિરપેક્ષયતિધર્મ હવે જણાવે છે. આ નિરપેક્ષયતિઓને માટે નિયમ એવો છે કે તેઓ ભગવાનના વચનને જ ગુરુ માને. દીક્ષા લેતી વખતે ગુરુ કર્યા હોય ત્યાર બાદ ગુરુની આજ્ઞાનું પાલન કરીને તેઓ જિનકલ્પ સ્વીકારવા માટે સમર્થ બન્યા હોય છે. સ્થવિરકલ્પી ગુરુના વચન પ્રમાણે

પ્રવૃત્તિ કરે. જ્યારે જિનકલ્પી આગમ-શાસ્ત્રના વચન પ્રમાણે પ્રવૃત્તિ કરે. સ્થવિરકલ્પી ઘણી વાર શાસ્ત્રનું વચન હોવા છતાં પણ ગુરુ જો ના પાડે તો પ્રવૃત્તિ ન કરે. જિનકલ્પી મહાત્માઓને સર્વ પ્રવૃત્તિ અને નિવૃત્તિના વિષયમાં આગમનું વચન જ પ્રમાણ હોય. ભગવાનના વચનમાં અપવાદ ન સેવે તેવો જિનકલ્પીનો આચાર છે. જેઓને સાડા નવ પૂર્વથી અધિક અને પોણા દસ પૂર્વથી ઓછું જ્ઞાન હોય તેઓ જિનકલ્પ સ્વીકારે છે. જેઓએ આગમને ગુરુ માનવાના છે, તેમની પાસે આગમનું જ્ઞાન તો હોવું જોઈએ ને? તેથી તે પૂર્વધર મહાત્મા હોય, પરંતુ દશપૂર્વથી ઓછું જ્ઞાન હોય તો જ જિનકલ્પ સ્વીકારે. દશપૂર્વધર મહાત્માઓ તો અમોઘ દેશનાના ધણી હોય છે. તીર્થંકરોની દેશના જેમ નિષ્ફળ નથી જતી તેમ આ મહાપુરુષોની દેશના પણ અમોઘ હોય છે. તેથી તેઓ આ દેશનાલબ્ધિથી અપૂર્વ નિર્જરા સાધતા હોવાથી તેમને જિનકલ્પ સ્વીકારવાની આજ્ઞા નથી.

સાડા નવ પૂર્વના જ્ઞાનવાળા બધા જ જિનકલ્પ સ્વીકારે એવો નિયમ નથી. પરંતુ જે જિનકલ્પ સ્વીકારે તેણે સાડા નવ પૂર્વ સુધીનું જ્ઞાન મેળવેલું હોવું જ જોઈએ. માત્ર આગમને જ ગુરુ માનવા જેટલી સ્વતંત્રતા જ્ઞાન વિના મળતી નથી. સ્વતંત્રતા માટે જ્ઞાનની જરૂર છે. સ્વચ્છંદતા અજ્ઞાનમૂલક હોય છે. આજે અજ્ઞાનીઓને પરતંત્ર બનવું નથી ગમતું, તેમને સ્વચ્છન્દી બનવું છે. સ્વતંત્રતા અને સ્વચ્છંદતામાં થોડો ફરક છે. સ્વતંત્ર તેને કહેવાય કે જેનામાં કોઈ પણ વિષયમાં જાતે નિર્ણય લેવાની યોગ્યતા હોય, પરાધીન ન હોય. જ્યારે સ્વચ્છંદ તેને કહેવાય કે જે પોતાના છંદ(મન) પ્રમાણે જીવે. સ્વચ્છંદતા એ દોષ છે. સ્વતંત્રતા ગુણરૂપ પણ હોઈ શકે. આગમના અર્થ કરવામાં જેઓ સ્વતંત્ર છે તેવા જિનકલ્પી મહાત્માઓ હોય છે. જ્ઞાની જ્ઞાનને વશ હોય અજ્ઞાની, જ્ઞાનીગુરુને વશ હોય. જ્યાં સુધી જ્ઞાન ન મળે ત્યાં સુધી સ્વચ્છંદી ન બનવું અને સ્વતંત્ર બનવાની ઉતાવળ ન કરવી. આ જિનકલ્પી મહાત્માઓનો આચાર અહીં ટૂંકમાં વર્ણવ્યો છે.

**तथा – अल्पोपधित्वमिति ।।९०।। (३५९)**

સ્થવિરકલ્પીની અપેક્ષાએ આ મહાત્માઓની વસ્ત્રપાત્રાદિ ઉપાધિ અલ્પ હોય છે. જેઓને કરપાત્રની લબ્ધિ મળે તેઓ પાત્ર રાખતા નથી. હાથમાં વહોરાવે છતાં ઢોળાય નહિ અને ઉપર શિખા થાય આ ક્ષયોપશમભાવની લબ્ધિ છે. આવી લબ્ધિ જેની પાસે ન હોય તે વસ્ત્રપાત્ર પણ રાખે.

### तथा - निष्प्रतिकर्मशरीरतेति ।।९१।। (३६०)

શરીરનું કોઈ પણ જાતનું પ્રતિકર્મ-સારસંભાળ લેવાનું કામ ન કરે. ગમે તેવા રોગાદિ આવે, કાંટો વાગે તોપણ કાઢે નહિ, સહન કરી  લે.

### अपवादत्याग इति ।।९२।। (३६१)

આચારપાલનમાં ઉત્સર્ગે જ ચાલે, અપવાદમાર્ગનું સેવન ન કરે. છ મહિના સુધી નિર્દોષ આહાર ન મળે તો ઉપવાસ કરી શકે. એ મહાત્માઓ કારણ ઉપસ્થિત થાય ત્યારે પણ નિર્દોષ મળે તો જ લે. છે માટે વાપરવું એ અવિરતિ છે, જરૂર છે માટે વાપરવું તે વિરતિ છે અને જરૂર હોય તોય નિર્દોષ જ વાપરવું - તે નિરપેક્ષયતિધર્મ છે. છ મહિના સુધી સ્થંડિલભૂમિ જો નિર્દોષ ન મળે તો સ્થંડિલમાત્રું કર્યા વિના પણ રહી શકે- આવું સામર્થ્ય તેમની પાસે હોય છે. તેથી તેઓ અપવાદનો ત્યાગ કરે છે.

### तथा - ग्रामैकरात्रादिविहरणमिति ।।९३।। (३६२)

ગામ કે નગરાદિમાં જો પોતે જણાઈ જાય કે 'જિનકલ્પી મહાત્મા આવ્યા છે' તો એક જ રાત્રિમાં ત્યાંથી વિહાર કરી જાય. કારણ કે જ્ઞાત થયા પછી આહારાદિ નિર્દોષ ન મળી શકે, દોષની સંભાવના રહે. અને ન જણાય તો બે રાત્રિ રોકાઈને વિહાર કરી જાયઃ આ વાત જેણે પ્રતિમાસ્વરૂપ નિરપેક્ષ યતિધર્મ સ્વીકાર્યો હોય તેના માટે છે. બાકી બીજા જિનકલ્પિક, શુદ્ધપરિહારવિશુદ્ધિ ચારિત્રવાળા જ્ઞાત હોય કે અજ્ઞાત હોય, તેઓ એક માસ સુધી શેષ કાળમાં એક સ્થાને રહે.

### तथा - नियतकालचारितेति ।।९४।। (३६३)

નિયત કાળે, ત્રીજા પ્રહરે ભિક્ષા માટે જાય તેમ વિહાર પણ ત્રીજા પ્રહરે જ કરે. કાળ વીતી જાય તો ભિક્ષાએ ન જાય. વિહાર કરતી વખતે ત્રીજો પ્રહર જ્યાં પૂરો થાય ત્યાં ઊભા રહી જાય.

### तथा - प्राय ऊर्ध्वस्थानमिति ।।९५।। (३६४)

મોટા ભાગે કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઊભા જ રહે. કોઈ વાર બેસવું પડે તોપણ તે ઊભડક પગે જ બેસે, પલાંઠી વાળીને ક્યારે ય ન બેસે. આ મહાત્માઓ ઊંઘતા નથી. જે જ્ઞાની હોય તે ઊંઘી ન શકે. સાડા નવ પૂર્વ સુધીનું અધ્યયન કર્યું હોય

તેને સ્વાધ્યાય ખૂટે જ નહિ; તેને સમય ઓછો જ પડે. અજ્ઞાની શાંતિથી ઊંઘી શકે. જેની પાસે જોખમ સાચવવાનું હોય તે ઊંઘી શકે નહિ. તેમ આ મહાત્માઓ પણ કાઉસ્સગ્ગધ્યાનમાં ઊભા રહેતા હોય છે.

**तथा – देशनायामप्रबन्ध इति ।।९६।। (३६५)**

જિનકલ્પી મહાત્માઓ દેશના કે ઉપદેશ આપતા નથી. પોતાની આરાધના માટે જિનકલ્પ સ્વીકાર્યો હોવાથી બીજાની હિતચિંતા કરતા નથી. જ્ઞાની હોય એટલે બોલ્યા કરે એવું નહિ. તમારી પાસે પુષ્કળ પૈસો હોવા છતાં તે ગુપ્ત રાખો, તેમ જ્ઞાનીઓ પોતાના જ્ઞાનનું પ્રદર્શન ન કરે. જ્ઞાની તેને કહેવાય કે જે જ્ઞાનને પચાવી જાણે.

**तथा – सदाऽप्रमत्ततेति ।।९७।। (३६६)**

આ જિનકલ્પી મહાત્માઓ કાયમ માટે નિદ્રાદિ પ્રમાદનો પરિહાર કરનારા હોય છે. વિકથાનો પ્રમાદ તો કરવાનો સવાલ જ નથી. પરંતુ નિદ્રાનો પ્રમાદ પણ તેઓ સેવતા નથી.

**तथा – ध्यानैकतानत्वमितीति ।।९८।। (३६७)**

તેમ જ આ મહાત્માઓ કાયમ માટે ધર્મધ્યાનમાં મગ્ન હોય છે. તેમનું ચિત્ત ધર્મધ્યાનમાં જ લીન હોય છે. આ રીતે સાપેક્ષ અને નિરપેક્ષયતિધર્મનું વર્ણન પૂરું કર્યું. હવે એ યતિધર્મનું ફળ જણાવે છે.

**सम्यग्यतित्वमाराध्य महात्मानो यथोदितम् ।**
**सम्प्राप्नुवन्ति कल्याणमिह लोके परत्र च।।२८।।**

આ રીતે શાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે જે મહાત્માઓ સમ્યક્પણે યતિધર્મનું આરાધન કરે છે તેઓ આ લોકમાં અને પરલોકમાં કલ્યાણના ભાજન બને છે. આ લોકમાં નિર્જરા સાધવા દ્વારા કલ્યાણ પામે છે અને પરભવમાં મોક્ષરૂપ કલ્યાણને પામે છે. આ લોક અને પરલોકનું કલ્યાણ કઈ રીતે થાય છે તે માટે જણાવે છે:

**क्षीराश्रवादिलब्ध्योघमासाद्य परमाक्षयम् ।**
**कुर्वन्ति भव्यसत्त्वानामुपकारमनुत्तमम्।।२९।।**

યતિધર્મના આરાધક આત્માઓ પરમ એટલે સર્વથા સુંદર અને ક્ષય ન પામે એવી ક્ષીરાશ્રવાદિલબ્ધિના સમૂહને ધારણ કરનારા બને છે. આ ક્ષીરાશ્રવાદિ લબ્ધિ

તેને કહેવાય છે કે જેમાં શ્રોતાઓને સાંભળતી વખતે દૂધ જેવી, મધજેવી કે અમૃતજેવી મીઠાશનો અનુભવ થાય. એ મહાત્માઓના વચનમાં આવું સામર્થ્ય પ્રગટે એ ક્ષીરાશ્રવાદિ લબ્ધિઓનો પ્રભાવ છે. આ લબ્ધિઓ ક્ષયોપશમભાવની છે. આ લબ્ધિઓ પામીને એ મહાત્માઓ ભવ્યજીવો ઉપર અત્યંત ચઢિયાતો ઉપકાર કરનારા બને છે. આ લોકમાં ઉપકાર સ્વરૂપ ફળને પામીને પરલોકમાં મોક્ષરૂપ ફળ પામે છે તે જણાવે છે:

**मुच्यन्ते चाशु संसारादत्यन्तमसमञ्जसात् ।**
**जन्ममृत्युजराव्याधिरोगशोकाद्युपद्रुतात् ।।३०।।**

યતિધર્મની આરાધના કરનારા આત્માઓ જલદીથી અસમંજસ અને જન્મ-મૃત્યુ-જરા-વ્યાધિ-રોગ શોક વગેરે ઉપદ્રવથી વ્યાપ્ત એવા સંસારથી મુકાય છે. અસમંજસ તેને કહેવાય કે જેનું સ્વરૂપ જરા પણ યુક્ત ન હોય. આ સંસારમાં એક પણ વસ્તુ સંગત નથી. આપણી ધારણા બહારનું અને આપણી સમજણમાં ન બેસે એવું વિચિત્ર સ્વરૂપ આ સંસારનું છે. આ સંસાર જન્મ, મરણ, વૃદ્ધાવસ્થા, વ્યાધિ (તરત મારનારો રોગ), રોગ (કાલાન્તરે મારનારો રોગ), શોક તેમ જ માનસિક સંતાપ આદિ ઉપદ્રવોથી વ્યાપ્ત છે. આધિ એટલે મનનું દુ:ખ, વ્યાધિ એટલે શરીરનું દુ:ખ અને ઉપાધિ એટલે સંયોગોના કારણે ઉદ્ભવેલું દુ:ખ આવા અનેક પ્રકારનાં દુ:ખોથી આ સંસાર વ્યાપ્ત છે. આવા દુ:ખમય અને વિચિત્ર એવા સંસારથી જલદી મુક્ત થઈએ-આ જ યતિધર્મનું ફળ છે.

★★★★★

# છઠ્ઠો અધ્યાય

**आशयाद्युचितं ज्यायोऽनुष्ठानं सूरयो विदुः।**
**साध्यसिद्ध्यङ्गमित्यस्माद्यतिधर्मो द्विधा मतः।।१।।**

અનંતોપકારી શ્રી અરિહંતપરમાત્માના પરમતારક શાસનના પરમાર્થને પામેલા સૂરિપુરંદર આચાર્યભગવંત શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ ધર્મબિંદુ પ્રકરણમાં ગૃહસ્થધર્મ પછી યતિધર્મનું સ્વરૂપ જણાવેલું. તેમાંથી પાંચમા અધ્યાયમાં યતિધર્મનું સ્વરૂપ સામાન્યથી સમજાવેલું, હવે છઠ્ઠા અધ્યાયની શરૂઆત કરવી છે. ગૃહસ્થની ઇચ્છા સાધુ થવાની જ હોય, તેથી આગળના અધ્યાયનું વર્ણન તમારી આગળ કરવું છે. જેટલા પણ ધર્મના અર્થી હોય તે સાધુપણાના અર્થી હોય જ. કારણ કે સાધુપણામાં એકાન્તે ધર્મ છે, જ્યારે ગૃહસ્થપણામાં કથંચિદ્ ધર્મ અને કથંચિદ્ અધર્મ છે. પરિપૂર્ણ ધર્મની પ્રાપ્તિ પણ આ સાધુપણાથી જ થાય છે. તીર્થંકરપરમાત્માએ પણ આ સાધુધર્મ પહેલાં બતાવેલો. ત્યારે જેઓ સાધુ થઇ ન શક્યા તેઓ સાવ ધર્મ વગરના રહી ન જાય તેના માટે ગૃહસ્થપણાનો ધર્મ બતાવેલો. આપણને સાધુપણા સિવાયનો ધર્મ ગમે છે, ફાવે છે. જ્યારે આ મહાપુરુષો આપણને સાધુધર્મ સમજાવવા માંગે છે. દીક્ષા મળે કે ન મળે, દીક્ષાનું અર્થીપણું તો નાશ ન જ પામવું જોઇએ ને? તમારે ત્યાં પણ શું છે? પૈસો મળે કે ન મળે પૈસાનું અર્થીપણું તો હોય જ ને? છેલ્લી ઘડીએ પણ કોઇ ઉઘરાણી આપવા આવે તો જતી કરો કે દીકરાને અપાવો? ઇચ્છાયોગનો બધો ધર્મ પહેલા ગુણઠાણે પ્રાપ્ત થાય છે. આજે સાધુપણાની ઇચ્છા જ નથી રહી ને? આ તો અમારી નિશ્રામાં અનુષ્ઠાન કરાવવા આવે, પરંતુ કાયમ માટે નિશ્રા મળતી હોય તો નથી જોઇતી. અનુષ્ઠાનનું મહત્ત્વ કે નિશ્રાનું મહત્ત્વ! જો નિશ્રાનું મહત્ત્વ હોય તો અનુષ્ઠાન કરવા માટે ઘરમાં રહેવું છે કે ચોવીસે કલાકની નિશ્રા પામવા માટે અનુષ્ઠાન છોડીને સાધુ થવું છે? આજે ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ નથી માટે ચારિત્ર નથી મળતું એવું નથી, ચારિત્રની ઇચ્છા જ નથી માટે ચારિત્ર મળતું નથી.

સ.ચારિત્રનું અર્થીપણું ક્યારે જાગે? ચારિત્રમોહનીય તૂટે તો ને?

મિથ્યાત્વમોહનીયનો ક્ષયોપશમ જાગે તો ચારિત્રનું અર્થીપણું જાગે. ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ પ્રગટવાથી તો ચારિત્ર મળે. ગૃહસ્થપણાનો બધો ધર્મ

સાધુ થવાની ઇચ્છાથી જ કરાયેલો હોવો જોઇએ. વિરતિની છાયા દરેક ધર્મમાં પડવી જોઇએ, તેના બદલે આપણી વિરતિમાં પણ અવિરતિ જ ડોકિયા કરતી હોય છે ને?

સ. ચારિત્રની ઇચ્છા ટકતી જ નથી.

ચારિત્રની ઇચ્છા થયા પછી તેને ટકાવવા માટે પુરુષાર્થ કર્યો છે ખરો? ઉપરથી આ ચારિત્રની ઇચ્છા તો છાસઠ સાગરોપમ સુધી ટકાવી શકાય એવી છે. પૈસો તો વધુમાં વધુ કરોડપૂર્વ સુધી રહે. જ્યારે ચારિત્રની ઇચ્છા તો છાસઠ સાગરોપમ સુધી રહી શકે છે. પૈસા ટકાવવા સહેલા છે કે સમ્યગ્દર્શન ટકાવવું સહેલું? ઉપરથી સમ્યગ્દર્શન ટકાવવાનું સહેલું છે. એ તો પ્રમાદ કરીએ તો જ સમ્યગ્દર્શન જાય. પૈસો કયારેય સ્થાયી ન બની શકે. જ્યારે સમ્યક્ત્વ તો ક્ષાયિકભાવનું મળે તો સ્થાયી બની જાય. આમ છતાં પૈસા માટે જ પ્રયત્ન કરવો છે, પણ સમ્યક્ત્વ પામવા કે ટકાવવા માટે પુરુષાર્થ નથી કરવો ને?

છઠ્ઠા અધ્યાયની શરૂઆતમાં જણાવ્યું છે કે આશયને ઉચિત અનુષ્ઠાન હોય તે શ્રેષ્ઠ કોટિનું મનાય છે. આજે આપણાં અનુષ્ઠાન સાધુપણાના આશય વિનાનાં જ છે ને? ગૃહસ્થપણાનાં દરેક અનુષ્ઠાનમાં સાધુપણું યાદ કરાવ્યું છે. પરમાત્માનું ચૈત્યવંદન કરતી વખતે સ્તવન બોલવા પહેલાં પણ 'જાવંત કે વિ સાહૂ' સૂત્રથી સાધુપણું યાદ કરાવ્યું છે. આશય એટલે ચિત્તવૃત્તિ-ચિત્તના પરિણામ. સાપેક્ષયતિધર્મનું પાલન કર્યા બાદ નિરપેક્ષ યતિધર્મ પાળવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે. જેની પાસે સાડા નવ પૂર્વથી અધિક અને દસ પૂર્વથી ઓછું જ્ઞાન હોય તે જ જિનકલ્પ સ્વીકારી શકે છે. અહીં જણાવે છે કે ચિત્તની વૃત્તિને અનુરૂપ જે અનુષ્ઠાન હોય છે તે શ્રેષ્ઠ છે. જેમાં ચિત્ત જ ન હોય એ અનુષ્ઠાનમાં ભલીવાર ન આવે. ત્યાર બાદ જણાવે છે કે શ્રુતની સંપત્તિને અનુરૂપ અનુષ્ઠાન કરવું. આશય જોયા પછી જ્ઞાન કેટલું છે-એ વિચારીને પ્રવૃત્તિ કરવી. ત્યાર બાદ શરીરનું સંઘયણ જોવું અને ત્યાર બાદ પરોપકાર કરવાની શક્તિ જોવી. શાસ્ત્રમાં જણાવ્યું છે કે દસપૂર્વથી અધિક જ્ઞાનવાળા અમોઘ દેશનાના ધણી હોય છે. તેથી જિનકલ્પ સ્વીકારવાથી જેટલી નિર્જરા થાય તેના કરતાંય અધિક નિર્જરા આ રીતે દેશના દ્વારા પરોપકાર કરવાથી થાય છે. અહીં એટલું યાદ રાખવું કે જે સ્વોપકારની ઉપેક્ષા કરે તે પરોપકાર ન કરી શકે. પોતાને ભણુવાનું બાકી હોય તે બીજાને ભણાવવા બેસે તો એ પ્રવૃત્તિ પરોપકારમાં ન ગણાય.

પાંચમા અધ્યાયમાં સાપેક્ષયતિધર્મ જણાવ્યા બાદ છઠ્ઠા અધ્યાયમાં નિરપેક્ષયતિ

ધર્મ જણાવ્યો છે. બેમાંથી કયો સારો છે-એવું વિચારવાની જરૂર નથી. પોતપોતાની ભૂમિકાને ઉચિત જે અનુષ્ઠાન હોય તે તેમના માટે સારું જ છે. કોણ આગળ છે અને કોણ પાછળ છે-એ જોવાના બદલે ભગવાનના માર્ગમાં છે- એટલું જ જોવું છે. અઢિયાતું આચરણ હોય તે મોક્ષે પહોંચાડે અને કનિષ્ઠ આચરણ ન પહોંચાડે એવું નથી. પોતાની કક્ષાને, પોતાની ચિત્તવૃત્તિને ઉચિત એવું અનુષ્ઠાન મોક્ષનું કારણ છે. આ જ આશયથી કહ્યું છે કે અપવાદના સ્થાને સેવેલો અપવાદ પણ માર્ગ છે.

નિરપેક્ષયતિધર્મની આરાધના કરનારા સારા છે અને સાપેક્ષયતિધર્મ આરાધનારા હીન કક્ષાના છે - એવું નથી. બન્ને કલ્પની આરાધના પોતપોતાની કક્ષા અનુસાર ભગવાનની આજ્ઞા મુજબ કરવામાં આવે તો તે આરાધના શ્રેષ્ઠ છે. ચારિત્રધર્મ એક જ પ્રકારનો છે. તેમાં જે ભેદ પડે છે તે જીવોના આશયાદિના ભેદના કારણે છે. આ રીતે આશયાદિને ઉચિત અનુષ્ઠાન જ યોગ્ય હોવાથી જ યતિધર્મ બે પ્રકારનો જણાવ્યો છે. 'આશયાદિ'માં 'આદિ' પદથી શું લેવાનું છે તે ટીકામાં જણાવ્યું છે કે ચિત્તવૃત્તિની સાથે શ્રુતની પ્રાપ્તિ, શરીરનું સંઘયણ અને પરોપકારની શક્તિ વગેરેમાં ભેદ હોવાથી યતિધર્મમાં બે ભેદ પડ્યા છે. જિનકલ્પ મહાન છે અને સ્થવિરકલ્પ હીન છે એવું નથી. ભગવાનની આજ્ઞા મુજબના અનુષ્ઠાનમાં નાના મોટાનો ભેદ પાડવાનું કામ તો આપણો મતિભ્રમ કરે છે. આપણી દૃષ્ટિએ જે નાનામાં નાનું અનુષ્ઠાન હોય તે મોટાનું કારણ બને અને મોટામાં મોટું અનુષ્ઠાન લાગે તે નિષ્ફળ જાય એવું ય બને. માષતુષમુનિએ માત્ર 'મા રુષ' અને 'મા તુષ' આ બે જ પદ ગોખવાનું કામ બાર વરસ સુધી કર્યું. તેમાં ય 'મા તુષ' ના સ્થાને 'માસ્તુષ' થઇ જતું હતું. છતાં ય આવી જ્ઞાનની સાધનાના અંતે કેવળજ્ઞાન પામી ગયા. જ્યારે ચૌદ પૂર્વધરો આટલું અધ્યયન કરવા છતાં પણ નિગોદમાં જાય છે.

સ૦ માષતુષ મુનિમાં વિશેષતા કઇ હતી?

તેમને વિધિ પ્રત્યે પ્રેમ હતો, વિધિબહુમાન હતું. જ્યાં સુધી સૂત્ર કંઠસ્થ ન થાય ત્યાં સુધી અનુજ્ઞા ન થાય અને અનુજ્ઞા ન થાય ત્યાં સુધી આયંબિલ ચાલુ રાખવાં પડે. તેથી તેમણે બાર વરસ આયંબિલ ચાલુ રાખ્યાં અને મા રુષ, મા તુષ ગોખવાનું ચાલુ રાખ્યું. આ જ એમની વિશેષતા હતી. આપણે ત્યાં કાજો લેવો એ અનુષ્ઠાન નાનું છે અને વ્યાખ્યાન આપવું એ અનુષ્ઠાન મોટું છે - એવું નથી, એ જ રીતે સૂત્ર ગોખવું એ નાનું અનુષ્ઠાન અને અર્થ ગોખવો એ મોટું અનુષ્ઠાન એવું નથી,

પાણી લાવવું એ નાનું અનુષ્ઠાન અને ગોચરી લાવવી એ મોટું અનુષ્ઠાન એવું કશું નથી. પોતાની કક્ષા અને ભગવાનની આજ્ઞાને અનુરૂપ અનુષ્ઠાન હોય તે નિર્જરાનું કારણ બને. અને જે નિર્જરાનું કારણ બને તે અનુષ્ઠાન ચઢિયાતું છે. આશયને અનુરૂપ અનુષ્ઠાન કરવાનું છે. આપણે પહેલા અનુષ્ઠાન કરવાનું નક્કી કરીએ, શાસ્ત્રકારો કહે છે કે પહેલાં આશય કેળવવાનો પછી તેને અનુરૂપ અનુષ્ઠાન કરવાનું. પહેલાં તરવાનો ભાવ જોઇએ પછી સાધુ થવાનું. તરવાનો ભાવ જેને ન હોય તે ગમે તેટલું ઊંચામાં ઊંચું અનુષ્ઠાન કરે તોપણ તે તારક બનતું નથી. જિનકલ્પ કે સ્થવિરકલ્પ આશયાદિને અનુરૂપ સ્વીકારવાનો છે. જિનકલ્પ સામાન્યથી તેઓ સ્વીકારે છે કે જેઓ એ ભવમાં મોક્ષે જવાના નથી - એવું જ્ઞાનથી જાણે છે. આથી જ પોતાના એ ક્લિષ્ટ કર્મની નિર્જરા માટે તેઓ જિનકલ્પ સ્વીકારે છે. જિનકલ્પને આરાધનારા કોઇ તે ભવે મોક્ષે ગયા નથી, અનંતા આત્માઓ સિદ્ધગિરિ ઉપર મોક્ષે ગયા છે તે સ્થવિરકલ્પની આરાધનામાં અનશન કરીને મોક્ષે ગયા છે.

સ૦ જિનકલ્પી એ ભવમાં મોક્ષે જતા નથી તો સ્તવનમાં જિનકલ્પીપણું કેમ માંગ્યું છે?

જિનકલ્પીપણું તો ઉત્કટ કોટિના ચારિત્રની આરાધના કરવા માટે માંગ્યું છે. જે પોતાની જાતને ભારેકર્મી માને તેને એ ક્લિષ્ટ કર્મ ખપાવવા માટે જિનકલ્પને આરાધવાનું મન થાય ને? આપણે આપણી જાતને લઘુકર્મી માનીને પ્રમાદ કરવાની જરૂર નથી. આપણે ભારેકર્મી છીએ તેથી જ આટલી સુંદર સામગ્રી મળવા છતાં આરાધના થતી નથી. તેથી આ ભવોભવનો કચરો સાફ કરવા માટે પ્રમાદ છોડીને અપ્રમત્ત બનવું છે. આથી જ મહાપુરુષોએ સ્તવનમાં ગાયું છે કે 'મુજ સરીખા પથ્થર જો તારો', 'મુજ સરીખા મેવાસીને પ્રભુ જો તું તારે.' આપણને આપણી જાત પથ્થરજેવી, મેવાસી અર્થાદ્ ચાર ગતિમાં રખડનાર પ્રવાસીજેવી લાગે તો જ આપણો ઉદ્ધાર થાય.

આ રીતે આશયાદિને ઉચિત અનુષ્ઠાન શ્રેષ્ઠ છે, કારણ કે તે સાધ્યની સિદ્ધિનું કારણ છે. અહીં 'સાધ્ય'ની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે સકલક્લેશક્ષય સ્વરૂપ મોક્ષ સાધ્ય છે. આપણે મોક્ષને અનંતસુખમય તરીકે ઓળખીએ ને? જ્યારે અહીં શાસ્ત્રકારશ્રીએ સકલ ક્લેશના ક્ષય સ્વરૂપે મોક્ષને જણાવ્યો છે. કારણ કે આપણી દશા એવી છે કે જો સુખ મળતું હોય તો દુઃખ પણ ચાલે એવું છે. જ્યારે આ

મહાપુરુષોનો આશય એ છે કે સુખ નહિ મળે તો ચાલશે, પણ દુ:ખ તો બિલકુલ ન જોઇએ. આ સંસાર ક્લેશથી ભરેલો છે જ્યારે મોક્ષ સકલ ક્લેશથી રહિત છે. તમે દવા પણ લો તો રોગ કાઢવા માટે લો ને? તેમ ધર્મ પણ સંસારને કાઢવા માટે કરવાનો છે. શાલિભદ્રજી પાસે સુખ તો ઘણું હતું, પરંતુ પોતાના માથે સ્વામી છે – એ ક્લેશ સહન ન થવાથી જ દીક્ષા લેવા નીકળ્યા હતા ને? આપણા જેવા તો આટલું સુખ મળતું હોય તો થોડો ક્લેશ ચલાવી લઇએ ને? આ સંસારમાં રાગ અને દ્વેષ : આ બે મોટા ક્લેશ છે. જેણે રાગ અને દ્વેષને જીતી લીધા છે તેને અહીં જ મોક્ષ છે. જેના ક્લેશ નાશ પામ્યા હોય તેઓ અહીં જ મુક્ત થાય છે અને જેના ક્લેશ ગયા નથી, જેઓ ક્લેશને આધીન છે તેઓ અનુત્તરમાં ગયા હોય તોપણ તેમનો સંસાર બાકી રહે છે. શ્રી પ્રશમરતિમાં જણાવ્યું છે કે જેઓએ મદ-અહંકાર અને મદન-કામદેવને જીતી લીધો છે, જેઓ મન, વચન, કાયાના વિકારથી રહિત છે તેમ જ જેઓની પરપદાર્થની આશા નિવૃત્ત થઇ ગઇ છે તેવા સુવિહિત સાધુભગવંતોનો મોક્ષ આ સંસારમાં જ છે. આ પ્રમાણે પોતાના આશયાદિને અનુરૂપ જે અનુષ્ઠાન કરવામાં આવે તે જ મોક્ષનું કારણ બને છે, જે અનુષ્ઠાન પોતાની ભૂમિકાને ઉચિત ન હોય તે અનુષ્ઠાન તો રાગદ્વેષનું કારણ બને છે.

હવે આશયાદિને ઉચિત અનુષ્ઠાન જ સાધ્યની સિદ્ધિનું કારણ કઇ રીતે બને છે તે આગળની ગાથાથી જણાવે છે.

**समग्रा यत्र सामग्री तदक्षेपेण सिद्ध्यति।**
**दवीयसाऽपि कालेन वैकल्ये तु न जातुचित्।।२।।**

જેને મોક્ષે જવું હોય તે મોક્ષની સામગ્રી ભેગી કરવા માટે પ્રયત્ન કર્યા વિના ન રહે. જે મળે તેનાથી કામ ચલાવવાના બદલે જેની જરૂર છે તે મેળવ્યા વિના રહેવું નથી-આટલું નક્કી કરવું છે ને? આજે આપણે જે મળ્યું છે તે છૂટી ન જાય તેનો પ્રયત્ન કરીએ છીએ, પરંતુ જે બાકી છે તેની ઉપર નજર જ માંડતા નથી. જ્યારે ધંધામાં ઊંધું છે. ત્યાં તો જે મળ્યું છે તેની તરફ નજર નથી, જે બાકી છે તેની ઉપર જ નજર મંડાયેલી હોય છે. એ રીતે અહીં પણ જે ખૂટે છે તે મેળવવા, પૂરું કરવા પ્રયત્ન કરવો છે. ગુરુભગવંત શ્રુતજ્ઞાન આપશે પણ ગુણઠાણું પામવાનું કામ તો આપણે જાતે કરવું પડે. ગુરુભગવંત માર્ગ બતાવે, તે માર્ગ ઉપર પગલાં જેટલી સ્થિરતાથી માંડીએ તેટલું આગળ વધાશે અને આગળ વધતાં નવો નવો માર્ગ

સૂઝ્યા કરશે. અમારાં સાધુસાધ્વીને પણ પ્રતિક્રમણ રહી ન જાય, સ્વાધ્યાય રહી ન જાય, વિનય રહી ન જાય એની ચિંતા છે, પરંતુ કેવળજ્ઞાન બાકી રહ્યું છે તે કેવી રીતે મેળવીશું એની ચિંતા જ નથી. જે મળ્યું છે તેને સમગ્ર માનીને બેઠા છીએ તેથી સામગ્રી પરિપૂર્ણ બનતી નથી. તમને તમારાં પૂજા-સામાયિકમાં સંતોષ છે તેથી સાધુપણું મળતું નથી અને અમને અમારી સાધુપણાની ક્રિયામાં સંતોષ છે તેથી કેવળજ્ઞાન મળતું નથી. જૈન કુળમાં જનમ્યા પછી સાધુ થવું છે અને સાધુપણું પામ્યા પછી સર્વજ્ઞ થવું છે. સાધુપણું લીધા પછી પગ પહોળા કરીને બેસે તેને કેવળજ્ઞાન ન મળે. જેઓ સાધુપણું લીધા પછી ઇન્દ્રિયો, વિષય, કષાય ઉપર જય મેળવે તેમને કેવળજ્ઞાન વહેલું મળે એવું છે. જે જ્ઞાની હોય, જે સમજદાર હોય તે ભોગવવા માટે મહેનત ન કરે, છોડવા માટે મહેનત કરે. આપણે સામગ્રી પરિપૂર્ણ કરવી છે. નિરપેક્ષયતિધર્મ સુધી પહોંચ્યા પછી પણ કેવળજ્ઞાન ન મળતું હોય તો તેનું કારણ સામગ્રીની અપૂર્ણતા છે. આ નિરપેક્ષયતિધર્મનું વર્ણન આપણા કામનું નથી - એવું માનવાની જરૂર નથી. તમારે સાપેક્ષયતિધર્મ કે નિરપેક્ષયતિધર્મ જોઇતો નથી તો આ વર્ણન શા માટે - એવું ન વિચારશો. કારણ કે આ વર્ણન, સામગ્રીની પૂર્ણતા જ સાધ્યને સિદ્ધ કરે છે. એ જણાવવાં માટે છે. પાંચ અધ્યાય સુધીમાં તો માત્ર મોક્ષનાં અંગો ભેગાં કર્યાં હતાં, હવે આ છઠ્ઠા અધ્યાયમાં સમગ્ર અંગની પૂર્ણતા કરવાનું જણાવે છે. સાધુપણું કેમ નથી મળતું? સામગ્રી ખૂટે છે માટે ને? કઇ સામગ્રી ખૂટે છે - એનો વિચાર કર્યો? શક્તિ નથી? ઉલ્લાસ નથી? કે ભાવના નથી? ભાવના ન થતી હોય તો ભાવના પેદા થાય તેવું કરી આપું. સુખ છોડવાનું અઘરું લાગતું હોય તો ગુરુ પાસે આવીને બેસવું, સુખ ભોગવવાનું મન નહિ થાય. ગુરુકુળવાસમાં રહે તેને મોક્ષનાં બધાં જ અંગો પ્રાપ્ત થાય છે. તમને મન ન થતું હોય તો મન થાય એવું જ્ઞાન આપીએ. ભર્તૃહરીને પિંગળાને છોડવાનું મન થતું ન હતું, છતાં જ્ઞાન મેળવ્યું તો ક્ષણવારમાં પિંગળા છૂટી ગઇ ને? તેઓ આટલી સુખસામગ્રીમાં પણ આવો વ્યભિચાર સેવે તે પાત્રને સમજાવવા માટે ન રહ્યા. કારણ કે જે અયોગ્ય હોય તેને સુધારવાના ન હોય, તેને છોડીને નીકળી જવું જોઇએ. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં પણ અયોગ્ય શિષ્યને છોડીને ગયેલા આચાર્યનું કથાનક આપ્યું છે. તમે સમજાવવા બેસો છો માટે જ સંસાર છૂટતો નથી. સામગ્રી જો અધૂરી હશે તો ગમે તેટલો લાંબો કાળ જશે તોપણ સાધ્ય સિદ્ધ નહિ થાય. અને સામગ્રી જો પરિપૂર્ણ હોય તો વિના વિલંબે સાધ્યની સિદ્ધિ થાય છે.

**तस्माद्यो यस्य योग्यः स्यात्तत्तेनालोच्य सर्वथा।**
**आरब्धव्यमुपायेन सम्यगेष सतां नयः।।३।।**

સામગ્રી જ્યાં સુધી પરિપૂર્ણ ન થાય ત્યાં સુધી કાર્ય સિદ્ધ થતું નથી. જેને સવારે રસોઇ કરવી હોય તે રાત્રે જ બધી સામગ્રી ભેગી કરી લે તેમ અહીં પણ જે કાર્ય કરવું હોય તેની સામગ્રી ભેગી કરી લેવી છે. આપણે ધર્મ કરીએ છીએ તે શેના માટે કરીએ છીએ - એનો વિચાર કર્યો છે? સાધ્ય નક્કી હોય તો સામગ્રી ભેગી કરવાની.

સ. કષાય કાઢવા માટે ધર્મ કરીએ છીએ

સાચું કહો છો? કષાય એકલો ક્રોધ જ નથી, માન માયા લોભ પણ કષાય જ છે. જો કષાય ટાળવા હોય તો લોભથી શરૂઆત કરવી પડશે. જેને કષાય કાઢવા હોય તેણે કષાયની સામગ્રી ભેગી ન કરવી, કષાયના અભાવની સામગ્રી ભેગી કરવી. અપેક્ષા રાખીએ, તો ગુસ્સો આવવાનો જ. લોકોએ મારું માનવું જોઇએ - આ માન અને લોભ જ છે, એના કારણે જ ગુસ્સો આવે છે. આ કષાય કાઢવા માટે સૌથી પહેલાં મૌન ધારણ કરવું છે. કોઇ ગમે તેટલું બોલે આપણે એક શબ્દ બોલવો નથી. મનમાં ભલે ગુસ્સો આવ્યો, પણ તે વચનમાં કે કાયામાં નથી લાવવો. સાધુ ભગવન્તને કષાય ન આવે તેનું કારણ એ છે કે કોઇને પોતાનું મનાવવા માટે તેઓ સાધુ નથી થયા, ભગવાનનું માનવા માટે સાધુ થયા છે. આપણે બીજાને આપણી વાત કે સાચી વાત મનાવવી નથી, આપણે ભગવાનની વાત માની લેવી છે. આપણે કશું નહિ બોલીએ તો લોકોને ફાવતું આવી જશે, એવો ડર રાખવાની જરૂર નથી. આપણે માંદા પડ્યા હોઇએ અને હોસ્પિટલમાં જઇએ ત્યારે ઘરના લોકોને કે દુકાનના લોકોને ફાવતું આવી જશે - એનો વિચાર કરવાનો કે આપણે સાજા થઇ જઇએ - એની ચિંતા કરવાની? તેમ અહીં પણ આપણે બીજાને સુધારવાનો વિચાર નથી કરવો, આપણી જાતને સુધારવાનો પ્રયત્ન કરવો છે. બોલેલું સહન નથી થતું - એવી દલીલ ન કરવી. શક્તિ તો આત્મામાં પડેલી જ છે. સહન કરવા માટે શક્તિની નહિ, ભાવનાની જરૂર છે. જેને સહન કરવાની ભાવના હોય તેના માટે કશું અસહ્ય નથી.

સાધ્યની સિદ્ધિ માટે યોગ્યતા પ્રમાણે સામગ્રી ભેગી કરવાની. શિષ્યે અહીં શંકા કરી કે સાધ્યસિદ્ધિ માટે સાધનસામગ્રીની પરિપૂર્ણતા જ કારણ છે તો મારે શું કરવું? ત્યારે શાસ્ત્રકારશ્રીએ સમજાવ્યું કે જે જેને યોગ્ય હોય તેની વિચારણા કરીને તે માટે

પ્રયત્ન કરવો. જે સાપેક્ષયતિધર્મ માટે યોગ્ય હોય તેણે સાપેક્ષયતિધર્મ માટે પ્રયત્ન કરવો. જે નિરપેક્ષયતિધર્મ માટે યોગ્ય હોય તેણે તે માટે પ્રયત્ન કરવો. તમે પણ યતિધર્મને યોગ્ય છો ને? તો પ્રયત્ન કરવો છે? તમને પાંચે ઇન્દ્રિયો પરિપૂર્ણ મળી છતાં તેનો ઉપયોગ પાંચ મહાવ્રત પાળવા માટે ન કર્યો અને પાંચ પ્રકારના વિષયો ભોગવવા પ્રયત્ન કર્યો ને? જે કર્મમલની લઘુતા થવાથી આવા ઉચ્ચકુળમાં જન્મ્યા તે લઘુતાની ઉપેક્ષા કરીને કર્મ વધારવાનો ધંધો માંડ્યો છે ને? તમને તો સંસાર પ્રત્યે વૈરાગ્ય પણ છે ને? જે રાગથી સંસાર માંડેલો તે તો ઓસરી ગયો છે, હવે તો પલાળ્યું છે માટે મુંડાવાનું છે ને? સમર્પણભાવ પણ પત્ની પ્રત્યે છે તેવો ગુરુ પ્રત્યે કેળવી શકાય ને? બધી યોગ્યતા છે માત્ર દીક્ષા લેવાના પરિણામ જ નથી ને? કુટુંબનો મોહ નડે છે માટે દીક્ષા નથી લેતા. કુટુંબની જવાબદારીના કારણે બેઠા છીએ- એવું નથી ને? શ્રેણિક મહારાજાએ પણ અનાથી મુનિને દીક્ષા કેમ લીધી એવું પૂછતી વખતે એ જ પૂછ્યું કે કુટુંબનો મોહ કેવી રીતે છોડયો? તેમણે અનાથી મુનિની કાયાની સુંદરતા જોઇને પૂછેલું કે તમારા શરીરમાં એકે ખામી દેખાતી નથી, સુખ ભોગવવા માટે ઉચિત કાયા હતી છતાં તે ભોગસુખ છોડ્યા શા માટે? આવું જ પૂછેલું ને? અને અનાથી મુનિએ પણ જણાવેલું કે મને રોગ આવ્યા પછી એ રોગથી બચાવવા કોઇ સમર્થ ન હતું તેથી આ અનાથતા ટાળવા, અશરણ અવસ્થા ટાળવા માટે મેં દીક્ષા લીધી. તમારે પણ જો દીક્ષા લેવી હોય તો કુટુંબનો મોહ છોડવા માટે પ્રયત્ન કરવો. કુટુંબનો મોહ છોડવા માટે કુટુંબને છોડવું જ પડશે. કુટુંબની સાથે રહીએ અને કુટુંબનો મોહ છૂટે - એ શક્ય નથી. અત્યંત સત્ત્વશાળી મહાત્માઓ કર્મયોગે સંસારમાં રહેવા છતાં કુટુંબના મોહને ટાળવા સમર્થ બને છે- એ જુદી વાત છે. આપણી પાસે એટલું સત્ત્વ નથી તેથી ધીરે ધીરે કુટુંબનો મોહ ઉતારવો છે. અને મોહ ઉતારવા માટે કુટુંબથી અળગા થવું છે. એક રાજાએ પરદેશથી કાચની દસ બરણીઓ લાવીને વસાવેલી. એ બરણીઓ ઉપર તેને એટલો મોહ હતો કે એ બરણી જો કોઇના હાથે તૂટી જાય તો તેને ફાંસીની સજા કરવામાં આવશે-એવું રાજાએ જણાવેલું. એક વાર એક દાસીના હાથે એક બરણી તૂટી ગઇ. પેલી દાસી તો થરથર ધ્રૂજવા માંડી. એટલામાં ત્યાં એક સંન્યાસી આવ્યો. તેણે દાસીને ધ્રૂજતી જોઇને પૂછ્યું. દાસીએ જણાવ્યું કે આજે મારા હાથે આ બરણી તૂટી ગઇ છે તેથી આજે સાંજે મારું મોત છે. એ સંન્યાસીએ પૂછ્યું કે બીજી બરણીઓ ક્યાં છે? દાસીએ બતાવી. સંન્યાસીએ પોતાના દંડથી બાકીની પણ બરણીઓ ફોડી નાંખી. રાજાને આ

વાતની ખબર પડી. રાજાએ આવીને સંન્યાસીને પૂછ્યું કે આ શું કર્યું? સંન્યાસીએ કહ્યું કે નવ જણની ફાંસી બચાવી. આમેય આ બરણીઓ આજે નહિ તો કાલે ફૂટવાની જ હતી ત્યારે તમે બીજાને ફાંસી આપત, એના બદલે મેં જ બધી ફોડી નાંખી, તેથી મારે એક જ વાર ફાંસીએ ચઢવું પડશે. સંન્યાસીએ રાજાની આંખો ખોલી. પણ એ બરણીઓ ફૂટી ગઇ તો રાજાનો મોહ ઊતરી ગયો. તેમ તમે પણ કુટુંબને છોડીને નીકળી પડો તો તમારો મોહ છૂટી જશે. શરૂઆતમાં યાદ આવશે, આંખમાં પાણી આવશે, પણ પછી અહીં જ્ઞાનાદિની સાધના કરશો તો મોહ દૂર થઇ જશે. આપણે જેને યોગ્ય હોઇએ તે યોગ્યતાને વિચારીને ઉપાયપૂર્વક તે અનુષ્ઠાનનો આરંભ કરવો - એ સજ્જનોની સમ્યગ્ નીતિ છે.

**इत्युक्तो यतिधर्मः, इदानीमस्य विषयविभागमनुवर्णयिष्याम इति।।१।। (३६८)**

આ રીતે યતિધર્મ જણાવ્યો. હવે આ યતિધર્મના વિષયવિભાગને જણાવીએ છીએ. તેમાંથી કેવા જીવો માટે સાપેક્ષયતિધર્મ જ કલ્યાણકારી છે- તે પહેલાં જણાવે છે.

**तत्र [१]कल्याणाशयस्य [२]श्रुतरत्नमहोदधे[३]रुपशमादिलब्धिमतः [४]परहितोद्यतस्य [५]अत्यन्तगम्भीरचेतसः [६]प्रधानपरिणतेर्विधूतमोहस्य [७]परमसत्त्वार्थकर्त्तुः [८]सामायिकवतो [९]विशुद्ध्यमानाशयस्य [१०]यथोचितप्रवृत्तेः [११]सात्मीभूतशुभयोगस्य [१२]श्रेयान् सापेक्षयतिधर्म एवेति ।।२।। (३६९)**

જે [૧]કલ્યાણકારી આશયવાળા છે અર્થાદ્ ભાવ આરોગ્ય સ્વરૂપ મોક્ષને પ્રાપ્ત કરાવે એવા પરિણામ જેના હોય, [૨]શ્રુતજ્ઞાનરૂપી રત્ન માટે સમુદ્રસમાન હોય, સામાના ક્રોધને શાંત કરીને તેને ઠંડો પાડે તેમ જ તેના લોભને દૂર કરી આપે એવી [૩]ઉપશમાદિ લબ્ધિવાળા હોય, [૪]સર્વ જીવોના હિત માટે ઉદ્યત હોય, અતિનિપુણ બુદ્ધિવાળા પણ હર્ષવિષાદાદિ દ્વંદ્વોમાં જેમના હૈયાના વિકારને કળી ન શકે એવા [૫]અત્યંત ગંભીર ચિત્તવાળા હોય, જેમના [૬]આત્મપરિણામ સર્વોત્તમ હોય, [૭]મૂઢતાસ્વરૂપ મોહને જેમણે ધોઇ નાંખ્યો હોય, જીવોના પરમ પ્રયોજન સ્વરૂપ જે મોક્ષ છે તેના અવંધ્ય બીજ ભૂત [૮]સમ્યક્ત્વાદિને પ્રાપ્ત કરાવનારા હોય, સ્વજન કે પરજનમાં માધ્યસ્થ્ય સ્વરૂપ [૯]સમતા-સામાયિકને ધારણ કરનારા હોય, જેમના ભાવ [૧૦]વિશુદ્ધ્યમાન હોય, [૧૧]યથોચિત પ્રવૃત્તિ કરનારા હોય અને મન વચન કાયાના શુભ યોગોને જેમણે [૧૨]આત્મસાત્ કર્યા

હોય તેવા યતિવિશેષ માટે સાપેક્ષયતિધર્મ જ કલ્યાણકારી છે.

સાપેક્ષયતિધર્મ માટે કોણ યોગ્ય છે તે માટે સૌથી પહેલાં કલ્યાણના આશયવાળા આ વિશેષણ આપ્યું છે. આપણે આપણું સારું થાય તેને કલ્યાણ કહીએ. મહાપુરુષો શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય તેને કલ્યાણ કહે છે. ભાવ આરોગ્ય સ્વરૂપ જે મોક્ષ છે તેને પ્રાપ્ત કરાવનાર પરિણામ એ જ કલ્યાણનો આશય છે. શરીરમાંથી રોગ જાય એ કલ્યાણ નથી, આત્મામાંથી કર્મ જાય એ કલ્યાણ છે. અત્યાર સુધી રોગ કાઢવા જેટલો પુરુષાર્થ કર્યો છે તેટલો કર્મ કાઢવા કર્યો જ નથી. જે સાધુસાધ્વી શરીરને સુધારવા જ મહેનત કરે તેની અહીં વાત નથી. જે આત્માના મોક્ષની ચિંતા કરે તે મહાત્માની વાત છે. મોક્ષમાં પહોંચાડનાર પરિણામ એ જ કલ્યાણકારી આશય છે. જેઓ આપણા સુખની ચિંતા કરે તે માતાપિતા વગેરે આપણું કલ્યાણ કરનારા નથી. જે આપણને મોક્ષે પહોંચાડે તે જ આપણું કલ્યાણ કરનારા છે.

સ. માતાપિતા આત્માની ચિંતા ન કરે તો તે માતાપિતા જ ન કહેવાય.

માતાપિતા જ નહિ, ગુરુ પણ જો આત્માની ચિંતા ન કરે તો તે ગુરુ ન કહેવાય. માતાપિતા જો આત્માની ચિંતા કરનારા હોય તો તે દીક્ષા અપાવે કે ઘરમાં રાખે? જેને દીક્ષાનો ભાવ જાગે તેને તો માતાપિતા રોકે નહિ, ઉપરથી કહે કે અમે તો પાપી છીએ કે ચારિત્રના પરિણામ જાગતા નથી, તને જાગ્યા હોય તો તું અમારી ચિંતા કરીશ નહિ, ચારિત્રમાર્ગે ચાલવા માંડ. ગજસુકુમાલની માતાએ પણ તેમને શું કહેલું? 'મુજને મૂકીને વીરા અવર માત ન કીજે રે'. બીજી માતા ન કરવી એનો અર્થ જ એ છે કે હવે બીજો જન્મ ન લેવો. અને એ ત્યારે જ શક્ય બને કે જ્યારે સાધના પૂરી થાય. જે મોક્ષે પહોંચાડનાર પરિણામ છે તે જ કલ્યાણનો આશય છે. શ્રેણિક મહારાજાએ જ્યારે ભગવાનને પૂછ્યું કે ચૌદ હજાર સાધુમાં ચડતે પરિણામે કોણ? ત્યારે ભગવાને ગૌતમાદિ મહામુનિનું નામ ન દીધું, ધન્ના કાકંદીનું નામ દીધેલું. ગૌતમસ્વામી એ જ ભવમાં મોક્ષે જવાના હતા અને ધન્ના કાકંદી એ ભવમાં મોક્ષે જવાના ન હતા છતાં તેમનું નામ દીધેલું.

સ. એવું કેમ?

ગૌતમસ્વામીજીના અવસ્થિત પરિણામ હતા, જ્યારે ધન્નાકાકંદીના ચડતા પરિણામ હતા. જે સાજો હોય તે વધારે કસરત કરે કે માંદો હોય તે વધારે કસરત કરે? માંદાને કસરત કરતી વખતે વધારે પ્રયત્ન કરવો પડે, તેમ અહીં પણ જેનાં કર્મો વધારે હોય

તેને કર્મો ખપાવવા માટે વધુ વીર્ય ફોરવવું પડે. શરીર સારું હોય ને આરાધના કરીએ તેના કરતાં શરીર સારું ન હોવા છતાં શરીરની મમતા ઉતારીને આરાધના કરવામાં પરિણામ વધુ ઉત્કટ બનાવવા પડે. અનુકૂળતામાં ધર્મ કરીએ તેના કરતાં પ્રતિકૂળતામાં ધર્મ કરીએ તેમાં પરિણામ વધુ ઉત્કટ હોય ને? જેને મોક્ષનો આશય હોય તેના જ પરિણામ કલ્યાણકારી હોય. જેને આ સંસારમાં કોઇ પણ ચીજનું અર્થીપણું ન હોય તે પ્રસન્નતાથી જીવી શકે, તેનો જ આશય કલ્યાણકારી છે. મળે તો આનંદ આવે એ કલ્યાણકારી આશય નથી. જોઇતું નથી-તેનો જે આનંદ છે તે જ સાચી પ્રસન્નતા છે. તેથી જ સાધુ ભગવંતોના સુખને જણાવતાં ફરમાવ્યું છે કે **निःस्पृहत्वं महासुखम्** કોઇ પણ જાતની સ્પૃહા ન હોય તે મહાસુખી છે. મોક્ષે જવાનો માત્ર ભાવ ન જોઇએ, પરિણામ હોવો જોઇએ. ભાવ અને પરિણામમાં ફરક છે. જેમ છ મહિનાના ઉપવાસના ભાવ હોય, પરંતુ પરિણામ નવકારશીનો હોય ને? કર્ત્તવ્યતાનું જ્ઞાન તેનું નામ ભાવ અને કર્ત્તવ્યતાનો અધ્યવસાય તેનું નામ પરિણામ. 'કરવું જોઇએ' એનું નામ ભાવ 'કરવું છે' તેનું નામ પરિણામ. આપણા જ્ઞાન અને શ્રદ્ધાને કામે ન લગાડવા દે અને નકામા બનાવે - એવો આ પરિણામનો અભાવ છે. ભાવ ક્ષયોપશમભાવમાં રાખે જ્યારે પરિણામ આપણને ક્ષયોપશમભાવમાંથી ક્ષાયિકભાવમાં પહોંચાડે છે. ત્યાર બાદ 'શ્રુતરત્નમહોદધિ' વિશેષણ આપ્યું છે. જેને કેવળજ્ઞાન જોઇતું હોય તેણે શ્રુતજ્ઞાનને પરિપૂર્ણ બનાવવું જોઇએ. શ્રુતજ્ઞાનરૂપી રત્ન માટે જે સમુદ્રસમાન છે તેવા સાધુને માટે સ્થવિરકલ્પ શ્રેયસ્કર છે. 'ઉપશમાદિ લબ્ધિવાળા' તેને કહેવાય કે જેના પોતાના તો ક્રોધ, માન, માયા, લોભ શાંત હોય જ, સાથે એમની પાસે આવેલા આત્માઓ ગમે તેટલા કષાયથી ધમધમતા હોય તોપણ શાંત થઇ જાય. એવા આત્માઓ સાપેક્ષયતિધર્મને યોગ્ય છે. કષાયોને દબાવવાનું સામર્થ્ય જેમના પ્રભાવથી મળે એવા આત્મા ઉપશમલબ્ધિવાળા છે. ત્યાર બાદ 'પરહિતોદ્યત' વિશેષણ છે. સકલ જીવોના હિતનું આધાન કરવું અર્થાદ્ પરોપકાર કરવો એ જ સૌથી મોટું ધન છે માટે અહીં પરહિતરતિને ધનની ઉપમા આપી છે. કોઇનું કામ કરવું એ હિત નથી, કોઇને પણ દુઃખ ન આપવું એ ખરું હિત છે. પેલા રાજાની સાત રાણીઓની વાત સાંભળી છે ને? એક રાજાએ એક ચોરને દેહાંતદંડની સજા કરેલી તે વખતે તેની રાણીઓએ રાજાને વિનંતિ કરી કે એ ચોરની અમે એક એક દિવસ માટે ભક્તિ કરીએ પછી તેને ફાંસી આપજો. રાજાએ વિનંતિ માન્ય રાખી. રોજ વારાફરતી એક એક રાણીએ તેને સારામાં સારું ખવડાવીને આગતાસ્વાગતા કરી. છેલ્લી સાતમી રાણીનો વારો આવ્યો ત્યારે તેણે વિચાર્યું કે આ ચોરની બધા કરતાં ચઢિયાતી મહેમાનગતિ

કરવી હોય તો તેનો એક જ ઉપાય છે કે તેને સજામાંથી મુક્ત કરવો. આથી રાજાને વિનંતિ કરી કે જો મારી પ્રત્યે પ્રેમ હોય તો આ ચોરને સજામાંથી મુક્ત કરો. રાજા કહે ગુનેગારને નિર્દોષ છોડું તો હું રાજ્ય કેવી રીતે ચલાવું? રાણી કહે કે હવે આ ફરી ચોરી નહિ કરે તેની ખાતરી હું આપું છું. રાજાએ ચોરને છોડી મૂક્યો. એ ચોરને પૂછ્યું કે તારી સૌથી ચઢિયાતી ભક્તિ કોણે કરી? ત્યારે ચોરે સાતમી રાણીનું નામ દીધું. તેથી નક્કી છે કે બીજાને સુખ આપવામાં હિત નથી. તેને દુઃખ ન આપવું - એ જ તેનું હિત છે. બીજાને સુખ આપવું એ પરોપકાર નથી. કોઇને દુઃખ ન આપવું તેનું નામ પરોપકાર. આવો પરોપકાર ગૃહસ્થપણામાં શક્ય નથી. તે માટે સાધુ થવું પડે. ત્યાર બાદ 'પ્રધાનપરિણતિ' વિશેષણ આપ્યું છે. પોતાના ક્ષેત્રમાં સર્વોત્તમ થવાની ભાવના હોય તેને પ્રધાનપરિણતિવાળા કહેવાય. મોક્ષ મળે તેવા પરિણામને જે પેદા કરે તે પ્રધાન પરિણતિ કહેવાય. ત્યાર બાદ 'વિધૂતમોહ' વિશેષણ આપ્યું છે. મોહની હાજરીમાં ધર્મ થઇ શકે નહિ. જે મોહનો નાશ કરે તે જ ધર્મ કરી શકે. મૂઢતારૂપી તન્દ્રાવાળા જીવો ધર્મની આરાધના માટે યોગ્ય નથી. જેઓ મોહસાગરને સારી રીતે તરી ગયા હોય તેઓ જ સ્થવિરકલ્પને આરાધી શકે. ત્યાર બાદ 'અત્યંતગંભીર ચિત્તવાળા' આ વિશેષણ આપ્યું છે. જેઓ પૂછ્યા વિના બોલે નહિ તેમ જ હર્ષવિષાદ, માન-અપમાન વગેરે દ્વંદ્વોમાં પણ કોઇ વિકારને ધારણ કરતા ન હોવાથી નિર્વિકાર મુદ્રા જેમની હોય તેઓ સ્થવિરકલ્પને આરાધવા માટે યોગ્ય છે.

ત્યાર બાદ 'પરમસત્ત્વાર્થકર્ત્તા' વિશેષણ આપ્યું છે. નિર્વાણના અવન્ધ્ય બીજભૂત સમ્યગ્દર્શનાદિ કે જે જીવોનું પરમ પ્રયોજન છે તેને કરનારા આત્માઓ સ્થવિરકલ્પને યોગ્ય છે. સાધુ ભગવંતો બીજાના જ્ઞાનાદિની જ ચિંતા કરે. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર સિવાય બીજું કશું ન આપે. પરહિતમાં માત્ર દુઃખ ન આપવા સ્વરૂપ હિતની વાત હતી જ્યારે અહીં સમ્યગ્જ્ઞાનાદિરૂપ પ્રયોજનને સિદ્ધ કરી આપવાની વાત છે. આ રીતે જ્ઞાનાદિનું પ્રદાન કરે તેમ જ ચારિત્રમાર્ગે પ્રવર્ત્તન કરાવે ત્યારે કોઇ પોતાની વાત ન માને તો માથું ન ફેરવે એ જણાવવા માટે આગળનું વિશેષણ 'સામાયિકવાળા' આ પ્રમાણે આપ્યું છે. કોઇ પોતાની શાસ્ત્રાનુસારી વાત પણ ન માને, તેને ખોટી કહે તોપણ જેની સમતા હણાય નહિ, તેઓ સ્થવિરકલ્પને આરાધી શકે. તેમ જ ઉપકાર કરતી વખતે સ્વપરનો ભેદ ટાળીને ઉપકાર કરે. પોતાની પાસે દીક્ષા લેવાના હોય તો જ ભણાવવા, નહિ તો ન ભણાવવા-આવા પક્ષપાતને ધારણ ન કરે તેને મધ્યસ્થ કહેવાય. તેમ જ 'વિશુદ્ધ્યમાન આશયવાળા' વિશેષણથી

જણાવ્યું છે કે શુક્લપક્ષના ચંદ્રમાની જેમ સોળે કળાએ જેના અધ્યવસાય વિશુદ્ધ થતા જતા હોય, જેના મનમાં કષાયાદિની કોઇ કલુષતા ન હોય તે સ્થવિરકલ્પને યોગ્ય છે. અને અંતે જણાવ્યું છે કે જેમને શુભયોગ લોહ અને અગ્નિની જેમ આત્મસાત્ થઇ ગયા હોય તેવા સાત્મીભૂતશુભયોગવાળા માટે સ્થવિરકલ્પ શ્રેયસ્કર છે. આવા મહાત્માઓને અશુભ વિચાર આવે જ નહિ, અશુભ વચન તેઓ ક્યારે ય બોલે નહિ અને અશુભ પ્રવૃત્તિ ક્યારે ય તેઓ કરતા નથી.

જેની પાસે આટલી સુંદર યોગ્યતા હોય તેણે સ્થવિરકલ્પનો જ સ્વીકાર કરવો, જિનકલ્પનો નહિ-આવું કેમ? આ પ્રમાણેની શિષ્યની શંકા છે તેના નિરાકરણમાં આગળનું સૂત્ર જણાવ્યું છે:

**वचनप्रामाण्यादिति ।।३।। (३७०)**

યોગ્યતાને અનુરૂપ જ પ્રવૃત્તિ કરવાની-એવું જણાવ્યા બાદ સ્થવિરકલ્પની જે યોગ્યતા બતાવી તેનામાં પણ સત્ત્વ ઘણું છે તો તેઓએ જિનકલ્પ કેમ ન સ્વીકારવો-આવી શંકા થાય તો તેના માટે જણાવ્યું છે કે ભગવાનનું વચન આ પ્રમાણે છે માટે આમ જ પ્રવૃત્તિ કરવી. ભગવાને કહ્યું છે માટે કરવું છે - આવું હૈયાના કોઇ ખૂણે નથી ને? વરસોથી એકાસણાં કરનારને પૂછવામાં આવે કે એકાસણાં કેમ કરો છો? તો તે એમ કહે ખરા કે ભગવાનની આજ્ઞા છે માટે. આ તો કહે કે હવે કશી તકલીફ પડતી નથી, ફાવી ગયું છે. ફાવી ગયો છે માટે ધર્મ કરવાનો, એવું નથી. ફાવે કે ન ફાવે, ભગવાને કહ્યું છે માટે ધર્મ કરવો છે. આપણી ઇચ્છાથી ધર્મ કરીએ-એનું કોઇ ફળ નથી, આજ્ઞા મુજબના આચાર જ સફળ છે. અત્યાર સુધીમાં આપણામાં જેટલાં પણ અપલક્ષણો પેઠાં તે ઇચ્છા મુજબ જીવવાના કારણે પેઠાં છે. તમને પણ કોઇ પૂછે કે પૂજા કેમ કરો છો તો શું કહો? ભગવાનની આજ્ઞા છે, એમ કહો ને? અને અમારા જેવા કોઇ કહે કે ભગવાનની પહેલી આજ્ઞા તો આઠમા વર્ષે દીક્ષા લેવાની છે-ત્યારે શું કહો?

સ. એ આજ્ઞા પાળી શકાય એવી નથી માટે...

એ આજ્ઞા પાળી શકાય એવી નથી-એવું કયા મોઢે બોલો છો? ક્યારે પણ હૈયાને પૂછ્યું ખરું કે દીક્ષા કેમ નથી લેતો? કયું કારણ નડે છે-એ જણાવો તો તેનું નિરાકરણ કરી આપીએ. પરંતુ બધાં કારણનાં નિરાકરણ આપ્યા પછી પણ એક કારણ બાકી રહેશે કે મન જ થતું નથી.

સ. એનો પણ ઉપાય હશે ને?

એના ઉપાય એ છે કે મન સામે જોવું નહિ, મનને બાજુ પર મૂકીને વચનની આરાધનામાં લાગી જવું. તમે સંસારનાં પણ ઘણાં કાર્યો મન વગર જ કરો છો ને? તો અહીં પણ મન ન હોવા છતાં વચન માનવામાં વાંધો શું છે? સાધુપણામાં આવીને મન ગુરુને સોંપી દેવું. તમે બૈરીને મન સોંપ્યું છે ને? એના વચન પ્રમાણે જ વિચારો, બોલો અને કરો ને? તેવી જ રીતે અહીં ગુરુની ઇચ્છા પ્રમાણે વિચારવું, બોલવું અને આચરવું. ઇચ્છા ન જ થાય એવું નથી, પરંતુ ઇચ્છા થયા પછી પણ ઇચ્છા મુજબ જીવવું નથી-એનું જ નામ આરાધના. હવે અહીં શિષ્ય શંકા કરે કે આ વિષયમાં ભગવાનનું વચનં કેવા પ્રકારનું છે-તો તે માટે જણાવે છે કે:

**सम्पूर्णदशपूर्वविदो निरपेक्षधर्मप्रत्तिपत्तिप्रतिषेधादिति।।४।। (३७१)**

ઉપદેશપદ ગ્રંથમાં જણાવ્યું છે કે જેણે દશમા પૂર્વની ત્રણ વસ્તુનું જ્ઞાન મેળવ્યું હોય, દશ પૂર્વનું સંપૂર્ણ અધ્યયન જેણે ન કર્યું હોય તેણે જિનકલ્પનો સ્વીકાર કરવો. તેથી સંપૂર્ણદશપૂર્વધરને નિરપેક્ષયતિધર્મ સ્વીકારવાનો પ્રતિષેધ કરેલો છે. ભગવાને આ રીતે દશપૂર્વધરને જિનકલ્પના સ્વીકારનો નિષેધ કેમ કર્યો છે-તે માટે જણાવે છે કે:

**परार्थसम्पादनोपपत्तिरिति।।५।। (३७२)**

જે દશપૂર્વધર મહાત્મા હોય તેઓ પરાર્થકરણ સારામાં સારું કરી શકે છે. અહીં પરાર્થની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે તીર્થનો ઉપષ્ટંભ કરવો એ જ પરાર્થ છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની સાથે લાગી રહેવું એ જ પરાર્થ છે. આ ત્રણનો સંચય કરાવી આપવો એ જ પરાર્થ છે, એ જ ખરી પ્રભાવના છે. સમ્યગ્જ્ઞાનાદિને છોડીને બીજી પ્રભાવના કરે - તેની કિંમત નથી. તેથી આચાર્યભગવન્તો સમ્યગ્જ્ઞાનાદિને આપવા સિવાય બીજાં કોઇ આયોજનો ન કરે, જેઓ કરે તેઓ પરાર્થસંપાદક નથી. દશપૂર્વધરો અમોઘદેશનાના ધણી હોય, લક્ષ્યવેધી દેશના આપનારા હોય છે. એવી દેશનાની પણ અસર ન થતી હોય તો તેમાં ખામી આપણી-સાંભળનારની છે. જેઓ અહીં બખ્તર પહેરીને આવે તેનું હૈયું ક્યાંથી વીંધાય?

સ. શ્રદ્ધાના વિષયમાં વીંધાય છે, આચરણના વિષયમાં નથી વીંધાતું.

જો મિથ્યાત્વ વીંધાયું હોય અને શ્રદ્ધા પ્રગટી હોય તો આચરણ પણ આવી

જ ગયું છે-એમ સમજો. કારણ કે સમકિતીની સાત વ્યસન સેવવાની પ્રવૃત્તિ પણ નિર્જરાનું કારણ બને છે અને અભવ્ય વગેરે મિથ્યાત્વીઓની શુભ પ્રવૃત્તિ પણ કર્મબંધનું કારણ બને છે. સમકિતીને આજ્ઞાનુસારી શુભ પ્રવૃત્તિ થઇ શકતી નથી એનું અત્યંત દુ:ખ હોવાથી તેને નિર્જરા ચાલુ હોય છે અને પાપની પ્રવૃત્તિ કરવી પડે છે એનું પણ દુ:ખ હોવાથી તેવા પ્રકારનો કર્મબંધ થતો નથી. ચારિત્રમોહનીયનો ઉદય હોવાથી ભગવાનની આજ્ઞા પાળવાનું બનતું નથી અને મિથ્યાત્વમોહનીયનો ક્ષયોપશમ હોવાથી ભગવાનની આજ્ઞા માનવાનું કામ સારામાં સારી રીતે બને છે. જો તમારી પાસે શ્રદ્ધા સાચી હશે તો આચરણ પણ છે જ એમ માની લઇશું. પરંતુ શ્રદ્ધા છે-એમ પણ પ્રામાણિકપણે કહી શકાય એવું છે ખરું? અમોઘ દેશના તેને કહેવાય કે જે ફળ અપાવીને જ રહે. દેશનાનું ફળ પ્રતિબોધ છે. અનેક જીવો પ્રતિબોધ પામે એવી દેશનાલબ્ધિ દશપૂર્વધરોને હોય છે. માટે જ તેમને જિનકલ્પ સ્વીકારવાનો નિષેધ છે.

પરાર્થસંપાદન એ શ્રેષ્ઠ કોટિનું નિર્જરાનું સાધન છે-એનો અર્થ એ નથી કે બધાએ દેશના આપવાનું કામ શરૂ કરવું. આ વાત નિયમા દશપૂર્વધરને આશ્રયીને છે, તેમ જ જે વખતે જેટલું શ્રુત ઉપસ્થિત હોય તે ભણીને પછી દેશના આપવાની વાત છે. વર્ત્તમાનના શ્રુતના પારગામી બને પછી દેશના આપે તો તે ધાર્યું પરિણામ લાવી શકે. આજે અજ્ઞાની માણસો વ્યાખ્યાનની પાટે બેસવા માંડ્યા તેના કારણે દેશનાપદ્ધતિ બદલાવા માંડી. વસ્તુના પરમાર્થ સુધી પહોંચેલા વસ્તુનું નિરૂપણ કરે અને અધકચરા જ્ઞાની વાત કરે: બંનેમાં જમીન-આસમાનનો ફરક પડે. જેને ભણવાનું બાકી હોય તેણે વક્તા બનવાનું કામ ન કરવું. જેની પાસે કમાણી થઇ ન હોય, કરવાની બાકી હોય, તે દાન આપવા બેસે તો શું થાય?

સ.જે બધું ભણ્યા ન હોય તેણે વ્યાખ્યાન ન જ આપવું?

એવાઓ ગુરુની આજ્ઞાથી વ્યાખ્યાન આપે અને તે પણ પુસ્તકમાંથી જોઇને વાંચે, જેટલું આવડે એટલું જ બોલે. જે ન આવડતું હોય એ વિષયમાં કોઇ પૂછે તો કહેવું-ગુરુભગવંતને પૂછીને જણાવીશ. પોતાનું ગુમાવીને બીજાને સહાય કરવાની વાત જ નથી. પોતાનું ભણવાનું થયા પછી પરાર્થસંપાદન કરવું. અહીં શિષ્ય શંકા કરે છે કે-પરાર્થસંપાદનનું આટલું મહત્ત્વ કેમ કે જેના કારણે સાપેક્ષયતિધર્મને તે માટે સ્વીકારવાનું જણાવ્યું છે, તો તેના નિરાકરણમાં જણાવે છે :

**तस्यैव च गुरुत्वादिति ॥६॥ (३७३)**

પરાર્થસંપાદન એ સર્વધર્માનુષ્ઠાન કરતાં ઉત્તમ કોટિનું છે. પરાર્થસંપાદન એ અધ્યયનના ઉત્તરકાળમાં છે. જેને ભણવાનું બાકી હોય તેને ગુર્વાદિક ચાતુર્માસ માટે મોકલે તોપણ તે વ્યાખ્યાન વાંચે જ એવો નિયમ નથી. ગુરુ આજ્ઞા કરે તો તેમની આજ્ઞા પ્રમાણે ગ્રંથ વાંચી જાય, તેમાં પોતાની જાતે પહોળું કરીને સમજાવવા માટે પ્રયત્ન ન કરે. ગુરુની આજ્ઞા ન હોય તો માત્ર ભણવાનું કામ કરે. એક મહાત્માને આચાર્યભગવંતે જુદા ચોમાસા માટે મોકલ્યા. પેલા મહાત્માએ કહ્યું કે મને વ્યાખ્યાન વાંચતાં આવડતું નથી. ત્યારે આચાર્યભગવંતે કહેલું કે તમે જૈનપ્રવચનની ફાઇલમાંથી વ્યાખ્યાન વાંચી જજો. તે મહાત્માએ પણ શરમ રાખ્યા વિના એ રીતે ફાઈલ વાંચીને વ્યાખ્યાન શરૂ કર્યું, તો વ્યાખ્યાન વાંચતા થઇ ગયા. પરાર્થસંપાદન શ્રેષ્ઠ અનુષ્ઠાન છે. પરંતુ સ્વાર્થ સિદાય નહિ-એનું ધ્યાન સૌથી પહેલાં રાખવું. આજે દશા એવી છે કે જેઓ જુદા ચોમાસા કરતા થયા તેઓ જૂનાં સૂત્રો ભૂલી ગયા અને બીજી વાતોમાં રસ લેતા થઇ ગયા. આવાઓને પરાર્થસંપાદનની રજા ન અપાય. પરાર્થસંપાદન નિર્જરાનું અમોઘ સાધન છે. જેણે લોકોને સમ્યગ્ માર્ગ બતાવ્યો હોય તેને ભવાંતરમાં ઉન્માર્ગે જવાનું ન બને, ઉન્માર્ગથી બચાવનાર કોઇને કોઇ મળી જાય. આથી તે શ્રેષ્ઠ છે. અહીં શિષ્યને ફરી શંકા થાય છે કે વ્યાખ્યાન કરતાં તો માસક્ષમણાદિ તપથી નિર્જરા વધારે થાય તો અહીં આ પ્રમાણે કેમ કહ્યું છે? તો તેના નિરાકરણમાં જણાવે છે:

**सर्वथा दुःखमोक्षणादिति ॥७॥ (३७४)**

તપના કારણે તો માત્ર પોતાનાં કર્મોની નિર્જરા થાય, જ્યારે આ દેશનાના કારણે પોતાના અને બીજાના સર્વ પ્રકારે દુઃખોનો નાશ થાય છે. જે દેશના આપે તેને ભગવાનના વચન પ્રત્યે અપ્રતિમ શ્રદ્ધા-બહુમાન હોવાથી તેનાં કર્મોની નિર્જરા થાય છે. તેથી તેની પાસે પ્રસન્નતા પરિપૂર્ણ હોય છે. આવાઓને શરીર કે મનસંબંધી કોઇ પણ દુઃખ હેરાન કરતું નથી. તે જ રીતે એ દેશનાના શ્રવણથી બીજાઓને પણ ભગવાનની વાત સમજાય અને તેની પ્રત્યે શ્રદ્ધા જાગવાથી તેનાં બધાં દુઃખો નાશ પામે છે, કોઇના નિકાચિત કોટિના કર્મનો ઉદય હોય અને તેને અસર ન થાય એ જુદી વાત. બાકી ભગવાનના વચનમાં એવી તાકાત છે કે જેના કારણે આપણાં સકલ દુઃખોનો અંત આવે. હવે શિષ્યને શંકા થાય છે કે પરાર્થસંપાદનના કારણે બધા

મોક્ષમાં જાય જ, તેનાં દુઃખોનો અંત આવે જ એવો નિયમ નથી તો પરાર્થસંપાદન કરવું કે ન કરવું? તેના નિરાકરણમાં જણાવે છે.

**तथा – सन्तानप्रवृत्तेः ।।८।। (३७५)**

પરાર્થસંપાદનથી દુઃખમોક્ષ ન પણ થાય તોપણ તેનાથી બીજો ફાયદો એ થાય છે કે શિષ્યપ્રશિષ્યાદિને જ્ઞાનની પ્રાપ્તિ થવા સ્વરૂપ પ્રવાહ ચાલ્યા કરે છે. શ્રુતજ્ઞાનનો પ્રવાહ ચાલ્યા કરે – આ જ દેશનાનું ફળ છે. તમારે ત્યાં પણ કમાણી ન થાય તોપણ દુકાન ચાલુ રાખો ને? કારણ કે પ્રવાહ ચાલુ હોય તો આજે નહિ તો કાલે કમાણી થશે. તેમ અહીં પણ શિષ્યપરંપરામાં લાભની સંભાવના હોવાથી પ્રવાહ ચાલુ રહે છે– એ જ એનું ફળ છે. હવે શિષ્યને શંકા થાય કે આવી દેશનાથી કોઇ પ્રતિબોધ ન પણ પામે તો પછી દેશના આપવી કે નહિ–તો તેના નિરાકરણમાં આગળના સૂત્રથી જણાવે છે કે આજ્ઞાનુસારી દેશનાથી કોઇ પ્રતિબોધ પામે કે ન પામે તોપણ તેમાં વક્તાને એકાન્તે લાભ છે.

**तथा – योगत्रयस्याप्युदग्रफलभावादिति।।९।। (३७६)**

દેશનાનું અનુષ્ઠાન એવું છે કે તેમાં મનવચનકાયા આ ત્રણે યોગની એકાગ્રતા સધાય છે. એક યોગ પણ જો પરાર્થસંપાદનમાં વ્યાપૃત થાય તો તેનાથી ઘણું ફળ પ્રાપ્ત થાય છે, તો ત્રણે યોગ આ રીતે પરોપકારમાં વપરાય તો તેનાથી અતિ ઉત્તમ ફળ–કર્મ–નિર્જરા સ્વરૂપ પ્રાપ્ત થાય છે. તપ વગેરેમાં માત્ર કાયાનો વ્યાપાર હોય એવું ય બને, જ્યારે આમાં તો ત્રણેની એકાત્મતા સાધવી પડે છે. દેશનામાં મન વચન કાયાની એકાગ્રતા થવાથી જે ફળ પ્રાપ્ત થાય છે–તેવું ફળ બીજી કોઇ ક્રિયાથી પ્રાપ્ત થતું નથી. તેથી આ દેશનાનો યોગ પ્રધાન છે. દેશનાથી સકલ કર્મનો ક્ષય થાય છે. તીર્થંકરનામકર્મ જેવી ઉત્તમ પુણ્યપ્રકૃતિની નિર્જરા પણ દેશના દ્વારા થાય છે. આ રીતે પરાર્થસંપાદનનું આટલું મહત્ત્વ હોવાથી દશપૂર્વધરાદિને જિનકલ્પનો નિષેધ કર્યો છે અને સાપેક્ષયતિધર્મનું પાલન કરવાનું જણાવ્યું છે.

સાપેક્ષ કે નિરપેક્ષયતિધર્મના સ્વીકાર માટે યોગ્યતા એ મહત્ત્વની વસ્તુ છે. કોઇ પણ ધર્મ યોગ્યતાને અનુસાર કરીએ તો જ તે આજ્ઞા મુજબનો કહેવાય. પ્રવૃત્તિ કરતી વખતે તેમાં આપણી ઇચ્છાનો પડછાયો ન પડવો જોઇએ, આજ્ઞાની છાયા એના પર પડેલી હોવી જોઇએ. યોગ્યતા મેળવવા પ્રયત્ન કરવો એ જ આજ્ઞાપાલનનો ભાવ છે. રત્નત્રયીની આરાધના માટે મનવચનકાયાની એકાગ્રતા કેળવવી છે. આ એકાગ્રતા તો

એવી કેળવવી છે કે પ્રાણ જાય તોપણ એ એકાગ્રતા હણાય નહિ. સ્થવિરકલ્પની આરાધના માટે અહીં સુધી પહોંચવું છે. નિરપેક્ષ કે સાપેક્ષ ધર્મ હોય, યોગ્યતા મુજબનો હોય તો જ તે કામનો છે. યોગ્યતા મેળવવા માટે જે તત્પર હોય તેને સાધક કહેવાય. સાધનમાંથી સાધ્યની સિદ્ધિ તારવી લેવાનું કામ સાધક કરે. વિશિષ્ટ ફળ પામવું હશે તો યોગ્યતા ઉપર ભાર આપવો જ પડશે. ધર્મ કરવા માટે ધર્મપ્રવૃત્તિ નથી કરવી, યોગ્યતા વિકસાવવા માટે પ્રવૃત્તિ કરવી છે. એના બદલે આજે આપણે ધર્મ કરવાથી આનંદ પામવા માંડ્યા એટલે ધર્મ કરવા છતાં ધર્મ પામ્યા નહિ. તમે વ્યાખ્યાન સાંભળવા આવો છો તે ધર્મ કરતા થવા માટે કે ધર્મ પામવા માટે આવો છો? યોગ્યતાની શરૂઆત અર્થીપણાથી થાય છે, એ અર્થીપણું એટલે ધર્મ પામવાનો પરિણામ. જો સંસાર છોડવા માટે દેશના સાંભળી હોત તો સંસાર ક્યારનો ય છૂટી ગયો હોત. આજે અમારે ત્યાં પણ દીક્ષા લેવાનો પરિણામ હોવાથી દીક્ષા લેવાઇ જાય છે, પણ પાળવાનો પરિણામ ન હોવાથી દીક્ષા પળાતી નથી. સંયમ લેવાજેવું છે-એમ માનીને અટકી ગયા, સંયમ પાળવાજેવું-અહીં સુધી ન પહોંચ્યા ને? એ જ રીતે સંસાર છોડવાજેવો માનીને અટકી ગયા પણ સંસાર ભોગવવાજેવો નથી આ અર્થ સુધી ન પહોંચી શક્યા ને? સંસાર છોડવાનું કામ દ્રવ્યથી કરી શકાય, જ્યારે સંસારનો ભોગવટો ટાળવાનું કામ ભાવથી કરવું પડે ને? સંસાર કદાચ છૂટે નહિ તોપણ સંસાર ભોગવવો નથી આટલો પરિણામ તો કેળવી શકાય ને? જેઓ અયોગ્ય હોય તેઓ ઊંચામાં ઊંચી ક્રિયા કરવા છતાં તેનું ફળ પામતા નથી. જે યોગ્ય હોય તે નાનામાં નાની ક્રિયાથી પણ ફળ પામીને રહે. આપણે દ્રવ્યમનનો વિચાર કરવો નથી, ભાવમનની શુદ્ધિ કરવી છે. ભગવાનની આજ્ઞાનો વિચાર કરે તે ભાવમન, ઇચ્છા મુજબનો વિચાર કરવો તે દ્રવ્યમન. ઇચ્છા કર્મયોગે થાય છે જ્યારે આજ્ઞાપાલનનો વિચાર કર્મના ક્ષયોપશમથી આવે છે. ધર્મ કરવાનું કામ દ્રવ્યથી પણ થાય જ્યારે ધર્મ પામવાનું કામ ભાવથી જ થાય છે. અભવ્ય ચારિત્રધર્મની ક્રિયાઓ કરે ખરા, પણ ચારિત્ર પામી ન શકે. આથી જ કહ્યું છે કે यस्मात् क्रिया: प्रतिफलन्ति न भावशून्या:। ભાવ વગરની ક્રિયાઓ ફળતી નથી. ધર્મ સાંભળતી વખતે ઇરાદો કયો છે? ધર્મ કરવાનો કે ધર્મ પામવાનો?

સ. કરતાં કરતાં પામવાનો ઇરાદો છે.

એના બદલે પામવા માટે કરવાનો ઇરાદો કેળવો તો કામ થાય. જેમણે જેમણે પામવા માટે ધર્મ કર્યો તેઓ ચોક્કસ ધર્મને પામ્યા છે. કારણ કે સર્વજ્ઞ ભગવંતોએ

જે માર્ગ બતાવ્યો છે તે કયારે પણ નિષ્ફળ ન જાય. ભગવાને તો ભાવવાહી ક્રિયાઓ બતાવેલી, ભાવ વિનાની ક્રિયાઓ કરવાનું કામ આપણે શરૂ કર્યું છે. શાસ્ત્રમાં કહ્યું છે કે અશુદ્ધ ક્રિયાઓ પણ શુદ્ધ ભાવથી કરવામાં આવે તો તે મોક્ષબાધક સામગ્રીનો બાધ કરે છે અર્થાદ્ મોક્ષના અંતરાયો તેનાથી દૂર થાય છે. વ્યાખ્યાન સાંભળતી વખતે કયો ભાવ હોય?

સ. પાપ ઓછું થાય એવો ભાવ છે, થોડો સુધારો થાય એવો ભાવ છે.

રોગ થયા પછી રોગ ઓછો થાય એવો ભાવ હોય કે સર્વથા નાબૂદ થાય- એવો ભાવ હોય? તેમ અહીં પાપ ઓછું કરવું છે કે પાપનો અંત લાવવો છે? જન્મમરણ સુધારવા માટે ધર્મ નથી કરવાનો, જન્મમરણનો અંત લાવવા માટે ધર્મ કરવાનો છે. સંસાર સુધારવા પ્રયત્ન કરો તો એ શકય નહિ બને. મારા ગુરુમહારાજ કાયમ માટે કહેતા હતા કે ઉકરડો સુધરે નહિ, એમાંથી આપણે બહાર નીકળવું પડે. તેમ સંસાર સુધારી ન શકાય, આપણે જ એમાંથી બહાર નીકળવું પડે. આથી જ પૂજામાં જન્મજરામૃત્યુનિવારણાય જણાવ્યું છે. સંસાર સુધારવો નથી, નિવારવો છે. હવે પરાર્થસિદ્ધિની મહત્તા બતાવવા માટે છેલ્લે જણાવે છે કે :

**तथा-निरपेक्षधर्मोचितस्यापि तत्प्रतिपत्तिकाले परपरार्थसिद्धौ तदन्यसम्पादकाभावे प्रतिपत्तिप्रतिषेधाच्चेति।।१०।। (३७७)**

જેઓ નિરપેક્ષયતિધર્મને યોગ્ય હોય તેઓને પણ નિરપેક્ષધર્મની પ્રતિપત્તિના સમયે બીજા જીવોને સમ્યગ્દર્શનાદિ સ્વરૂપ પ્રધાન પ્રયોજનની ઉપસ્થિતિ થાય અને એ વખતે આ રીતે દેશનાદિ દ્વારા સમ્યગ્દર્શનાદિ પમાડવા માટે સમર્થ એવા બીજા સાધુ ન હોય તો તે નિરપેક્ષધર્મને ઉચિત એવા સાધુને પણ નિરપેક્ષધર્મ સ્વીકારવાનો નિષેધ કરેલો છે. કારણ કે પરાર્થસંપાદન એ સૌથી મહત્ત્વનો ગુણ છે. હવે નિરપેક્ષયતિધર્મને યોગ્ય કોણ છે તે જણાવે છે :

**नवादिपूर्वधरस्य तु यथोदितगुणस्यापि साधुशिष्यनिष्पत्तौ साध्यान्तराभावतः सति कायादिसामर्थ्ये सद्वीर्याचारासेवनेन तथा प्रमादजयाय सम्यगुचितसमये, आज्ञाप्रामाण्यतस्तथैव योगवृद्धेः प्रायोपवेशनवच्छ्रेयान्निरपेक्षयतिधर्म इति।।११।। (३७८)**

પૂર્વે જણાવેલા કલ્યાણાશયવાળા વગેરે ગુણોને ધરનારા નવાદિપૂર્વધર સાધુને આચાર્ય-ઉપાધ્યાય આદિ પદને યોગ્ય એવા સમર્થ શિષ્યોની પ્રાપ્તિ થયે છતે,

નિરપેક્ષયતિધર્મને છોડીને અન્ય કોઇ સાધ્ય બાકી ન હોય તો, પ્રથમ સંઘયણવાળા શરીરના કારણે ધૃતિથી યુક્ત એવું શરીર અને મનનું સામર્થ્ય હોતે છતે, પ્રશસ્તવિષયમાં વીર્યને ન ગોપવવા દ્વારા, નિદ્રાવિકથાદિ પ્રમાદનો જય કરવા માટે, શાસ્ત્રોક્ત નીતિથી તપ, સત્ત્વ વગેરેના વિષયમાં આત્માની તુલના કરીને, ઉચિત વાર-નક્ષત્ર-તિથિ સ્વરૂપ સમયે, આજ્ઞા જ આ વિષયમાં પ્રમાણ છે – એવા પરિણામથી નિરપેક્ષયતિધર્મને યોગ્ય એવા સમ્યગ્દર્શનાદિ ધર્મસ્વરૂપ વ્યાપારની વૃદ્ધિ કરવા દ્વારા અનશનની ક્રિયાની જેમ જિનકલ્પાદિના સ્વીકારસ્વરૂપ નિરપેક્ષ યતિધર્મ કલ્યાણકારી છે. જિનકલ્પી મહાત્માઓ એક પણ અપવાદનું સેવન કરતા નથી. પગનો કાંટો તો જવા દો, આંખમાં પડેલું તણખલું પણ કાઢતા નથી. છ મહિના સુધી નિર્દોષ આહાર ન મળે તો છ મહિનાના ઉપવાસ કરી શકે, સ્થંડિલભૂમિ નિર્દોષ ન મળે તો છ મહિના આહાર લેવા છતાં સ્થંડિલભૂમિએ ન જાય તો વાંધો નથી આવતો. એ રીતે તેમનું શરીર કેળવાયેલું હોય છે. તેઓ નિદ્રા પણ લેતા નથી, વિકથા પણ કરતા નથી. બે જિનકલ્પી એક ઉપાશ્રયાદિમાં ભેગા થાય તોપણ પરસ્પર વાત કરતા નથી.

**तथा–तत्कल्पस्य च परं परार्थलब्धिविकलस्येति ।।१२।। (३७९)**

એ જ રીતે જેઓ તેવા પ્રકારના અંતરાયાદિ કર્મના ઉદયથી પરાર્થસંપાદનની લબ્ધિથી વિકલ હોય એવા બીજા પણ નિરપેક્ષયતિધર્મને યોગ્ય એવા આત્માઓ માટે આ નિરપેક્ષ યતિધર્મ જ કલ્યાણકારી છે. કારણ કે

**उचितानुष्ठानं हि प्रधानं कर्मक्षयकारणमिति।।१३।। (३८०)**

માત્ર અનુષ્ઠાન કર્મનિર્જરાનું કારણ નથી, આજ્ઞાને અનુસરતું અને પોતાની કક્ષાને ઉચિત એવું અનુષ્ઠાન પ્રધાન કોટિના કર્મક્ષયનું કારણ છે. ઉચિતાનુષ્ઠાનથી કર્મક્ષય કેવી રીતે થાય છે તે જણાવે છે :

**उदग्रविवेकभावाद्रत्नत्रयाराधनादिति।।१४।। (३८१)**

શાસ્ત્રકારશ્રીએ યોગ્યતાનું પ્રાધાન્ય બતાવ્યું ત્યારે શિષ્યને શંકા પડી કે યોગ્યતા ઉપર આટલો બધો ભાર શા માટે આપવો? આપણને પણ આવી જ શંકા છે ને? જો યોગ્યતા વિના પણ અનુષ્ઠાન કરવાની રજા મળે તો આનંદ થાય ને? આપણને અનુષ્ઠાન પ્રત્યે પ્રેમ છે, પરંતુ યોગ્યતા પ્રત્યે નફરત છે ને? ગુર્વાદિક જો યોગ્યતા કેળવવાનું કહે તો આપણને ગમે ખરું? કે ઉપરથી ગુરુ ટકટક કરે છે એમ લાગે?

આજે ગુરુભગવંત શું કરે છે-એ જોવાનું શરૂ કર્યું તેથી ગુરુ પ્રત્યે નફરત જાગે છે. એના બદલે આપણે શું કરવાનું છે-એ વિચારવાનું શરૂ કર્યું હોત તો આપણો આત્મા શુદ્ધ થયા વિના ન રહ્યો હોત. જેટલી યોગ્યતા હોય એટલો ધર્મ કરવો. જેટલી યોગ્યતા બાકી હોય તે કેળવવા પ્રયત્ન કરવો. પણ ઓછી યોગ્યતા હોય તો ચઢિયાતો ધર્મ ન કરવો. તમે પણ ઓછી મૂડીમાં મોટો ધંધો ન કરો ને? અનુચિત અનુષ્ઠાન કર્મક્ષયનું કારણ ન બને. યોગ્યતા કેળવ્યા વિના ધર્મ કરે તો આર્ત્તધ્યાન થવાનું. આ આર્ત્તધ્યાન ધર્મ કરવાના કારણે નહિ, યોગ્યતા ન કેળવવાના કારણે થાય છે. ઉપવાસ કરવાના કારણે આર્ત્તધ્યાન નથી થતું, ખાવાનો અભ્યાસ છોડ્યો નથી, ખાવાનો રાગ તોડવાનું લક્ષ્ય નથી માટે આર્ત્તધ્યાન થાય છે. દરેક અનુષ્ઠાનની મહત્તા ઔચિત્યને લઇને છે. પૂજાનું અનુષ્ઠાન ગૃહસ્થ માટે કર્મક્ષયનું કારણ, પરંતુ સાધુ માટે પૂજાનું અનુષ્ઠાન અનુચિત છે-માટે તે કર્મક્ષયનું કારણ નથી. આપણને ધર્મ કરવો ગમે છે, પરંતુ એ માટે યોગ્યતા કેળવવી પડે છે- એની તકલીફ છે ને? ઇચ્છા મુજબ ધર્મ કરવો ફાવે, પણ આજ્ઞા મુજબની યોગ્યતા કેળવીને ધર્મ કરવાનું ન ફાવે ને? 'જેમ કપડું મસળીએ તો જ સાફ થાય-એવું નહિ, પલાળીએ તોય તેનાથી થોડોઘણો તો મેલ કપાય; તે રીતે યોગ્યતા વિનાના અનુષ્ઠાનથી પણ થોડો ઘણો લાભ તો થાય ને?' - આવી શંકા હોય તો તેને જણાવે છે કે ઉચિત અનુષ્ઠાનમાં વિધેય અને અવિધેય વસ્તુના વિભાગનું જ્ઞાન થવાથી સમ્યગ્દર્શનાદિ રત્નત્રયીની આરાધના થાય છે, આરાધનાને અનુકૂળ એવા ઉત્કટ કોટિના વિવેકની પ્રાપ્તિ ઔચિત્યના કારણે થાય છે માટે ઉચિતાનુષ્ઠાન જ કર્મક્ષયનું કારણ બને છે. યોગ્યતા વિનાના અનુષ્ઠાનથી કર્મક્ષય સ્વરૂપ લાભ ન થાય. હવે જો શિષ્યને એવી શંકા હોય કે યોગ્યતા વિના પણ કરાયેલું અનુષ્ઠાન પોતે જ ઉત્તમ હોવાથી તે થોડીઘણી નિર્જરા તો કરાવશે ને?... તો તેના નિરાકરણમાં જણાવે છે.

**अननुष्ठानमन्यदकामनिर्जराङ्गमुक्तविपर्ययादिति ॥१५॥ (३८२)**

જે ઉચિત અનુષ્ઠાન ન હોય તે અનુષ્ઠાન જ નથી. જેમ ચિત્રમાં દોરેલું આંબાનું ઝાડ હોય તે ફળ આપે? નહિ ને? કારણ કે એ ઝાડ જ નથી. તેમ ઉચિતાનુષ્ઠાનથી જે વિલક્ષણ હોય તેને અનુષ્ઠાન જ ન કહેવાય. એવા અનુષ્ઠાનથી માત્ર અકામનિર્જરા થાય, મોક્ષની પ્રાપ્તિ ન થાય. અવિધિપૂર્વકના અનુષ્ઠાનથી અકામનિર્જરા જ થવાની. નારકીના જીવો કે તિર્યંચગતિના પશુપક્ષીઓ દુઃખ ભોગવવાથી જે નિર્જરા કરે તેને અકામનિર્જરા કહેવાય. લાચારીપૂર્વક દુઃખ વેઠવું તેને અકામનિર્જરા કહેવાય. કોઇ પણ

જાતની લાચારી વિના સંયમ અને તપના પાલન દ્વારા, દુઃખ ભોગવવાથી જે નિર્જરા થાય તેને સકામનિર્જરા કહેવાય.

સ. એમાં બીજો કોઇ દોષ નથી ને?

આપણને જે જોઇતું હોય તે ન મળે આ જ દોષ છે ને? તમે ધંધો કરો તેમાં નુકસાન ન થાય પરંતુ સાથે નફો પણ ન થાય તો તે ધંધો કર્યો કહેવાય કે હજામત કરી કહેવાય? સકામનિર્જરાના ઉદ્દેશથી ધર્મ શરૂ કર્યો હોય અને તેના બદલે અકામનિર્જરા થાય તો અનિષ્ટની પ્રાપ્તિ થઇ એમ જ માનવું પડે ને? મોક્ષમાં જવાના ઇરાદાથી ધર્મની શરૂઆત કરી હોય અને ધર્મ કરવા છતાં પણ તેનાથી સંસારમાં ભટકવું પડે આ નુકસાન જ છે ને? અનુચિત અનુષ્ઠાનમાં ઉદગ્ર વિવેકનો અભાવ હોવાથી રત્નત્રયીની અનારાધના થાય છે. રત્નત્રયીની આરાધના મોક્ષનું કારણ છે અને રત્નત્રયીની અનારાધના સંસારનું કારણ છે.

**निर्वाणफलमत्र तत्त्वतोऽनुष्ठानमिति।।१६।। (३८३)**

જે મોક્ષનું કારણ બને તેને જ અનુષ્ઠાન કહેવાય, જે મોક્ષનું કારણ ન બને તેને અનુષ્ઠાન જ ન કહેવાય. તત્ત્વથી, પરમાર્થથી અનુષ્ઠાન તેને કહેવાય કે જે મોક્ષ અપાવે. મોક્ષે જવા માટે પાપ છોડવાની જરૂર છે. પાપ ન કરવું એ જ તાત્ત્વિક અનુષ્ઠાન છે. તમે પાપ ન કરો તો મોક્ષ મળી જ જવાનો. એના બદલે પાપ ચાલુ રાખીને બીજાં અનુષ્ઠાનો કરીએ તો તેનાથી મોક્ષ નહિ મળે. આમ છતાં આજે આપણને પાપ સાથેનો ધર્મ ગમે ને? શાસ્ત્રકારો કહે છે કે મમતાનો ત્યાગ કરો અને સમભાવને ધારણ કરો તો બીજો કોઇ વિશિષ્ટ ધર્મ ન કરો તોપણ મોક્ષે પહોંચી જશો. પરંતુ આપણે મમત્વ ચાલુ રાખીને થોડોઘણો ધર્મ કરી લેવો છે ને? એક બાજુ કમાવાનું ચાલુ રાખવું અને બીજી બાજુ દાન દેવું-આવો ધર્મ ગમે ને? કમાવું નહિ-એ સારું કે ખરચવું તે સારું? આચાર્યભગવન્તે અમને વ્યક્તિગત હિતશિક્ષા આપતાં જણાવેલું કે કોઇ તારી પાસે દશ લાખ રૂપિયા ખરચવા આવે તો તેને કહેવાનું કે આટલા પૈસા લઇ દેશભેગો થઇ જા અને નિવૃત્ત થઇને ધર્મધ્યાન કરવા માંડ. ભગતને આવું કહેવાની હિંમત છે ખરી? આ તો કહે કે ભગતને જેટલો પૈસો મળે એટલાં શાસનનાં કામ કરશે. આ પણ મમત્વ જ બોલાવે છે. પાપ ન કરવું-એ ઉચિત અનુષ્ઠાન છે. અનુચિત અનુષ્ઠાનનું ફળ અકામનિર્જરા છે, ઉચિત અનુષ્ઠાનનું ફળ સકામનિર્જરા-મોક્ષ છે. જો આપણું અનુષ્ઠાન મોક્ષનું કારણ ન બને તો તે અતાત્ત્વિક

છે-એમ સમજી લેવું. હવે શિષ્યને એવી શંકા પડે કે તાત્ત્વિક અનુષ્ઠાન કરતાં કરતાં જેઓ દેવલોકમાં જાય અને મોક્ષમાં ન જાય તેમનું અનુષ્ઠાન તાત્ત્વિક ગણવું કે નહિ? તો તેના નિરાકરણમાં જણાવે છે કે જે મહાત્માઓ તાત્ત્વિક અનુષ્ઠાન કરીને દેવલોકમાં ગયા તેમનો ઇરાદો તો મોક્ષે જ જવાનો હતો, દેવલોકમાં જવાનો નહિ. તેથી દેવલોકની પ્રાપ્તિ થાય તોપણ તે આનુષંગિક ફળ છે. આનુષંગિક ફળના કારણે અનુષ્ઠાન અતાત્ત્વિક ન બની જાય. ઇચ્છાથી જે મળે તેને તાત્ત્વિક ફળ કહેવાય, ઇચ્છા વિના પણ જે મળે તેને આનુષંગિક ફળ કહેવાય. ખેડૂત ખેતી કરે તો અનાજની ઇચ્છાથી કરે, ઘાસની ઇચ્છાથી નહિ. અનાજ એ તાત્ત્વિક ફળ છે અને ઘાસ એ અતાત્ત્વિક ફળ છે. ખેતીથી ઘાસ આવે એટલામાત્રથી એ ખેતી અતાત્ત્વિક ન કહેવાય, કારણ કે ઘાસ પછી અનાજ આવવાનું છે. જેને આનુષંગિક ફળની ઇચ્છા થાય તેનું અનુષ્ઠાન અતાત્ત્વિક છે. તાત્ત્વિક ફળની ઇચ્છાના કારણે અનુષ્ઠાન તાત્ત્વિક કહેવાય અને અતાત્ત્વિક ફળની ઇચ્છાના કારણે અનુષ્ઠાન અતાત્ત્વિક મનાય છે. શ્રીપાળમહારાજા વગેરેએ નવપદની આરાધના મોક્ષના ઇરાદે કરેલી છતાં તેમને દેવલોકની પ્રાપ્તિ થઇ હોય તો તે અનુષંગના કારણે થયેલી. આથી જ તેમનું અનુષ્ઠાન તાત્ત્વિક કહેવાય છે. શાંતિનાથ ભગવાનના આત્માએ જે ચક્રવર્તીપણું પ્રાપ્ત કર્યું તે ઇચ્છા વિના પ્રાપ્ત કરેલું, આથી તેમનું અનુષ્ઠાન તાત્ત્વિક હતું. જ્યારે બ્રહ્મદત્તચક્રવર્તીના જીવે સંયમ સારું પાળ્યું, છતાં તેમાં અતાત્ત્વિક ફળની ઇચ્છા જાગી એટલે તેમનું સંયમ અતાત્ત્વિક બની ગયું. ચક્રવર્તીપણાની પ્રાપ્તિ તો બંન્નેને થઇ, છતાં ઇચ્છા વિના જેને મળ્યું તેના અનુષ્ઠાનની તાત્ત્વિકતા હણાઈ નહિ, જેણે ઇચ્છાથી મેળવ્યું તેના અનુષ્ઠાનની તાત્ત્વિકતા હણાઇ ગઇ. નિર્વાણફળને આપનારું અનુષ્ઠાન તાત્ત્વિક છે, આ તાત્ત્વિકતા શેના કારણે છે તે જણાવે છેઃ

**न चासदभिनिवेशवत्तदिति ।।१७।। (३८४)**

જે અનુષ્ઠાન નિર્વાણસ્વરૂપ ફળને આપનારું છે તે અસદ્ અભિનિવેશવાળું નથી હોતું, તેથી જ તે તાત્ત્વિક છે. અભિનિવેશ એટલે આગ્રહ. આવું જ હોવું જોઇએ - એ પરિણામને અભિનિવેશ કહેવાય છે જે હશે તે ચાલશે-આવા પરિણામને અનભિનિવેશ કહેવાય છે. આ અભિનિવેશ અસદ્ વસ્તુના વિષયમાં હોય તો તેને અસદ્અભિનિવેશ કહેવાય છે. હું જે કહું છું-એ જ સાચું છે અથવા હું કરું છું એ જ બરાબર છે- આવો કદાગ્રહ જેને હોય તે ગમે તેટલું નિષ્ઠુર-કષ્ટસાધક અનુષ્ઠાન કરે તોપણ તેને મોક્ષની પ્રાપ્તિ થતી નથી. અસદભિનિવેશ ઇચ્છાના કારણે આવે છે.

આ ઇચ્છા મોક્ષની પ્રાપ્તિ પ્રત્યે પ્રતિબંધક બને છે. તેથી જેને અસદ્ અભિનિવેશ ન હોય તેનું જ અનુષ્ઠાન મોક્ષસાધક બને છે.

ભગવાનની આજ્ઞા મુજબ કરવાનો આગ્રહ તે સદ્ અભિનિવેશ છે. અને પોતાની ઇચ્છા મુજબ કરવાનો આગ્રહ તે અસદ્ અભિનિવેશ છે. જે ફળ આજ્ઞાનુસારી અનુષ્ઠાનથી મળે તે ફળ સ્વચ્છંદીપણાથી કરેલ અનુષ્ઠાનથી ન જ મળે-એ સમજી શકાય છે. આપણે ભગવાનની આજ્ઞા મુજબ કરવાનો આગ્રહ નથી રાખ્યો આ જ અસદભિનિવેશને સૂચવે છે. આપણે સંસારનાં સુખ ભોગવવા માટે મહેનત કરીએ છીએ, સુખ છોડવા માટે પ્રયત્ન નથી કરતા, સુખ ભોગવવાના સાધન ભેગાં કરીએ છીએ...આ બધો જ અસદભિનિવેશનો પ્રભાવ છે. ધર્મ કરનારા માણસો પણ અનુકૂળતા જ શોધ્યા કરે તો એમાં અસદભિનિવેશ જ કારણ છે. જે અંગ ખૂટે છે તેને પૂરું કરવાના બદલે વિકલ્પ શોધ્યા કરીએ તો પૂર્ણતા સુધી નહિ પહોંચાય.

સ. અમે સુખ ભલે છોડતા નથી, પરંતુ ભગવાનના વચનમાં કોઇ શંકા નથી.

સાચું કહો છો? તો એટલું નક્કી કરવું છે કે ચારિત્ર લેવાનો પરિણામ ન હોય તોપણ ચારિત્ર દુર્લભ બને એવું તો એકે પગલું ભરવું નથી. ચારિત્રની કે ચારિત્રધરની વિરાધના થાય એવી એક પણ પ્રવૃત્તિ કરવી નથી, ઉપરથી ચારિત્રમોહનીય ખપાવવા માટે પુરુષાર્થ શરૂ કરવો છે.

સ. એ માટે શું કરવું ?

ચારિત્રમોહનીય ખપાવવા માટે ઘર છોડીને ઉપાશ્રયમાં આવતા થાઓ. અહીં આવીને સાધુસાધ્વીનાં દર્શન કરો તોપણ તમારાં પાપ ખપે. તેમને વંદનાદિ કરવાથી તેમની પાસે ભણવાથી આપણાં કર્મોની નિર્જરા થાય. તમે જો ઉપાશ્રયમાં આવતાજતા રહો તો સાધુમહાત્મા પણ અપ્રમત્તપણે રહે. ચારિત્ર પ્રત્યે પ્રેમ છે ને? તો ચારિત્ર જ્યાં સચવાય, પળાય-એવાં સ્થાનોની અને ચારિત્રધરોની રક્ષા થાય તેવું કરવું છે ને? ચારિત્ર પ્રત્યે પહેલાં પ્રેમ જાગે, પછી આદર જાગે, પછી તેનો સ્વીકાર થાય અને પછી તેનું પાલન થાય. ઉચિત અનુષ્ઠાન કરવું હશે તો આપણી ઇચ્છાને બાજુએ મૂકીને આજ્ઞાને આગળ કરવી જ પડશે. આથી જ દીક્ષા લીધેલ સાધુ ભગવાનને પૂછે છે કે કેવી રીતે ચાલવું, કેવી રીતે ઊભા રહેવું, બેસવું, ખાવું, સૂવું, બોલવું. આવું પૂછ્યા પછી ગુરુ એમ નથી કહેતા કે તને આટલી પણ ખબર નથી? ઉપરથી કેવી રીતે તે ક્રિયાઓ કરવી તે જણાવે છે. કારણ કે પહેલાં ગૃહસ્થપણામાં આ બધી

ક્રિયાઓ ઇચ્છા મુજબની હોવાથી અનુચિત હતી, હવે ઉચિત પ્રવૃત્તિ કરવી છે તેથી આજ્ઞા મુજબ આ ક્રિયાઓ કેવી રીતે કરવી તે જણાવે છે. સારામાં સારી પ્રવૃત્તિમાં પણ પોતાની ઇચ્છા ભળે તો એ પ્રવૃત્તિ અસદ્ બની જાય-એવું ન થાય તે માટે પ્રયત્ન કરવો છે. ગમે તેટલું ઉત્કટ, કઠોર અનુષ્ઠાન કરવા છતાં પણ અસદ્ અભિનિવેશ હશે તો તે મોક્ષને રોકી રાખશે.

અ. અવિધિ કરતા હોઇએ પણ અભિનિવેશ ન હોય તો ?

આ જ શંકા આગળ શિષ્યે કરી છે. અનુચિત રીતે પણ કરે તોય અનુષ્ઠાન તો થાય છે અને એમાં મિથ્યાભિનિવેશ ન હોય-એવું ય બને તો પછી એવું અવિધિવાળું અનુષ્ઠાન તાત્ત્વિક ગણાય કે નહિ : આ શંકાના નિરાકરણમાં જણાવે છે.

**अनुचितप्रतिपत्तौ नियमादसदभिनिवेशोऽन्यत्रानाभोगमात्रादिति।।१८।। (३८५)**

તમારા જેવી શંકા જ શિષ્યે કરી છે, પરંતુ એનો જવાબ આકરો લાગે એવો છે. અહીં જણાવે છે કે જેઓ અનુચિત અનુષ્ઠાનનો સ્વીકાર કરે તેઓ નિયમે કરીને અસદ્ અભિનિવેશવાળા છે. એમાં અપવાદ એટલો છે કે અનાભોગ એટલે કે જેઓ અજ્ઞાન છે તેઓ અવિધિ કરે તો તેમને અસદ્ અભિનિવેશ હોય જ એવો નિયમ નથી. આજે આપણે અવિધિ કરીએ છીએ તે વિધિનું જ્ઞાન નથી માટે કરીએ છીએ કે વિધિનું જ્ઞાન હોવા છતાં કરીએ છીએ? આ તો પાછા કહે કે અવિધિ કરું પણ હૈયામાં એનું દુઃખ છે, અવિધિનો ડંખ છે. અવિધિનો ડંખ હોય તે અવિધિ કાઢવા માટે પ્રયત્ન કરે ને? કાંટો ડંખે તો પગમાં રાખીને ચાલો કે ઊભા રહીને કાઢો, પછી ચાલો? જેને અવિધિનો ડંખ હોય તે અવિધિ ચલાવી ન લે, અવિધિ કાઢવા માટે પ્રયત્ન કરે. અવિધિથી બચવું હોય તો વિધિનું જ્ઞાન મેળવીને પછી અનુષ્ઠાન કરવાનું. આથી જ કહ્યું છે કે 'पढमं नाणं तओ दया' પહેલાં જ્ઞાન મેળવવાનું પછી આચરણ કરવાનું. જેઓને વિધિનું જ્ઞાન છે તેઓ જો અવિધિમાં પ્રવૃત્તિ કરતા હોય તો માનવું પડે કે તેમને અવિધિનો અભિનિવેશ છે.

દરેક પ્રકારના ધર્મ માટે યોગ્યતાની મુખ્યતા છે, આ પ્રમાણે જણાવ્યા બાદ અહીં ફરી યોગ્યતાની વાત એટલા માટે કરી છે કે છેલ્લામાં છેલ્લો નિરપેક્ષયતિધર્મ પણ યોગ્યતાને લઇને જ ફળ આપે છે-એ જણાવવું છે. આપણું અનુષ્ઠાન તાત્ત્વિક

બનાવવું હશે તો તેના માટે અનુચિતનો સ્વીકાર ન થાય તે માટે અપ્રમત્ત રહેવું પડશે. જે પોતાની યોગ્યતાને અનુચિત હોય એવું અનુષ્ઠાન સ્વીકારીએ તો તે અભિનિવેશના કારણે થાય છે. આપણે જે કોઇ અનુષ્ઠાન કરીએ તે વિધિપૂર્વક કરવું ઉચિત છે. તે જો અવિધિપૂર્વક કરીએ તો અનુચિત માનવું પડે ને?

સ. પ્રમાદના કારણે અવિધિ થાય તોપણ અભિનિવેશ કહેવાય?

પ્રમાદના કારણે અવિધિ થાય ત્યારે પણ પ્રમાદ કરીએ છીએ કે પ્રમાદ થાય છે? અને પ્રમાદ ગમે છે માટે જ કરો છો ને? પ્રમાદ જેને ગમે તેને અભિનિવેશ છે-એમ માનવું પડે ને? પ્રમાદ ન કરવો એ તો સાધુપણાનો સ્થાયીભાવ છે. દરેક અનુષ્ઠાનમાં પ્રમાદ ન કરવો, આ જ સ્થાયીભાવ છે. અવિધિ ગમે છે માટે પ્રમાદ કરીએ છીએ ને? અવિધિ ગમે તો એ અભિનિવેશ છે ને?

સ. પ્રમાદ ગમે છે માટે અવિધિ કરીએ છીએ.

પ્રમાદ કરવો-એ પણ અવિધિ છે ને? એટલે જેને પ્રમાદ ગમે છે તેને અવિધિ ગમે છે એમ જ માનવું પડે ને? જો પ્રમાદ ગમતો ન હોય તો પ્રમાદ ટાળવા પ્રયત્ન કરે ને? જેઓ પ્રમાદ ટાળવા પ્રયત્ન નથી કરતા તેને પ્રમાદ ગમે છે એમ જ માનવું પડે ને? જે પ્રમાદ કર્મબંધનું છેલ્લામાં છેલ્લું સાધન છે તે પણ ગમે તો એ અભિનિવેશ જ માનવો પડે ને? જેઓ જાણકાર હોવા છતાં અનુચિત અનુષ્ઠાનનો સ્વીકાર કરે તે અભિનિવેશવાળા છે. જેઓ અજ્ઞાની હોય તેઓ અભિનિવેશવાળા હોય જ એવો નિયમ નથી, તેમને અભિનિવેશ ન પણ હોય. હવે શિષ્યને શંકા છે કે જે અજ્ઞાની હોય તેને ચારિત્રનો સંભવ હોય કે નહિ-તે માટે જણાવે છે :

**सम्भवति तद्वतोऽपि चारित्रमिति।।१९।। (३८६)**

જેઓએ અનાભોગમાત્રથી એટલે કે અજ્ઞાનથી અનુચિત પ્રવૃત્તિનો સ્વીકાર કર્યો હોય તેને સર્વવિરતિ ચારિત્રનો સંભવ હોય છે. આમાં કઇ વિશેષતા છે-તે કહે છે.

**अनभिनिवेशवांस्तु तद्युक्तः खल्वतत्त्वे।।२०।। (३८७)**

અજ્ઞાની જીવ અતત્ત્વના વિષયમાં અભિનિવેશથી રહિત હોય છે. જે તત્ત્વ હોય તે પ્રવચનને અનુસરનારું હોય. જે અર્થ પ્રવચનમાં બધિત હોય તેને અતત્ત્વ કહેવાય. આવા અતત્ત્વમાં આગ્રહ ન હોય તેનો નિસ્તાર થાય છે. અજ્ઞાન કરતાં પણ કદાગ્રહ ખરાબ છે. આપણા ગુણોને પણ દોષરૂપે બનાવે, ઉત્તમક્રિયાને પણ તુચ્છ કોટિની

બનાવે એવો આ આગ્રહ છે. આવું નિરાગ્રહપણું કઇ રીતે આવે- તે જણાવે છે.

**स्वस्वभावोत्कर्षादिति।।२१।। (३८८)**

કર્મની લઘુતા થવાના કારણે કુદરતી રીતે સ્વભાવનો ઉત્કર્ષ થાય છે, તેના કારણે નિરાગ્રહીપણું આવે છે. નિરુપાધિક એવા આત્મતત્ત્વનો ઉત્કર્ષ થાય તેને આગ્રહ ન નડે. કુતર્કની નિવૃત્તિ તો સમ્યગ્દર્શન પામવા પહેલાં ચોથી દૃષ્ટિમાં જ થઇ જાય છે. જેમ જેમ સ્વભાવ નિર્મળ બને તેમ તેમ ક્ષયોપશમ વધે, જેમ ક્ષયોપશમ વધે તેમ સહનશીલતા વધતી જાય. સમ્યગ્દર્શનાદિ સ્વભાવનો ઉત્કર્ષ થાય તે આગ્રહી વલણ ન રાખી શકે. પહેલાં નાનાં કષ્ટો પણ અસહ્ય લાગતાં હતાં, હવે મોટાં કષ્ટો પણ સહેલાઇથી સહ્ય બને છે. હવે શિષ્ય શંકા કરે છે-ગમે તેટલો ઉત્કર્ષ થાય તોપણ તેનો અપકર્ષ થઇ શકે ને? ગમે તેટલો પ્રકાશ હોય તોપણ ભૂલા તો પડાય ને? આવી શંકાના નિરાકરણમાં જણાવે છે:

**मार्गानुसारित्वादिति।।२२।। (३८९)**

આવા જીવ પાસે માર્ગાનુસારીપણું હોવાથી તેની સ્ખલના થતી નથી. કર્મની લઘુતા થવાથી કુદરતી રીતે તે જીવોના પરિણામ મોક્ષમાર્ગને અનુકૂળ હોય છે. જેમ રોજ માર્ગે ચાલતા બળદગાડામાં બેસેલો ગાડાવાળો ઊંઘતો પણ હોય તોય તે ઇષ્ટ સ્થાને પહોંચી જાય છે. તેમ જેનાં કર્મો લઘુ થયાં હોય અને એના કારણે જેનું આત્મસ્વરૂપ નિર્મળ થયું હોય તે અજ્ઞાન હોય તોપણ તેની પ્રવૃત્તિ મોક્ષમાર્ગને અનુકૂળ હોય છે. આવું માર્ગાનુસારીપણું પણ કેવા પ્રકારનું છે-તે જણાવે છે :

**तथारुचिस्वभावत्वादिति ।।२३।। (३९०)**

તેવા પ્રકારની માર્ગને અનુરૂપ એવી રુચિસ્વરૂપ જ માર્ગાનુસારીપણું છે. જેને માર્ગની પ્રત્યે સ્વાભાવિક રુચિ હોય તેને માર્ગાનુસારી કહેવાય. માર્ગની રુચિના કારણે જે પ્રવૃત્તિ થાય તે સહજપણે માર્ગને અનુસરતી હોય છે.

ઔચિત્યપૂર્વકનું અનુષ્ઠાન હોય તો તેમાં પ્રમાદ નથી હોતો. આજે આપણે જે કાંઇ અનુષ્ઠાન કરીએ છીએ તેમાં પ્રમાદ પૂરતા પ્રમાણમાં છે ને? કાં તો નિદ્રા હોય, કાં વિકથા હોય, નહિ તો વિષય-કષાય હોય... આવું જ આપણું અનુષ્ઠાન છે ને? જે કાંઇ પાપ ટાળવા પ્રયત્ન કરીએ તે પણ પાપ ખરાબ છે માટે કે પાપનું ફળ ખરાબ છે માટે? પાપના કારણે દુઃખ આવે છે માટે પાપ છોડવું છે કે પાપ જ ખરાબ છે

માટે પાપ નથી કરવું? વિષ્ટામાં પગ નથી મૂકતા તે વિષ્ટા ખરાબ છે માટે કે વિષ્ટાના કારણે પગ કે કપડાં ખરાબ થાય માટે? પાપ ખરાબ છે માટે પાપ નથી કરવાનું-આ ભગવાનનું વચન છે. આ વચનનો અનાદર કરીએ છીએ એ મોટામાં મોટો પ્રમાદ છે. જે માર્ગાનુસારી હોય એને સ્વભાવથી જ અનુચિત વસ્તુમાં રુચિ જાગતી નથી. જેઓ ઉત્તમ કુળમાં જન્મ્યા હોય તેઓને કુદરતી રીતે અનુચિત આચરવાનું મન થતું નથી. ઉચ્ચ ગોત્રને ભાવથી પામેલા હોય તેઓને અનુચિત આચારનું મન જ ન થાય. જેઓ જૈન કુળમાં જન્મ્યા હોય તેને માંસમદિરાની ઇચ્છા થાય જ નહિ ને? રાત્રિભોજનની પણ ઇચ્છા ન થાય ને? જેને આવી ઇચ્છા થતી હોય તેઓ જૈન કુળને દ્રવ્યથી જ પામ્યા છે-એમ માનવું પડે ને? દીક્ષા લીધા પછી જેનું મન અવિરતિ તરફ ખેંચાય તેની દીક્ષા ઔદયિકભાવની છે-એમ માનવું. આપણી દીક્ષાને ક્ષયોપશમભાવની બનાવવી હોય તો અવિરતિ તરફ ખેંચાયેલા મનને પાછું વાળવું છે, તેને સુખથી આઘું કરીને દુ:ખ ભોગવતું કરવું છે. આપણા ધર્મને બગાડવાનું કામ પ્રમાદ કરે છે. જેને રુચિ હોય તે પ્રમાદ ન કરી શકે. જેને ખાવાનો ઉલ્લાસ હોય તે ખાવામાં વેઠ ન ઉતારે ને? તેમ જે પોતાની રુચિથી, ઉલ્લાસથી અનુષ્ઠાન કરે તે પ્રમાદ શા માટે કરે?

સ. રુચિ હોવા છતાં પ્રમાદ તો અંદર પડેલો હોય-એવું બને ને?

પ્રમાદ અંદર ભલે પડ્યો હોય બહાર શા માટે લાવો છો? અશાતા પણ અંદર પડેલી છે-તેને બહાર લાવો છો? ઉપરથી બહાર આવી હોય તોપણ તેને ટાળવા માટે પ્રયત્ન કરો છો ને? તેમ પ્રમાદને પણ બહાર નથી લાવવો, આવે તોપણ ટાળવો છે.

સ. રુચિ ઓછી હોય-એવું બને ને?

બને. પરંતુ જેટલું છે એટલું કામ નહિ લાગે, જેટલું નથી એ નડશે. તમે ભલે કહો કે રુચિ છે માટે પ્રવૃત્તિ કરીએ છીએ, શાસ્ત્રકારો કહે છે કે રુચિ નથી માટે જ જેમતેમ પ્રવૃત્તિ કરો છો. હવે આપણને રુચિ પ્રગટી છે કે નહિ, એ કેવી રીતે જાણવું-એ માટે જણાવે છે:

**श्रवणादौ प्रतिपत्तेरिति ।।२४।। (३११)**

જેને માર્ગની રુચિ હોય તે પોતાની મેળે જ શાસ્ત્રના શ્રવણ માટે તત્પર બને.

'આદિ' પદથી જણાવ્યું છે કે બીજાની પ્રેરણાથી પણ શ્રવણનો સ્વીકાર કરે. ધર્માત્માનું આ લક્ષણ કાયમ માટે યાદ રાખવું કે જેને ધર્મ પ્રત્યે રુચિ જાગી હોય તેને કોઇ પણ પોતાની ભૂલ બતાવે તો તે પ્રેમથી સાંભળે, 'અજ્ઞાનથી ભૂલ કરી' એવી કબુલાત કરે અને 'ભવિષ્યમાં હવે બીજી વાર આવું નહિ કરું' એ પ્રમાણે જણાવે. ભૂલ બતાવ્યા પછી બચાવ કરે, સ્વીકાર ન કરે તે ધર્મરુચિનું લક્ષણ નથી. ભૂલ સાંભળવા તત્પર થવું, ભૂલનો સ્વીકાર કરવો, ફરી ન કરવાની કબુલાત આપવી- આ રુચિસ્વભાવનાં લક્ષણ છે. આવી કબુલાત શેનાથી થાય તે જણાવે છે :

**असदाचारगर्हणादिति ।।२५।। (३९२)**

પોતે જે કાંઇ અનુચિત અનુષ્ઠાન કર્યું હોય તેની ગર્હા કરે અર્થાદ્ ગુરુ ભગવંત પાસે તેની આલોચના કરીને તેનું પ્રાયશ્ચિત્ત લે. પ્રાયશ્ચિત્ત સ્વીકારવા દ્વારા અનુચિત અનુષ્ઠાનની નિંદા કરે તેને રુચિસ્વભાવ છે-એમ સમજવું. રોગની ગર્હા ડોક્ટર પાસે જેવી રીતે કરીએ તેવી રીતે અસદનુષ્ઠાનની ગર્હા કરવી. હવે પ્રસ્તુતાર્થનો ઉપસંહાર કરતાં જણાવે છે કે :

**इत्युचितानुष्ठानमेव सर्वत्र श्रेय इति।।२६।। (३९३)**

સર્વત્ર એટલે કે ગૃહસ્થધર્મના અને યતિધર્મના સ્વીકારના વિષયમાં અસદભિનિવેશનો અભાવ જેમાં છે એવું ઉચિત અનુષ્ઠાન જ પ્રશસ્ત ગણાય છે. હવે ઉચિતાનુષ્ઠાનની કલ્યાણકારિતા શેના કારણે છે તે જણાવે છે :

**भावनासारत्वात्तस्येति ।।२७।। (३९४)**

ઉચિતાનુષ્ઠાન ભાવનાસાર હોવાથી તે શ્રેયસ્કર છે. ભાવના છે સારભૂત જેમાં એવું ઉચિતાનુષ્ઠાન હોય છે. ઉપાધિથી રહિત એવો, જીવને વાસિત કરનારો જે પરિણામ છે તેને ભાવના કહેવાય છે. આ ભાવનાના કારણે જ અનુષ્ઠાનમાં ઉચિતત્વ આવે છે. ભાવના વિનાનું અનુષ્ઠાન શુષ્ક ગણાય છે. અનુષ્ઠાન ભાવનારૂપ સારના કારણે કલ્યાણકારી છે. કેરી કામની કે એનો રસ કામનો? કેરી રસના કારણે કામની મનાય છે, નાળિયેર પાણીના કારણે ઉપયોગી મનાય છે તેમ અનુષ્ઠાનની કલ્યાણકારિતા ભાવનાના કારણે મનાય છે. ભાવના વિનાનું અનુષ્ઠાન અનુચિત છે. અનુચિત અનુષ્ઠાન, અનુષ્ઠાન કહેવાય છે, પરંતુ તે અનુષ્ઠાનની ગણનામાં નથી આવતું. કારણ કે એનાથી અકામનિર્જરા થાય છે, જેનું કોઇ ફળ નથી.

યોગ્યતાના અભાવમાં કોઇ પણ વસ્તુ પોતાના ફળને આપવા માટે સમર્થ બનતી જ નથી. સારામાં સારો ધર્મ કરવા છતાં દ્રવ્ય યોગ્ય ન હોય, ક્ષેત્ર યોગ્ય ન હોય, કાળ યોગ્ય ન હોય કે ભાવ યોગ્ય ન હોય તો એ અનુષ્ઠાન સિદ્ધિનું કારણ બનવાના બદલે વિટંબણાનું જ કારણ બનવાનું. અભવ્યના આત્માઓ દ્રવ્યથી અયોગ્ય હોવાના કારણે નિરતિચારપણે ચારિત્રની ક્રિયાઓ કરવા છતાં તે સમ્યગ્દર્શનને કે મિથ્યાત્વની મંદતાને પણ પામી શકતા નથી. આત્મદ્રવ્ય મોક્ષે જવા માટે અયોગ્ય હોય તો તેનો ધર્મ નકામો જ ગયો-એમ માનવું પડે ને? ક્ષેત્રથી પણ અઢી દ્વીપની બહાર રહેલા નંદીશ્વર વગેરે દ્વીપ તીર્થ હોવા છતાં તે આપણા માટે તારક બનતા નથી. કાળથી પાંચમા આરામાં ગમે તેટલા પરિણામની વિશુદ્ધિ થાય તોય મોક્ષે પહોંચાડે તેવા પરિણામ નથી જ આવતા. તે જ રીતે કષાયાદિ ભાવોની હાજરીમાં સારામાં સારું અનુષ્ઠાન મોક્ષને આપનારું બનતું જ નથી. આથી ધર્મ કરતી વખતે આપણે અનુષ્ઠાન ઉપર ભાર આપવાના બદલે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની યોગ્યતા ઉપર ભાર આપવો છે. અનુષ્ઠાન કરવાની ઉતાવળ કરવાના બદલે દ્રવ્યાદિની યોગ્યતા મેળવવાની ઉતાવળ કરવાની જરૂર છે. અનુષ્ઠાન ભાવનાથી સારભૂત હોય તો જ તે તાત્ત્વિક કહેવાય છે. ભગવાને કહેલું અનુષ્ઠાન નકામું કેમ કહેવાય? આવી શંકા ન કરવી, કારણ કે ભગવાને જે અનુષ્ઠાન બતાવ્યું છે તે ભાવનાથી સારભૂત બતાવ્યું છે. આપણે ભાવનાની વ્યાખ્યા શું કરીએ? 'કરવાનું મન તેનું નામ ભાવના' આ જ ને? શાસ્ત્રકારો જણાવે છે કે 'કરવાનું નહિ, પામવાનું મન તેનું નામ ભાવના.' ભાવનાની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે- નિરુપાધિક એવો, જીવને વાસિત બનાવનારો પરિણામ તેને ભાવના કહેવાય. જેને પામવાનું મન હોય તે ન કરે તે જુદી વાત, પરંતુ મન પામવાનું હોવું જોઇએ. દવા કરવાનું મન છે માટે કરો કે નીરોગીપણું પામવા માટે કરો? ડાયાબિટિસવાળાને રોગ કાબૂમાં રાખવાનું મન હોવાથી રોજ ત્રણ કિ.મિ. ચાલે ને? અહીં ભવરોગને કાઢવા માટે કશું નથી કરવું ને? નિરુપાધિક એટલે કોઇ પણ ઉપાધિ વિનાનો. ઇચ્છા મુજબ જીવવાનો પરિણામ એ ઔપાધિક પરિણામ છે. માત્ર આત્માને ધર્મથી વાસિત કરવો છે આવો પરિણામ હોવો જોઇએ, એ સિવાય બીજી એકે ઇચ્છા ન હોવી જોઇએ. આપણા ધર્મમાં ધર્મ પામવાની ઇચ્છા દેખાય કે અનુકૂળતા ભોગવવાની ઇચ્છા દેખાય? માનસન્માનનો લોભ, સારા દેખાવાની ઇચ્છા આ ઉપાધિ છે-આ તો તપ કરે તોપણ પારણાની વ્યવસ્થા હોય તો કરે, નહિ તો ન કરે. અમારે તપ કરાવવાનો, એનો અર્થ શું? પારણાં જ કરાવવાનાં ને?

સ. સમુદાયમાં ક્રિયા કરવામાં લાભ છે એમ જણાવ્યું છે ને?

એ તો પ્રમાદ ઉડાડવા માટે સમુદાયમાં ક્રિયા કરવાનું જણાવ્યું. એકલા ક્રિયા કરો તો પ્રમાદ આવી જાય. સમુદાયમાં બેઠા હોઇએ તો પ્રમાદ ઊડી જાય ને? ધર્મ આપણે કોઇના કહેવાના કારણે નહિ, આપણા સ્વભાવથી કરવો છે. જે માબાપ વગેરેના કહેવાથી ધર્મ કરે તે માબાપની ગેરહાજરીમાં પાપ કર્યા વિના ન રહે. અમારે ત્યાં પણ ગુરુમહારાજ બોલે નહિ-એ માટે જેઓ સાધુપણું પાળતા હોય તેઓ ગુરુના ગયા પછી જલસા જ કરવાના. સાધુપણામાં આવીને ઇચ્છા મુજબ જીવે તે જલસા કરવાના. ધર્મ કરતી વખતે સારા દેખાવાનો કે સુખ પામવાનો ભાવ હોય તે જ ઉપાધિ છે. આવી ઉપાધિ પડી હશે ત્યાં સુધી આપણો ધર્મ ભાવનાથી વાસિત નહિ થાય. આ ભાવનાનો પુરસ્કાર કરતાં જણાવે છે:

**इयमेव प्रधानं निःश्रेयसाङ्गमिति।।२८।। (३९५)**

આ ભાવના જ નિઃશ્રેયસ એટલે મોક્ષનું પ્રધાન કારણ છે. માત્ર ધર્મનું અનુષ્ઠાન મોક્ષનું કારણ નથી. ભાવના હોય તેને મોક્ષ મળે જ, ક્રિયા કરે તેને મોક્ષ મળે જ એવું નહિ. દીક્ષાની ભાવનામાં જેઓ મર્યા તેમને બીજા ભવમાં આઠમા વર્ષે દીક્ષા મળી ગઇ અને જેઓ માત્ર દીક્ષામાં મરે તેને દીક્ષા નથી પણ મળતી. તો પ્રધાનતા ભાવનાની છે ને?

સ. ભાવનાને પ્રધાન બતાવીને ક્રિયાને હલકી ચીતરવાનું કારણ શું ?

ક્રિયાને હલકી ચીતરવાની અહીં વાત જ નથી, તમને કેમ આવો વિચાર આવે છે? તમારે કમાવાની ભાવના અને દુકાન બેમાંથી પ્રધાન કોઇ ખરું કે બંન્ને ય સમાન છે? દુકાનને ગૌણ માને તેને કમાવાની ભાવના છે-એવું મનાય? પરણવાની ભાવના અને સ્ત્રીનો સંયોગ આ બેમાં પ્રધાન કોણ? અર્થકામમાં જો ભાવ અને ક્રિયા બંન્નેનું પ્રાધાન્ય સરખું છે-એમ સમજાતું હોય તો ધર્મ-મોક્ષમાં સમજતાં કેમ વાર લાગે? અમારે ત્યાં ભાવ અને ક્રિયા એ બે અંગ જેવા છે. ડાબો પગ નકામો અને જમણો પગ કામનો-એવું કોઇ કહે? જમણી આંખ પ્રધાન અને ડાબી આંખ હલકી-એવું ખરું? ખૂટતું અંગ પૂરું કરવા માટે આ વાત છે, અધૂરું છોડી દેવા નહિ.

કરવાનો પરિણામ એ ભાવ નથી, પામવાનો પરિણામ ભાવ છે. આ ભાવનાને ટકાવવા માટે શું કરવું જોઇએ-એ હવે જણાવે છે. આજે આપણી સ્થિતિ એવી છે

કે અનુષ્ઠાન થઇ જાય છે, અનુષ્ઠાન ટકી જાય છે પરંતુ ભાવના ટકતી નથી. આ ભાવનાની સ્થિરતા શા માટે આવશ્યક છે તે માટે જણાવે છે.

**एतत्स्थैर्याद्धि कुशलस्थैर्योपपत्तेरिति ।।२१।। (३९६)**

ભાવનાની સ્થિરતાના કારણે કુશલની સ્થિરતા થાય છે. જો ભાવની સ્થિરતા હશે તો સકલ કલ્યાણની સ્થિરતા થવાની. આપણા આચરણને હેમખેમ ઇષ્ટસ્થાને પહોંચાડવું તેનું જ નામ કુશળ. ઇષ્ટસ્થાન એકમાત્ર મોક્ષ છે. આ સંસારનાં બીજાં સ્થાનો તો દુ:ખરૂપ છે, દુ:ખથી યુક્ત છે, તે ઇષ્ટ ક્યાંથી બની શકે? સર્વથા દુ:ખરહિત તો એકમાત્ર મોક્ષ જ છે. માટે મોક્ષ જ ઇષ્ટ છે અને એ ઇષ્ટની પ્રાપ્તિ સારામાં સારી રીતે થાય તેને કુશલ કહેવાય. આજે મોક્ષે જવાનું મન છે ખરું? શત્રુંજયની યાત્રા કરવા ગયેલાને પણ મોક્ષે જવું છે- આ ભાવ છે? ગિરિરાજ ઉપર જતી વખતે મોક્ષ યાદ આવે ખરો? મોક્ષ યાદ આવે તે શત્રુંજયથી એમને એમ પાછો ન આવે, સંયમ લેવાની તૈયારીથી પાછો આવે.

સ. જેને દીક્ષા ન લેવી હોય તેણે જાત્રા ન કરવી ?

જેને દીક્ષા લેવાની ભાવના ન હોય તે તીર્થયાત્રા કરે તેનો કોઇ અર્થ નથી. તીર્થયાત્રાનું ફળ સંયમયાત્રા છે. સંયમયાત્રા કરવી જ ન હોય તે તીર્થયાત્રા કરે શા માટે? તીર્થયાત્રા ફરવા માટે નહિ, સંસારથી તરવા માટે કરવાની છે. ભાવના શ્રદ્ધાના ઘરની છે. ભાવના કહો કે સમ્યગ્દર્શન કહો : બંન્ને એક જ છે. મોક્ષ પામવાનો પરિણામ એ ભાવના છે અને એ જ સમ્યક્ત્વ છે. મોક્ષ માટે પ્રવૃત્તિ કરે તેને મોક્ષ ન મળે-એવું બને. પરંતુ મોક્ષ મેળવવાનો પરિણામ હોય તેને આજે નહિ તો કાલે મોક્ષ મળવાનો જ. શ્રદ્ધા જેની પાસે ન હોય તેનું આચરણ આજે નહિ તો કાલે છૂટી જશે. જેની શ્રદ્ધા મજબૂત હોય તે આચરણ કર્યા વિના પણ કર્મ ખપાવે. શાસ્ત્રમાં કહ્યું છે કે સમ્યગ્દષ્ટિ આત્મા અવિરતિની હાજરીમાં પણ અવિરતિને તોડે, જ્યારે મિથ્યાદષ્ટિ આત્મા વિરતિની ક્રિયા કરવા છતાં મિથ્યાત્વ બાંધે. આ સંસારનું સુખ ઉપાદેય ન લાગે અને દુ:ખ હેય ન લાગે - એવું ચિંતન જ ભાવનાસ્વરૂપ છે. વસ્તુ સારી હોય તો રાગ થાય, પણ વસ્તુ બગડી જાય તો તેની ઉપર રાગ ન થાય. તેમ આ સંસાર ખરાબ છે, દુ:ખરૂપ છે - આ ભાન ટકી રહે તો આપણી ભાવનાને કોઇ હલાવી ન શકે. સંસાર દુ:ખમય છે - એવું લાગે તો અવિરતિનો લોભ જાગે જ નહિ. અગ્નિને અડવાની ઇચ્છા થાય? નહિ ને? જે વસ્તુ સારી લાગે તેને અડવાનું

મન થાય, પણ જે દઝાડે તેને અડવાનું મન ન થાય ને? આ સંસાર કેવો છે? દઝાડે એવો અને બાળે એવો ને? ગમે તેટલા પુણ્યાનુબંધી પુણ્યના ઉદયવાળા હોય તેને પણ જન્મમરણનાં દુ:ખ આવે જ ને? મોક્ષ મેળવવાની ઇચ્છારૂપ ભાવના એ અનુષ્ઠાનનો પ્રાણ છે. આ ભાવના જ નાશ પામી હોય તો પછી ગમે તેવાં તીર્થયાત્રાદિ વગેરે અનુષ્ઠાન કરો તે મડદાતુલ્ય છે - એમ માનવું પડે ને? ભાવનાની સ્થિરતા 'સંસાર દુ:ખમય છે' આ જ્ઞાનના કારણે આવે છે. જેના જ્ઞાનમાં ખામી આવે તેની ભાવનામાં ખામી આવે, જેની ભાવનામાં ખામી આવે તેના આચરણમાં ખામી આવે. પહેલાં માથું ખસે, પછી પગ ખસે. જેનું માથું ઠેકાણે હોય તેને કોઇ હલાવી ન શકે. આથી જ શ્રી દશવૈકાલિક સૂત્ર અને આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે 'જે શ્રદ્ધાથી નીકળ્યા છો, તે શ્રદ્ધાનું જતન કરજો'. ચારિત્રમાં શિથિલતા આવે તો માનવું પડે કે શ્રદ્ધામાં ખામી આવી છે. ચારિત્રમાં પંદર કલાકનો સ્વાધ્યાય આ ભાવનાની સ્થિરતા માટે છે. આચરણને બગાડનાર શ્રદ્ધાનો બગાડ છે. જેને અનુકૂળતાનું અર્થીપણું જાગે તેને સમ્યગ્દર્શન નથી-એમ માનવું. સમકિતી અનુકૂળતાના અર્થી ન હોય, ચારિત્રધર્મના અર્થી હોય. હવે શિષ્યને શંકા છે કે ભાવનાનું આટલું મહત્ત્વ શા માટે? તો જણાવે છે :

**भावनानुगतस्य ज्ञानस्य तत्त्वतो ज्ञानत्वादिति ।।३०।। (३९७)**

ભાવનાને અનુસરતું જ્ઞાન એ જ તત્ત્વથી જ્ઞાન છે. જે જ્ઞાન ભાવનાથી યુક્ત હોય તે જ્ઞાન જ પરમાર્થથી જ્ઞાન કહેવાય છે. એ સિવાયના જ્ઞાન તાત્ત્વિક નથી. સામાન્યથી શ્રુતજ્ઞાન, ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાન : આ ત્રણ પ્રકારનાં જ્ઞાન છે. સાંભળવાના કારણે કે વાંચીને જે જ્ઞાન થાય તેને શ્રુતજ્ઞાન કહેવાય. સમજેલાની જે વિચારણા કરવી તેને ચિંતાજ્ઞાન કહેવાય. સમજેલા અને ચિંતન કરેલા પદાર્થમાં સાર શું છે - તેનો નિર્ણય કરવો તેને ભાવનાજ્ઞાન કહેવાય. જેમ કે 'કોઇ પણ જીવની હિંસા ન કરવી'. આ પ્રમાણે સાંભળીને જે જ્ઞાન થાય તેને શ્રુતજ્ઞાન કહેવાય. ત્યાર બાદ જો કોઇ જીવની હિંસા ન કરવાની હોય તો સાધુભગવંતોને ગોચરી-પાણી માટે કે વિહાર કરવાની રજા શા માટે આપી, કારણ કે તેમાં હિંસા થાય છે... ઇત્યાદિ વિચારણા કરવી તેને ચિંતાજ્ઞાન કહેવાય. ત્યાર બાદ ભગવાનની આજ્ઞા મુજબ જયણાપૂર્વક વિહિત ક્રિયા કરવામાં હિંસાનું પાપ લાગતું નથી. આથી હિંસામાં અધર્મ કે અહિંસામાં ધર્મ નથી. ભગવાનની આજ્ઞા પાળવામાં ધર્મ છે અને ભગવાનનું કહ્યું ન માનવામાં અધર્મ છે : આવા પ્રકારનો નિશ્ચય કરવો તેને ભાવનાજ્ઞાન કહેવાય.

જેમ સાકર જેમાં ભળેલી હોય તેને મિઠાઇ કહેવાય તેમ આવી ભાવના જેમાં ભળેલી હોય તેને જ જ્ઞાન કહેવાય. એ જ રીતે ભગવાને પરિગ્રહ રાખવાની ના પાડી છે : આ શ્રુતજ્ઞાન. ત્યાર બાદ પરિગ્રહ ન રાખવાનો હોય તો વસ્ત્રપાત્રાદિ કેમ રાખવાં - એવી શંકા પડે અને ત્યાર બાદ સંયમના પાલનમાં ઉપકારી એવાં વસ્ત્રાદિ મમત્વ વિના રાખવાં.. ઇત્યાદિ સમાધાનની વિચારણા કરવી તેને ચિંતાજ્ઞાન કહેવાય. અંતે વસ્તુ રાખવી તે પરિગ્રહ નથી, વસ્તુ ઉપરનું મમત્વ જ પરિગ્રહ છે. આવો નિશ્ચય કરવો તેને ભાવનાજ્ઞાન કહેવાય. દિગંબરમતની ઉત્પત્તિ આ ભાવનાજ્ઞાનના અભાવમાંથી થઇ છે. માત્ર શ્રુતજ્ઞાનના યોગે તેમણે વસ્ત્રાદિનો ત્યાગ કરી દિગંબર મત પ્રવર્ત્તાવ્યો. જેટલા પણ મતમતાંતરો પડ્યા છે તે બધા આ ભાવાનાજ્ઞાન ન હોવાથી પડ્યા છે.

સારામાં સારું અનુષ્ઠાન પણ જ્ઞાનપૂર્વકનું હોય તો જ તે વાસ્તવિક કોટિના ફળને આપવા માટે સમર્થ બને છે. જ્ઞાન વિનાનું અનુષ્ઠાન તેના વાસ્તવિક કોટિના ફળને આપી ન શકે. ક્રિયાને ફળદાયી બનાવવાનું કામ આ સમ્યગ્જ્ઞાનનો પ્રવાહ કરે છે. જ્ઞાનમાં પણ ભાવનાજ્ઞાન સારભૂત છે. સંસારી આત્માને કોઇ પણ વ્યાપાર કરતી વખતે પૈસા કમાઇને સુખી થવું છે - આ ભાવ સ્થાયી હોય છે તેમ અમારે પણ કોઇ પણ અનુષ્ઠાન કરતી વખતે કેવળજ્ઞાન પામીને મોક્ષમાં જવું છે-આ જ સ્થાયીભાવ હોય. તે જ રીતે ગૃહસ્થપણાનાં બધાં અનુષ્ઠાન કરતી વખતે સાધુપણું પામવું છે - આ સ્થાયીભાવ હોવો જોઇએ. આવા ભાવ વિનાનું અનુષ્ઠાન તો ઔદયિકભાવનું છે. ઔદયિકભાવનું અનુષ્ઠાન કામ નથી લાગવાનું. દવા લેવાના કારણે થોડા સમય માટે સારું લાગે એ ઔદયિક ભાવનું આરોગ્ય કહેવાય. દવા વિના પણ આરોગ્ય સારું રહે એવું જોઇએ ને? તેમ જ્ઞાન વિનાનું અનુષ્ઠાન ઔદયિકભાવનું છે. ઔદયિકભાવથી ક્યારે ય કલ્યાણ ન થાય. મિથ્યાત્વના ઉદયમાં ગમે તેટલો પૈસો હોય તોપણ તે કામ ન લાગે. એના કરતાં મિથ્યાત્વના ક્ષયોપશમની હાજરીમાં દરિદ્રતા હોય તોય તે તારનારી છે.

સ. પૈસા સાથે ધર્મ હોય તો સારું ને?

પૈસા સાથે ધર્મ ન હોય, પૈસાની હાજરીમાં ધર્મ હોય. જેના વિના ચાલે તેની હાજરી કહેવાય. જેના વિના ચાલે નહિ તેને સાથે કહેવાય. જે હૈયામાં હોય તેને સાથે કહેવાય. ધર્મ કરતી વખતે ધન હૈયામાં હોય નહિ ને? અવિરતિની હાજરીમાં વિરતિ હોઇ શકે, વિરતિની હાજરીમાં અવિરતિ હોઇ શકે. પરંતુ વિરતિ અને અવિરતિ બંન્ને સાથે ન હોઇ શકે. પાપ કરતી વખતે પણ ધર્મનો પરિણામ જાય નહિ-એવા સમકિતી

હોય. સમકિતી ચારિત્રમાં રમતા હોય. અને ઘણા એવા હોય કે વિરતિની ક્રિયા કરતા હોવા છતાં અવિરતિના પરિણામમાં રમતા હોય. ક્ષયોપશમભાવનું જ્ઞાન પામવા માટે ભાવનાજ્ઞાન સુધી પહોંચવું પડશે. આથી જ કહે છે કે માત્ર શ્રુતજ્ઞાનથી કે ચિન્તાજ્ઞાનથી નિસ્તાર નહિ થાય.

**न हि श्रुतमय्या प्रज्ञया, भावनादृष्टज्ञातं ज्ञातं नामेति।।३१।। (३९८)**

માત્ર શ્રુતજ્ઞાનથી જાણેલું એ જાણેલું ન કહેવાય. ભગવાનની આજ્ઞા ન માનવામાં અધર્મ છે માત્ર હિંસામાં અધર્મ નથી. હિંસા ત્રણ પ્રકારની છે. સ્વરૂપહિંસા, હેતુ હિંસા અને અનુબંધહિંસા. તેમાંથી હેતુહિંસા અને અનુબંધહિંસામાં પાપ છે, સ્વરૂપ હિંસામાં વિરાધનાનું પાપ નથી. ભગવાનની આજ્ઞા મુજબ અનુષ્ઠાન કરતી વખતે જે હિંસા ટાળી ન શકાય તેને સ્વરૂપહિંસા કહેવાય. કુટુંબ આદિના નિમિત્તે તેમ જ સ્વપરના નિર્વાહના પ્રયોજનથી જે કાંઇ હિંસા થાય તે હેતુહિંસામાં આવે. અર્થદંડ હેતુહિંસામાં આવે. અને અનર્થદંડનું પાપ અનુબંધહિંસામાં જાય. તમારી ભાષામાં કહીએ તો જીવનજરૂરિયાત માટે જે કાંઇ હિંસા કરવી પડે તે અર્થદંડમાં સમાય. એ સિવાયનું બધું અનુબંધહિંસામાં જાય. ક્ષયોપશમભાવ સુધી આપણે પહોંચતા નથી તેથી ભાવનાજ્ઞાનથી વંચિત રહ્યા છીએ. શ્રુતજ્ઞાનથી જે જ્ઞાન થાય અને ભાવનાજ્ઞાનથી જે જ્ઞાન થાયઃ તે બેમાં જમીન-આસમાનનો ફરક છે. ભાવનાજ્ઞાનથી જેવો સ્પષ્ટ બોધ થાય તેવો બોધ શ્રુતજ્ઞાનથી ન થાય. વસ્તુ છે - એવું જાણવું તેને શ્રુતજ્ઞાન કહેવાય, વસ્તુનાં પાસાં તપાસવાં તેને ચિંતાજ્ઞાન કહેવાય, વસ્તુ વસ્તુ છે - એવો નિશ્ચય કરવો તે ભાવનાજ્ઞાન. શ્રુતજ્ઞાનમાં સ્પષ્ટ બોધ નથી તેનું કારણ જણાવે છે.

**उपरागमात्रत्वादिति ।।३२।। (३९९)**

શ્રુતજ્ઞાનમાં વાસ્તવિક જ્ઞાન નથી હોતું, માત્ર જ્ઞાનનો ઉપરાગ હોય છે. ઉપરાગ એટલે અતાત્ત્વિક સંબંધ. જેમ સ્ફટિકના મણિમાં જપાપુષ્પના સંનિધાનથી લાલાશનો ઉપરાગ માત્ર હોય છે. તેમાં તાત્ત્વિક લાલાશ નથી હોતી, સ્ફટિકમણિમાં લાલાશ જેમ જપાપુષ્પના સાંનિધ્યના કારણે હોય છે તેમ શ્રુતજ્ઞાનમાં જ્ઞાન ભાવનાજ્ઞાનના માત્ર સંબંધવાળું હોય છે. પુષ્પની લાલાશ મણિમાં બાહ્યથી જ હોય છે, તેમાં અંતરંગ પરિણતિ હોતી નથી. તે રીતે શ્રુતજ્ઞાન જેને હોય તેને તત્ત્વની પરિણતિ હોતી નથી. ચંદનની સુવાસ સ્વાભાવિક હોય છે, જ્યારે તેના ધૂપ વગેરેથી વાસિત વસ્ત્રાદિમાં સુવાસ ઔપાધિક હોય છે. તેમ ભાવનાજ્ઞાનમાં અંતરંગપરિણતિ હોય છે.

સ. શ્રુતજ્ઞાન, ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાનમાં સમ્યગ્ જ્ઞાન કયું કહેવાય?

ભાવનાજ્ઞાન એ સમ્યગ્જ્ઞાન છે, તેમ જ ભાવનાજ્ઞાનના કારણભૂત શ્રુતજ્ઞાન અને ચિંતાજ્ઞાન પણ સમ્યગ્ કહેવાય છે. જે શ્રુતજ્ઞાન કે ચિંતાજ્ઞાન ભાવનાજ્ઞાન સુધી ન પહોંચે તે મિથ્યા કહેવાય. ભાવનાજ્ઞાનમાં અંતરંગ પરિણતિ હોય છે અને શ્રુતજ્ઞાનમાં અંતરંગ પરિણતિ નથી હોતી તેનું કારણ જણાવે છે :

**दृष्टवदपायेभ्योऽनिवृत्तेरिति ।।३३।। (४००)**

ભાવનાજ્ઞાનવાળા જે રીતે જોયેલા કે જાણેલા અનર્થોથી પાછા ફરે છે તે રીતે શ્રુતજ્ઞાનવાળા અનર્થોને જાણવા છતાં તેનાથી પાછા ફરતા નથી : આના ઉપરથી જ શ્રુતજ્ઞાનમાં જ્ઞાનની અંતરંગ પરિણતિ નથી હોતી તે સમજી શકાય છે. પાપ ન કરવું - આટલું જ્ઞાન હોય પણ પાપ કોને કહેવાય એની ખબર ન હોય અથવા તો પાપને પાપ જાણવા છતાં પણ પાપથી પાછા ફરવાનું મન શ્રુતમય પ્રજ્ઞાવાળાને થતું નથી. સંસાર અસાર છે એવું જાણ્યા પછી સંસારથી ખસે નહિ તેને ભાવનાજ્ઞાન નથી એમ માનવું. શ્રતુજ્ઞાનવાળાને ચિંતા દ્વારા ભાવનાજ્ઞાન સુધી પહોંચાડી શકાય. સંસાર અસાર છે એવું જાણ્યા પછી મન ન માને તો મનને સમજાવવું કે 'સંસાર અસાર જ છે, નહિ તો આટલા બધા પરમાત્મા સંસાર છોડીને દીક્ષા શા માટે લેત?' ભગવાને જેની ના પાડી છે તે પાપ છે. પાપ કરવાથી કર્મબંધ થશે, તેનાં ફળ ભોગવવા નરકાદિ ગતિમાં જવું પડશે... ઇત્યાદિ વિચારથી પાપથી પાછા ફરે તેને ભાવનાજ્ઞાન છે-એમ સમજવું.

આજે આપણે ધર્મ કરવાની ઉતાવળ જેટલી કરી તેટલી જ યોગ્યતાની ઉપેક્ષા કરી છે. જે મળ્યો તે ધર્મ કરવાની શરૂઆત કરી નાંખી, યોગ્યતાનો તો વિચાર જ નથી કર્યો. એનું પરિણામ એ આવ્યું કે જેઓ દેશવિરતિને પણ યોગ્ય ન હતા તેઓ સર્વવિરતિ લઇને બેસી ગયા અને જેઓ સર્વવિરતિને યોગ્ય હતા તેઓ એકાદ નિયમ લઇને ઘરભેગા થઇ ગયા. એના બદલે યોગ્યતાનો વિચાર કરીને આગળ વધ્યા હોત તો ફળ સુધી પહોંચવા આવ્યા હોત.

સ. યોગ્યતા મેળવવા શું કરવું?

યોગ્યતા મેળવવા માટે પહેલાં ઘરમાં માબાપને પગે લાગવું પછી ઉપાશ્રયમાં સાધુસાધ્વીને વંદન કરવું. ઘરમાં માબાપનું કહ્યું ન માને અને અહીં આવીને અમારી

સાથે 'ભગવન્ કહીને વાત કરે - આ યોગ્યતા નથી. યોગ્યતા પામવા શું કરવું - એની વિચારણા કરતાં આપણે ભાવનાજ્ઞાન સુધી પહોંચ્યા છીએ. ધર્મ કરતી વખતે મોક્ષનો ભાવ હોય તેનું નામ ભાવનાજ્ઞાન. રસ સુકાય નહિ તેનું નામ ભાવના. જેમ તમને ઉપવાસના દિવસે પણ ખાવાનો ભાવ હોય ને? તેમ ભાવનાજ્ઞાનવાળાને કોઇ પણ પ્રવૃત્તિમાં મોક્ષનો ભાવ હોય. સમકિતી તો જમતી વખતે પણ ખાવાના ભાવથી ન ખાય, મોક્ષના ભાવથી ખાય. જેમ તમારે ત્યાં દવા લો તો દવા લેવાના ભાવથી નથી લેતા, રોગ નાબૂદ કરવાના ભાવથી લો. તેમ ધર્માત્મા ખાવાના ભાવથી ન ખાય, મોક્ષે જવું છે, મોક્ષની આરાધના માટે શરીર ટકાવવું છે માટે ખાય.

સ. મોક્ષ આપણા આત્મામાં જ છે ને? તો મોક્ષમાં જવું છે-એમ શા માટે કહેવાય છે?

આ તો ઉપચારભાષા છે. જેમ તમે ગાડીમાં અમદાવાદ પહોંચો તો શું બોલો? 'અમદાવાદ આવ્યું' એમ જ કહો ને? ત્યાં અમદાવાદ આવે છે કે તમે અમદાવાદમાં પહોંચ્યા છો? એવી જ રીતે આ ઉપચારભાષા છે. આપણે ત્યાં ચાર પ્રકારની ભાષા આવે છે. સત્યા ભાષા, મૃષા ભાષા, સત્યામૃષા ભાષા અને અસત્યામૃષા ભાષા. આ બધું સમજવા માટે અભ્યાસ કરવો પડે. તમે શબ્દની સાથે મેળ જ નથી રાખ્યો. શબ્દશાસ્ત્ર પણ ભણો તો ખબર પડે કે ભગવાનનું વચન કેટલું સૂક્ષ્મ છે.

હવે ભાવનાજ્ઞાનવાળાને પણ અપાયની નિવૃત્તિ નથી થતી આવી કોઇને શંકા હોય તો આગળના સૂત્રથી જણાવે છે :

**एतन्मूले च हिताहितयोः प्रवृत्तिनिवृत्ती इति।।३४।। (४०१)**

જેની પાસે ભાવનાજ્ઞાન ન હોય તે હિતમાં પ્રવૃત્તિ કે અહિતથી નિવૃત્તિ કરી ન શકે. હિતની પ્રવૃત્તિ અને અહિતની નિવૃત્તિ ભાવનાજ્ઞાનમૂલક જ હોય છે. જેને ભાવનાજ્ઞાન હોય તે સંસારમાં રહેવા મહેનત ન કરે, સાધુ થવા માટે પ્રયત્ન કરે. જેને સાધુપણું લેવું હોય તે સુખ ભોગવે ખરો? નહિ ને? અને સાથે દુ:ખ ભોગવવાની ટેવ પાડે જ ને? આનું જ નામ હિતની પ્રવૃત્તિ અને અહિતની નિવૃત્તિ. દુ:ખ ભોગવવું હિતકર છે માટે તેમાં પ્રવૃત્તિ કરવી અને સુખ ભોગવવું એ અહિતકર છે, માટે તેમાંથી નિવૃત્તિ કરવી. જે ભાવનાજ્ઞાનવાળા હોય તેને કોઇ પણ ભૂલ બતાવે તો તેને આર્ત્તધ્યાન ન થાય, આંખમાં આંસુ ન આવે, ઉપરથી કહે કે 'મારી ભૂલ મને સમજાઇ ગઇ હવે તેને સુધારી લઇશ'. ભાવનાજ્ઞાનવાળાને સુખ ઉપાદેય લાગે જ નહિ

તેથી તેને 'સુખ મળતું નથી' આવું દુઃખ હોય જ નહિ. 'મળતું નથી' આ દુઃખનો પરિણામ છે 'જોઇતું નથી' આ સુખનો પરિણામ છે.

સ. સમકિતીને અહિતની પ્રવૃત્તિ હોય તો ભાવનાજ્ઞાન મનાય?

સમકિતીને અહિતની-અવિરતિની પ્રવૃત્તિ દેખાય, પણ હોય નહિ. કારણ કે સમકિતી જે કાંઇ અવિરતિની પ્રવૃત્તિ કરે તે કર્મના યોગે કરે છે. તેથી તેની અવિરતિની પ્રવૃત્તિ દેખાય, પણ તે પ્રવૃત્તિ હોય નહિ. જેમ આપણી ધર્મની પ્રવૃત્તિ દેખાવા છતાં હોતી નથી. તેમ સમકિતી જીવોની સંસારની પ્રવૃત્તિ દેખાવા છતાં હૈયાથી હોતી નથી. આથી જ એમ કહેવાય છે કે સમકિતીને અહિતની પ્રવૃત્તિ હોય પણ તે અહિતની પ્રવૃત્તિ કરતો નથી.

સ. કોઇ સાધુની પણ બાહ્ય પ્રવૃત્તિ બરાબર ન હોય છતાં અંતરની પરિણતિ સારી હોય એવું બની શકે ને? તો અમારે એ કઇ રીતે જાણવું?

તમારે બનાવટી ઘરાક થઇને તેમની પાસે જવું. તેમને 'ઘરમાં તકલીફ છે, ધંધામાં ખોટ આવી છે'... ઇત્યાદિ જણાવીને એ દુઃખમાંથી બહાર નીકળવાનો ઉપાય પૂછવો. જો કોઇ મંત્ર-તંત્ર કે દોરાધાગા વગેરે બતાવે તો સમજવું કે એ સાધુ ભગવાનના નથી. સાધુ તો તેને કહેવાય કે જે તમને સંસારથી તરવાનો ઉપાય બતાવે. કોઇ કૂવામાં પડ્યો હોય તો તેને કૂવામાં ઊંડા જવાનો ઉપાય બતાવવાનો કે બહાર નીકળવાનો? જે આપણા સુખદુઃખની ચિંતા કરે તે આપણા સુગુરુ નથી, જે આપણા પુણ્ય-પાપની, બંધ-નિર્જરાની ચિંતા કરે તે આપણા સુગુરુ. જેઓ હિતમાં પ્રવૃત્તિ કે અહિતમાં નિવૃત્તિ કરતા નથી તેમને ભાવનાજ્ઞાન હોતું નથી. આથી કહે છે-

**अत एव भावनादृष्टज्ञाताद्विपर्ययायोग इति।।३५।। (४०२)**

હિતની પ્રવૃત્તિ અને અહિતની નિવૃત્તિ ભાવનાજ્ઞાનમૂલક હોવાથી ભાવનાજ્ઞાનથી જે વસ્તુ જોઇ હોય કે જાણી હોય તેમાં વિપર્યય થતો નથી. વસ્તુના વાસ્તવિક સ્વરૂપને જે જાણે તે વસ્તુના વિષયમાં વિપરીત રીતે વર્ત્તી ન શકે. જે અગ્નિને બાળનારો માને તે અગ્નિને અડે ખરો? શસ્ત્રને છેદનાર માને તે શસ્ત્રથી જાણીજોઇને છેદાય ખરો? જેમાં હિતાહિતનો વાસ્તવિક બોધ હોય તેને ભાવનાજ્ઞાન કહેવાય. જે હિતમાં નિવૃત્તિ અને અહિતમાં પ્રવૃત્તિ કરે તેને હિતાહિતની મતિમાં વિપર્યય થયો છે-એમ સમજી લેવું. તમે સંસારમાં કેમ રહ્યા છો-એવું અમે ન પૂછીએ કારણ કે મન ન હોવા છતાં કર્મયોગે સંસારમાં રહેવું પડે - એવું બને ને? પરંતુ તમને

સંસારમાં રહેવાનું મન કેમ છે-એમ તો પૂછવું પડે ને? સંસારમાં રહેવું છે કે સંસારમાંથી નીકળવું છે? સંસારમાંથી કાઢનાર કોઇ મળે તો નીકળવું છે - આટલું તો કહો. કોઇ માણસ સમુદ્રમાં ડૂબ્યો હોય તો 'બચાવો'ની બૂમ તો પાડે ને?

આપણે જોઇ ગયા કે યોગ્યતા હોય તો નહિજેવાં નિમિત્તો પણ સુંદર ફળ આપનારાં બને છે અને યોગ્યતા ન હોય તો ઉત્તમમાં ઉત્તમ નિમિત્તો પણ નકામાં જાય છે- આ યોગ્યતાની વાત આપણે ભાવનાજ્ઞાન સુધી પહોંચાડી છે. ભાવનાજ્ઞાનવાળાને વિપર્યય કેમ નથી હોતો તે માટે આગળ જણાવે છે:

**तद्वन्तो हि दृष्टापाययोगेऽप्यदृष्टापायेभ्यो निवर्त्तमाना दृश्यन्त एवान्यरक्षादावितीति।।३६।। (४०३)**

ભાવનાજ્ઞાનવાળા દૃષ્ટ અપાય હોવા છતાં અદૃષ્ટ અપાયથી પાછા ફરતા દેખાય છે. અપાય એટલે નુકસાન, અનિષ્ટ, દુઃખ. આય એટલે લાભ. અપ+આય એટલે જેમાંથી આય(લાભ) જતો રહ્યો હોય અથવા અપ-એટલે ખરાબનો લાભ જેમાં થતો હોય તેને અપાય કહેવાય. દૃષ્ટ એટલે વર્તમાનના અપાય. અને અદૃષ્ટ એટલે ભવિષ્યના અપાય. ભાવનાજ્ઞાન જેની પાસે હોય તે વર્ત્તમાનમાં ગમે તેટલાં કષ્ટ આવે, વિઘ્ન આવે તોપણ ભવિષ્યમાં કષ્ટ ભોગવવાનો વખત ન આવે તે માટે વર્ત્તમાનમાં દુઃખ ચલાવી લેવા તૈયાર થાય. ભવિષ્યમાં અપાય દૂર થાય તે માટે વર્ત્તમાનમાં અપાય ભોગવી લેવા તેનું નામ ભાવનાજ્ઞાન. આજે ધર્મ શરૂ કર્યા પછી પણ આપણા હાથમાંથી ધર્મ છૂટી જતો હોય તો તે દૃષ્ટ અપાયથી બચવા માટે પ્રયત્ન કરવાના કારણે છૂટી જાય છે. વર્તમાનની તકલીફ ટાળવા પ્રયત્ન કરીએ છીએ માટે આપણો ધર્મ છૂટી જાય છે. સાધુભગવંતો વર્ત્તમાનમાં બાવીસ પ્રકારના પરિષહો વેઠવા તૈયાર થાય છે તે ભવિષ્યના અપાયથી બચવા માટે જ તૈયાર થાય છે. આપણે ધર્મ કરવો છે માટે કરીએ છીએ કે થાય છે માટે કરીએ છીએ? થાય છે-માટે કરીએ, તો જ્યારે નહિ થાય ત્યારે ધર્મ છૂટી જવાનો. પાપ થઇ જાય-એનો વાંધો નથી, પણ પાપ કરવું નથી. જ્યારે ધર્મ થઇ જાય એ ન ચાલે, ધર્મ પ્રયત્નપૂર્વક કરવો છે. અનુકૂળતા ભોગવીને ધર્મ કરવાની શરૂઆત કરી તેના કારણે ધર્મ છૂટી ગયો, અનુકૂળતા ટકી ગઇ. આવો ધર્મ કામ ન લાગે. અનુકૂળતા ભોગવીને ધર્મ ન થાય, પ્રતિકૂળતા વેઠવા તૈયાર થઇએ તો જ ધર્મ કરી શકાય. જેઓ વર્ત્તમાનમાં દુઃખ ભોગવી ભવિષ્યના દુઃખને ટાળે તેઓ ભાવનાજ્ઞાનવાળા છે. મેતારજમુનિએ,

ગજસુકુમાલમુનિએ અન્ય જીવોની રક્ષા માટે મરણાંત કષ્ટ પણ ભોગવી લીધાં ને? કારણ કે જો તેમણે એ મરણાંત કષ્ટને ટાળવા પ્રયત્ન કર્યો હોત તો તેના કારણે બીજા જીવોની હત્યાનો પ્રસંગ આવત. જો મેતારજમુનિ કે ગજસુકુમાલમુનિએ મરણાંત કષ્ટ આપનાર પ્રત્યે દુર્ભાવ ધારણ કર્યો હોત અથવા માથા ઉપરથી સગડી નીચે નાંખી દીધી હોત તો તેવા વખતે અગ્નિકાય જીવોની તથા તેના યોગે છકાયજીવની વિરાધના થાત, તેના કારણે નરકાદિ ગતિમાં જવાનો અને સંસારમાં ભટકવાનો વખત આવત. શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે જેઓ દુ:ખનો પ્રતિકાર કરે તેઓ છકાય જીવની હત્યા કરનારા બને છે. આથી જ દુ:ખ કાઢવાજેવું નથી, ભોગવી લેવા જેવું છે. દુ:ખને કાઢવાજેવું માને તે ભાવનાજ્ઞાનવાળા નથી. દુ:ખને ભોગવવાજેવું માને તેઓ ભાવનાજ્ઞાનવાળા છે. પોતાના દુ:ખનો પ્રતિકાર કરતાં બીજાને દુ:ખ થતું હોય તો તેવો પ્રતિકાર નથી કરવો. મરણાંત કષ્ટ આવે તોપણ ધર્મ છોડવાનો ન હોય તો નજીવાં કારણોસર ધર્મ છોડાય નહિ. મહાસત્ત્વશાળી આત્માઓ પોતાના સિવાય અન્યની રક્ષા માટે, તેમને માર્ગ પ્રત્યે શ્રદ્ધાદિની પ્રાપ્તિ થવારૂપ ઉપકાર થાય તે માટે દષ્ટ અપાયને સ્વીકારી લે છે. તેથી નક્કી છે કે દુ:ખનો પ્રતિકાર કરે તે ધર્માત્મા ન હોય. હવે આ વિષયનું નિગમન કરતાં જણાવે છે.

**इति मुमुक्षोः सर्वत्र भावनायामेव यत्नः श्रेयानिति।।३७।। (४०४)**

આ રીતે મુમુક્ષુ એવા યતિએ સર્વ અનુષ્ઠાન કરતી વખતે ભાવનાજ્ઞાન માટે પ્રયત્ન કરવો જોઇએ. અહીં મુમુક્ષુનો અર્થ 'યતિ' કર્યો છે, 'મોક્ષની ઇચ્છાવાળો' એવો અર્થ નથી કર્યો. કારણ કે જે ઇચ્છા કાર્યરત હોય તેને જ ઇચ્છા કહેવાય. કમાવાની ઇચ્છા હોય તે ઘરે બેઠો હોય કે બજારમાં હોય? જે ઇચ્છાને અમલમાં ન મૂકે તેને ઇચ્છા નથી એમ કહેવું પડે. જેને ઇચ્છા હોય તે કરવાનો પ્રયત્ન કર્યા વિના ન રહે. જે કરવા માટે પ્રયત્ન ન કરે તેને ઇચ્છા નથી- એમ સમજી લેવું.

સ. દીક્ષા માટે એકાદ વસ્તુનો ત્યાગ કરે એ પણ પ્રયત્ન કહેવાય ને?

દીક્ષા લેવાની ઇચ્છા હોય તે એક વસ્તુનો ત્યાગ ન કરે, બધું છોડવાનો પ્રયત્ન કરે. જેને પરણવાની ઇચ્છા થાય તે એક વસ્તુનો ત્યાગ કરે કે છોકરી જોવા નીકળે? એકાદ વસ્તુના ત્યાગથી દીક્ષા ન મળે, સમસ્ત સંસારનો ત્યાગ કરવા પ્રયત્ન કરે તેને દીક્ષા મળે. આ રીતે ભાવનાજ્ઞાનમાં જ યત્ન કરવો જોઇએ. ભાવનાજ્ઞાનમાં પ્રયત્ન કરવાથી શો લાભ થશે-તે જણાવે છે:

ભાવનાજ્ઞાન હોતે છતે કુદરતી રીતે જ સર્વ પ્રકારે રાગાદિ દોષો ઉપશાંત થઇ જાય છે. જેનું આરોગ્ય સારું હોય તેને સ્વાભાવિક રીતે વાતની, પિત્તની કે કફની બાધા નડતી નથી. તેમ જેઓ ભાવનાજ્ઞાન પામેલા હોય તેઓ મનથી પણ રાગ કરતા નથી, વચનથી પણ રાગ કરતા નથી અને કાયાથી પણ રાગ કરતા નથી. રાગ, દ્વેષ કે મોહની બાધા જેમને કુદરતી રીતે નડતી નથી તેઓ ભાવનાજ્ઞાનને પામેલા છે.

આવા પ્રકારના ભાવનાજ્ઞાનને પામવા માટે શું કરવું તે આગળના સૂત્રથી જણાવે છે. ઘણી વાર એવું બને કે અનુષ્ઠાન ન કરવા છતાં કર્મનિર્જરા થાય અને ઘણી વાર એવું બને કે અનુષ્ઠાન કરવા છતાં કર્મબંધ થાય. પ્રસન્નચંદ્રરાજર્ષિ બે હાથ અને એક પગ ઊંચો કરીને સૂર્ય સામે દૃષ્ટિ રાખીને ઊભા રહેલા. આટલું ઉત્કટ અનુષ્ઠાન હોવા છતાં ય શ્રેણિક મહારાજાએ પૂછ્યું કે આ મહાત્મા કાળ કરે તો ક્યાં જાય? તેમની અપેક્ષા એમ હતી કે ભગવાન કહેશે કે 'મોક્ષમાં જાય'. એના બદલે ભગવાને કહ્યું કે 'સાતમી નરકે જાય'. કારણ કે તેઓ મનથી પુત્રના રાજ્યની રક્ષા માટે યુદ્ધ કરતા હતા. જ્યારે અઈમત્તામુનિ જે વખતે વરસાદના પાણીમાં પાત્રું રમવા મૂકીને આવેલા તે વખતે તેના માટે મહાત્માઓએ ભગવાનને પૂછ્યું કે અઇમુત્તો મરીને ક્યાં જશે? તેમની અપેક્ષા એમ હતી કે ભગવાન કહેશે – 'દુર્ગતિમાં જવાનો'. એના બદલે ભગવાને કહ્યું કે 'અઇમુત્તો તો ચરમશરીરી છે, તેની આશાતના ન કરો'. આ જે તફાવત છે તે ભાવનાજ્ઞાનના કારણે છે. અનુષ્ઠાન ન કરવા છતાં નિર્જરા થાય: આ પ્રભાવ ભાવનાજ્ઞાનનો છે. પાપનું અનુષ્ઠાન કરતી વખતે એક ક્ષણ માટે ઊભા રહેવું છે. પ્રસન્નચંદ્રરાજર્ષિ યુદ્ધ મનથી કરતા હતા, છતાં બધાં શસ્ત્રો ખૂટી જવાથી માથાનો મુગટ લેવા ગયા અને માથું લોચવાળું છે એ જણાયું તો તરત ખ્યાલ આવી ગયો કે 'હું સાધુ છું'. તો તરત પાપથી અટકી ગયા અને પાછી પરિણામની ધારા એવી ચઢી કે કેવળજ્ઞાન પામી ગયા. આજે નક્કી કરવું છે કે ગમે તેટલું પાપ કરવાનું મન હોય તોપણ એક ક્ષણ વાર માટે થોભી જવું છે, તો તેનાથી અનુબંધ ઢીલા પડી જશે. ભૂતકાળમાં અશુભ કર્મો બાંધીને આવ્યા છીએ તેથી ખરાબ વિચારો તો આવવાના, પણ ઊભા રહી જઇએ તો પાપથી બચી જઇએ. મારા ગુરુ મહારાજ હજારની નોટો ગેરકાયદેસર વટાવાનો સોદો કરીને આવેલા. પરંતુ મોટા ભાઇને પૂછીને કરવાનો વિચાર આવ્યો, પૂછવા ગયા, તો મોટા ભાઇએ ના પાડી કે આપણે આવા ધંધા નથી કરવા. તો બેસી ગયા. બીજા ભાઇએ આ ધંધો કર્યો અને પકડાઇ જવાથી

આખી જિંદગી છુપાઇને રહેવું પડ્યું. જ્યારે મારા ગુરુમહારાજે પાપનો ધંધો મોટા ભાઇએ ના પાડવાથી ન કર્યો તો બચી ગયા અને દીક્ષા મળી. આજે નક્કી કરવું છે કે પાપ કરવાનું મન થાય તોપણ ગુરુને પૂછીને કરવું?

સ. પાપ કરવા માટે પણ ગુરુને પૂછવાનું?

પેલા ક્ષુલ્લક મુનિને ઘરે જવાનું મન થયું તોપણ પોતાની માતાસાધ્વીને, ઉપાધ્યાય, આચાર્ય આદિને પૂછવા ગયા. તો અડતાળીસ વર્ષે પણ પાછા આવ્યા ને? પોતાના ભાવ કરતાં પણ ગુરુનું માનવાનો ભાવ મહત્ત્વનો છે. ગુરુપારતંત્ર્ય એ સૌથી ચઢિયાતો ગુણ છે. આપણા ભાવથી નહિ, આજ્ઞાપાલનના ભાવથી મોક્ષ મળશે. હવે આ ભાવનાજ્ઞાનને પામવાનો ઉપાય જણાવે છે.

**वचनोपयोगपूर्वा विहितप्रवृत्तिर्योनिरस्या इति।।३९।। (४०६)**

જેને ભાવનાજ્ઞાન પામવું હોય તેણે વિહિત પ્રવૃત્તિ કરવાની અને વિહિત પ્રવૃત્તિ પણ વચનના ઉપયોગપૂર્વક કરવાની. વિહિત એટલે ભગવાને જે કરવાનું કહ્યું હોય તે. ભગવાને કહેલું અનુષ્ઠાન કરતી વખતે આ ક્રિયા શાસ્ત્રમાં આ રીતે, આ પ્રમાણે કરવાનું કહ્યું છે.. આવા પ્રકારનો વચનનો ઉપયોગ રાખીને અનુષ્ઠાન કરવાનું. આ રીતે જે અનુષ્ઠાન કરાય તે ભાવનાજ્ઞાનને ઉત્પન્ન કરે છે. પૂજાનું અનુષ્ઠાન કરવાનું ભગવાને કહ્યું છે. પરંતુ તે ભગવાને જે રીતે કરવાનું કહ્યું હોય તે રીતે જ કરવું. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને આશ્રયીને ભગવાનની આજ્ઞા વિચારીને પછી જ અનુષ્ઠાન કરવાનું.

સ. સવારે પૂજામાં ભાવ આવતો હોય તો કાળનું પ્રાધાન્ય આપવું કે ભાવનું?

સવારે પૂજામાં ભાવ આવે તોપણ સવારે અષ્ટપ્રકારી પૂજા ન કરાય. બપોરે ભલે ભાવ ન આવે, એ વખતે સમજી લેવું કે ભગવાનની આજ્ઞા પાળવાનો ભાવ એ જ ભાવ છે. પૂજા કરવાનો ભાવ એ ભાવ નથી, જે કાળે જે ક્રિયા કરવાની કહી તે કાળે તે ક્રિયા કરવાથી તે ફળદાયી બને છે. તમારો ઘાટી કહે કે અત્યારે મને વાસણ ઘસવાનું ફાવે એવું છે તો શું કરો? તેને કહો ને કે હજુ જમવાનું બાકી છે, પછી વાસણ ઘસવા આપીશ! એ જ રીતે નહાવાનું બાકી હોય તો કપડાં ધોવા ન આપો ને? તેમ અહીં પણ જે કાળે જે ક્રિયા કરવાની કહી હોય તે કાળે તે ક્રિયા કરવાની. આપણી મજા કે આપણો ભાવ જોવા ન બેસવું.

ભગવાને કહેલો ધર્મ ભગવાને જે રીતે કરવાનો કહ્યો હોય તે રીતે જ કરવો એ મહત્ત્વનું છે. ઇચ્છા મુજબ ભગવાને બતાવેલો ધર્મ કરે એ ન ચાલે. આજે અમે જો સાધુપણું અમારી ઇચ્છા મુજબ પાળીએ તો તમે અમને સાધુ માનો કે શિથિલાચારી માનો? આજે શિથિલાચારી તરીકે સાધુ પંકાય કે શ્રાવકો? શ્રાવક ગમે તેટલા અનાચારી હોય તોય તે છાપે ન ચઢે અને કોઇ સાધુ શિથિલાચારી બને તો તમે લોકો એને છાપે ચઢાવો ને? શ્રેણિક મહારાજાની વાત સાંભળી છે ને? તેમના સમ્યક્ત્વની પ્રશંસા ઇન્દ્રમહારાજાએ કરી તો એક દેવ તેમની પરીક્ષા કરવા આવ્યો. અને શ્રેણિકમહારાજાને ગર્ભવતી સાધ્વી બતાવી અને પાન ખાતાં ખાતાં વેશ્યાના ખભે હાથ મૂકીને ઊભા રહેલા સાધુ દેવમાયાથી બતાવ્યા. હજી આવો કાળ તો આવ્યો નથી ને? એ વખતે શ્રેણિક મહારાજાએ સાધ્વીને પોતાના ઘરે લઇ જઇને બંધબારણે તેનું પ્રસૂતિકર્મ કરાવ્યું અને સાધુને પણ પોતાને ત્યાં રાખ્યા. આપણે તો છાપામાં બહાર પાડીએ ને? આવાઓ શાસનરક્ષા શું કરવાના? તમારો છોકરો કે છોકરી જો ઉન્માર્ગગામી બને તો તમે છાપામાં આપો? કોર્ટે ચઢો? કે બંધબારણે બધું પતાવી દો? ભગવાનનું શાસન હૈયામાં વસ્યું હોય તે શિથિલાચારી સાધુની નિંદા કે ટીકા ન કરે. ઉપરથી એવાઓને પોતાને ત્યાં જ રાખે. બીજે ક્યાંય બહાર ફરવા ન દે. તેમને સુધારવા માટે ભોગ આપવા તૈયાર હોય. ખરાબના કારણે સારા બદનામ ન થાય તેની કાળજી શ્રાવકોને હોય ને?

આપણી વાત તો એટલી જ છે કે જે કોઇ અનુષ્ઠાન કરવું છે તે આજ્ઞા મુજબ જ કરવું છે. વિધિમાં ફેરફાર નથી કરવો. અનુષ્ઠાન ન કરીએ એ બને પણ ઇચ્છા મુજબનું અનુષ્ઠાન નથી જ કરવું. આયંબિલ ન કરો એ બને પણ ચા વાપરીને આયંબિલ ન કરીએ ને? તેમ જે કોઇ અનુષ્ઠાન કરવું છે તે વચનના ઉપયોગ પૂર્વક કરવું છે. હવે શિષ્ય એમ પૂછે કે અનુષ્ઠાન સારું જ છે, વિધિ કે આજ્ઞા કોઇ વાર ન પણ જળવાય તો તેમાં શું વાંધો છે? આજ્ઞા ઉપર આટલો ભાર શા માટે આપવો? તો તેને જણાવે છે:

**महागुणत्वाद्वचनोपयोगस्येति ।।૪૦।। (૪૦૭)**

ભગવાનના વચનનો ઉપયોગ એ મહાગુણકારી છે, અત્યંત ઉપકારી છે માટે જ તેનો પુરસ્કાર કરવો છે, તેને આગળ કરવો છે. રત્નત્રયીને ક્ષાયિકભાવની બનાવનારો આ વચનનો ઉપયોગ છે. ભગવાનના વચનના ઉપયોગથી ભગવાન

થવાય છે. આપણે જેને આગળ કરીએ તે આપણા હૈયામાં હોય છે. તમે વાતવાતમાં તમારા ઘરનાને આગળ કરો છો, એનું કારણ એ છે કે એ લોકો તમારા હૈયામાં બેસેલા છે. એ જ રીતે દરેક અનુષ્ઠાનમાં જો ભગવાનને આગળ કરીએ તો પરમાત્મા આપણા હૈયામાં વસી જાય. કોઇ પણ અનુષ્ઠાન કરો અને કોઇ પણ પૂછે કે આવું કેમ કરો છો? તો તેમને કહેવાનું કે ભગવાને કહ્યું છે માટે કરું છું. કોઇ પ્રવૃત્તિ ન કરો અને પૂછે કે કેમ નથી કરતા? તો કહેવું કે ભગવાને ના પાડી છે માટે નથી કરતો. આ રીતે ભગવાનને આગળ કરવાથી ભગવાન હૈયામાં વસે અને ભગવાન પ્રત્યે બહુમાનભાવ પ્રગટે.

સ. ભગવાન આ બધું કહી ગયા છે- એની ખાતરી શું... એવું ઘણા લોકો પૂછે છે.

આ શાસ્ત્રો જ ભગવાનના વચનની સાક્ષી પૂરે છે. ભગવાનના વચનના આધારે જ આ શાસ્ત્રોની રચના થઇ છે. ભગવાનના એક વચનને બીજા વચન સાથે વિરોધ નથી આવતો, એક આગમનો બીજા આગમ સાથે વિરોધ નથી આવતો-આ જ તો આગમની શ્રદ્ધેયતામાં પ્રમાણ છે. પરસ્પર વિરોધી વચનને જણાવનારાં આગમો અપ્રમાણ છે. જેને આ જૈનાગમ ઉપર શ્રદ્ધા બેસે તેના માટે આગમ દીવાજેવું છે. જ્ઞાનરૂપી જયોત શ્રદ્ધારૂપી તેલના કારણે ઝળહળતી રહે છે, શ્રદ્ધાના સ્નેહે જ જ્ઞાનદીપક પ્રગટે છે. તેલ ખૂટી જાય તો દીવેટ એકલી કામ ન લાગે. તેમ શ્રદ્ધા વિનાનું જ્ઞાન કામ ન લાગે. શ્રદ્ધા ખૂટી જાય તો આગમો જ્ઞાન ન કરાવી શકે. તમારા દુનિયાના પણ બધા વ્યવહાર શ્રદ્ધા ઉપર જ ચાલે છે ને? કેટલીય પત્નીએ પોતાના પતિને રસોઇમાં ઝેર ખવડાવીને મારી નાંખ્યા છે, આવું જાણ્યા પછી કયારે ય તમારી પત્ની ઉપર શંકા થઇ ખરી? દુનિયામાં દરેક ક્ષેત્રમાં અસલી અને બનાવટી આ ભેદ તો રહેવાનો. છતાં ય ત્યાં વિશ્વાસથી કામ ચલાવો છો ને? તો અહીં સર્વજ્ઞના વચન ઉપર વિશ્વાસ રાખવામાં શું વાંધો છે?

સ. ભગવાન ઉપર અશ્રદ્ધા નથી, પરંતુ પાછળના મહાત્મા ઉપર શ્રદ્ધા નથી- એવું કહે છે.

જેને ડોક્ટર ઉપર વિશ્વાસ હોય, પણ ડોક્ટરના હાથ નીચેના સિસ્ટર કે કમ્પાઉન્ડર ઉપર વિશ્વાસ ન હોય તે હૉસ્પિટલમાં ચિકિત્સા કરાવી શકે ખરો? ભગવાન ભલે મોક્ષમાં ગયા છે પણ ભગવાનનાં વચનો ગણધરાદિ સાધુ ભગવન્તોની

પરંપરા દ્વારા આપણા સુધી પહોંચ્યા છે. આ શાસ્ત્રોનું કોઇ પણ ખંડન કરી શકતું નથી માટે આ જ શાસ્ત્રો સાચાં છે.

સ. બીજા લોકો પણ  શાસ્ત્રના આધારે જ જાુદી વાત કરતા હોય તો અમારે શું કરવું? બેયને સાચા માનવાના?

તમારે સાચું પામવુ હશે તો કસરત કરવી પડશે. અમે જે અર્થ કરીએ તે એમને જણાવો અને એમાં એ જે કહે તે અમને આવીને જણાવો. જો તમે એટલું ન કરી શકો તો એમને અમારી પાસે લાવો, અથવા અમને એમની પાસે લઇ જાઓ. અને તમારે મધ્યસ્થ થઇને અમને-બંન્નેને ચર્ચા કરીને એક નિર્ણય પર આવવાની ફરજ પાડવી. વિરુદ્ધ વાત કરનાર બે ય સાચા ન હોય. જે તત્ત્વનો અર્થી હોય તે ચર્ચાથી ગભરાય નહિ. પણ તકલીફ એ છે કે તમારે કશું કરવું નથી, કોઇ ભોગ નથી આપવો, તો તત્ત્વ કઇ રીતે સમજી શકાય? ભગવાનની આજ્ઞા પ્રત્યે બહુમાન હોય તો જ આ બધું શક્ય બને. ભગવાનનું વચન મહાગુણકારી કઇ રીતે છે તે જણાવે છે :

**तत्र ह्यचिन्त्यचिन्तामणिकल्पस्य भगवतो बहुमानगर्भं स्मरणमिति।।४१।। (४०८)**

ભગવાનનું બહુમાનગર્ભિત સ્મરણ અચિંત્ય ચિંતામણિજેવું છે. ભગવાનનું વચન પહેલાં હોય પછી આપણું અનુષ્ઠાન હોય. આ રીતે દરેક અનુષ્ઠાન વચનના ઉપયોગથી ગર્ભિત હોય તો તે ચિંતામણી કરતાં પણ અધિક ફળને આપનારું છે. ચિંતામણી તો ચિંતિત-પ્રાર્થિત અર્થને આપે છે જ્યારે ભગવાનનું સ્મરણ જો આ રીતે બહુમાનપૂર્વક કરવામાં આવે તો તે આપણે વિચારી પણ ન શકીએ એવા પ્રકારના ફળને આપે છે. તેથી ચિંતામણિ કરતાં પણ ભગવાનના વચનના સ્મરણનો પ્રભાવ અધિક છે. આ વસ્તુ કઇ રીતે સંગત થાય તે આગળના સૂત્રથી જણાવે છે.

**भगवतैवमुक्तमित्याराधनायोगादिति।।४२।। (४०९)**

ભગવાને બતાવેલી પડિલેહણાદિ ક્રિયાઓ 'ભગવાને આ પ્રમાણે કરવાની કીધી છે' આવા પ્રકારના બહુમાનપૂર્વક કરવાથી જ આરાધનાનો યોગ થાય છે. અને એ આરાધનાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે માટે ભગવાનનું બહુમાનગર્ભિત સ્મરણ ચિંતામણીથી અધિક છે.

ભગવાનના વચનપૂર્વકની આરાધના જ આરાધના છે, વચન વગરની આરાધના

આરાધના નથી વિરાધના છે. ભગવાનના વચનને આગળ કરીને જ દરેક અનુષ્ઠાન કરવું છે. ભગવાનનું વચન ગમે તો ભગવાનના વચનને આગળ કરવાના જ. જે વ્યક્તિ ગમતી હોય એને આપણે આગળ કર્યા વગર નથી રહેતા ને? 'અરિહન્તના ધ્યાને અરિહન્ત થવાય છે' એવું બોલતાં પહેલાં 'આપણો આત્મા અરિહન્તના સ્વરૂપવાળો છે' એવું માનતા થવું છે. જો આપણો આત્મા અરિહન્તના સ્વરૂપવાળો ન હોય તો કોઇ કાળે અરિહન્તના ધ્યાને અરિહન્ત નહિ થવાય.

ભગવાનના બહુમાનગર્ભિત સ્મરણનું ફળ બતાવે છે-

**एवं च प्रायो भगवत एव चेतसि समवस्थानमिति ।।४३।। (४१०)**

ભગવાનના બહુમાનગર્ભિત સ્મરણથી પ્રાયઃ કરીને ભગવાન જ આપણા હૈયામાં આવે છે. અહીં એટલું યાદ રાખવું કે કોઇ પણ ક્રિયા કરતી વખતે આપણું ચિત્ત તે ક્રિયાના ઉપયોગવાળું હોય તો તે ભાવક્રિયા કહેવાય છે. ક્રિયાના ઉપયોગ વગરનું ચિત્ત હોય તો તે દ્રવ્યક્રિયા કહેવાય છે. અહીં જે જણાવ્યું કે 'ભગવાનના બહુમાનગર્ભિત સ્મરણથી ભગવાન જ આપણા હૈયામાં આવે છે' એનો અર્થ એ નથી કે એ વખતે ક્રિયામાં ઉપયોગ હોતો નથી. એ જણાવવા માટે સૂત્રમાં 'પ્રાયઃ' પદનું ગ્રહણ કર્યું છે. ક્રિયા કરતી વખતે ક્રિયામાં તો ઉપયોગ હોય જ છે પરન્તુ તેની સાથે 'ભગવાને આ ક્રિયા આ પ્રમાણે કરવાની કહી છે' આવા પ્રકારનો એ ઉપયોગ હોવાથી પ્રાયઃ - મોટે ભાગે- પ્રધાનપણે ભગવાનનું જ ચિત્તમાં અવસ્થાન છે - એમ જણાવ્યું છે. પરમાત્મા પ્રત્યે બહુમાન પણ એટલા માટે રાખવાનું છે કે આપણને પરમાત્મા બનવું છે. પરમાત્માના બહુમાનથી પરમાત્મા થવાતું ન હોય તો પરમાત્મા પ્રત્યે બહુમાન રાખવાનું કોઇ કારણ નથી. કોઇની ગુલામી પણ તમે સ્વીકારો તો શેના માટે? તમને કાંઇ પણ જોઇતું હોય છે માટે જ ને? સામી વ્યક્તિ કશું આપતી ન હોય તો આપણે એવા મૂરખ નથી કે એમની પરતંત્રતા સ્વીકારીએ. પરમાત્માની ભક્તિથી આપણે પરમાત્મા બનવું છે આ આપણો સ્વાર્થ પડેલો છે માટે એમની ભક્તિ કરવી છે. આથી જ આગળના સૂત્રથી જણાવે છે કે-

**तदाज्ञाऽऽराधनाच्च तद्भक्तिरेवेति ।।४४।। (४११)**

ભગવાનની આજ્ઞાની આરાધના કરવાથી ભગવાનની ભક્તિ થાય છે. કારણ કે ભગવાનની આજ્ઞા માનવી એ જ ભગવાનની ભક્તિ છે - આ જ વસ્તુ આગળના સૂત્રથી જણાવે છે -

**उपदेशपालनैव भगवद्भक्तिः, नान्या, कृतकृत्यत्वादिति ।।४५।। (४१२)**

ભગવાનના ઉપદેશનું પાલન કરવું એ જ ભગવાનની ભક્તિ છે, દ્રવ્યાદિથી પૂજા કરવી એ ભગવાનની ભક્તિ નથી. કારણ કે ભગવાન કૃતકૃત્ય હોવાથી તેમને કશાની જરૂર નથી. અહીં શિષ્ય શંકા કરે છે કે - ભગવાનની આજ્ઞાની આરાધના એ જ જો ભગવાનની ભક્તિ હોય તો ભગવાનની અષ્ટપ્રકારી વગેરે પૂજા શા માટે કરવાની? આ શંકાનું નિરાકરણ આગળના સૂત્રથી કરે છે.

**उचितद्रव्यस्तवस्यापि तद्रूपत्वादिति।।४६।। (४१३)**

દ્રવ્યસ્તવ ભગવાને કહ્યો છે માટે ભગવાનની આજ્ઞાના પાલનરૂપ છે. ભગવાન કૃતકૃત્ય હોવાથી એમને આપણી પાસેથી કશું જોઇતું નથી. આપણે એમની દ્રવ્યપૂજા કરીને આપણી મૂર્ચ્છાનો ત્યાગ કરવો છે. ભગવાનની ભક્તિ દ્વારા મૂર્ચ્છાનો ત્યાગ કરીને આપણા આત્માને પરમાત્મા બનાવવો છે. ભગવાનની ભક્તિ, એમનું વચન માનવું તે છે. મૂર્ચ્છાના ત્યાગ માટે દ્રવ્યપૂજાનું વિધાન પણ ભગવાને જ બતાવ્યું છે. ભગવાનનું વચન માનતા થઇ જઇએ એટલે એમની ભક્તિ થઇ જ જશે. વચન માનવું નથી અને દ્રવ્યપૂજા કરવી છે- આ ભક્તિ નથી. ભગવાનનું વચન માનવાના કારણે ભગવાન થવાય છે.

ભગવાન સર્વજ્ઞ અને સર્વદર્શી હોવાથી ભગવાનની વાતમાં શંકા કરવાનું કોઇ કારણ નથી માટે ભગવાને જેના માટે જે જે અનુષ્ઠાન વિહિત કર્યું છે તે તે અનુષ્ઠાન કરી લેવું છે, એમાં દલીલ નથી કરવી. વ્યવહારમાં આપણે જેટલું જાણીએ છીએ એટલું જ કરીએ છીએ કે જાણ્યા વગરનું પણ શ્રદ્ધાના કારણે શંકા રાખ્યા વિના કરી લઇએ છીએ? વસ્તુમાં બનાવટ હોય છે - એવી ખબર હોવા છતાં શંકા વિના વસ્તુ લેવાની પ્રવૃત્તિ ચાલુ છે ને? આપણને ધર્મ કરતી વખતે શ્રદ્ધા નથી. દુનિયાના વ્યવહાર શ્રદ્ધાથી ચાલે છે જ્યારે ધર્મક્ષેત્રમાં શ્રદ્ધાની જરૂર નથી લાગી-આ વાત સાચી ને? પરણતી વખતે છૂટાછેડા નહિ લે એની ખાતરી ખરી? છતાં પરણી જાઓ ને? જ્યારે અહીં ભગવાને દ્રવ્યપૂજાનું વિધાન કર્યા પછી એમાં શંકા કરો. ડોક્ટરના નિદાનમાં શંકા નથી કરતા ને? ટી.બી. નું નિદાન કર્યા પછી દલીલ કરો ખરા કે - ટી. બી. નું એકે લક્ષણ દેખાતું નથી તો ટી.બી. કેવી રીતે હોય? અહીં પણ ભગવાને દ્રવ્યપૂજાનું વિધાન કર્યા પછી દલીલ નથી કરવી. જિજ્ઞાસાથી પૂછો તો વાંધો નથી પણ તોડી પાડવા માટે દલીલ નથી કરવી.

અહીં શિષ્ય જિજ્ઞાસાપૂર્વક પૂછે છે કે - દ્રવ્યપૂજા શા માટે બતાવી? તેનું નિરાકરણ આગળના સૂત્રથી કરે છે.

**भावस्तवाङ्गतया विधानादिति ।।४७।। (४१४)**

ભાવસ્તવ એટલે કે સાધુપણું. દ્રવ્યપૂજા એ સાધુપણાનું કારણ છે, માટે ભગવાને દ્રવ્યપૂજા બતાવી છે. વચનનું પાલન એ ભગવાનની ભક્તિ છે-એમ કીધા પછી ભક્તિનો વિષય કયો છે એ બતાવવું પડે. રાગ ન કરવો, દ્વેષ ન કરવો-કીધા પછી કોની પ્રત્યે રાગ દ્વેષ ન કરવો-એ કહેવું પડે ને? વિધાન કર્યા પછી વિધેય બતાવવું પડે. તેથી દ્રવ્યસ્તવ ભાવસ્તવનું અંગ છે-એમ જણાવ્યું. કોઇ જીવ વિષયતૃષ્ણા આદિ કારણોથી સાધુધર્મરૂપ મંદિરના શિખર ઉપર આરૂઢ થવા સમર્થ ન હોય અને ધર્મ કરવાની ઇચ્છાવાળો હોય ત્યારે મોટાં સાવદ્યોમાંથી નિવૃત્તિ પામવાનો જિનપૂજા સિવાય બીજો કોઇ ઉપાય ન જોતાં અરિહંત ભગવાને સદ્ આરંભરૂપ દ્રવ્યસ્તવનો ઉપદેશ આપ્યો છે.

અસદ્ આરંભથી બચવા માટે થોડો ઘણો આરંભ કરવો પડે એનું નામ સદારંભ. ગૃહસ્થને સદારમ્ભ હોય સાધુભગવન્તોને ન હોય. આરંભમાં બેઠેલા ગૃહસ્થને ચારિત્રમોહનીય કર્મ તોડવા માટે દ્રવ્યસ્તવનું વિધાન કરવામાં આવ્યું છે. ગૃહસ્થપણામાં આ ભાવથી જ પૂજા કરવાની છે, બીજા કોઇ આશયથી નહીં. સંસાર છૂટી જાય અને સાધુપણું મળે માટે દ્રવ્યપૂજા છે.

સ. કોઇના કહેવાથી દાક્ષિણ્યને લઇને પૂજા વગેરે કરે તો?

દાક્ષિણ્ય આ પણ એક જાતનો ભાવ-ગુણ છે. દાક્ષિણ્યને ધર્મસિદ્ધિનું લિંગ કહેલું છે. જેનામાં દાક્ષિણ્ય ન હોય એ તો કહેશે કે તમારે કરવી હોય તો કરો, મને નહિ કહેવાનું. દાક્ષિણ્યથી પૂજા શરૂ કરી હોય તોપણ પાછળથી ભાવ આવવાની સંભાવના છે. જો ભાવ લાવવાનો ભાવ હોય તો દ્રવ્યપૂજા પણ ભાવનું કારણ બને છે. પૈસા ન આવતા હોય તોય આજે નહિ તો કાલે મળશે એ ભાવથી દુકાન ચાલુ રાખો છો તેમ આજે નહિ તો કાલે ભાવ આવશે માટે પણ પૂજા ચાલુ રાખવી છે. આ દ્રવ્યસ્તવ ભગવાનની આજ્ઞા મુજબનો હોય તો જ ભાવસ્તવનું કારણ બને. આજે આપણને અનુષ્ઠાન કરવાનું મન છે પણ આજ્ઞા પાળવાનું મન નથી. પૂજા, પ્રતિક્રમણ, સામાયિક વગેરે રહી ગયાનું દુ:ખ થાય પણ 'આજ્ઞા ન પળાઈ' એનું દુ:ખ ન થાય. અમારે ત્યાં સ્વાધ્યાય રહી ગયો એનું દુ:ખ નથી, ગુરુમહારાજ બોલશે એનું

દુઃખ છે.

સ. ચારિત્રમોહનીય ખપાવવા માટે ત્રિકાળપૂજાના બદલે ત્રણ સામાયિક કરીએ તો?

પૂજા પણ કરવાની અને સામાયિક પણ કરવાનું. પૂજાના ટાઇમે પૂજા કરવાની, સામાયિકના ટાઇમે સામાયિક કરવાનું. રોગ કાઢવા માટે દવા પણ લેવાની અને કસરત પણ કરવાની. ચારિત્ર લેવા માટે ઔદાર્ય-ઉદારતાની પણ જરૂર છે અને સહનશીલતાની પણ જરૂર છે. દ્રવ્યપૂજાના કારણે દ્રવ્યની મૂર્ચ્છા ઊતરે છે અને ઉદારતા પ્રગટે છે જ્યારે સામાયિકના કારણે સહનશીલતા પ્રગટે છે. ચારિત્ર લેવા માટે સુખ છોડવાનો અને દુઃખ વેઠવાનો અભ્યાસ પાડવો જરૂરી છે. આથી ભગવાને સુખ છોડવાની શક્તિ મળે માટે દ્રવ્યસ્તવ બતાવ્યો અને દુઃખ સહન કરવાની શક્તિ મળે માટે વિરતિ બતાવી.

સ. દ્રવ્યપૂજાના કારણે ઉદારતા કઇ રીતે આવે?

દ્રવ્યપૂજા કરવા જતી વખતે દાન આપતાં આપતાં જવાનું. પુષ્પો વગેરે લેતી વખતે ભાવતાલ કરવા ન બેસવું. ઉત્તમમાં ઉત્તમ દ્રવ્ય વાપરવું...આ બધું ઉદારતા વિના ન બને.

સમ્યક્ત્વપ્રત્યયિક, કે વિરતિપ્રત્યયિક નાનામાં નાનું કે મોટામાં મોટું અનુષ્ઠાન હોય પણ એ ભગવાનની આજ્ઞા મુજબનું જ હોવું જોઇએ. અનુષ્ઠાન કેટલું મોટું છે કે નાનું છે એ મહત્ત્વનું નથી, કયા ઇરાદે કરીએ છીએ એ મહત્ત્વનું છે. અનુષ્ઠાન શરૂ કર્યા પછી ખબર પડે કે - મારું આ અનુષ્ઠાન ભગવાનની આજ્ઞા મુજબનું નથી તો એ અનુષ્ઠાન આજ્ઞા મુજબનું કઇ રીતે બને એના માટે મહેનત કરીને આજ્ઞા મુજબનું કરવું છે. અનુષ્ઠાન મોટું છે માટે ફાયદો થાય છે એવું નથી, અનુષ્ઠાન જે ઇરાદે કરવાનું છે એ ઇરાદે કરીએ તો ફાયદો થાય. માટે જે અનુષ્ઠાન કરવું છે એ ભગવાનની આજ્ઞાપૂર્વક જ કરવું છે.

અહીં શિષ્ય શંકા કરે છે કે- ભગવાનની આજ્ઞાપૂર્વક અનુષ્ઠાન કરીએ એટલે ભગવાન હૈયામાં આવે છે એ બરાબર, પણ ભગવાન હૈયામાં આવવાથી શું થાય છે, શું મળે છે-આ પ્રમાણેની શંકાના નિરાકરણ માટે આગળનું સૂત્ર છે.

**हृदि स्थिते च भगवति क्लिष्टकर्मविगम इति ।।४८।। (४१५)**

ભગવાન હૈયામાં આવવાથી સંસારમાં જકડી રાખવામાં કારણભૂત એવું જે

ક્લિષ્ટ કર્મ છે તેનો વિગમ થાય છે. ભગવાન હૈયામાં હશે તો મોક્ષનો સ્વાદ હૈયામાં આવશે. તમારે ત્યાં જેમ અર્થકામ હૈયામાં હોય ત્યારે અર્થકામને આપનાર લોકો મળે તો સંસાર સારો લાગે, ન મળે તો સંસાર સારો ન લાગે તેમ મોક્ષ હૈયામાં હોય તો મોક્ષ આપવાના સાધન તરીકે ભગવાન હૈયામાં આવે તો સારું લાગે, સંક્લિષ્ટ પરિણામ આવે જ નહિ. સંક્લિષ્ટ પરિણામ પેદા ન થાય આ મોટામાં મોટી સિદ્ધિ છે. પરમાત્માને છોડીને બીજા હૈયામાં આવે તો ક્લિષ્ટ કર્મ હૈયામાં આવે અને ભગવાન હૈયામાં આવે તો ક્લિષ્ટ કર્મ જાય. ભગવાન હૈયામાં હશે તો અવિરતિ હૈયામાંથી જતી રહેશે. અવિરતિ હૈયામાં નહિ હોય તો કર્મબંધ થાય એમાં માલ નથી. અવિરતિની પ્રવૃત્તિ ન કરવા છતાં અવિરતિ હૈયામાં હોવાથી પાપનો બંધ થાય છે. ભગવાનને હૈયામાં બિરાજમાન કરવા હશે તો દરેક વખતે પરમાત્માને આગળ કરવા પડશે. જેને આગળ કરીએ એના પ્રત્યે રાગ છે એ તો વ્યવહારમાં પણ દેખાય છે. રાગના પાત્રના કારણે રાગ હૈયામાં આવે તો ભગવાનની આજ્ઞાના કારણે ભગવાન હૈયામાં આવે એ સમજાય એવું છે. ભગવાન હૈયામાં હોય તો ક્લિષ્ટકર્મનો બંધ થતો નથી-એમાં દૃષ્ટાંત આપે છે-

**जलानलवदनयोर्विरोधादिति ।।४९।। (४१६)**

પાણી અને અગ્નિ : આ બેને જેમ વિરોધ છે તેમ ભગવાનનું ચિત્તમાં અવસ્થાન અને ક્લિષ્ટ કર્મ આ બેને વિરોધ છે. પાણી હોય ત્યાં અગ્નિ ન રહે અને અગ્નિ હોય ત્યાં પાણી ન રહે તેમ ભગવાન હૈયામાં હોય તો ક્લિષ્ટ કર્મ ન રહે અને ક્લિષ્ટ કર્મ હોય ત્યાં ભગવાન હૈયામાં ન રહે. ક્લિષ્ટ કર્મ એટલે આત્માને પીડાનો અનુભવ કરાવે તેવાં કર્મો. હવે ઉપસંહાર કરતાં જણાવે છે કે -

**इत्युचितानुष्ठानमेव सर्वत्र प्रधानमिति ।।५०।। (४१७)**

એટલા માટે દરેક વખતે ઉચિત અનુષ્ઠાન જ કરવું. ઉચિત અનુષ્ઠાન કયા કારણસર થાય છે તે જણાવવા માટે એકાવનમું સૂત્ર છે -

**प्रायोऽतिचारासम्भवादिति ।।५१।। (४१८)**

ઉચિત અનુષ્ઠાન યોગ્યતા મેળવીને કરેલું હોવાથી મોટે ભાગે તેમાં અતિચાર લાગતા નથી. જે અનુષ્ઠાન આપણી યોગ્યતા તપાસીને કર્યું હોય તેમાં અતિચાર ન લાગે. નિરતિચાર ચારિત્રની આરાધના મોક્ષે પહોંચાડે. સાતિચાર ચારિત્ર મોક્ષે ન

પહોંચાડે. ધર્મમાં દોષો લગાડીશું તો સંસારમાં રખડવાનો વખત આવશે. સંસારમાં ન રખડવું હોય તો નિરતિચાર ચારિત્રની યોગ્યતા કેળવી લેવી છે. યોગ્યતા એ મહત્ત્વની વસ્તુ છે. યોગ્યતા મેળવીને દરરોજ અનુષ્ઠાન કરતા રહીએ તો અનુષ્ઠાનમાં ભૂલ થવાનો સંભવ ન રહે. કોઇક દિવસ કામ કરે તો ભૂલ થવાનો સંભવ રહે. તમે ઘરે કે દુકાને જતા હો તો રસ્તો ભૂલો ખરા?

પોતાને ઉચિત અનુષ્ઠાન કરતી વખતે પ્રાયઃ કરીને અતિચારનો સંભવ નથી- આ પ્રમાણે જે કહ્યું તેમાં 'પ્રાયઃ' પદનું ગ્રહણ એટલા માટે છે કે - તેવા પ્રકારના સારા માર્ગે જનાર મુસાફરને ક્યારેક કાંટો, તાવ કે દિશામોહ થવાથી ઇષ્ટસ્થાને પહોંચવામાં વિલંબ થાય તેવી રીતે ધર્મની સાધના કરનારને તેવા પ્રકારના અનાભોગ (અજ્ઞાન)-થી કે ક્લિષ્ટ કર્મના ઉદયથી અતિચાર લાગવાનો સંભવ હોય. તેથી ઇષ્ટપ્રાપ્તિમાં વિલંબ થાય.

અતિચાર કેમ નથી લાગતા તે આગળના સૂત્રથી જણાવે છે-

**यथाशक्तिप्रवृत्तेः ।।५२।। (४१९)**

દરેક કાર્યમાં યથાશક્તિ પ્રવૃત્તિ કરેલી હોવાથી અતિચાર નથી લાગતા. યથાશક્તિ એટલે શક્તિને છુપાવીને પણ નહીં અને શક્તિથી ઉપરવટ થઇને પણ નહીં. એકાસણાની શક્તિ હોય ત્યારે આયંબિલ કરવા બેસે તો યથાશક્તિ ન કહેવાય તેમ જ આયંબિલની શક્તિ હોય ત્યારે એકાસણું કરે તોપણ યથાશક્તિ ન કહેવાય. એકાસણાની શક્તિ હોય તો એકાસણું કરવું, આયંબિલની શક્તિ હોય તો આયંબિલ કરવું-આને યથાશક્તિ કહેવાય.

**सद्भावप्रतिबन्धादिति ।।५३।। (४२०)**

પોતાથી જે શક્ય કાર્ય હોય તેમાં ચિત્ત લાગેલું હોવાથી યથાશક્તિ કરેલા કાર્યમાં અતિચાર લાગતો નથી. અશક્યમાં પ્રવૃત્તિ કરે તો શું થાય તેના માટે જણાવે છે.

**इतरथाऽऽर्त्तध्यानोपपत्तिरिति ।।५४।। (४२१)**

અશક્યમાં પ્રવૃત્તિ કરવાથી આર્તધ્યાનનો પ્રસંગ આવે છે.

**अकालौत्सुक्यस्य तत्त्वतस्तत्त्वादिति ।।५५।। (४२२)**

અકાલે ઉત્સુકતા એ વાસ્તવિક રીતે આર્તધ્યાન છે. જે અનુષ્ઠાન કરવાની

શક્તિ છે તે અનુષ્ઠાન કરીએ તો તેના માટે તે કાલ કહેવાય. જે અનુષ્ઠાનની શક્તિ ન હોવા છતાં તે કરીએ તેના માટે તે અકાલ કહેવાય. જેનો અવસર ન હોય તે કરવું તે અકાલે ઉત્સુકતા કહેવાય. અકાલે કરેલું અનુષ્ઠાન જોકે ધર્મ હોવા છતાં પરમાર્થથી આર્તધ્યાન છે. એટલા માટે આપણે ત્યાં 'કાલે કાલે સામાચારી' આવું સૂત્ર છે. આર્તધ્યાનની હાજરીમાં તિર્યંચનું આયુષ્ય બંધાય છે. ધર્મ કરવા છતાં અયોગ્યતાને લઇને દુર્ગતિમાં જવાનું બને એવું તો કોઇ બુદ્ધિમાન પસંદ ન કરે ને? અવસરે કરેલું કામ જ ફળદાયી બને છે - એવું તો તમારે ત્યાં પણ જોવાય છે ને? ત્યાં તમે ઉત્સુકતા નથી રાખતા ને? ખેતી કરનારા ખેડૂતો પણ ખેતીના કાળે ખેતી કરે તો અનાજ આવે. ખેતીનો કાળ ન હોય ને વાવણી કરીને મૂકે તો બધું નકામું જાય. અવસરે વાવેલા કણ પણ મણજેટલું ધાન્ય આપે. અનવસરે મણજેટલું વાવ્યું હોય તો કણ પણ ન આવે. તમારે ત્યાં કે અમારે ત્યાં યોગ્યતા જોયા વિના માત્ર ઉત્સાહના કારણે કાર્ય કરવાની ઉતાવળ કરે તો તે ફળ ન પામે. તમે સારો માહોલ જોઇને ઉત્સાહમાં ચઢાવો બોલો અને પાછળથી પસ્તાવાનો વખત આવે-એવું બને ને? આ તો પાછા કહે કે ઉત્સાહ એ શ્રેષ્ઠ મુહૂર્ત્ત છે. આપણે કહેવું છે કે ઉત્સાહ એ શ્રેષ્ઠ મુહૂર્ત નથી, અવસર એ શ્રેષ્ઠ મુહૂર્ત છે. અવસરની રાહ જોવામાં ઘણી વાર એવું બને કે અનુષ્ઠાન રહી જાય, પરંતુ ફળ મળી જાય. અને અનવસરે સારામાં સારું અનુષ્ઠાન કરવા છતાંય ફળથી વંચિત રહી જાય. પૃથ્વીચંદ્ર ગુણસાગરને વૈરાગ્ય આવી ગયા પછી પણ અવસરની રાહ જોઇને બેસી રહેલા તો ચારિત્ર મળવા પહેલાં જ કેવળજ્ઞાન પામી ગયા. અને એવા તો ઘણા આત્માઓ છે કે યોગ્યતા કેળવ્યા વિના સાધુપણું લઇને બેસેલા હોવાથી સાધુપણાને હારી જાય છે. ધર્મ એ અવસરે કરવાની ચીજ છે, ફુરસદે કરવાની ચીજ નથી. આ તો કહે કે ફુરસદ છે માટે સામાયિક કરું. નવરાશ હોય ત્યારે સામાયિક કરે તો સામાયિકમાં ઝોકાં જ આવે ને?

સ. બપોરની ઊંઘ પૂરી થયા પછી સામાયિક કરીએ તો?

બપોરની ઊંઘ પૂરી કરીને નહિ, ઉડાડીને સામાયિક કરવાનું. બપોરે ઊંઘવાનું નહિ. દિવસે ઊંઘવાનું કામ ઢોર કરે, માણસ દિવસે ઊંઘે નહિ. ધર્મ પ્રમાદ છોડીને કરવો છે, પ્રમાદ પૂરો કરીને નહિ. ઉલ્લાસ જાગે ત્યારે કાર્ય કરવા નહિ બેસવાનું. ઉલ્લાસ હોય કે ન હોય, કાર્યનો અવસર પ્રાપ્ત થાય તો કાર્ય કરી લેવાનું. સ્વાધ્યાયનો ઉલ્લાસ ગમે તેટલો હોય તોપણ ગોચરીનો સમય થાય એટલે ઊભા થઇ જ જવાનું.

સ. પ્રસન્નતાથી કામ કર્યું હોય તો ફળ મળે ને?

પ્રસન્નતા અવસરે આવે તો જ કામની. અનવસરે પ્રસન્નતા આવતી હોય તોપણ ક્રિયા ન કરવી. ભગવાનની આજ્ઞા મુજબના અનુષ્ઠાનનો અવસર થાય એટલે ક્રિયા કરવાની. આજ્ઞા મુજબ અનુષ્ઠાન કરતી વખતે ઉત્સાહ ન હોય તોપણ આજ્ઞા પાળવાના ભાવથી ક્રિયા કરીએ તો તેનાથી પ્રસન્નતા આવશે. તમે ઉત્સાહ વગર પણ દુકાને જાઓ, છતાં નફો થાય તો પ્રસન્નતા આવે ને? તેમ આજ્ઞા મુજબ દ્રવ્ય, ક્ષેત્ર વગેરે સાચવીને અનુષ્ઠાન કરીએ તો તેનાથી કર્મનિર્જરા થવાથી પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. ઉલ્લાસ હોય તોપણ ઉત્સુકતા ન હોવી જોઇએ. ઉલ્લાસ હોય તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ સાચવીને ક્રિયા કરે. ઉત્સુકતાવાળો દ્રવ્યાદિની ઉપેક્ષા કરીને પણ ક્રિયા કરવા તૈયાર થઇ જાય. ઉલ્લાસ ગુણ છે પરંતુ ઉત્સુકતા એ દોષ છે. દ્રવ્યથી-જલપૂજા દૂધથી થાય, માત્ર પાણીથી ન થાય. ક્ષેત્રથી-ભગવાન જ્યાં હોય ત્યાં પૂજા કરવાની, આપણા માટે ભગવાનને નીચે ઉતારીને પૂજા ન કરવી. કાળથી- પૂજાના કાળે જ પૂજા કરવાની. ભાવથી-શનિ નડે છે માટે નહિ, સંસાર નડે છે માટે પૂજા કરવાની. આ રીતે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ ચારે ય સાચવવાના. હવે અહીં શિષ્ય શંકા કરે છે કે ઉત્સુકતા હોય તો પ્રવૃત્તિ થાય, અનુત્સુકને પ્રવૃત્તિનો કાળ ક્યાંથી પ્રાપ્ત થાય?... આના નિરાકરણમાં જણાવે છે:

**नेदं प्रवृत्तिकालसाधनमिति ।।५६।। (४२३)**

ઔત્સુક્ય એ કાર્યના અવસરનું સાધન છે જ નહિ. કારણ કે અનવસર જ એ કાર્યને હણી નાંખે છે. તેથી ઉત્સુકતાથી કાર્ય ન થાય, અવસરે જ કાર્ય થાય. ગમે તેટલી ભૂખ લાગે તોપણ અનવસરે ભોજન ન જ મળે. ભોજન જેમ ભોજનના અવસરે જ મળે, તેમ કોઈ પણ ક્રિયા તેના અવસરે કરવાથી જ ફળે.આથી જ જણાવે છે:

**इति सदोचितमिति ।।५७।। (४२४)**

આ રીતે ઉત્સુકતા-ઉત્કંઠાનો ત્યાગ કરીને સદા માટે ઉચિત પ્રવૃત્તિ કરવી. કોઈ પણ કાર્ય ઉત્સાહપૂર્વક કરવું છે, તેમાં ઉત્સુકતા નથી રાખવી. ઉત્સુકતા એ ફળની તાલાવેલી સ્વરૂપ છે, એવા વખતે ફળમાં વિલંબ થાય, કાળક્ષેપ થાય તો તે સહ્ય ન બનવાથી આર્ત્તધ્યાન થાય છે. જ્યારે ઉત્સાહ એ પ્રમાદનો ત્યાગ કરવા સ્વરૂપ છે. ઉત્સાહ પ્રવૃત્તિમાં અપ્રમત્ત બનાવે છે માટે તે ગુણકારી છે. જ્યારે ઉત્સુકતા એ

અકાળે ફળની તાલાવેલીરૂપ હોવાથી આર્ત્તધ્યાનરૂપ છે. સદા ઉચિત પ્રવૃત્તિ કેવી રીતે કરવી તે જણાવે છે:

**तदा तदसत्त्वादिति ।।५८।। (४२५)**

પ્રવૃત્તિકાળે ઔત્સુક્ય ન હોય તો જ પ્રવૃત્તિ ફલસાધક બને. જે બુદ્ધિશાળી માણસ કાર્યના ઉપાયમાં સમ્યગ્ રીતે પ્રવૃત્ત થયેલો હોય તે ક્યારે પણ કાર્યમાં ઉત્સુકતા રાખતો નથી. કારણ કે સાધનસામગ્રી જેણે સારી રીતે સેવી હોય તેને ફળ મળ્યા વિના નથી રહેવાનું. સામગ્રી જો સમ્યગ્ રીતે સેવાઇ હોય તો તે ફળ આપીને જ રહેશે. તેથી બુદ્ધિમાન માણસો કાર્યના પ્રવૃત્તિ કાળે ક્યારે પણ ઉત્સુકતા બતાવતા નથી. જેમ માટીનો પિંડ ચકરડા પર ચઢાવ્યો હોય તો તેનાથી ઘડો થાય ને? તમે પણ રાંધતી વખતે વારે ઘડીએ તપેલી ખોલીને જુઓ? મશીન ઉપર કામ કરતી વખતે મશીનના પાસા ખોલીને જુઓ ખરા? ત્યાં ખાતરી છે ને કે આપણે ઉપાય બરાબર સેવ્યો છે એટલે સમયસર કાર્ય થઇ જ જશે. એ રીતે અહીં પણ સાધનસામગ્રી પરિપૂર્ણ હોય અને અવસર હોય તો ફળ મળવાનું છે - એવો વિશ્વાસ બુદ્ધિમાનોને હોય છે માટે તેઓ ઉત્સુકતા રાખતા નથી. આ રીતે ઉત્સુકતા કોઇ પણ રીતે પ્રવૃત્તિનું કારણ બની ન શકે માટે જ કહ્યું છે કે કોઇ પણ કાર્ય ઉતાવળપૂર્વક ન કરવું, અપાય (વિઘ્ન)ને દૂર કરવા દ્વારા પ્રણિધાનપૂર્વક જ કાર્ય કરવું.

ધર્મબિંદુ પ્રકરણના આ છઠ્ઠા અધ્યાયમાં આ વસ્તુ આપણા હૈયામાં શાસ્ત્રકારશ્રી-એ સારામાં સારી રીતે ઠસાવી છે કે યોગ્યતા પામેલા જીવો ગમે તેવી પ્રવૃત્તિ કરે તોપણ તેઓ ફળ પામ્યા વિના રહેતા નથી અને યોગ્યતા વિનાના જીવો ઊંચામાં ઊંચો ધર્મ કરવા છતાં તેને હારી જાય છે. આપણે આ વાતને સ્વીકારીએ કે ન સ્વીકારીએ, પરંતુ આ યોગ્યતાની ઉપેક્ષા આપણા માટે કોઇ પણ રીતે હિતાવહ નથી. આ યોગ્યતા પામવી હોય તો એક જ ઉપાય છે કે ભગવાનની આજ્ઞા માનવી છે. પ્રસન્નતા આવે કે ન આવે, મન થાય કે ન થાય પરંતુ જે કાંઇ અનુષ્ઠાન કરવું છે તે આજ્ઞા અનુસાર કરવું છે. પ્રણિધાન આવે કે ન આવે, ઉલ્લાસ જાગે કે ન જાગે પરંતુ ભગવાન કહે તે પ્રમાણે કરવું છે. આ પ્રમાણે વચનનો રાગ જો કેળવી લઇએ તો બાકીના ગુણો ખેંચી લાવવાનું કામ સરળ છે. જે મહાપુરુષોના દૃષ્ટાંત શાસ્ત્રના પાને છે તેમણે ચારિત્ર લઇને ચારિત્રની વિરાધના નથી કરી. ચારિત્ર લેવાની શક્તિ ન હતી તો ન લીધું, પરંતુ ચારિત્ર લઇને ઇચ્છા મુજબ નથી પાળ્યું. અહીં આવેલા

આજે ઇચ્છા મુજબ ચારિત્રમાં બાંધછોડ કરવા પ્રયત્ન કરે છે, તેઓ ફળને કઇ રીતે પામી શકે? તમારાથી ભગવાનનું એક વચન ન પળાતું હોય તો બીજું વચન બતાવું. પણ એક વાર નક્કી કરો કે વચન પાળવું છે. સર્વવિરતિ વચન મુજબ ન પળાય તો દેશવિરતિ આપીએ, દેશવિરતિ આજ્ઞા મુજબ ન થતી હોય તો સમ્યગ્દર્શન આપીએ, એ પણ ન લેવાતું હોય તો માર્ગાનુસારીપણું આપીએ. ન્યાયસંપન્ન વૈભવ તો આજ્ઞા મુજબનો છે ને? માર્ગાનુસારીનો એક પણ ગુણ આજ્ઞા મુજબનો હોય તો તે ક્રમસર સમ્યગ્દર્શન, દેશવિરતિ, સર્વવિરતિ સુધી પહોંચાડનારો બને. પરંતુ નાનો ધર્મ પણ આજ્ઞા મુજબ કરવો નથી ને? ભગવાનનું વચન પાળવામાં કષ્ટ પડે છે માટે પળાતું નથી. જ્યારે વચન ન માનવામાં અનુકૂળતા લાગે છે માટે વચન પાળવું નથી. આજે નક્કી કરવું છે કે નાનો પણ ધર્મ આજ્ઞા મુજબ જ કરવો છે.

સ. અમારી નવકારશી તો આજ્ઞા મુજબની ખરી ને?

તમે નવકારશી શા માટે કરો છો? પોરિસી કરવી નથી માટે કે થતી નથી માટે? જો પોરિસી કરવી નથી માટે નવકારશી કરો તો તે આજ્ઞા મુજબની નથી. રાત્રિભોજનનો ત્યાગ કરવો હોય તો બે ઘડી પહેલાં ચોવિહાર કરી લેવો પડે.

સ. અતિચારમાં બોલીએ છીએ ને કે-લગભગ વેળાએ વાળું કર્યું .....

એ અતિચાર, કરવા માટે આપ્યા છે કે ટાળવા માટે આપ્યા છે? જે થઇ ગયું હોય એની આલોચના કરવા અતિચાર આપ્યા છે, કરવા માટે નહિ. તમે ઘરમાં બારી રાખી છે તે ધૂળ આવવા માટે રાખી છે કે પ્રકાશ આવવા માટે? અને છતાં ધૂળ જો આવી જાય તો ઝાટકીને કાઢી નાંખો ને?

સ. માર્ગાનુસારીના પાંત્રીશ ગુણોમાંથી પાંચ ગુણ હોય અને ત્રીશ ન હોય તોય ધર્મની શરૂઆત થઇ ગણાય?

પાંચ નહિ, એકાદ પણ ગુણ આવ્યો હશે તો ધર્મની શરૂઆત થઇ-એમ માનીશું. પરંતુ તમે કહો તો ખરા કે કયો ગુણ આમાંથી તમને ગમ્યો? ન્યાયસંપન્ન વૈભવ રાખવો છે? કયો ગુણ ગમે છે?

સ. અક્ષુદ્રતા ગુણ.

એ પણ પાકો છે? તો આજે નક્કી કરો કે સગી બૈરીને પણ કશું કહેવું નહિ. કોઇને પણ ભૂલ બતાવવી નહિ - એનું નામ અક્ષુદ્રતા. બધાની ભૂલો ખમી ખાવી

તેને ઉદારતા કહેવાય. કોઇની પણ ભૂલ જોઇને ગુસ્સો આવે એ તુચ્છતા છે, આવી ક્ષુદ્રતા ટાળવી છે ને? બીજાના સુખમાં ઇર્ષ્યા ન કરવી અને બીજાના દુઃખમાં દયા રાખવી તેનું નામ અક્ષુદ્રતા. ભગવાનની આજ્ઞા મુજબનો એક નાનો પણ ગુણ કામનો છે. જ્યારે જેઓ આજ્ઞા ન પાળે તેને સાધુપણું પણ ભારે પડે. અમારા આચાર્યભગવંત કહેતા હતા કે ભગતની અનુકૂળતા ભોગવીને આજ્ઞા મુજબ દીક્ષા નહિ પાળીએ તો દરેક ભગતને ત્યાં ગધેડા થઇને બધું દેવું પૂરું કરવું પડશે. આજે આપણી પાસે જે પાત્રો કર્મયોગે ગોઠવાયાં છે, તે આપણું લેણું પૂરું કરવા માટે જ ગોઠવાયાં છે. જેણે પોતાના ગુરુની પણ સેવા કરી ન હોય તેવાઓને શિષ્યની સેવા કરવાનો વખત આવે તો એ શિષ્યો ભૂતકાળનું લેણું પૂરું કરવા આવ્યા છે : એમ માનવું પડે ને ? આ બધાથી છૂટવું હોય તો આજ્ઞા મુજબ અનુષ્ઠાન કરવું છે.

સ. ભગવાનની આજ્ઞા શું છે?

સુખ છોડી દેવું અને દુઃખ ભોગવવા તૈયાર થવું-એ ભગવાનની આજ્ઞા છે. આપણો પ્રયત્ન સુખ છોડવા માટેનો  છે કે સુખ ભોગવવા માટેનો છે? જે સુખ ભોગવે તે ધર્મ ન કરી શકે. જે મળ્યું છે તે છોડી દેવું તેનું નામ ધર્મ અને જે મળ્યું છે તેને શણગારવા, સુધારવા માટે પ્રયત્ન કરવો તેનું નામ સંસાર. આપણે જોઇ ગયા કે ઔત્સુક્ય એ પ્રવૃત્તિના કાળનું સાધન નથી. આથી શિષ્ય શંકા કરે છે કે 'તો પ્રવૃત્તિકાળનું સાધન શું છે?' આવી શંકાના નિરાકરણમાં જણાવે છે કે:

**प्रभूतान्येव तु प्रवृत्तिकालसाधनानीति ।।५१।। (४२६)**

પ્રવૃત્તિકાળનું સાધન એક નથી, ઘણાં છે. જો એક હોય તો તેનું નિર્વચન કરી શકાય. જ્યારે જેના તથાભવ્યત્વનો પરિપાક થાય ત્યારે નહિજેવાં નિમિત્તોથી પણ તે પ્રવૃત્તિ કરતા થઇ જાય છે.

સ. તથાભવ્યત્વ એટલે શું?

ફળ પામવાની યોગ્યતા તેનું નામ ભવ્યત્વ, ફળ પામવાનો અવસર તેનું નામ તથાભવ્યત્વ. આ તથાભવ્યત્વનો પરિપાક કરવા માટે ચાર શરણાં સ્વીકારવાં, દુષ્કૃતની નિંદા કરવી અને સુકૃતની અનુમોદના કરવી. અરિહંતાદિ ચારના શરણે જવાના બદલે આપણે બૈરી છોકરાના શરણે રહીએ, બીજાના દુષ્કૃતની નિંદા કરીએ અને પોતાના સુકૃતની અનુમોદના કરીએ તો સમજી લેવું કે આપણા તથાભવ્યત્વનો

પરિપાક થયો નથી અને થવાનો નથી. તથાભવ્યત્વને પરિપાક પમાડવું હોય તો સ્વજન-ધનને છોડીને અરિહંતાદિને શરણે જવું, પોતાના દુષ્કૃતની ગર્હા કરવી અને બીજાના સુકૃતની અનુમોદના કરવી. આપણને ફળની પ્રાપ્તિ ક્યારે થવાની છે તે આપણને ખબર નથી, તથાભવ્યત્વનો પરિપાક થયો છે કે નહિ તે પણ ખબર નથી. તેથી આપણે તથાભવ્યત્વને પરિપાક પમાડવા ચતુઃશરણગમનાદિ કારણો સેવવાં છે. ધર્મ કરવાની અનુકૂળ સામગ્રી મળ્યા કરે તો સમજવું કે તથાભવ્યત્વનો પરિપાક થવા માંડ્યો છે. પ્રવૃત્તિકાળના સાધન અનેક કઇ રીતે છે તે માટે જણાવે છે-

**निदानश्रवणादेरपि केषाञ्चित्प्रवृत्तिमात्रदर्शनादिति ।।६०।। (४२७)**

કેટલાક લોકો માત્ર નિદાન એટલે કે કારણનું શ્રવણ કરે તેટલામાત્રથી પણ પ્રવૃત્તિ કરતાં દેખાય છે. જેમ કે દાનધર્મથી ભોગોની અર્થાત્ પાંચે ઇન્દ્રિયોના વિષયોની પ્રાપ્તિ થાય છે, શીલધર્મથી જીવોને દેવલોકની પ્રાપ્તિ થાય છે, ભાવથી મોક્ષની પ્રાપ્તિ થાય છે અને તપથી સર્વ અર્થની સિદ્ધિ થાય છે- આવું સાંભળીને ગોવિંદવાચક વગેરે અનેક આત્માઓએ પ્રવ્રજ્યાની તાત્ત્વિક ઉપયોગથી શૂન્ય એવી પણ પ્રવૃત્તિ કરી છે-એ પ્રમાણે શાસ્ત્રમાં જણાવ્યું છે. નિદાનશ્રવણાદિના 'આદિ' પદથી; શ્રુતજ્ઞાન પામવાની તીવ્ર ઇચ્છાથી ગોવિંદવાચકે દીક્ષા લીધેલી, સ્વજનના (ભાઇના) ઉપરોધથી ભવદેવમુનિએ દીક્ષા લીધેલી, ચંડરૂદ્રાચાર્યના શિષ્યે બળાત્કારે દીક્ષા લીધેલી... આ બધાનું ગ્રહણ કરવું. આ રીતે ભાવશૂન્ય ક્રિયામાં - પ્રવૃત્તિમાં જોડાવાનો અવસર અનેક નિમિત્તોથી પ્રાપ્ત થાય છે. કર્મની લઘુતા થઇ હોય તો નિમિત્ત ગમે તે કામ લાગે.

સ. એટલે લઘુકર્મિતા હોય તો કામ થઇ જાય ને?

કર્મની લઘુતા થવામાત્રથી નિસ્તાર નથી થતો. કર્મ લઘુ થયા પછી પણ એ લઘુતા ટકાવવા માટે મળેલી સામગ્રીનો સદુપયોગ કરવો પડશે. શ્રી મહાવીરપરમાત્માના જીવે કર્મની લઘુતા કેવી સાધેલી? માત્ર ગ્રંથિદેશે જ આવેલા એવું નહિ, ગ્રંથિનો ભેદ કરીને ચારિત્રધર્મ સુધી પહોંચી ગયેલા છતાં એક શિષ્યની લાલચથી અંતઃકોટાકોટિ સાગરોપમપ્રમાણ સંસાર વધાર્યો ને? તેથી કર્મલઘુતા થયા પછી ફરી કર્મ ભારે ન થાય તે માટે પ્રયત્ન કરવો છે.

હવે શિષ્યને શંકા થાય છે કે માત્ર પ્રવૃત્તિથી આટલો પરિણામ કેવી રીતે જાગે? ભાવ હોય તો ભાવની વૃદ્ધિ થાય, ભાવ વિના કેવલ પ્રવૃત્તિથી ભાવદીક્ષા કઇ રીતે

આવે? પૈસો હોય તો વ્યાજ આવે, પૈસા વિના મૂડી કયાંથી વધે?... આવી શંકાના નિરાકરણમાં આગળનું સૂત્ર છે-

**तस्यापि तथापारम्पर्यसाधनत्वमिति ।।६१।। (४२८)**

ઉચિતાનુષ્ઠાન કરવા માટે તથાભવ્યત્વનો પરિપાક થવો જરૂરી છે. અને એના સાધન અનેક છે- તે આપણે જોયું. કેટલાક આત્માઓ એવા છે કે જેઓ કર્મલઘુતાથી દ્રવ્યદીક્ષા સુધી પહોંચી ગયેલા તેમની પ્રવૃત્તિ પણ પરિણામનું કારણ કઇ રીતે બને તે માટે અહીં જણાવે છે કે પ્રવૃત્તિમાત્ર પણ ઘણી વાર પરંપરાએ પરિણામનું કારણ બને છે. કેટલાક આત્માઓએ ભોગાભિલાષ આદિથી દીક્ષા દ્રવ્યથી સ્વીકારી પરંતુ પાછળથી દીક્ષાનો અભ્યાસ પડવાથી ભોગાભિલાષ વ્યાવૃત્ત થયો તેથી ભાવદીક્ષા પામ્યા. તે વખતે અતિ તીવ્ર ચારિત્રમોહનીયકર્મના ઉદયનો અભાવ હોવાથી તેમની દ્રવ્યપ્રવૃત્તિ ભાવનું કારણ બની. અતિતીવ્ર ચારિત્રમોહનીયના ઉદયમાં દ્રવ્યપ્રવૃત્તિ ભાવનું કારણ ન બને. જેઓ દ્રવ્યથી પણ ભગવાનના વચનને આગળ કરે તેમનું તથાભવ્યત્વ પરિપાક પામ્યું છે-એમ સમજવું. હવે શિષ્યને આગળ પાછી શંકા થાય છે કે - 'આનો અર્થ એ થયો કે એકલી પ્રવૃત્તિ પણ કર્યા કરવી.' તમને પણ આવી જ શંકા છે ને? 'પરિણામ વગરની પણ પ્રવૃત્તિ ચાલુ જ રાખવી જોઇએ, પરિણામ માટે પ્રયત્ન કરવાની જરૂર નહિ', આવું તમારે પણ કહેવું છે ને?

સ. પરિણામ આવવા આપણા હાથની વાત નથી, તેથી પ્રવૃત્તિ તો ટકાવી રાખવી જોઇએ ને?

તમે ઊંધું કહો છો. પ્રવૃત્તિ કરવી આપણા હાથની વાત નથી, પરિણામ ટકાવવા એ તો આપણા હાથની વાત છે. આપણા મનમાં પવિત્ર વિચાર કરતા રહેવું એ આપણા હાથની વાત છે. આપણા મન પ્રમાણે પ્રવૃત્તિ કરવા માટે સંયોગો અનુકૂળ જોઇએ, ઘરનાં પાત્રો અનુકૂળ જોઇએ, તેથી તે આપણા હાથમાં નથી. આમ છતાં જે પરિણામ સ્વાધીન છે, તેને જાળવવા માટે આપણો પ્રયત્ન નથી અને જે પ્રવૃત્તિ બીજાને આધીન છે તેને માટે રાતદિવસ પ્રયત્ન ચાલુ છે ને?

સ. સફળતા ન મળે ત્યાં સુધી પ્રયત્ન ચાલુ રાખવાનો ને?

પ્રયત્ન કરવાની ના નથી પણ એ પ્રયત્ન શેનો કરવાનો? પ્રવૃત્તિ ટકાવવાનો કે પરિણામ લાવવાનો? આશ્રવ બંધ કરવાનો પરિણામ હોય નહિ છતાં આશ્રવ બંધ

કરે તો કર્મપુદ્ગલ આવતાં તો અટકે, મન વગર પણ બારણું બંધ કરીએ તો કચરો આવતા તો અટકે : એની ના નથી. પરંતુ જો પરિણામ ન આવે તો એ પ્રવૃત્તિ ટકવાની નથી. માટે પરિણામ ઉપર ભાર આપવો છે. ચારિત્રમોહનીય કર્મ ગાઢ હોય તેની દ્રવ્યક્રિયા કામ નથી લાગતી. આપણને ચારિત્રમોહનીય ખપાવવાનું મન ન થતું હોય તો માનવું પડે ને કે ચારિત્રમોહનીય ગાઢ છે. જેને ચારિત્રમોહનીય કાઢવાનું મન થાય, અવિરતિ ટાળવાનું મન થાય તેનું ચારિત્રમોહનીય મંદ પડ્યું છે - એમ સમજવું. હવે શિષ્ય જે આશયથી પ્રવૃત્તિમાત્ર ચલાવવાની વાત કરે છે તે આશયને અનુરૂપ જવાબ આપે છે. શિષ્યનો આશય એ છે કે પ્રવૃત્તિમાત્ર પણ પરંપરાએ કામ લાગતી હોય તો ઉચિતાનુષ્ઠાન જ કરવું - એવો આગ્રહ શા માટે? તો જણાવે છે :

**यतिधर्माधिकारश्चायमिति प्रतिषेध इति ।।६२।। (४२९)**

ગ્રંથકારશ્રી જણાવે છે કે આ યતિધર્મનો અધિકાર ચાલુ છે તેથી પ્રવૃત્તિમાત્રનો નિષેધ કર્યો છે અને યોગ્યતા ઉપર, પરિણતિ ઉપર ભાર આપ્યો છે. શુદ્ધ સાધુધર્મનો અધિકાર હોવાથી કેવલ પ્રવૃત્તિ કરવાની રજા નથી આપી. હવે શિષ્યને શંકા એ છે કે ભવદેવમુનિ વગેરેની દ્રવ્યદીક્ષા ભાવનું કારણ બની તેનું શું? તેના નિરાકરણમાં જણાવે છે કે - આ તો કોઇક જ જીવને ઘુણાક્ષર ન્યાયે આવું બની જાય. ઘુણનો કીડો લાકડું કોતરે ત્યારે તેમાં અક્ષર પાડવાનો આશય ન હોવા છતાં ક્યારેક અક્ષર કોતરાઈ જાય છે. તેવી રીતે કેટલાક જીવોનું તથાભવ્યત્વ તેવું હોવાથી દ્રવ્યદીક્ષા પણ ભાવનું કારણ બની જાય. બાકી દરેક જીવ માટે જેમ- તેમ કરેલી પ્રવૃત્તિ ભાવધર્મની આરાધનાનું કારણ બનતી નથી. તેથી દરેક જીવે ઉચિતાનુષ્ઠાન માટે જ પ્રયત્નશીલ બનવું જોઇએ.

ભાવધર્મનો પ્રવૃત્તિકાળ યોગ્યતાને અનુરૂપ અનુષ્ઠાન કરવાથી જ પ્રાપ્ત થાય છે. તેથી દરેક જીવે કોઇ પણ ધર્મપ્રવૃત્તિ યોગ્યતા મેળવીને કરવાનો આગ્રહ રાખવો, અકાળે ઉત્સુકતા રાખવાથી કરેલી પ્રવૃત્તિ ફળદાયી બનતી નથી. આ જ વિષયમાં પુષ્ટિને જણાવવા માટે કહે છે :

**न चैतत् परिणते चारित्रपरिणाम इति ।।६३।। (४३०)**

ઉત્સુકતાથી જે દીક્ષાને સ્વીકારે તે ભાવસાધુતાને પામી શકતો નથી. આ જ વાતના સમર્થન માટે જણાવે છે કે જેને ચારિત્રનો પરિણામ આત્મસાત્ થયો હોય

તેને અકાળે ઔત્સુક્ય હોતું જ નથી. કારણ કે :

**तस्य प्रसन्नगम्भीरत्वादिति ।।६४।। (४३१)**

ચારિત્રનો પરિણામ શરદઋતુના સરોવરના પાણીની જેમ સ્વચ્છ-પ્રસન્ન ઉજ્જ્વળ હોય છે તેમ જ સમુદ્રના મધ્યભાગની જેમ ગંભીર હોય છે. તેથી તેમાં ઔત્સુક્ય સંભવતું નથી. ઉત્સુકતા આર્ત્તધ્યાન કરાવે છે, ચારિત્રપરિણામ પ્રસન્ન બનાવે છે. જ્યાં આર્ત્તધ્યાન હોય ત્યાં પ્રસન્નતા ન હોય, પ્રસન્નતા હોય ત્યાં આર્ત્તધ્યાન ન હોય. કારણ કે ઉત્સુકતા પરિણામને દૂષિત કરે છે તેમ જ હૈયાના છીછરાપણાને - તુચ્છવૃત્તિને સૂચવનારી આ ઉત્સુકતા છે. તેથી ઔત્સુક્ય હોય ત્યાં ચારિત્રની પરિણતિ ન હોય અને ચારિત્રની પરિણતિવાળાને ઔત્સુકય ન હોય.

**हितावहत्वादिति ।।६५।। (४३२)**

આ ચારિત્રનો પરિણામ એકાન્તે હિતકારી છે, તેથી તેમાં પરિણામની કલુષતા કોઇ પણ રીતે સંભવતી નથી. તેથી પ્રવૃત્તિમાત્રથી સંસ્કાર પડશે - એમ સમજીને માત્ર પ્રવૃત્તિ ઉપર ભાર આપવો યોગ્ય નથી, પ્રવૃત્તિ એકાન્તે હિતકર નથી, પરિણામ એકાન્તે હિતકર છે. તેથી પરિણામને પ્રાપ્ત કરવા માટે ઉચિતાનુષ્ઠાન કરવા પ્રયત્નશીલ બનવું જોઇએ. આ પ્રમાણે ચારિત્રના પરિણામની ઉત્તમતાને સાંભળીને શિષ્ય શંકા કરે છે કે- જો ચારિત્રનો પરિણામ પ્રસન્ન હોય, ગંભીર હોય અને હિતાવહ હોય તો ચારિત્રપરિણામને પામેલા સાધુઓને તે તે વચનો વડે અનુશાસન કેમ કરાય છે? આ અનુશાસન કેવા પ્રકારનું છે તે શાસ્ત્રના પાઠ આપીને શિષ્ય જણાવે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે '[1]ગુરુકુળવાસમાં રહેવું, [2]ગુરુપારતંત્ર્ય કેળવવું, [3]ગુર્વાદિકને ઉચિત વિનય કરવો, [4]વસતિની પ્રમાર્જનામાં યત્ન કરવો, [5]ભિક્ષા - સ્વાધ્યાયાદિના કાળની અપેક્ષા રાખવી, [6]મનવચન - કાયાનું બળ છુપાવવું નહિ, [7]શક્તિપૂર્વક યોગને પ્રવર્ત્તાવવા, [8]તે તે પ્રવૃત્તિ કરતી વખતે પોતાને નિર્જરાસ્વરૂપ લાભનું ચિંતન કરવું, [9]ગુરુભગવંત હિતશિક્ષા આપે ત્યારે મારી ઉપર અનુગ્રહ-ઉપકાર કર્યો - એવું કાયમ માટે માનવું, [10]સંવરમાં છિદ્ર ન પાડવું અર્થાદ્ આશ્રવ સેવવા નહિ, [11]છ જીવનિકાયની રક્ષા સુપરિશુદ્ધપણે કરવી, [12]વિધિપૂર્વક સ્વાધ્યાય કરવો, [13]મરણની અપેક્ષા રાખવી અર્થાદ્ અનશન કરવું આ યતિજનને ઉપદેશ છે.

ચારિત્રની ક્રિયાથી મોક્ષ નથી મળતો, ચારિત્રના પરિણામથી મોક્ષ મળે છે. જેને ચારિત્રના પરિણામ ન હોય એવાને ચારિત્ર ન અપાય.

સ. કોઇ નાના બાળકને ચીકુના બી કોને કહેવાય એ ખબર નથી, કેવી રીતે વાવવું વગેરે કાંઇ ખબર નથી, ચીકુ વાવવાનું મન પણ નથી છતાં તેના જાણકારના કહ્યા પ્રમાણે વાવે અને તેના કહેવા પ્રમાણે સારસંભાળ રાખે તો પરિણામ વિના પણ ફળ મળે ને?

તમે જે બોલ્યા એની ઉપર જ વિચાર કરો. બાળક અજ્ઞાન છે, પણ તે જ્ઞાનીના કહ્યા પ્રમાણે કરે તો ફળ મળે. અજ્ઞાની ઇચ્છા મુજબ જીવે તો ફળ ન મળે, અજ્ઞાની જ્ઞાનીના કહ્યામાં રહે તો ફળ મળે. અમારે ત્યાં પણ ગુરુકુળવાસ એટલા જ માટે સૌથી પહેલાં જણાવ્યો છે. તે વખતે તેને ફળના પરિણામ ન હોય તોપણ જ્ઞાનીના કહ્યામાં રહેવાનો પરિણામ એ જ ભાવ છે. ઈચ્છા મુજબ ચારિત્ર પાળવાનું મન હોય તે ચારિત્રનો પરિણામ નથી. ગુરુની - જ્ઞાનીની નિશ્રામાં, આજ્ઞામાં રહેવાનો પરિણામ એ જ ચારિત્રનો પરિણામ છે. ગુરુકુળવાસમાં રહેવાનું અને તે પણ ગુરુકુળવાસમાં સ્વતંત્રપણે નહિ રહેવાનું; ગુરુને પરતંત્ર થઇને રહેવાનું. ગુરુ કહે તે પ્રમાણે કરવાનું. ગુરુ વિનયાદિ કરવાનું કહે તેથી ગુરુપારતંત્ર્ય પછી ગુરુવિનય કરવાનું જણાવ્યું. ત્યાર બાદ જ્યાં ચોવીસ કલાક આરાધના કરવાની છે તે વસતિની પ્રમાર્જના કરવાની. સ્વાધ્યાયાદિ કાળનો ઉપયોગ રાખવો. શરીરની શક્તિ ગોપવ્યા વિના બધાં કાર્યો કરવાં. મનવચનકાયાનું બળ ગોપવવું નહિ. છતી શક્તિએ કરીએ નહિ તો વીર્યાન્તરાય કર્મ બંધાય છે. વીર્યાન્તરાયના ઉદયમાં છેક નિગોદ સુધી જવાનો વખત આવે છે. શરીર પ્રત્યેનો પ્રેમ, પ્રમાદ, મિથ્યાત્વ... આ બધાં વીર્યાન્તરાયના બંધનાં કારણો છે. તેથી શક્તિ ગોપવવી નહિ, શક્તિ પ્રમાણે સર્વ પ્રવૃત્તિ કરવી. દરેક કાર્યનો અવસર પ્રાપ્ત થાય ત્યારે 'મને જ કરવું પડે છે' એવો વિચાર ન કરતાં 'મારી નિર્જરા થશે' એમ પોતાના લાભનો વિચાર કરવો. ગુરુ હિતશિક્ષા આપે તો ગુસ્સો ન કરવો, મારી ઉપર ઉપકાર કર્યો એમ સમજીને આનંદ પામવો. સંવરમાં છિદ્રો ન પાડવાં, એટલે કે સંવરમાં અતિચાર ન લાગે એવો પ્રયત્ન કરવો. અતિચાર લાગે તો સંવરમાં કાણાં પડવાનાં. આ કાણાની ઉપેક્ષા કરીશું તો તેમાંથી મોટું ગાબડું પડી જશે. અંતે સંવરના ચીંથરા થઇ જશે.

સ. અત્યારે નિરતિચાર ચારિત્ર નથી ને?

એનો અર્થ શું? જેમ ફાવે તેમ જીવવાનું? કે જેટલું બચાય એટલું બચવાનું? જો સંયમમાં અતિચાર લગાડ્યા કરીશું, તો વિરતિમાં અવિરતિ પેસી જશે. તેથી

અવિરતિ પાછી ન આવે તે માટે સંયમમાં અતિચાર લાગવા ન દેવા. તે માટે છજીવનિકાયની રક્ષામાં સતત ઉપયોગ રાખવો. ચારિત્રની ક્રિયામાંથી જેવો સમય મળે કે તરત જ વિધિપૂર્વક સ્વાધ્યાય કરતા રહેવાનું. અંતે શરીર કામ ન આપે ત્યારે અનશન સ્વીકારવું : આ પ્રમાણે યતિને ઉપદેશ આપ્યો છે. શિષ્યને શંકા એટલી છે કે 'જેની પાસે ચારિત્રના પરિણામ હોય તેને આવી હિતશિક્ષા આપવાની જરૂર ન પડે. શાસ્ત્રમાં જે યતિજનને ઉપદેશ જણાવ્યો છે તેના ઉપરથી પણ એમ લાગે કે ચારિત્રના પરિણામ વિનાનાને પણ દીક્ષા આપવી, ત્યાર બાદ ઉપદેશ આપીને ચારિત્રપરિણામ પેદા કરાવવો. એટલે ભાવ વિના ઔત્સુક્યાદિથી દ્રવ્યદીક્ષા ગ્રહણ કરે તોપણ તેમાં કોઇ બાધ જણાતો નથી'. તો તેના નિરાકરણમાં જણાવે છે:

**चारित्रिणां तत्साधनानुष्ठानविषयस्तूपदेशः, प्रतिपात्यसौ कर्मवैचित्र्यादिति ।।६६।। (४३३)**

ચારિત્રનો પરિણામ જેમને પ્રાપ્ત થયો છે તેવા ચારિત્રધરને પણ ચારિત્રની પરિણતિ સાધી આપનાર અનુષ્ઠાનવિષયક જે ઉપદેશ અપાય છે તેનું કારણ એ છે કે આ ચારિત્રનો પરિણામ કર્મની વિચિત્રતાને લઇને પ્રતિપાતી પણ છે. તેથી જેઓનો ચારિત્રનો પરિણામ તેવા પ્રકારનાં ક્લિષ્ટ કર્મોના ઉદયથી પડી જાય તેવાઓ આવા ઉપદેશના યોગે પાછા ચારિત્રના પરિણામમાં સ્થિર થાય છે, માટે આવો ઉપદેશ અપાયો છે, આ રીતે આ ઉપદેશ પણ સાર્થક છે. કર્મની વિચિત્રતા માટે અન્યત્ર જણાવ્યું છે કે કર્મો; ઘન ચીકણાં કઠિન અને વજ્રજેવાં મજબૂત છે કે જે, જ્ઞાનથી આઢ્ય એવા આત્માને માર્ગમાંથી ઉન્માર્ગમાં લઇ જાય છે. તેથી આવાં કર્મોની સામે ટકવા માટે આવા પ્રકારનો ઉપદેશ સાર્થક છે.

જિનેશ્વર ભગવન્તના શાસનમાં ઉપદેશ એ સૌથી મહત્ત્વનું અંગ છે. જેને ચારિત્રનો પરિણામ આવી ગયો હોય તેને પણ એ ટકાવવા માટે ઉપદેશની જરૂર છે. આ વાત હવે છઠ્ઠા અધ્યાયમાં અંતે જણાવી છે. ત્યાર બાદ સાતમા અધ્યાયમાં તો ધર્મનું ફળ વર્ણવ્યું છે. આપણને દેવલોક સ્વરૂપ ફળ ગમે કે મોક્ષરૂપ ફળ ગમે? આ અધ્યાયમાં અંતે ચારિત્રપરિણામની મહત્તા વર્ણવી છે. આપણને એ પરિણામ જોઇતા નથી ને? સાધુપણું જોઇએ છે?

સ. સંસ્કાર આ ભવમાં પડે તો આવતા ભવમાં મળશે ને?

સંસ્કાર ટકાવવા માટે કાંઇ પ્રયત્ન કરો તો સંસ્કાર ટકશે. તમે જૈનપણાના પણ

સંસ્કાર ટકાવ્યા છે ખરા? જૈનના સંસ્કાર લઇને આવેલા સાધુપણાના સંસ્કાર પાડીને જાય તો ભવાંતરમાં સાધુપણું સુલભ બને. આ ઉપદેશ આપણા અનુષ્ઠાનની રક્ષા કરવાનું કામ કરે છે - એ જ વસ્તુ દૃષ્ટાંતથી જણાવે છે:

**तत्संरक्षणानुष्ठानविषयश्च चक्रादिप्रवृत्त्यवसानभ्रमाधानज्ञातादिति।।६७।। (४३४)**

પ્રાપ્ત કરેલા ચારિત્રના પરિણામના સંરક્ષણ માટે ઉપદેશ જ કામનો છે. જેમ ચકરડું ભમતું હોય તે અટકી જાય તો તેને ફરી ચાલુ કરવા માટે જેમ દંડનો પ્રયોગ કરાય છે, તેમ અહીં પડી ગયેલા ચારિત્રપરિણામને વેગ આપવાનું કામ આ ઉપદેશ જ કરે છે. વીર્યનો હ્રાસ થવાથી જેના પરિણામ મંદ પડે તેને તેજ બનાવવા ઉપદેશ આપવો પડે. અત્યાર સુધી શરીર માટે જ પ્રવૃત્તિ કરી છે ને? પરંતુ આપણું આ શરીર જ મોક્ષનું બાધક છે. શરીરનું મમત્વ મોક્ષના ઉપાયને રોકે છે. આ શરીરનું અસ્તિત્વ મોક્ષસુખનું બાધક છે. અત્યાર સુધી આપણે જે જે અનુષ્ઠાન કરતા નથી, તે થતાં નથી માટે કે 'તેના વગર ચાલે એવું છે' એમ માની લીધું છે માટે કરતા નથી.? આપણને આટલું સારું સમજવાનું મળ્યું છે; હવે સમય વીતી જાય, તક સરી જાય એવું શા માટે કરવું? ઉપદેશ સાર્થક જ છે. આ ઉપદેશની નિરર્થકતા ક્યાં છે તે જણાવે છે :

**माध्यस्थ्ये तद्वैफल्यमेवेति ।।६८।। (४३५)**

જે વખતે ચક્રનું ભ્રમણ શરૂ થઇ ગયું હોય અને અટક્યા વગર ચક્ર ભમતું જ હોય એ વખતે દંડની જરૂર નથી. તેમ જેઓની કુદરતી પ્રવૃત્તિ ચાલુ હોય તેને ઉપદેશની જરૂર નથી, તેમના માટે ઉપદેશ નિષ્ફળ છે. કારણ કે -

**स्वयंभ्रमणसिद्धेरिति ।।६९।। (४३६)**

ચક્રનું ભ્રમણ પોતાની મેળે જ ચાલુ હોય તો વચ્ચે દંડ નાંખવાની જરૂર ન પડે. તેમ જે સાધુ પોતાની મેળે જ ગુરુ અને શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે પ્રવૃત્તિ કરતો હોય તેને ઉપદેશની જરૂર નથી. આ જ વાતને સ્પષ્ટ કરતાં જણાવે છે:

**भावयतिर्हि तथा कुशलाशयत्वादशक्तोऽसमञ्जसप्रवृत्तावितरस्यामिवेतर इति।।७०।। (४३७)**

જે ભાવસાધુ છે, પરમાર્થથી સાધુ છે તેની પાસે ચારિત્રની વૃદ્ધિના કારણભૂત

પરિશુદ્ધ આશય હોવાથી તે સાધુ, સાધુપણાને અનુચિત એવી અસમંજસ પ્રવૃત્તિ કરવા માટે અસમર્થ છે. જેમ વેષધારી અવિરતિધર વિરતિની પ્રવૃત્તિ કરવા માટે સમર્થ નથી બનતો, તેમ ભાવસાધુ અવિરતિની પ્રવૃત્તિ કરી જ ન શકે. જે ભાવસાધુ નથી તે સમંજસ પ્રવૃત્તિ કરી ન શકે તેમ જે ભાવસાધુ હોય તે અસમંજસ પ્રવૃત્તિ કરી ન શકે. આ વિષયમાં કંઇક વિશેષતા જણાવે છે :

**इति निदर्शनमात्रमिति ।।७१।। (४३८)**

અહીં इतरस्यामिव इतर આ પ્રમાણે જે વિડંબકસાધુનું દૃષ્ટાંત આપ્યું છે તે દૃષ્ટાન્તમાત્ર છે. બાકી ભાવસાધુને વેષધારી સાથે સરખાવવાનું તાત્પર્ય નથી. કારણ કે -

**न सर्वसाधर्म्ययोगेनेति ।।७२।। (४३९)**

ઉપમા સર્વાંશે હોતી નથી. વસ્તુના અમુક ધર્મના સાદૃશ્યને લઇને જ વસ્તુની ઉપમા અપાતી હોય છે. સ્ત્રીના મુખને ચંદ્રની ઉપમા આપી હોય તો તે માત્ર સૌમ્યતાને લઇને અપાય છે બાકી ચંદ્રજેવો પ્રકાશ મુખમાં છે - એવું કહેવાનું તાત્પર્ય નથી. તેવી રીતે અહીં પણ માત્ર અસામર્થ્યના અંશમાં જ સાધર્મ્ય છે. બાકી ભાવસાધુ જે નિમિત્તથી અસમંજસ ક્રિયામાં પ્રવૃત્ત નથી થતો તે નિમિત્ત, દ્રવ્યસાધુની સમંજસક્રિયામાં અપ્રવૃત્તિના નિમિત્ત કરતાં અતિમહાન છે - તે જણાવે છે:

**यतेस्तदप्रवृत्तिनिमित्तस्य गरीयस्त्वादिति ।।७३।। (४४०)**

આશય એ છે કે ભાવસાધુ સમ્યગ્દર્શનાદિ ગુણોને ધરનારા હોવાથી તેઓ અયોગ્ય આચરણમાં પ્રવૃત્તિ કરતા નથી અને દ્રવ્યસાધુ મિથ્યાત્વાદિ દોષને આધીન હોવાથી તેઓ યોગ્ય આચરણમાં ભાવથી પ્રવૃત્ત થતા નથી. બંન્નેની અપ્રવૃત્તિ સમાન હોવા છતાં અપ્રવૃત્તિનું નિમિત્ત જુદું છે. તેમાંથી યતિની અપ્રવૃત્તિના નિમિત્તભૂત સમ્યગ્દર્શનાદિ અત્યંત ઉત્કૃષ્ટ છે. કારણ કે મિથ્યાત્વાદિ તો તેવા પ્રકારના કર્મના ઉદયથી જન્ય છે, અને આથી તે જીવના સ્વભાવભૂત નથી. જ્યારે સમ્યગ્દર્શનાદિ ગુણો કર્મના ક્ષયોપશમાદિથી જન્ય છે અને જીવના સ્વભાવભૂત છે માટે તે અતિમહાન છે- આ જ વસ્તુ જણાવે છે :

**वस्तुतः स्वाभाविकत्वादिति ।।७४।। (४४१)**

સમંજસ એટલે કે યોગ્ય પ્રવૃત્તિના નિમિત્તભૂત સમ્યગ્દર્શનાદિ એ પરમાર્થથી

આત્માના સ્વભાવરૂપ છે. જ્યારે મિથ્યાત્વ એ વિકારરૂપ છે. તેથી સ્વાભાવિક એવા સમ્યગ્દર્શનાદિ ગુણો અતિશ્રેષ્ઠ છે, તેને મિથ્યાત્વ સાથે ન સરખાવાય- એ સમજી શકાય છે.

સાધુભગવન્તો નિરતિચાર ચારિત્રનું પાલન શ્રદ્ધાના યોગે કરતા હોય છે. સાધુપણાના પાલનમાં જે કોઇ અતિચાર સેવાય છે તે શ્રદ્ધાની ખામીના કારણે સેવાતા હોય છે. અતિચારવાળું અનુષ્ઠાન પણ થોડુંઘણું ફળ આપશે-આવી શ્રદ્ધાની ખામીના કારણે જ અતિચાર સેવાય છે. સમ્યગ્દર્શનનો પરિણામ જ આપણા તાત્ત્વિક અનુષ્ઠાનની રક્ષા કરવાનું કામ કરે છે. આથી જ સાધુભગવંતને હિતશિક્ષા આપતાં મહાપુરુષોએ ફરમાવ્યું છે કે जाए सद्धाए निक्खंतो तमेव अणुपालेज्जा જે શ્રદ્ધાથી નીકળ્યા છો તેનું અનુપાલન કરજો. જે લીધું છે તેનું પાલન કરજો એવું ન કહેતા જેના કારણે લીધું છે તેનું પાલન કરવાનું કહ્યું. લીધું છે ચારિત્ર, પરંતુ એ ચારિત્ર સમ્યગ્દર્શનના કારણે લીધું છે, તેથી સમ્યક્ત્વ શ્રેષ્ઠ છે. આચરણ તો શ્રેષ્ઠ છે જ પરંતુ આચરણ જેનાથી થાય તે શ્રદ્ધા એથી ય ચઢિયાતી છે. આ શ્રદ્ધા ટકાવવા માટે એટલું નક્કી કરવું છે કે ધર્મ કર્મ કાઢવા માટે કરવાનો છે, શુભ કર્મ બાંધવા માટે નહિ. શુભકર્મ બંધાઇ જાય- એની ના નથી. કપડાં ધોતી વખતે પણ ધૂળ લાગે અને સૂકવતાં પણ ધૂળ લાગે છતાં કપડાં ધુઓ શેના માટે? મેલ કાઢવા કે ધૂળ લગાડવા માટે? કર્મ કાઢવાનો પરિણામ એ જ સમ્યક્ત્વનો પરિણામ છે. અતિચાર મિથ્યાત્વના કારણે - સમ્યક્ત્વની ખામીના કારણે લાગે છે. જે છોડ્યું હોય તે ઉપાદેય લાગે ત્યારે અતિચાર સેવાય અને આ જ એક પ્રકારનું મિથ્યાત્વ છે. જ્યારે સમ્યક્ત્વ નિરતિચાર ચારિત્રનું કારણ છે, તે જણાવે છે-

**तथा सद्भाववृद्धेः फलोत्कर्षसाधनादिति ।।७५।। (४४२)**

સમ્યગ્દર્શનના કારણે શુભપરિણામની વૃદ્ધિ થાય અને એના કારણે ફળનો ઉત્કર્ષ પ્રાપ્ત થાય છે. આ ફળનો ઉત્કર્ષ કઈ રીતે થાય છે - તે માટે જણાવે છે:

**उपप्लवविगमेन तथावभासनादितीति ।।७६।। (४४३)**

સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ તેને થાય કે જેના રાગાદિ અત્યંત મંદ પડ્યા હોય. અયોગ્ય પ્રવૃત્તિ રાગના કારણે, દ્વેષના કારણે કે મોહના કારણે થાય છે. સમકિતીના રાગાદિ ઉપપ્લવો-ઉપદ્રવો શાંત થયા હોવાથી અયોગ્ય પ્રવૃત્તિ તેને કર્ત્તવ્ય તરીકે અવભાસિત થતી નથી. અકર્ત્તવ્યરૂપે જ ભાસિત થાય છે. આ રીતે ભાવસાધુને

અયોગ્ય પ્રવૃત્તિ કરવાયોગ્ય લાગતી જ નથી માટે તેઓ તેમાં પ્રવૃત્ત થતા નથી. તેથી દ્રવ્યસાધુનું દષ્ટાંત તો માત્ર આપવા ખાતર આપ્યું હતું. બાકી ભાવસાધુની અશુભની નિવૃત્તિ સ્વાભાવિક હોય છે. હવે છઠ્ઠા અધ્યાયનો ઉપસંહાર કરતાં જણાવે છે :

**एवंविधयतेः प्रायो भावशुद्धेर्महात्मनः।**
**विनिवृत्ताग्रहस्योच्चैर्मोक्षतुल्यो भवोऽपि हि ।।३४।। इति।**

આ રીતે જેણે પોતાની અવસ્થાને ઉચિત અનુષ્ઠાનનો આરંભ કર્યો હોય તેવા મહાત્માને પ્રાયઃ કરીને ભાવની શુદ્ધિ થવાથી શરીરાદિ કોઇ પણ ઠેકાણે આગ્રહ ન હોવાથી તેમનો સંસાર પણ મોક્ષતુલ્ય હોય છે. અર્થાદ્ સંસાર અને મોક્ષમાં તેમને સમભાવ હોય છે. આચરણ પરિપૂર્ણ હોય કે ન હોય, શ્રદ્ધા જેની પરિપૂર્ણ હોય તેની ભાવશુદ્ધિ છે જ. આવા પ્રકારની ભાવશુદ્ધિવાળા આગ્રહ વગરના હોય. સમકિતી આત્મા પોતાની વાત આગળ ન કરે, ભગવાનની વાત આગળ કરે અને સમ્યગ્દર્શનના પ્રભાવે જે ભાવશુદ્ધિ પ્રાપ્ત થાય તેના યોગે સંસાર અને મોક્ષઃ આ બેમાં તુલ્યતા પ્રાપ્ત થાય. કારણ કે સંસાર એમને કશું કરતો નથી- અને મોક્ષે જતાં કોઇ અટકાવતું નથી. સંસારમાં મન ન હોવાથી સંસાર નડવાનો નથી. એની ખાતરી છે માટે જ સંસાર પણ મોક્ષતુલ્ય લાગે છે. આવો સાધુ નવાં કર્મો બાંધતો નથી. જૂનાં કર્મોનો ફેંસલો કરે છે માટે તેને હવે સંસારનો પણ ભય નથી હોતો. ભવ વધે એવો એકે બંધ કરતા નથી અને ભવ ઘટાડવા માટે નિર્જરા ચાલુ છે. માટે જ સાધુને સંસાર અને મોક્ષમાં તુલ્યતા લાગે છે. ભાવસાધુ વીતરાગતુલ્ય છે તેનું કારણ એ છે કે વીતરાગને કર્મો હોતાં નથી માટે પ્રવૃત્તિ નથી કરતા અને સાધુને કર્મો હોવા છતાં કર્મોને આધીન થતા નથી માટે તેવી પ્રવૃત્તિ કરતા નથી. આ જ વાતની સંગતિ કરે છે-

**सद्दर्शनादिसम्प्राप्तेः, सन्तोषामृतयोगतः।**
**भावैश्वर्यप्रधानत्वात्तदासन्नत्वतस्तथा ।।३५।। इति।**

સમ્યગ્દર્શનાદિની જેને ભાવથી પ્રાપ્તિ થઇ હોય તેને સંતોષરૂપી અમૃતનો યોગ થવાથી તે ભાવ ઐશ્વર્યને ધરનારા બને છે. આ રીતે ક્ષમાદિ ધર્મો સ્વરૂપ ભાવ ઐશ્વર્ય જેને પ્રધાનપણે પ્રાપ્ત થયું હોય તેમને મોક્ષ અત્યંત નજીક હોવાથી તેમને સંસારમાં જ મોક્ષનો અનુભવ થાય છે-એમ જણાવ્યું. વસ્તુના - વિષયના અભાવમાં જે સુખ અનુભવાય છે તેને જ સંતોષ કહેવાય છે. જેને આત્માના જ્ઞાનાદિ અને ક્ષમાદિ ગુણો સ્વરૂપ ભાવઐશ્વર્ય પ્રાપ્ત થયું હોય તેને ધનની કિંમત ન હોય ને? જેને જ્ઞાન મળે

તેને ધન છોડવાજેવું લાગે. જેને ધન છોડવાજેવું ન લાગે તેને જ્ઞાન મળ્યું ન કહેવાય. એના સમર્થન માટે જણાવે છે-

**उक्तं मासादिपर्यायवृद्ध्या द्वादशभिः परम् ।**
**तेजः प्राप्नोति चारित्री सर्वदेवेभ्य उत्तमम् ।।३६।। इति।**

ભગવતીસૂત્રમાં જણાવ્યું છે કે માસાદિના પર્યાયની વૃદ્ધિ જેમ જેમ સાધુની થતી જાય તેમ તેમ તેના શુભ લેશ્યા સ્વરૂપ શુભ ભાવની વૃદ્ધિ થતી જાય છે. એમ કરતાં બાર મહિનાના પર્યાયમાં તે ભાવસાધુ સર્વ દેવો કરતાં ય ઉત્તમ તેજને પ્રાપ્ત કરે છે. લેશ્યા એટલે મનના પરિણામ. આપણા મનને મલિન કરનાર આપણી ઇચ્છાઓ જ છે. સાધુ ભગવંતો સર્વ ઇચ્છાઓથી રહિત હોવાથી તેમની લેશ્યા અતિ શુભ હોય છે અને પરિણામ અતિવિશુદ્ધ હોય છે. પહેલા મહિને વાણવ્યંતરની તેજોલેશ્યાને ઓળંગી જાય છે. એમ કરતાં ભવનપતિ વગેરેની શુભ લેશ્યાને ઓળંગતા બાર મહિનાના અંતે તે ભાવસાધુ અનુત્તરના દેવોની શુભ લેશ્યાનું અતિક્રમણ કરે છે.

સ. બાર મહિનાની મર્યાદા કેમ જણાવી?

બાર મહિનામાં સાધુને દરેક ઋતુનો અનુભવ થઇ જાય તેથી દરેક કષ્ટો કેવી રીતે સહન કરવાં એનો અભ્યાસ બાર મહિનામાં પડી જવાથી બાર મહિનાનો કાળ જણાવ્યો. આ રીતે સાપેક્ષયતિધર્મને જણાવનારો આ છઠ્ઠો અધ્યાય પૂર્ણ થાય છે. હવે યતિધર્મના ફળને વર્ણવનારો સાતમો અધ્યાય જણાવે છે-

# સાતમો અધ્યાય

**फलप्रधान आरम्भः, इति सल्लोकनीतितः।**
**सङ्क्षेपादुक्तमस्येदं, व्यासतः पुनरुच्यते ।।३७।।**

શિષ્ટ જનોની નીતિને અનુસારે ધર્માદિ પ્રવૃત્તિ ફળની પ્રધાનતાએ કરાય છે. શિષ્ટ પુરુષો ફળની અપેક્ષાએ પ્રવૃત્તિ કરતા હોય છે. જેઓ ધર્માદિની પ્રવૃત્તિ ફળનો વિચાર કર્યા વિના કરે તેઓ શિષ્ટ નથી : એમ સમજી લેવું. આથી જ અહીં ધર્મબિંદુના પહેલા અધ્યાયની શરૂઆતમાં 'धनदो धनार्थिनां...' ઇત્યાદિ ગાથા દ્વારા સંક્ષેપથી ધર્મનું ફળ જણાવેલું હોવા છતાં હવે એ ફળને વિસ્તારથી જણાવે છે. આ પ્રમાણે જાણ્યા બાદ શિષ્ય શંકા કરે છે કે જો વિસ્તારથી અહીં ફળ કહેવાનું જ હતું તો પહેલાં સંક્ષેપથી જણાવવાનું શું કામ હતું... તેના નિરાકરણમાં જણાવે છે.

**प्रवृत्त्यङ्गमदः श्रेष्ठं, सत्त्वानां प्रायशश्च यत् ।**
**आदौ सर्वत्र तद्युक्तमभिधातुमिदं पुनः ।।३८।।**

આ ફળ અર્થાત્ ફળનું જ્ઞાન એ જીવો માટે પ્રાયઃ કરીને સર્વ પ્રવૃત્તિનું મુખ્ય અંગ બનતું હોય છે. કારણ કે મોટા ભાગના જીવો ફળને જાણીને કોઇ પણ પ્રવૃત્તિ કરવા માટે તૈયાર થતા હોય છે. તેથી જો સંક્ષેપથી ફળનું વર્ણન ન કર્યું હોત તો લોકોને આ ધર્મમાં પ્રવર્ત્તાવવાનું શક્ય ન બનત. અને શરૂઆતમાં જ જો વિસ્તારથી ફળનું વર્ણન કર્યું હોત તો શાસ્ત્રના અર્થમાં ઘણું વ્યવધાન-વિલંબ થવાથી શ્રોતાને નીરસતાને લઇને ગ્રંથશ્રવણમાં અનાદર થાત. તમે પણ કોઇ મિત્રને કહો કે આપણે ફરવા જવું છે તો પહેલાં માત્ર સ્થાનનું નામ આપો કે મહાબળેશ્વર જવું છે. પછી ત્યાં કયા કયા સ્થળે જવાનું છે એ ત્યાં જઇને નક્કી કરો ને? તેમ દરેક ઠેકાણે સમજી લેવું.

વિસ્તારથી ફળ હવે જણાવે છેઃ

**विशिष्टं देवसौख्यं यच्छिवसौख्यं च यत्परम् ।**
**धर्मकल्पद्रुमस्येदं, फलमाहुर्मनीषिणः ।।३९।।**

જે વિશિષ્ટ એવું અર્થાદ્ બાકીના દેવલોક કરતાં ચઢિયાતું એવું સૌધર્માદિ વૈમાનિક દેવલોક સંબંધી જે સુખ છે અને પ્રકૃષ્ટ એવું જે મોક્ષનું સુખ તેને

સુધર્માસ્વામી વગેરે મહાત્માએ ધર્મરૂપી કલ્પવૃક્ષનું ફળ કહ્યું છે.

**इत्युक्तो धर्मः साम्प्रतमस्य फलमनुवर्णयिष्यामः ।।१।। (४४४)**

આ રીતે ધર્મબિંદુ પ્રકરણમાં યતિધર્મ અને ગૃહસ્થધર્મનું વર્ણન પૂરું થયું. હવે એ ધર્મના ફળનું ક્રમસર વર્ણન કરે છે.

**द्विविधं फलम्–अनन्तरपरम्परभेदादिति ।।२।। (४४५)**

ધર્મનાં ફળ બે પ્રકારનાં છે : અનન્તર અને પરંપર. આપણે પહેલા અધ્યાયમાં જોઇ ગયેલા કે ધર્મ, ધનના અર્થીને ધન આપે છે, કામના અર્થીને કામ આપે અને પરંપરાએ મોક્ષરૂપ ફળ આપે. અહીં એટલું યાદ રાખવું કે જેને ધર્મ કરવાથી પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થવાની હોય તેને જે વચ્ચે અર્થકામ મળે છે તે ધર્મનું ફળ ગણાય. બાકી જેને પરંપરાએ પણ મોક્ષ મળવાનો નથી તેવાને જે અર્થકામ મળે છે તે ધર્મનું ફળ ગણાતું નથી. અનંતર એટલે તાત્કાલિક ફળ જે મળે તે. અને પરંપર એટલે ક્રમે કરીને જે મળે તે. જેમ તમારે ત્યાં પૈસો મળવો એ ધંધાનું અનંતર ફળ અને એના યોગે સુખનાં સાધન કે સુખ જે મળે તેને પરંપર ફળ કહેવાય. આહારની નિષ્પત્તિ એ રસોઇનું અનંતર ફળ છે અને તેના યોગે ભૂખ શમે તે પરંપર ફળ છે. મોક્ષની પ્રાપ્તિ એકાએક નથી થતી, પરંપરાએ થાય છે. મરુદેવા માતાને પણ મોક્ષની પ્રાપ્તિ એકાએક નથી થઇ, તેમણે પણ પોતાના એકપાક્ષિક સ્નેહને ધિક્કારવાનું કામ કરેલું. આજે આપણે આટલું પણ કરી શકીએ? આપણને આપણા રાગનાં પાત્રો પાસેથી અનિચ્છનીય વર્તન ઘણી વાર અનુભવવા મળ્યું છે ને? છતાં તે વખતે આપણે તેમને ધિક્કારીએ કે આપણા રાગને ધિક્કારીએ? આજે આપણે આપણા રાગનાં પાત્રો પાછળ રાગ કરીને મરીએ છીએ, પરંતુ તેમને આપણી પડી નથી ને? જેને આપણી પડી નથી તેની ખાતર આપણે આપણી જિંદગી બગાડી ને? આપણે લોકોને ધિક્કારીએ છીએ, માટે કેવળજ્ઞાન નથી મળતું, જો આપણે આપણા રાગને ધિક્કાર્યો હોત તો કેવળજ્ઞાન પામી ગયા હોત. આપણે કદાચ આપણા રાગને ધિક્કારીએ તોપણ મોઢાથી ધિક્કારીએ છીએ, હૈયાથી નથી ધિક્કારતા. જો રાગને હૈયાથી ધિક્કારીએ તો આપણે અહીં ન હોઇએ. આપણા રાગની ખાતર આપણે એ લોકોને મનાવવા માટે આપણી જિંદગી પૂરી કરી એના બદલે આપણે પોતે ભગવાનનું માની લીધું હોત તો આ સંસારથી બહાર નીકળી ગયા હોત. બે પ્રકારનાં ફળમાં સૌથી પહેલાં અનંતર ફળ બતાવે છે.

**तत्रानन्तरफलमुपप्लवह्रास इति ।।३।। (४४६)**

અનંતર ફળ એટલે વચ્ચે કોઇ પણ વ્યવધાન કે અવરોધ ન આવે એ રીતે જે ફળ મળે તે. ધર્મનું સાક્ષાત્ ફળ રાગાદિ ઉપપ્લવનો હ્રાસ છે. રાગ, દ્વેષ અને મોહની માત્રા ઘટવા માંડે એ ધર્મનું અનંતર ફળ છે. આપણે ધર્મ કરીએ છીએ એના કારણે આપણા રાગાદિ ઘટ્યા કે વધ્યા? રાગ, દ્વેષ અને મોહની જે ઉદ્રિક્ત-ઉદ્રેકવાળી અવસ્થા છે તેનો હ્રાસ થાય એ જ ધર્મનું ફળ છે. આપણને ઘરના લોકો ઉપર રાગ છે કે ઘટવા માંડ્યો છે?

સ. રાગ ઘટવા માંડ્યો છે - એવું લાગે છે.

કેમ? જોઈએ છે તે મળતું નથી માટે કે જોઇતું નથી માટે? મળતું નથી માટે બેઠા હોઇએ તો રાગ ઓછો થયો છે - એમ માનવાની જરૂર નથી. એ જ રીતે તમે ઘરના લોકો ઉપર ગુસ્સો નથી કરતા તે એ લોકો માનતા નથી માટે નથી કરતા કે ગુસ્સો કરવાજેવો નથી માટે નથી કરતા? જો ગુસ્સો ખરાબ ન લાગ્યો હોય તો ગુસ્સો ન કરવા છતાં તેનો હ્રાસ થયો નથી-એમ સમજવું. એ જ રીતે સમજણ મળ્યા પછી વિધિનું પાલન વધવાને બદલે ધિઠ્ઠાઇ જ વધતી હોય તો સમજી લેવું કે જ્ઞાન મળવા છતાં પણ મોહનો હ્રાસ થયો નથી. આજે આપણને ઘરના લોકો ઉપર જે રાગ છે તે પણ સાચો નથી, બનાવટી છે. કારણ કે આપણને લોકો ઉપર રાગ નથી, આપણા પોતાના વિષયસુખ ઉપર રાગ છે, વિષયજન્ય સુખ ઉપર રાગ છે. માટે તેના સાધનરૂપ તે પાત્રો ઉપર રાગ છે. જે પાત્રો આપણા સુખનું કારણ ન બને તે પાત્રોને તરછોડતાં પણ વાર નથી લાગતી ને? માટે રાગ બનાવટી છે. આપણને કોઇ વ્યક્તિ ઉપર રાગ નથી, આપણા સુખ ઉપર જ રાગ છે. પહેલાં કરતાં રાગ ઘટ્યો હોય એવું કદાચ લાગતું પણ હોય તોય તે વ્યક્તિ ઉપરનો રાગ ઘટ્યો હશે, બાકી સુખ ઉપરનો રાગ જ્યારે ઘટે ત્યારે સમજવું કે આપણે ધર્મ પામ્યા. રાગાદિ દોષોનો હ્રાસ થાય-એ ધર્મનું ફળ છે અને ધર્મ પણ એ માટે જ કરવો છે. આ રીતે ધર્મના કારણે દોષના નાશ સાથે ગુણોની પ્રાપ્તિ થાય છે - એ જણાવે છે :

**तथा–भावैश्वर्यवृद्धिरिति ।।४।। (४४७)**

**तथा – जनप्रियत्वमिति ।।५।। (४४८)**

ધર્મના કારણે ઔદાર્યાદિ ભાવ ઐશ્વર્યની વૃદ્ધિ થાય છે. ધર્માત્માને સુખ ઉપર

રાગ ઓછો થવાથી તેનામાં કુદરતી રીતે ઉદારતા પ્રગટે છે. સુખ અને સુખના સાધન ઉપરનો રાગ ઘટવાથી ઔદાર્ય પ્રગટે છે અને શરીર ઉપરનો રાગ ઘટવાથી દાક્ષિણ્ય આવે છે. કારણ કે બીજાને અનુકૂળ બનવા માટે આપણી જાત ઘસવી પડે. તેથી શરીર ઉપરનું મમત્વ ઘટ્યા વિના દાક્ષિણ્ય ન આવે. આ રીતે ઔદાર્ય, દાક્ષિણ્ય, પાપની જાુગુપ્સા, નિર્મળ બોધ અને યુક્ત એવું જનપ્રિયત્વઃ આ ધર્મસિદ્ધિનાં લિંગો આત્મામાં પ્રગટે-એ ધર્મનું અનંતર ફળ છે.

સ. યુક્ત જનપ્રિયત્વ શા માટે કહ્યું?

અયુક્ત પણ જનપ્રિયત્વ હોય છે તેના વ્યવચ્છેદ માટે યુક્ત જનપ્રિયત્વ કહ્યું. રાજનેતાઓ કે અભિનેતાઓ લોકોના કામ કરીને, પાપ કરીને પ્રિય બનેલા હોય- તે ધર્મસિદ્ધિનું લિંગ નથી - તે જણાવવા 'યુક્ત' પદ ષોડશકાદિમાં જણાવ્યું છે. લોકોના કામ કરીને પ્રિય નથી થવું, પાપ છોડીને પ્રિય થવું છે. જે ભગવાનની આજ્ઞા મુજબ પાપનો ત્યાગ કરે તે લોકને પ્રિય થઇ પડે-એ સ્વાભાવિક છે. અમારે ત્યાં પણ અમારું બધું ચલાવી લે - એવા ગુરુ ગમે પણ અમારી ભૂલો બતાવીને યોગ્ય માર્ગે ચલાવે એવા ગુરુ ન ગમે તો એ જનપ્રિયત્વ યુક્ત નથી એમ માનવું પડે. આ રીતે અનંતર ફળ બતાવ્યા બાદ પરંપર ફળ જણાવે છે-

**परम्परफलं तु सुगतिजन्मोत्तमस्थानपरम्परानिर्वाणावाप्तिरिति ।।६।। (४४९)**

સુગતિમાં જન્મ, ઉત્તમસ્થાનની પ્રાપ્તિ અને એની પરંપરાથી મોક્ષની પ્રાપ્તિ થાય- એ ધર્મનું પરંપર ફળ છે. ધર્મ કરનારા જીવો દેવલોકમાં કે નરકગતિમાં પણ હોય છે. કારણ કે સમ્યગ્દર્શન સ્વરૂપ ધર્મને આરાધવાનું કામ તેઓ પણ કરે છે. છતાં અહીં ચારિત્રધર્મની પ્રધાનતાએ જ ફળનું વર્ણન કર્યું છે. કારણ કે ધર્મ ચારિત્રમાં છે. એ સિવાયનો ધર્મ ધર્માધર્મ સ્વરૂપ છે. ચારિત્રધર્મના અધિકારી મનુષ્યો જ છે. તેથી મનુષ્યોની અપેક્ષાએ ધર્મના પરંપર ફળ તરીકે દેવલોક બતાવ્યો. ચારિત્રધર્મનું મુખ્ય ફળ મોક્ષ જ છે. પરંતુ દરેક ધર્માત્માને એક જ વારની ધર્મની આરાધનાથી મોક્ષની પ્રાપ્તિ થઇ જતી નથી. ધર્મની આરાધનાથી તરત મોક્ષમાં જનાર આત્માઓની સંખ્યા ઘણી અલ્પ છે. મોટા ભાગના જીવો દેવલોકની પરંપરાએ મોક્ષમાં જાય છે, માટે જ અહીં પરંપર ફળ તરીકે પહેલાં મોક્ષને ન જણાવતાં વિશિષ્ટ દેવલોકને જણાવ્યો છે:

**सुगतिर्विशिष्टदेवस्थानमिति ।।७।। (४५०)**

સૌધર્માદિ દેવલોક એ સુગતિ છે. એવી સુગતિની પ્રાપ્તિ આ ચારિત્રધરને થાય છે. ચારે ગતિના જીવો ધર્મ કરતા હોવા છતાં મનુષ્યોની અપેક્ષાએ આ ફળ બતાવ્યું છે.

સ. નરકના કે તિર્યંચના જીવો કયો ધર્મ કરે?

ચોથું અને પાંચમું ગુણઠાણું અનુક્રમે નરકમાં અને તિર્યંચગતિમાં પણ હોય છે. નરકમાં સમકિતી આત્માઓ હોય તેઓ ધર્મ કરી જ રહ્યા છે.

સ. શ્રેણિક મહારાજા અત્યારે નરકમાં કયો ધર્મ કરે છે?

દુ:ખ સમતાથી ભોગવે છે - આ જ તેમનો ધર્મ છે. આજે આપણે સુખ ભોગવવા છતાં આર્ત્તધ્યાનમાં જીવીએ છીએ, તેમને દુ:ખ ભોગવતાં પણ આર્ત્તધ્યાન થતું નથી. સમકિતીને આર્ત્તધ્યાન ન થાય. આપણને છોકરો આપણું કહ્યું ન માને તોય આર્ત્તધ્યાન થાય છે. એમને સગો દીકરો રોજ સો ફટકા મારે અને ખાવા ન આપે તોપણ આર્ત્તધ્યાન થતું ન હતું. આજે તમને તો તમારા છોકરાઓ ખાવાના વારા ગોઠવી આપે તોય આર્ત્તધ્યાન થાય ને? જો દુ:ખ વેઠવાનો અધ્યવસાય ન હોય તો સમજવું કે આપણું સમ્યક્ત્વ ગયું લાગે છે. સમકિતીને પાપ કરવાનું મન ન થાય અને દુ:ખ આવે તો તે અકળાય નહિ.

સ. શ્રેણિક મહારાજાને સાઇઠમા વર્ષે પરણવાનું મન કેમ થયું?

ચારિત્રમોહનીયના ઉદયથી થયેલું. ઇચ્છા ચારિત્રમોહનીયના ઉદયથી થાય છે. અને ઇચ્છા સારી લાગે મિથ્યાત્વમોહનીયના ઉદયના કારણે. શ્રેણિક મહારાજાને ઇચ્છા થવા છતાં એ ઇચ્છા તેમને ખરાબ લાગતી હતી. સમકિતીને પાપના સંયોગો હોવાથી પાપ કરે પણ સમકિતીને પાપ કરવાનું મન નથી હોતું. આપણી સ્થિતિ એવી છે કે પાપ કરવાના સંયોગો ન હોવા છતાં પાપ કરવાનું મન જતું નથી ને? તંદુલિયો મત્સ્ય પાપ કરવાના સંયોગો ન હોવા છતાં પાપ કરવાના મનના કારણે નરકમાં જાય છે. ઇચ્છાનું પાપ ભયંકર છે, ઇચ્છાને દૂર કરવા માટે પ્રયત્ન કરવો જ પડશે, એ માટે એટલું વિચારવું છે કે - જો ઇચ્છા મુજબ ભોગવવા મળતું ન હોય તો ઇચ્છા કરીને પાપ શા માટે બાંધું? એ જ રીતે એ પણ વિચારવું કે સાધુપણાની ઇચ્છા કરવા માત્રથી પણ નિર્જરા થતી હોય તો સાધુપણું ભલે ન લેવાય પરંતુ સાધુપણાની ઇચ્છા કરવામાં વાંધો શું છે? તમને ચારિત્ર ગમે છે કે સંસાર ગમે છે? શરીરથી

સહન થાય કે ન થાય, મનથી સહન કરવા તૈયાર થવું છે, દુઃખ વેઠવાનો અધ્યવસાય કેળવી લઇએ તો ક્યાંય દુઃખી નહિ થઇએ.

સામાન્યથી દેવલોકે જવાનું કામ તો અકામનિર્જરાથી તિર્યંચો પણ કરે છે જ્યારે ચારિત્રધર્મના ફળરૂપે જે દેવલોક મળે છે તે વિશિષ્ટ કોટિનો છે. આ વિશિષ્ટતા જણાવવા માટે આગળનું સૂત્ર છે, જેમાં અઢાર પ્રકારની વિશેષતા જણાવી છે :

**१. तत्रोत्तमा रूपसम्पत्, २. सत्स्थितिप्रभावसुखद्युतिलेश्यायोग:, ३. विशुद्धेन्द्रियावधित्वं, ४. प्रकृष्टानि भोगसाधनानि, ५. दिव्यो विमाननिवह:, ६. मनोहराण्युद्यानानि, ७. रम्या जलाशया:, ८. कान्ता अप्सरस:, ९. अतिनिपुणा: किङ्करा:, १० प्रगल्भो नाट्यविधि:, ११. चतुरोदारा भोगा:, १२. सदा चित्ताह्लाद:, १३. अनेकसुखहेतुत्वं, १४. कुशलानुबन्ध:, १५. महाकल्याणपूजाकरणं, १६. तीर्थङ्करसेवा, १७. सद्धर्मश्रुतौ रति:, १८ सदा सुखित्वमिति ।।८।। (४५१)**

જેઓને ચારિત્રધર્મની આરાધના અધૂરી રહેવાથી દેવલોકની પ્રાપ્તિ થાય તેમને તે દેવલોકમાં દરેક પ્રકારે ચઢિયાતી અવસ્થા મળે છે. તેમનું રૂપ ઉત્તમ કોટિનું હોય, તેમની સ્થિતિ, પ્રભાવ, સુખ, દ્યુતિ, લેશ્યા સુંદર કોટિના હોય છે. ઇન્દ્રિયો અને અવધિજ્ઞાન વિશુદ્ધ હોય છે, વિષયભોગનાં સાધનો પ્રકર્ષવાળાં હોય છે, તેમનાં વિમાનો તેજસ્વી હોય છે, ઉદ્યાનો મનોહર હોય છે, વાવડીઓ રમવાનું મન થાય એવી હોય છે, કાન્તિવાળી અપ્સરાઓ હોય, નોકરવર્ગ અતિનિપુણ હોય છે; નાટકો પણ તેમનાં રાગવર્ધક નથી હોતાં, પ્રૌઢ-વૈરાગ્યવર્ધક હોય છે, ઉત્તમ ભોગો હોય છે, કાયમ માટે ચિત્ત પ્રસન્ન હોય, બીજા દેવાદિના પણ સુખનું કારણ તેઓ બને છે, તેમનાં સર્વ કાર્યો શુભ અનુબંધવાળાં હોય છે, ભગવાનના કલ્યાણક મહોત્સવમાં પૂજા કરવાનું તેમ જ સાક્ષાત્ તીર્થંકરની સેવા કરવાનું સદ્ભાગ્ય તેમને મળે છે; શ્રુતધર્મ તથા ચારિત્રધર્મના શ્રવણમાં તેમને અત્યંત રતિ થાય છે અને તેઓ સદા સુખી હોય છે.

સ. આવું સાંભળીને દેવલોકનું આકર્ષણ થાય ને?

જે સંસારને અનંતદુઃખરૂપ માને તેને દેવલોકનાં સુખો સાંભળીને આકર્ષણ ક્યાંથી થાય? ભગવાન ઇન્દ્રાદિ દેવતા અને મહર્ધિક રાજાઓની પર્ષદામાં પણ સંસારને અનંત દુઃખરૂપ વર્ણવે તો એ ક્યો સંસાર દુઃખરૂપ હોય? સંસારનું સુખ પણ

દુઃખરૂપ છે-એમ જણાવવા માટે તો દેશના આપવાની છે. જેને સંસારનું સુખ દુઃખરૂપ અને સંયમનું દુઃખ સુખરૂપ લાગે તે જ મોક્ષે જઇ શકે. જેને દેવલોકની ઇચ્છા જાગે તેને આવો વિશિષ્ટ સંપત્તિવાળો દેવલોક ન મળે. માંગીને જે મેળવ્યું હોય તે શાંતિથી ભોગવાય નહિ. નવમા ગ્રૈવેયક સુધીનાં સુખો માંગીને મેળવી શકાય. પરંતુ અનુત્તરનાં સુખો તો નિરતિચારપણે ભાવસાધુપણાના પાલનથી જ મળે.

સ. અભવ્યો દ્રવ્યચારિત્રથી નવમા ગ્રૈવેયકમાં જાય તેની કિંમત નહિ ને?

અભવ્ય દેવલોકની ઇચ્છાથી પણ દ્રવ્યચારિત્ર તો પાળે છે ને? તમને પણ દેવલોક તો જોઇએ છે, છતાં સાધુ નથી થવું ને? અભવ્યોને પણ સારા કહેવા પડે એવું આપણું ભવ્યત્વ છે ને? અભવ્ય તો ચારિત્રમાં અતિચાર પણ સેવતો નથી. અભવ્યને શ્રદ્ધા છે કે નિરતિચાર ચારિત્રથી જ નવમા ગ્રૈવેયકમાં જવાશે. આપણને એટલી પણ શ્રદ્ધા નથી ને? આથી જ સંસારમાં બેઠા છીએ ને?

ધર્મ કરનારની ઇચ્છા મોક્ષે જવાની જ હોય. દુઃખ ભોગવીને પણ મોક્ષ મળતો હોય તો જોઇએ છે-આવા ઇરાદાથી ધર્મ કરનાર મહાત્માઓનો પણ પુરુષાર્થ કોઇવાર ઓછો પડે અથવા રાગાદિથી વાસિત થાય તો તેમને મોક્ષના બદલે દેવલોકની પ્રાપ્તિ થાય છે. પરન્તુ એ દેવલોકમાં પ્રભાવ, દ્યુતિ, વિમાન, અપ્સરા, વાવડી વગેરે બધું જ વિશિષ્ટ કોટિનું હોય છે. ધર્મથી દેવલોક મળે છે, પરંતુ દેવલોક મેળવવા માટે ધર્મ કરવાનું કોઇ શાસ્ત્રકારોએ કહ્યું નથી. ભગવાનની આજ્ઞા જે પાળે તેને મોક્ષ મળે અને સાધના અધૂરી રહેવાથી મોક્ષ ન મળે તોપણ દેવલોક મળે તો તે આવો મળે. ભગવાનની આજ્ઞાને જે માને તે સમ્યગ્દર્શનાદિ પામે. જો સમ્યગ્દર્શનની હાજરીમાં આયુષ્ય બાંધે તો દેવલોકનું બાંધે. ગોશાળાએ ભયંકર પાપ આચર્યું હોવા છતાં ય આયુષ્ય બંધાયું ન હતું તો છેલ્લે સમ્યગ્દર્શન પામી ગયા અને એની હાજરીમાં બારમા દેવલોકનું આયુષ્ય બાંધ્યું. અંતિમ ઘડીએ પણ પોતાની નિંદા એવી કરી કે તેથી સમ્યક્ત્વ પામી ગયા. ભગવાન ઉપર તેજોલેશ્યા મૂકનાર પણ ભગવાનનું સમ્યગ્દર્શન પામી ગયા. આપણે ભગવાનની પૂજા કરવા છતાં ય સમ્યક્ત્વ પામી શકતા નથી ને?

સ. એનું રહસ્ય શું?

એનું રહસ્ય એક જ છે કે તેમની આત્મનિંદા વાસ્તવિક હતી જ્યારે આપણી પૂજા પણ બનાવટી છે. આપણને ધર્મ કરતાં પણ પાપ વધારે ગમે છે ને? તપ કરવો

ગમે કે પારણું કરવું ગમે? પૈસો આપવો ગમે કે લેવો ગમે? પાપ જ્યાં સુધી ગમે ત્યાં સુધી સમ્યગ્દર્શન ન મળે. આપણે વિશિષ્ટ દેવલોકનું વર્ણન થોડું વિસ્તારથી વિચારી લઇએ. કારણ કે ધર્મથી જે દેવલોકનાં સુખો મળે તે તુચ્છ કોટિનાં નથી હોતાં : તે સમજાવવું છે.

અહીં જણાવે છે કે એ દેવલોકમાં રૂપની સંપત્તિ ઉત્તમ હોય છે. રૂપ એટલે શરીરનું સંસ્થાન, આકૃતિ. આંખો, નાક, મુખ વગેરેનો આકાર ઘાટીલો હોય તેને રૂપ કહેવાય. ત્યાર બાદ સુંદર સ્થિતિ મળે છે. પલ્યોપમ કે સાગરોપમની સ્થિતિ મળે. સારામાં સારું મળ્યા પછી પણ આયુષ્ય અલ્પ હોય તો તેનો અર્થ નહિ. બીજાનો અનુગ્રહ કે નિગ્રહ કરવાના સામર્થ્ય સ્વરૂપ પ્રભાવ પણ તેમનો સુંદર હોય છે. તેની સાથે ચિત્તની સમાધિ સ્વરૂપ સુખ પણ સુંદર હોય છે. સુખ ગમે તેટલું મળે પણ જો ભોગવતી વખતે મન ઊંચું રહે તો સ્વાદ ન આવે ને? જ્યારે આ દેવોને ચિત્તમાં અસમાધિ થવાનું કોઇ નિમિત્ત ન હોવાથી તેમને ચિત્તની સમાધિ સ્વરૂપ સુખ ઉત્તમકોટિનું હોય છે. ત્યાર બાદ જણાવે છે કે શરીર અને અલંકાર વગેરેની પ્રભા સ્વરૂપ દ્યુતિ પણ સુંદર હોય છે. તેમ જ તેમની તેજોલેશ્યા વગેરે લેશ્યાઓ પણ સુંદરકોટિની હોય છે. લેશ્યા શુભ હોવાથી અશુભ પરિણામ પ્રાયઃ આવતા નથી. દ્રવ્ય લેશ્યા સારી હોય તો તેને અશુભ પરિણામ આવવાની સંભાવના ઓછી છે. સાધન જેમ સારું મળે તેમ કાર્ય પણ સારું થાય. આપણા ભાવ ખરાબ હોય પરંતુ જો સાધન ઉચ્ચ કોટિનું હોય તો અશુભ વિચાર ન આવે. બાકી અપવાદ તો દરેક ઠેકાણે હોય. દેવતાઓને કે નારકીઓને જે લેશ્યા બતાવી છે તે દ્રવ્યલેશ્યા બતાવી છે. દેવલોકમાં કુદરતી રીતે શુભ લેશ્યા હોય છે. તેમાં પણ ઉત્તમ લેશ્યા મળે. તેમની ઇન્દ્રિયો નિર્મળ હોય, વિકલતા વગરની અને સ્પષ્ટપણે વિષયને ગ્રહણ કરનારી હોય અને અવધિજ્ઞાન પણ નિર્મળ હોય. ભોગનાં સાધનોમાં પ્રકર્ષ હોય. તેમનાં વિમાન પણ એવાં હોય કે જે પોતાની પ્રભાના કારણે જ્યોતિષ્ચક્રને પણ ઝાંખું પાડે. સૂર્ય, ચંદ્રનાં વિમાનો પણ જો આટલાં તેજસ્વી હોય તો વૈમાનિક દેવોનાં વિમાન તેનાથી તેજસ્વી હોય ને? તેમનાં ઉદ્યાન મનને હરે એવા અશોક, ચંપા, પુન્નાગ વગેરેના વૃક્ષોવાળાં હોય. જલાશયો રમવાનું મન થાય એવા હોય, કાન્તિથી યુક્ત અપ્સરાઓ હોય. તેમના નોકરો પણ એવા હોય કે જેઓ પરિશુદ્ધ એવા વિનયવિધિને આચરનારા હોય. પડતો બોલ ઝીલે એવા નિપુણ નોકરો ધર્મના પ્રભાવથી મળે છે. તેમનાં નાટકો પણ તીર્થંકરો કે ગણધરાદિ મહાત્માઓના ચરિત્રના પ્રસંગોનો અભિનય જેમાં હોય તેવા

સંવેગ અને નિર્વેદને પેદા કરાવે એવાં હોય.

સ. મહાપુરુષોનાં નાટક ભજવાય? અષાઢાભૂતિએ ભરતમહારાજાનું ભજવ્યું ને?

મહાપુરુષોનાં નાટક તમારે ભજવવા ન બેસવું. કારણ કે તમારી પાસે વિવેક નથી. અષાઢાભૂતિ મહાત્માનું તો તમે નામ જ ન લેશો. એ મહાત્માને તો દીક્ષા લેવી હતી તેથી અંતે ભરતમહારાજાનું નાટક ભજવ્યું. તમારે તો દીક્ષા લેવી નથી માટે નાટક કરવા છે - એની રજા ન અપાય. ધર્માત્માને જે દેવલોક મળે તેમાં શબ્દાદિ ભોગો ચિત્ત અને ઇન્દ્રિયને ખેંચનારા અને ઉત્તમ કોટિના હોય. સદા માટે તેમના મનની પ્રસન્નતા ટકી રહી હોય. તેમના ભોગો બીજાના દુઃખનું કારણ ન બને ઉપરથી તેમની સાથે રહેનારા અનેક દેવદેવીને ઔચિત્યાદિના કારણે સંતોષનું કારણ બને એવા હોય. સર્વ કાર્યોમાં પરિણામે સુંદર એવો કુશલ અનુબંધ હોય. તેમ જ તેમને તીર્થંકર ભગવંતનાં કલ્યાણકો પ્રસંગે તેમ જ કોઇ વિશિષ્ટ મહાત્માને કેવળજ્ઞાનાદિની પ્રાપ્તિ પ્રસંગે સ્નાત્રપૂજા વગેરે કરવા માટે તે દેવો જાય તેમજ જેમણે પોતાના પ્રભાવથી ત્રણે જગતના જીવોનું મન આકર્ષી લીધું છે અને અમૃતના મેઘના સારજેવી દેશનાવિધિ દ્વારા ભવ્ય જીવોના મનના સંતાપને જેણે હરી લીધો છે એવા પુરુષરત્ન સ્વરૂપ તીર્થંકરપરમાત્માને વંદન, નમનાદિ દ્વારા પૂજા કરવાનું સદ્‌ભાગ્ય તે દેવોને મળે છે. પારમાર્થિક એવા શ્રુત અને ચારિત્રધર્મના શ્રવણમાં આ દેવોને ગાંધર્વોએ આરંભેલા પંચમ સ્વરના ગીતશ્રવણમાં જે રતિ હોય તેના કરતાં પણ અધિક સંતોષનો અનુભવ થાય છે. કાયમ માટે બાહ્ય શયન-આસન-વસ્ત્ર-અલંકારાદિથી જનિત એવા શરીરસુખનો અનુભવ થાય છે. આ રીતે દેવલોકમાં વિશિષ્ટ સંપત્તિની પ્રાપ્તિ થયા બાદ દેવલોકમાંથી ચ્યવ્યા પછી પણ ઉત્તમસ્થાનમાં જન્મ મળે છે. એ આગળના સૂત્રથી જણાવે છે:

**तथा-तच्च्युतावपि विशिष्टे देशे विशिष्ट एव काले स्फीते महाकुले निष्कलङ्केऽन्वयेन उदग्रे सदाचारेण आख्यायिकापुरुषयुक्ते अनेकमनोरथापूरकमत्यन्तनिरवद्यं जन्मेति ।।९।। (४५२)**

દેવલોકમાંથી ચ્યવ્યા પછી મનુષ્યગતિમાં કેવા પ્રકારની અવસ્થા મળે છે તે અહીં જણાવે છે. આપણે મનુષ્ય છીએ પરંતુ આપણને મનુષ્યપણું ગમે છે - એવું કહી શકાય ખરું? આપણને મનુષ્ય થયાનો આનંદ છે કે દેવ ન થયા એનું દુઃખ છે? શાસ્ત્રકારોએ દેવભવ કરતાં પણ મનુષ્યભવનાં વખાણ કર્યાં છે. કારણ કે દેવલોકમાં ભલે સુખનો પાર નથી પરંતુ ત્યાં મોક્ષ નથી મળતો જ્યારે મનુષ્યજન્મમાં

સુખ ભલે તુચ્છ હોય, પણ મોક્ષ મળી શકે- એવું છે. માટે જ મનુષ્યજન્મ ચઢિયાતો છે. જેઓ ચારિત્રધર્મનું પાલન કરીને દેવલોકમાં ગયા હોય તેઓને દેવલોકમાંથી ચ્યવીને વિશિષ્ટ દેશમાં એટલે આર્યદેશમાં, વિશિષ્ટ કાળમાં એટલે કે ચોથા આરામાં જન્મ મળે. તે પણ અનુકૂળ પરિવારથી યુક્ત ઇક્ષ્વાકુ વગેરે ઉત્તમ અને અસદાચાર વડે જેને કલંક નથી લાગ્યું તેવા નિષ્કલંક કુળમાં જન્મ મળે છે. જે બાપદાદાની પરંપરામાં જન્મ થાય તે બાપદાદાઓ પણ પોતાના સદાચારથી પ્રસિદ્ધ થયા હોય. તે જ રીતે સ્વજનપરિજન આદિના મનોરથો પૂરા કરી શકીએ એવો જન્મ શુભ લગ્નવેળાએ થાય છે. તે જન્મમાં પણ..

**सुन्दरं रूपमालयो लक्षणानां रहितमामयेन युक्तं प्रज्ञया सङ्गतं कलाकलापेन ।।१०।। (४५३)**

સુંદર રૂપ મળે. વજ્ર, ચક્ર, સ્વસ્તિક વગેરે લક્ષણોથી યુક્ત અને રોગથી રહિત એવું શરીર મળે. પ્રજ્ઞા સારામાં સારી મળે અને અનેક પ્રકારની કળાઓમાં પ્રવીણતા પ્રાપ્ત થાય એવો જન્મ મળે. આ રીતે બાહ્યથી અનુકૂળ સામગ્રી મળવા સાથે અભ્યંતર વૈભવ પણ કેવો પ્રાપ્ત થાય છે તે જણાવે છે :

**तथा – १. गुणपक्षपातः, २. असदाचारभीरुता, ३. कल्याणमित्रयोगः, ४. सत्कथाश्रवणं, ५. मार्गानुगो बोधः, ६. सर्वोचितप्राप्तिः हिताय सत्त्वसङ्घातस्य, परितोषकरी गुरूणां, संवर्द्धनी गुणान्तरस्य, निदर्शनं जनानां, ७. अत्युदार आशयः, ८. असाधारणा विषयाः, रहिताः सङ्क्लेशेन, अपरोपतापिनः, अमङ्गुलावसाना इति ।।११।। (४५४)**

ધર્મની આરાધના જેઓ પૂર્વભવમાં કરીને આવ્યા હોય તેઓને આ મનુષ્યભવમાં આવ્યા પછી ગુણનો પક્ષપાત પ્રાપ્ત થાય છે. શિષ્ટ પુરુષોએ જે આચરેલા હોય એવા ધીરતા, સ્થિરતા વગેરે ગુણોનો પક્ષપાત કુદરતી રીતે આવે છે. સુખ ભોગવવાનો અધ્યવસાય એ દોષરૂપ છે અને સુખ છોડવાનો અધ્યવસાય એ ગુણ છે. આપણે સુખ છોડી ન શકીએ તોપણ સુખ છોડવાનો વિચાર કરવો તે ગુણ છે. આપણે ભોગી ભલે હોઇએ પણ યોગી બનવાનું લક્ષ્ય રાખવું તેનું નામ ગુણ. આવા ગુણનો પક્ષપાત રાખવો. અસદાચારની ભીરુતા તેમને હોય છે. ખરાબ આચારનો ડર હોય તેથી તેને સેવે નહિ. સાત પ્રકારનાં વ્યસન અને પાંચ પ્રકારના પ્રમાદ એ અસદાચાર છે. આ અસદાચારનું અનાસેવન ન લખતાં અસદાચારનો ભય બતાવ્યો, તેનું કારણ એ છે

કે લોકમાં સારા દેખાવા માટે જાહેરમાં પાપ ન કરે, તેઓને પાપનો ડર છે-એવું ન માનવું. જેને અસદાચારનો ભય હોય તે તો એકાન્તમાં પણ પાપ ન કરે.

સ. જાહેરમાં પાપ ન કરે તે લોકાપવાદભીરુતા નામનો ગુણ નહિ?

લોકાપવાદભીરુતા ગુણ છે, લોકભીરુતા એ ગુણ નથી. લોકોથી ડરવું નથી, લોકમાં અપવાદ જેનાથી થાય તેવા અસદાચારથી ડરવાનું છે. લોકાપવાદભીરુતાનો અર્થ એ જ છે કે લોકમાં અપવાદ થાય તેવું પાપ જાહેરમાં કે એકાન્તમાં ન કરવું. એકાન્તમાં પાપ કરવું એ લોકાપવાદભીરુતા નથી. સાપ આવે તો ડર લાગે તો લોકોની વચ્ચે લાગે કે એકાંતમાં પણ લાગે? સાપની જેમ પાપથી ડરવું તેનું નામ અસદાચારભીરુતા. ત્યાર બાદ જણાવે છે કે-કલ્યાણમિત્રનો યોગ થાય છે. જે આપણને હિતકારી સલાહ આપે તેને કલ્યાણમિત્ર કહેવાય. આપણા મિત્રો કેવા હોય? કલ્યાણના કામી કે આપણા અકલ્યાણનું કારણ બને એવા? આપણા પરિચિતો કેવા હોય? અવિરતિના હિમાયતી કે વિરતિના હિમાયતી? શ્રી પંચસૂત્રમાં ગુરુભગવંતને કલ્યાણમિત્ર તરીકે જણાવ્યા છે. આપણને વડીલજન કેવા મળ્યા છે? હોંશે હોંશે પરણાવે અને રોતાં રોતાં દીક્ષા આપે એવા ને? કલ્યાણમિત્ર તેને કહેવાય કે જે કલ્યાણના માર્ગે વાળે. કલ્યાણના માર્ગે તે વાળી શકે કે જે કયારે પણ ખોટી સલાહ ન આપે. તમારા દુ:ખનાં રોદણાં તમે સાધુભગવંત પાસે રડો તો સાધુભગવંત એ દુ:ખોને દૂર કરવાનો ઉપાય ન બતાવે, દુ:ખને સહન કરવાનો ઉપાય બતાવે. કોઇ કહે કે મારા પૈસા ગયા તો તેને કહે કે રામચન્દ્રજીનું-હરિશ્ચંદ્રજીનું તો આખું રાજપાટ ગયું હતું, તારા તો ખાલી પૈસા જ ગયા છે ને? કોઇ બહેન ફરિયાદ લઇને આવે તો તેને કહે કે તને તો પતિએ છૂટાછેડા જ આપ્યા છે, જંગલમાં મોકલીને કાંડાં તો નથી કાપ્યાં ને? મહાપુરુષો કે મહાસતીઓને જે દુ:ખ આવ્યું છે તેની અપેક્ષાએ આપણું દુ:ખ તો કોઇ વિસાતમાં નથી-આવું સમજાવે તો દુ:ખ ઓછું થઇ જાય ને?

સ. અત્યારે તો અમારો પરસ્પર અહં ટકરાય છે એ જ દુ:ખ છે - એ કેવી રીતે ટાળવું?

અહં ટકરાતો હોય તો વિચારવું કે નિગોદમાં સોયના અગ્રભાગ ઉપર વીંધાયા તે વખતે આપણું માન ક્યાં ગયું હતું? નરક-નિગોદાદિમાં અનેક લોકોના અપમાન વેઠીને આપણે અહીં સુધી આવ્યા છીએ તો હવે અપમાન વેઠવામાં નાનપ શી?

સ. સ્વાભિમાન તો હોવું જોઇએ ને?

સ્વાભિમાન એટલે શું? સ્વ એટલે આત્મા. હું આત્મા છું, અનંતજ્ઞાનનો ધણી છું, મારાથી આમ અવિવેકથી ન વર્ત્તાય.. આવું અભિમાન કરવાની છૂટ. કોઇ અપમાન કરે તો આત્માનું કરે છે કે શરીરયુક્ત આત્માનું? આત્માનું તો કોઇ અપમાન કરતું જ નથી. કોઇ ગાંડો માણસ આપણને જેમતેમ બોલે તો આપણે મન ઉપર લઇએ ખરા? જે અપશબ્દો બોલે, જેમતેમ બોલે એ બધા અવિવેકી માણસો છે, ડાહ્યા માણસો નથી એમ સમજીને તેમના અપમાનથી દુ:ખી ન થવું.

ત્યાર બાદ સત્[૪]કથાનું શ્રવણ જણાવ્યું છે. આ જીવોને સદાચારી એવા ગૃહસ્થ અને યતિઓનાં ચરિત્રનું શ્રવણ કરવામાં આનંદ આવતો હોય છે. તેમનો બોધ માર્[૫]ગાનુસારી હોય છે. દેશનામાં જે કાંઇ સાંભળે તે વિધિમાર્ગ તેને તરત ગળે ઊતરી જાય. આવું તો ન ફાવે, શક્ય નથી... એવું ન લાગે. માર્ગમાં પાટિયું આપ્યું હોય તો તે જે દિશા બતાવે તે દિશામાં આનાકાની કર્યા વિના વળી જઇએ ને? તેમ આ જીવો કુદરતી રીતે મોક્ષમાર્ગે વળી જાય એવો તેમનો બોધ હોય. આ જીવોને [૬]સર્વોચિતની પ્રાપ્તિ થાય છે. તેમને જે કાંઇ દ્રવ્ય કે ભાવની પ્રાપ્તિ થાય તે સર્વ જીવોને હિતકારી હોય, વડિલજનોના પરિતોષ - સંતોષને કરનારી હોય છે, અન્યગુણોને સારી રીતે વધારનારી હોય છે અને લોકો માટે આદર્શભૂત તે બની રહે છે. આવા જીવો માતાપિતાદિ ગુરુજનની આજ્ઞાનું પાલન તેમને પ્રમોદ થાય તે રીતે કરે. બીજી વાર આજ્ઞા કરવાનું મન ન થાય- એ રીતે વેઠ ન ઉતારે. આ જીવોનો આ[૭]શય અત્યંત ઉદાર હોય છે. પોતાનું ગમે તેટલું પૌદ્ગલિક નુકસાન થાય તોપણ કોઇને કહે નહિ.

સ. દાન આપીએ તો આનંદ આવે, પણ નુકસાની થાય તો દુ:ખ થાય.

નુકસાનીમાં પણ દુ:ખ નથી ધરવું, કારણ કે જે જાય છે - તે આપણા નસીબનું નથી - એમ સમજીને મન સ્વસ્થ કરી લેવું. આપણું છે તે ક્યાંય જવાનું નથી અને આપણું જે નથી તે આપણને મળવાનું નથી અને કદાચ મળ્યું હશે તો ટકવાનું નથી, એમ સમજી લઇએ તો દુ:ખ ન થાય.

આવા જીવોને જે શબ્દાદિ વિ[૮]ષયોની પ્રાપ્તિ થાય છે- એ વિષયો પણ અન્ય જીવો કરતા ચઢિયાતા હોય છે. તેમાં તેમને અત્યંત આસક્તિસ્વરૂપ સંક્લેશ પણ હોતો નથી. તેમના એ વિષયોના ભોગવટામાં તેમને કોઇ ઉપરોધ નથી કરતું. કારણ કે તેમના એ વિષયો બીજાના પરિતાપનું કારણ બનતા નથી. તે જ રીતે જેમ પથ્ય અન્ન વાપરવાથી તે નડતું નથી ઉપરથી ગુણકારી થાય છે, તેમ આ વિષયો ભોગવ્યા

બાદ તેવા પ્રકારના નુકસાનને કરનારા હોતા નથી, તેથી પરિણામે સુંદર વિષયોની પ્રાપ્તિ આ જીવોને ધર્મના પ્રભાવથી થાય છે.

**तथा – काले धर्मप्रतिपत्तिरिति ।।१२।। (४५५)**

જેઓ ભૂતકાળમાં ધર્મ કરીને આવ્યા હોય તેઓને દેવલોકમાંથી ચ્યવ્યા બાદ મનુષ્યજન્મમાં ધર્મની પ્રાપ્તિ સહેલાઇથી થાય છે. એટલું જ નહિ, યોગ્ય કાળે તેઓ ધર્મનો સ્વીકાર કરે છે. જેઓ ધર્મ ન પામ્યા હોય તેઓને ધર્મ પામવા માટે નવેસરથી મહેનત કરવી પડે છે. જેઓ ધર્મ પામ્યા હોય તેઓ ધર્મ વધારવા માટે મહેનત કરે ને? ધંધો સારામાં સારો ચાલતો હોય છતાં વધારવાનું મન થાય ને? આજે સાધુપણામાં આવી ગયેલાને પણ વેષમાં ટકવાનું મન છે કે સારામાં સારું સાધુપણું પાળી કેવળજ્ઞાન પામવાનું લક્ષ્ય છે? સાધુપણામાં આવેલાને અવિરતિમાં જવાનું મન થાય તોપણ તે વિરતિમાં ટકવા પ્રયત્ન કરે ને ? આ પ્રયત્ન વેષમાં ટકવાનો છે કે સાધુપણામાં ટકવાનો?

સ. સાધુને અવિરતિમાં આવવાનું મન થાય ?

થાય. ઘણા મહાપુરુષોને પણ એવું મન થયેલું ને? મેઘકુમારને થયેલું, અરણિક મુનિને થયેલું, આર્દ્રકુમારને થયેલું, નંદીષેણ મુનિને થયેલું, અમે કાંઇ એ મહાપુરુષો કરતાં ચઢિયાતા નથી. દીક્ષા લેનારને આવો અવિરતિનો પરિણામ આવવાની સંભાવના છે – એમ સમજીને જ અમને રોજની સત્તર ગાથામાં પણ અધૃતિ ટાળવાનું જણાવ્યું છે. સાધુપણામાં પંદર કલાકનો સ્વાધ્યાય આ જ આશયથી આપ્યો છે કે જેથી અવિરતિની ઉપાદેયતા સાધુને હલાવી ન જાય. સજ્ઝાયસમો નત્થિ મંતો. મોહના વિષને નીચોવવા માટે સ્વાધ્યાયજેવો કોઇ મંત્ર નથી. મન ગમે તેટલું ઢીલું પડ્યું હોય તોપણ પગ મજબૂત રાખીએ, ખસીએ નહિ તો ટકી જઇએ. સાધુ ભગવંતો અવિરતિ તરફ ઢસડાઇ ન જાય માટે સ્વાધ્યાય કરવાનું ફરમાવ્યું છે. આપણી વાત એ છે કે ગયા જન્મમાં ધર્મ સ્વીકાર્યો તેનું ફળ એ મળે છે કે બીજા ભવમાં યોગ્ય કાળે ચારિત્રધર્મની પ્રાપ્તિ થાય છે.

સ. ઘણા લોકોને ધર્મ કરવાનું મન ન થાય પણ સુખ તેઓ ચરમસીમાનું જો ભોગવતા હોય તો તેમણે ધર્મ કર્યો હશે ને?

તેમણે ગયા ભવમાં ધર્મ કરેલો પણ તે ઔદયિકભાવનો ધર્મ કરેલો, તેનાથી

અશુભ અધ્યવસાયના કારણે પાપાનુબંધી પુણ્ય બાંધેલું. તેથી અત્યારે સુખ મળે છે, પણ સુખ છોડીને ધર્મ કરવાનું મન નથી થતું. જેને પુણ્યાનુબંધી પુણ્ય બંધાયું હોય તેને સંપત્તિ ગયા પછી પણ દાન આપવાનું મન થયા વિના ન રહે. શ્રી ગુણસાર શ્રેષ્ઠીને સંપત્તિ ગયા પછી પણ ધર્મની, દાનની ભાવના વૃદ્ધિ પામતી ગઇ હતી : આ પ્રભાવ પુણ્યાનુબંધી પુણ્યનો હતો. ધર્માત્માને ધર્મની પ્રાપ્તિ અવસરે થાય છે. અવસર કોને કહેવાય તે માટે જણાવ્યું છે કે વિષયની વિમુખતા એ ધર્મનો અવસર છે. જ્યાં સુધી વિષયો વિષજેવા ન લાગે ત્યાં સુધી દીક્ષા લેવાની ઉતાવળ ન કરવી. વિષયોથી જે વિમુખ બને, વિષયો જેને વિષજેવા લાગે તે જ દીક્ષા લઇ શકે. દીક્ષા લીધા બાદ શું કરે છે તે જણાવે છે :

**तत्र च – गुरुसहायसम्पदिति ।।१३।। (४५६)**

ચારિત્ર લેવાનું મન થાય અને સારા ગુરુનો યોગ થાય – આ ભૂતકાળના ધર્મનો પ્રભાવ છે. જેમ સ્થૂલભદ્રમહારાજા વિષયોથી વિમુખ બન્યા તો દીક્ષા લેવા તૈયાર થયા અને સામે ચૌદપૂર્વધર સંભૂતિવિજયમુનિ મળી ગયા. જે સર્વદોષથી વિકલ હોય એવા ગચ્છની અને ગુરુની પ્રાપ્તિ તેને થાય છે.

**ततश्च – साधु संयमानुष्ठानमिति ।।१४।। (४५७)**

આ રીતે ગુરુ અને ગચ્છની સહાય મળવાથી સુંદરપણે અર્થાદ્ નિરતિચારપણે શુદ્ધ એવા મહાવ્રતાદિનું પાલન કરવા માટે તે સમર્થ બને છે.

**ततोऽपि–परिशुद्धाराधनेति ।।१५।। (४५८)**

નિર્મળ આરાધનાનો યોગ પ્રાપ્ત થાય છે. તેના પ્રભાવે અંતિમ સંલેખના કરવા સુધી પહોંચે છે. જ્યાં સુધી શરીર જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના માટે સમર્થ હોય ત્યાં સુધી આરાધના કરવી. જ્યારે શરીર આરાધના માટે સમર્થ ન હોય ત્યારે

**तत्र च – विधिवच्छरीरत्याग इति ।।१६।। (४५९)**

શાસ્ત્રીય સંલેખનાની વિધિ અનુસાર શરીરનો ત્યાગ કરીને ફરી પૂર્વ કરતાં પણ ચઢિયાતા દેવલોકની પ્રાપ્તિ થાય છે.

**ततो – विशिष्टतरं देवस्थानमिति ।।१७।। (४६०)**

**ततः – सर्वमेव शुभतरं तत्रेति ।।१८।। (४६१)**

**परं गतिशरीरादिहीनमिति ।।१९।। (४६२)**

પહેલાં કરતાં ચઢિયાતા દેવલોકમાં પહેલાં કરતાં પણ અધિક શુભ એવી સર્વ સામગ્રી મળે છે. માત્ર ત્યાં શરીરની ઊંચાઇ ઓછી થતી જાય અને અન્યત્ર સંચાર કરવા સ્વરૂપ ગતિ પણ ઓછી થતી જાય.

**तथा - रहितमौत्सुक्यदु:खेनेति ।।२०।। (४६३)**

ધર્મનો પ્રભાવ એટલો છે કે દેવલોકમાં ગયા પછી, ઉત્તમ સુખસામગ્રી મળ્યા પછી પણ સુખ ભોગવવાની ઉત્સુકતા જાગતી નથી. ઉત્સુકતા એ જ મોટામાં મોટું દુ:ખ છે. જેને ઉત્સુકતા હોય તે ક્યારેય સુખી ન થાય. ઉત્સુકતા એટલે મન વચન કાયાની ત્વરા સ્વરૂપ વ્યાબાધા. આવી પીડા જ્યાં ન હોય એવા વિશિષ્ટ દેવલોકમાં જન્મ મળે છે.

**अतिविशिष्टाल्हादादिमदिति ।।२१।। (४६४)**

તે દેવલોકમાં અત્યંત વિશિષ્ટ કોટિના આહ્લાદનો જેમાં અનુભવ થાય તેવા પ્રકારના મહાકલ્યાણક પૂજા વગેરે સુકૃતવિશેષની પ્રાપ્તિ થાય છે.

**ततः-तच्च्युतावपि विशिष्टदेश इत्यादि समानं पूर्वेणेति।।२२।। (४६५)**

પૂર્વજન્મમાં જેઓ શુભ ભાવથી ધર્મ કરીને આવ્યા હોય તેમને સુખસામગ્રી મળવા છતાં પણ એ સુખોને છોડવાનું સામર્થ્ય તેમને મળતું હોય છે. આજે આપણા પરિણામ જોતાં એમ માનવું પડે કે આપણે ધર્મ સારા ભાવથી કર્યો નથી. આમ છતાં જે ખરાબ પરિણામ કર્મયોગે આવે તેને આધીન થવું નથી- એ આપણા હાથની વાત છે. કર્મ પરિણામ પેદા કરાવે, પ્રવૃત્તિ કરાવવાનું કામ કર્મનું નથી. એ તો આપણે એ કર્મોદયને આધીન થવાના કારણે કરીએ છીએ. ક્રોધના ઉદયના કારણે ગુસ્સો આવે, બોલવાનું કે મારવાનું મન થાય, પરન્તુ બોલવાની કે મારવાની પ્રવૃત્તિ આપણે ક્રોધને આધીન થવાથી કરીએ છીએ. પરિણામ કર્મને પરવશ છે અને પ્રવૃત્તિ કર્મની આધીનતાના કારણે થાય છે. જો કર્મને આધીન ન થઇએ તો પ્રવૃત્તિ અટકાવી શકાય. લકવાગ્રસ્ત માણસને પ્રવૃત્તિ કરવાનું મન હોવા છતાં પ્રવૃત્તિ નથી જ કરતા ને? તેમ કર્મયોગે ગમે તેટલા ખરાબ અધ્યવસાય આવે તોપણ પ્રવૃત્તિ નથી કરવી. થાળી પીરસાય કર્મયોગે, પરંતુ મોઢામાં મૂકવાનું કામ આપણા પુરુષાર્થથી કરીએ છીએ, આગળ વધીને આપણી અવિરતિની આધીનતાના કારણે કરીએ છીએ. ગુસ્સો આવે

તોપણ ખુલાસો કરવો નથી, બીજા ઉપર ગુસ્સો કાઢવો નથી. આપણે બળવું પડે તો બળવું, પણ બીજાને બાળવા નથી.

સ. સુદર્શન શેઠની જેમ શૂળીનું સિંહાસન થતું હોય તો મૌન રહીએ.

તમે શૂળી સુધી પહોંચો તો ખરા, પછી શૂળીનું સિંહાસન થશે. સતી સીતાજીએ પણ અગ્નિમાં ઝંપલાવ્યું પછી આગનું પાણી થયું. તમારે સહન કરવું નથી અને સહાય જોઇએ છે, ક્યાંથી મળે?

આપણે જોઇ ગયા કે જેઓ ચારિત્રધર્મના પાલનથી દેવલોકમાં ગયા હોય તેમને વિશિષ્ટ અને વિશિષ્ટતર દેવલોક મળે અને ઉત્તરોત્તર દેવલોકમાં શરીર નાનું હોય, પ્રવૃત્તિ ઓછી હોય, સુખનાં સાધનો પ્રકૃષ્ટ કોટિનાં મળે અને આસક્તિ ઓછી હોવાથી આહ્લાદનો - આનંદનો અનુભવ વધુ થાય. એ જ રીતે તે દેવલોકમાંથી ચ્યવ્યા બાદ પણ ફરી જે મનુષ્યજન્મ મળે તે પણ વિશિષ્ટતર કોટિનો મળે. પહેલાં જે દેશ, કાળ, કુલ વગેરે જણાવ્યાં હતાં તેનાથી પણ ચઢિયાતી અવસ્થા મળે.

**विशिष्टतरं तु सर्वमिति ।।२३।।**
**क्लिष्टकर्मविगमादिति ।।२४।। शुभतरोदयादिति ।।२५।।**
**जीववीर्योल्लासादिति ।।२६।। परिणतिवृद्धेरिति ।।२७।।**
**तत्तथास्वभावत्वादिति।।२८।। (४६६-४७१)**

તે મનુષ્યભવમાં બધું જ વિશિષ્ટતર મળે છે તેનું કારણ એ છે કે તેમના ક્લિષ્ટ કર્મનો વિગમ થયો હોય છે. જે દુર્ગતિ, દરિદ્રાવસ્થાનો અનુભવ કરાવે એવાં કર્મોનો હ્રાસ થયો હોય અને અતિપ્રશસ્ત એવી પુણ્યપ્રકૃતિનો ઉદય થાય તો તેને ઊંચામાં ઊંચી સામગ્રી મળે- એ સમજી શકાય એવું છે. અમુક પુણ્યપ્રકૃતિઓ પાપના ઉદયના કારણે અટકી જતી હોય છે, એ પાપનો નાશ થવાથી અમુક પુણ્યપ્રકૃતિ કુદરતી ઉદયમાં આવે છે. હવે જેને ધર્મસામગ્રી સારામાં સારી મળી હોય તેનો ઉલ્લાસ પણ વધે, આથી જીવોલ્લાસની વૃદ્ધિ જણાવી. જેમ તક મળે તેમ ઉલ્લાસ વધે. તમારે ત્યાં પણ જેને દસમી કે બારમીમાં નેવું, પંચાણું ઉપર ટકા મળ્યા હોય તેને આગળ ભણવાનો ઉલ્લાસ વધે તેમ અહીં પણ જેમ ગુણો મળતા જાય તેમ વીર્યોલ્લાસ વધે અને ઉલ્લાસ વધે તેમ તેના પરિણામની વૃદ્ધિ પણ થતી જાય છે. આ બધાનું મૂળ કારણ તથાસ્વભાવ છે. જીવનું તથાભવ્યત્વ પરિપાક પામ્યું હોવાથી ઉલ્લાસ અને પરિણામની વૃદ્ધિ થાય છે. ગમે તેટલું કષ્ટ પડે તોપણ ધર્મની પરિણતિ વૃદ્ધિ જ

પામતી રહે છે. હવે શિષ્યને અહીં  શંકા થાય છે કે જેમ કષ્ટ પડવા છતાં ધર્મનો પરિણામ વધે તેમ સુખનાં સાધનો વધુ મળે તેમ તેની આસક્તિ પણ વધવી જોઇએ ને? તેના નિરાકરણમાં જણાવે છે :

**किञ्च-प्रभूतोदाराण्यपि तस्य भोगसाधनानि, अयत्नोपनतत्वात् प्रासङ्गिकत्वादभिष्वङ्गाभावात् कुत्सिताप्रवृत्तेः शुभानुबन्धित्वादुदारसुखसाधनान्येव बन्धहेतुत्वाभावेनेति।।२१।। (४७२)**

અત્યંત ઉદાર એવાં ભોગસાધનોમાં તેઓને કર્મબંધ થતો નથી. કારણ કે આ ભોગો એમણે માંગીને નથી મેળવ્યા. પ્રયત્નપૂર્વક જે ભોગસાધનો ભેગાં કર્યાં હોય તે કર્મબંધનું કારણ બને. જે ભોગસાધનો વગર પ્રયત્ન કર્યે પ્રકૃષ્ટ પુણ્યથી મળ્યાં હોય તે કર્મબંધનું કારણ ન બને. આજે મળેલાં ભોગસાધનોમાં જો આસક્તિ થતી હોય તો સમજી લેવું કે આ બધુ આપણે માંગીને મેળવ્યું છે. ધર્મ કરતી વખતે સુખ ભોગવવાની ઇચ્છા, પ્રાર્થના હોય તો તે ધર્મથી પાપાનુબંધી પુણ્ય બંધાય. એ પુણ્ય પાપ કરીને ફળે અને ઉદયમાં પણ આસક્તિ કરાવીને નવું પાપ બંધાવે.

સ. માંગ્યા વગર મેળવેલું નડે નહિ એટલે માંગવું નહિ - એમ જ ને?

માંગ્યા વગર મળી જશે માટે માંગવું નહિ - એવી દાનત હશે તો પાછું નડવાનું જ. 'જોઇતું નથી' માટે માંગવું નથી - એવો ભાવ હોય તો જ મળેલામાં આસક્તિ ન થાય. આ ભોગો પુણ્યાનુબંધી પુણ્યથી મળેલા છે, પુરુષાર્થથી નહિ માટે કર્મબંધનું કારણ નથી બનતા. તે જ રીતે આ ભોગસાધનો પ્રાસંગિક - આનુષંગિક છે. જેમ અનાજની ખેતી કરનારને વચ્ચે ઘાસ આવે તો તેનો અભિષ્વંગ નથી હોતો. કારણ કે તે પ્રાસંગિક હોય છે, તેમ આ ભોગસાધનો ધર્માત્માને પ્રસંગથી મળેલા હોવાથી તેને તેમાં આસક્તિ નથી થતી. જેમ તમારે ત્યાં પાડોશીના ઘરેથી બે કચોરી આવી હોય તો તેમાં આસક્તિ થતી નથી. કારણ કે તે પ્રયત્નપૂર્વક મેળવેલી નથી, પ્રાસંગિક છે. પોતાના ઘરમાં જે કચોરી બનાવી હોય તે પ્રયત્નપૂર્વક અને તેના ઉદ્દેશપૂર્વક બનાવેલી હોવાથી પ્રાસંગિક નથી માટે તેમાં આસક્તિ થાય છે, જે; કર્મબંધનું કારણ બને છે. વળી કુત્સિત એવા અનીતિ વગેરે માર્ગેથી આ ભોગસાધન મેળવેલાં નથી. કુત્સિત-ખરાબ માર્ગે પ્રવૃત્તિ કરીને જે મેળવ્યાં હોય તે ભોગસાધન કર્મબંધનું કારણ બને. આ રીતે આ ભોગસાધનો શુભાનુબંધી હોવાથી ઉદારકોટિનાં છે માટે કર્મબંધનું કારણ નથી બનતાં. અહીં એટલું યાદ રાખવું કે આનાથી વિપરીત ભોગસાધનો

કર્મબંધનું કારણ બને છે. જે પ્રયત્નપૂર્વક ભેગાં કર્યાં હોય, મુખ્ય ઉદ્દેશથી મેળવ્યાં હોય, અનીતિ વગેરે કરીને મેળવ્યાં હોય અને અતિ આસક્તિથી ભોગવાય તે અશુભાનુબંધી હોવાથી કર્મબંધનું કારણ બને છે. હવે શિષ્ય શંકા કરે છે કે આવાં ઉત્કટ ભોગસાધનો જો કર્મબંધનું કારણ ન બનતા હોય તો કર્મબંધનું કારણ છે શું? તેના નિરાકરણમાં જણાવે છે :

**अशुभपरिणाम एव हि प्रधानं बन्धकारणं, तदङ्गतया तु बाह्यमिति ।।३०।। (४७३)**

ધર્મનું અભ્યન્તર ફળ કર્મનિર્જરા છે અને બાહ્ય દેવ અને મનુષ્યપણાની ઉચ્ચ અવસ્થા છે. ધર્મ કર્યા પછી પણ આપણે મોક્ષે નથી જતા એનું કારણ એક જ છે કે પાપ મજેથી કરીએ છીએ અને એના ફળરૂપે દુઃખ આવે ત્યારે એ દુઃખ ઉપર નફરત છે. આપણે જોઇ ગયા કે શિષ્યને શંકા પડી કે આ સંસારમાં ભોગનાં ઉત્કૃષ્ટ સાધનો મળવા છતાં કર્મબંધ નથી થતો અને નહિજેવા તુચ્છ સાધનોમાં પણ કર્મબંધ થાય છે - એનું કારણ શું?

સ. રાગદ્વેષના કારણે કર્મબંધ થાય ને?

તમે માનો છો? રાગ નડતો હોય તો રાગના પાત્રથી દૂર થવું પડે અને દ્વેષ કાઢવા માટે દ્વેષના પાત્રની નજીક જવું પડે. સુખ ઉપર રાગ છે માટે સુખથી, સુખનાં સાધનોથી દૂર થવું અને દુઃખ ઉપર દ્વેષ છે તેથી દુઃખ અને દુઃખ જેનાથી ઊભું થાય તેવા સાધુપણાની નજીક જવું છે. અહીં જણાવે છે કે અશુભ પરિણામ એ કર્મબંધનું કારણ છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય આ બધા અશુભ પરિણામ છે. મોક્ષે ન જવાનો પરિણામ એ અશુભ પરિણામ છે, સંસારમાં રહેવાનો પરિણામ એ અશુભ પરિણામ છે, સુખ ભોગવવાનો, સુખનાં સાધનો ભેગાં કરવાનો પરિણામ અને દુઃખ ટાળવાનો પરિણામ અશુભ પરિણામ છે. આ બધાં જ કર્મબંધનાં કારણ છે. આ અશુભ પરિણામના કારણભૂત એવા અંતઃપુર વગેરે પણ કર્મબંધનાં કારણ બને. જો બાહ્ય પ્રવૃત્તિ અશુભ પરિણામનું કારણ ન બને તો તે કર્મબંધનું કારણ ન બને.

**तदभावे बाह्यादल्पबन्धभावादिति ।।३१।। (४७४)**

જો અશુભ પરિણામ ન હોય તો કેવળ બાહ્ય સાધનોથી અલ્પ-તુચ્છ એવો કર્મબંધ થાય છે. આ જ આશયથી વંદિત્તાસૂત્રમાં જણાવ્યું છે કે સમ્યગ્દૃષ્ટિ જીવ

જે કાંઇ પણ પાપ કરે તેમાં અલ્પ જ બંધ થાય છે. કારણ કે તેના પરિણામ નિર્ધ્વંસ-અશુભ નથી હોતા.

સ. પરિણામ અશુભ ન આવે એનો ઉપયોગ સતત રાખવો પડે ને?

તમે ધંધો કરતી વખતે પણ નુકસાન ન થવું જોઇએ એનો ઉપયોગ રાખો ને? નફો સારામાં સારો થાય તેનો ઉપયોગ હોય ને? તેમ અહીં પણ ઉપયોગ રાખવો પડે. ઉપયોગ વિનાની તો કોઇ પણ ક્રિયા તુચ્છ ગણાય. અશુભ પરિણામ ન આવે એનો ઉપયોગ રાખવાની વાત તો પછી. અત્યારે તો અશુભ પરિણામમાં જ બેઠા છીએ. કારણ કે ધર્મ કરતી વખતે પણ અનુકૂળતા ક્યાંથી મળે તેમાં જ ઉપયોગ છે ને? હવે અશુભ પરિણામમાંથી બહાર નીકળવાનો ઉપયોગ રાખવાની જરૂર છે. હવે શિષ્યને શંકા થાય છે કે અશુભ પ્રવૃત્તિ કરવા છતાં કર્મબંધનું કારણ ન બને- એવું કઇ રીતે માનવું તો કહે છે :

**वचनप्रामाण्यादिति ।।३२।। (४७५)**

આ વિષયમાં તીર્થંકરભગવન્તનું વચન જ પ્રમાણ છે. આ આગમ પ્રમાણ છે- એવું જાણ્યા પછી એ શાસ્ત્રમાં કયાં જણાવ્યું છે - એવું જાણવાનું મન થાય, માટે આગળના સૂત્રથી જણાવે છે :

**बाह्योपमर्देऽप्यसञ्ज्ञिषु तथाश्रुतेरिति ।।३३।। (४७६)**

બાહ્યથી એટલે શરીરમાત્રથી અસંજ્ઞીજીવો અનેક જીવોનો ઉપમર્દ એટલે કે હિંસા કરે છે. સ્વયંભૂરમણ સમુદ્રમાં જે સંમૂર્ચ્છિમ મહામત્સ્યો પોતાની મોટી કાયાથી તેમ જ પૂંછડું પછાડ્યા કરે તેના કારણે પાણીના અસંખ્યાત જીવો અને કરોડો ત્રસજીવોની હિંસા થાય છે છતાં તેમને હિંસાનું પાપ અલ્પ લાગે છે. એટલે 'असन्नी खलु पढमं' આ વચનથી તેઓ પહેલી નરકના ચોથા પ્રતરથી નીચે નથી જતા અને તેમનું આયુષ્ય પણ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલું હોય છે. આ રીતે નક્કી છે કે મન વગર જે હિંસાદિની ક્રિયા થાય તેનાથી અલ્પબંધ થાય છે. જ્યારે અશુભ પરિણામ હોય તો અશુભ ક્રિયા ન કરવા છતાં ભારે કર્મબંધ થાય છે. જેમ તંદુલિયો મત્સ્ય માત્ર તંદુલ (ચોખા) જેટલી કાયાવાળો હોય છે અને મોટા મત્સ્યની આંખની પાંપણમાં રહીને કોઇ પણ જાતનો બાહ્ય ઉપમર્દ (હિંસા) કરતો ન હોવા છતાં વગર નિમિત્તે તીવ્ર રૌદ્રધ્યાનના પ્રભાવે કેવળ અંતર્મુહૂર્તના આયુષ્યમાં પણ સાતમી નરકનું

તેત્રીસ સાગરોપમનું આયુષ્ય બાંધે છે. તંદુલિયો મત્સ્ય એવી જગ્યાએ હોય કે જેથી તેના શરીર દ્વારા અપ્કાયની પણ વિરાધના થતી નથી. છતાં મોટા મત્સ્યના મોઢામાંથી અમુક મત્સ્ય એમને એમ નીકળી જતાં જોઇને એ એવું વિચારે કે 'હું જો હોઉં તો આમાંથી એક પણ મત્સ્યને જીવતો ન જવા દઉં' આવા રૌદ્રપરિણામથી હિંસાના અભાવે પણ સાતમી નરકે જાય છે. આથી સ્પષ્ટ છે કે પરિણામ પ્રધાનપણે બંધનું કારણ છે. આ પરિણામની પ્રધાનતા જેમ બંધમાં છે તેમ નિર્જરામાં પણ પરિણામની પ્રધાનતા છે - તે જણાવે છે.

**एवं परिणाम एव शुभो मोक्षकारणमपीति ।।३४।। (४७७)**

શાસ્ત્રકારોએ ધર્મનાં અભ્યંતર અને બાહ્ય ફળ બતાવ્યાં છે. છતાં તેમાંથી આપણને કયું ફળ ગમે? પુણ્યબંધ એ બાહ્ય ફળ છે અને નિર્જરા એ અભ્યંતર ફળ છે. આપણને પુણ્ય ગમે કે નિર્જરા ગમે? નિર્જરાના કારણે શુદ્ધ થવાય છે અને પુણ્યના કારણે શુભ અવસ્થા મળે છે. કપડું ધોવું તેનું નામ નિર્જરા અને કાપડાંને સુવાસિત કરવું તે પુણ્યબંધ. નિર્જરા માટે મળની શુદ્ધિ કરવી પડે. નિર્જરા ઘાતીકર્મની કરવાની છે. મોટા ભાગના આત્માઓ માત્ર નિર્જરા કરીને ગયા છે. પુણ્યબંધ ઉત્કૃષ્ટ કોટિનો દરેક આત્માને નથી થતો. ઘણા આત્માઓ આચાર્યપદ વગેરે પદ પામ્યા વિના મોક્ષમાં ગયા છે. દરેક આત્માઓ ઉચ્ચ પદ પામીને નથી જતા, ઉચ્ચ ગુણ પામીને બધા મોક્ષે જાય છે. ઉચ્ચ પદ પુણ્યથી મળે; ઉચ્ચ ગુણો ક્ષયોપશમભાવથી મળે, કર્મના ક્ષયથી મળે. જેઓ શુક્લધ્યાનને પામે તેઓ મોક્ષમાં જાય. મોક્ષમાં જવા માટે ધ્યાનની જરૂર છે, પુણ્યની નહિ. જેને નિર્જરા કરવી હોય તે પરિણામલક્ષી ધર્મ કરે. ભલે આ કાળમાં ધર્મધ્યાન કે શુક્લધ્યાન ન હોય પરંતુ એ પામવા માટે પુરુષાર્થ કરવો છે ને?

સ. અતિચારમાં ધર્મધ્યાન, શુક્લધ્યાન ન ધ્યાયા - એવું આવે છે ને?

એનો અર્થ એ છે કે ધર્મધ્યાન શુક્લધ્યાનની ઇચ્છા પણ ન કરી. અત્યારે ધર્મધ્યાન કે શુક્લધ્યાન નથી. જે કેવળજ્ઞાન લાવી આપે તેને શુક્લધ્યાન કહેવાય અને જે શુક્લધ્યાનને તત્કાળ લાવી આપે તેને ધર્મધ્યાન કહેવાય. વર્ત્તમાનમાં કેવળજ્ઞાનનો વિચ્છેદ થયો હોવાથી શુક્લધ્યાન અને એના કારણભૂત ધર્મધ્યાન પણ નથી, માત્ર ધર્મધ્યાનના કારણભૂત શુભધ્યાન છે. આર્ત્ત-રૌદ્ર ધ્યાન ટાળવાની ઇચ્છા હોય અને ધર્મ-શુક્લધ્યાન પામવાની ઇચ્છા હોય તેનું નામ શુભધ્યાન. આવું

શુભધ્યાન પણ ન ધર્યું-એ અતિચારનો વિષય છે. જે શુક્લધ્યાનનું કારણ બને તેને જ ધર્મધ્યાન કહેવાય. જે ફળનું કારણ બને તેનું નામ વસ્તુ. તમારે ત્યાં પણ પૈસો કોને કહેવાય? કમાવું ન પડે તેનું નામ પૈસો ને? જો કમાવું પડે તો પૈસો કહેવાય? એક હજાર કરોડ પાસે હોવા છતાં બજારમાં ભટકતો હોય તો માનવું પડે ને કે એની પાસે પૈસો નથી. જેને પૈસાની જરૂર જ ન પડે તેને શ્રીમંત કહેવાય. સાધુને પૈસાની જરૂર નથી પડતી માટે સાધુભગવંત જ શ્રીમંત છે. જેને પૈસાની જરૂર પડે તે તો દરિદ્ર કહેવાય. એક બ્રાહ્મણને પૈસાની જરૂર હતી. તેણે વિચાર્યું કે જે સુખી હોય તેને ત્યાં ચોરી કરવા જવું છે. એક ઘરમાં ગયો તો ત્યાં ખાવાપીવાનાં ઠેકાણાં ન હતાં તેથી ત્યાંથી પાછો ફર્યો. ત્યાંથી એક શેઠને ત્યાં ગયો તો તે રાત્રિમાં તેલ બાળીને દીવાના પ્રકાશમાં એક પાઈનો હિસાબ મળતો ન હતો તે શોધી રહ્યો હતો. આ રીતે તે શેઠને પણ દુ:ખી જોઇને ત્યાંથી પણ તે પાછો ફર્યો. છેવટે એને એમ થયું કે રાજાને ત્યાં જ ચોરી કરવા જઉં, કારણ કે તે તો સૌથી સુખી ગણાય છે. રાજાને ત્યાં ગયો તો રાજા પણ તેના દુશ્મન રાજાને જીતવાના વિચારમાં વ્યગ્ર હતો. આથી પેલા બ્રાહ્મણે ચોરી કરવાનું માંડી વાળ્યું. કારણ કે આ જગતમાં સુખી હોય એવો એકે માણસ તેને મળ્યો નહિ. આ દુનિયામાં જેને દુ:ખ ન હોય એવો એકે માણસ નથી ને? જન્મ અને મરણનાં દુ:ખો તો બધાના માથે લખાયેલાં છે. જે જન્મમરણને ટાળવા માટે પ્રયત્ન કરે છે તે સાધુભગવંતો જ સુખી છે. આ કાળમાં ધર્મધ્યાન નથી તેનો અર્થ એ નથી કે કાયમ માટે આર્ત્તરૌદ્ર ધ્યાનમાં રહેવું. આર્ત્તરૌદ્રધ્યાન ટાળીને શુભધ્યાનમાં રહેવા પ્રયત્ન કરવો છે. શુભધ્યાન એ આર્ત્તધ્યાન અને ધર્મધ્યાનની વચલી અવસ્થા છે. જેમ ઘરેથી નીકળેલો માણસ સ્ટેશને ન પહોંચે ત્યાં સુધી રસ્તામાં હોય તેમ આર્ત્તધ્યાનમાંથી નીકળેલો ધર્મધ્યાનમાં ન પહોંચે ત્યાં સુધી શુભધ્યાનમાં હોય. અતિચારમાં જે ધર્મધ્યાનની વાત છે તે ઇચ્છાયોગની છે. જેમ નવકારમાં કે નમુત્થુણું સૂત્રમાં આપણે ભગવાનને નમસ્કાર કરતા હોવા છતાં 'હું નમસ્કાર કરું છું' - એવો અર્થ ન જણાવતાં 'નમસ્કાર થાઓ' એવો અર્થ જણાવ્યો છે - તે ઇચ્છાયોગના નમસ્કારને જણાવવા માટે છે. આપણે નમસ્કાર સામર્થ્યયોગનો કરવો છે કે જેના ફળરૂપે કેવળજ્ઞાન મળે. એ સામર્થ્યયોગના નમસ્કારની અપેક્ષાએ 'નમસ્કાર થાઓ' એમ કહીએ છીએ. પ્રવૃત્તિયોગ સુધી પહોંચવા માટે ઇચ્છાયોગનો પણ ધર્મ જોઇએ. સાધનની વિકલતા-અપૂર્ણતામાં પણ, કષ્ટ વેઠીને પણ પ્રવૃત્તિ કરવાનો પ્રયત્ન કરવો તેને ઇચ્છાયોગ કહેવાય. આથી ઇચ્છાયોગનો ધર્મ પણ આપણા માટે તારક છે.

આપણે જોઇ ગયા કે કર્મબંધની પ્રત્યે અશુભ પરિણામ કારણ છે. હવે જણાવે છે કે જેમ અશુભબંધની પ્રત્યે પ્રવૃત્તિ કારણ નથી અશુભ પરિણામ કારણ છે તેમ કર્મનિર્જરાની પ્રત્યે પણ સમ્યગ્દર્શનાદિની પ્રવૃત્તિ કારણ નથી, સમ્યગ્દર્શનાદિ સ્વરૂપ શુભ પરિણામ કારણ છે. ચારિત્રની ક્રિયા મોક્ષનું કારણ નથી, ચારિત્રનો પરિણામ મોક્ષનું કારણ છે, એમાં હેતુ જણાવે છે :

**तदभावे समग्रक्रियायोगेऽपि मोक्षासिद्धेरिति ।।३५।। (४७८)**

જો સમ્યગ્દર્શનાદિનો પરિણામ ન હોય તો બાહ્યક્રિયાથી પરિપૂર્ણ-નિરતિચારપણે ચારિત્રનું પાલન કરવા છતાં પણ મોક્ષની પ્રાપ્તિ થતી નથી. ક્રિયા ગમે તેટલી સારામાં સારી કરીએ પરંતુ પરિણામ જો શુભ નહિ હોય તો મોક્ષ નહિ જ મળે. 'મારે સંસાર જોઇતો નથી' આ શુભ પરિણામ છે. 'સંસાર સારો જોઇએ છે' આ અશુભ પરિણામ છે. જેને સંસારમાં રહેવું હોય તેના માટે સંસાર સારો કેમ બને એ વિચારવાનું રહે. જેને સંસારમાં રહેવું જ ન હોય તે સંસારને સારો કરવા મહેનત શા માટે કરે? જેને રહેવું હોય તે સુધારવા બેસે, જેને છોડવું જ હોય તે ગમે તેવું પણ ચલાવી લે. આપણે આ સંસારમાં કોઇના કારણે હેરાન નથી થતા. આપણી વિષયકષાયની પરિણતિના કારણે જ હેરાન થઇએ છીએ - આટલું જો સમજાઇ જાય તો શુભ પરિણામ લાવવાનું સહેલું છે. શુભપરિણામ વિનાની સાધુક્રિયા મોક્ષનું કારણ બનતી નથી તેમાં કારણ જણાવે છે :

**सर्वजीवानामेवानन्तशो ग्रैवेयकोपपातश्रवणादिति।।३६।। (४७९)**

વ્યવહારરાશિમાં આવેલા સર્વ જીવોનો પ્રાયઃ કરીને અનંતીવાર ગ્રૈવેયકમાં ઉપપાત થયેલો છે - આ પ્રમાણેનું વચન શાસ્ત્રમાં આપેલું છે. અનંતકાળથી આ સંસારમાં આપણું અસ્તિત્વ છે તેથી આ પ્રમાણેનો ઉપપાત યુક્તિથી પણ સંગત છે. અત્યાર સુધી દ્રવ્યથી જેટલા ઓઘા કર્યા છે તેનો ઢગલો કરીએ તો મેરુ જેટલો થાય-એવું જે કહેવાય છે તે આ અનંતકાળનું પ્રમાણ જણાવવાના આશયથી જ જણાવાય છે.

**समग्रक्रियाऽभावे तदनवाप्तेरिति।।३७।। (४८०)**

દેશવિરતિનું ભાવથી પાલન કરનાર પણ શ્રાવક બારમા દેવલોકથી આગળ જઇ શકતો નથી. કારણ કે નવ ગ્રૈવેયકમાં ચારિત્રના પાલન વગર જવાતું નથી, દ્રવ્યથી કે ભાવથી નિરતિચાર ચારિત્ર પાળે તે જ નવગ્રૈવેયકમાં જઇ શકે. જેઓ ભાવથી

નિરતિચાર ચારિત્ર પાળે તે તો વધુમાં વધુ સાત-આઠ ભવે મોક્ષે જતો જ રહે. તેથી નક્કી છે કે અનંતી વાર જો ગ્રૈવેયકમાં આપણે ગયા હોઇએ તો તે દ્રવ્યચારિત્ર પાળીને જ ગયા હોઇશું. આના ઉપરથી સ્પષ્ટ છે કે શુભ પરિણામ વિનાની શુભ ક્રિયામાત્રથી મોક્ષની પ્રાપ્તિ થતી નથી. હવે આ વિષયનો ઉપસંહાર કરે છે.

**इत्यप्रमादसुखवृद्ध्या तत्काष्ठासिद्धौ निर्वाणावाप्तिरिति।।३८।। (४८१)**

આપણે જોઇ ગયા કે પ્રવૃત્તિ ભયંકર કોટિની હોય છતાં પરિણામ ન હોય તો ખરાબ ફળ નથી મળતું. અને પ્રવૃત્તિ શુભ હોવા છતાં પરિણામ ભયંકર હોય તો તેના કારણે ભયંકર દુર્ગતિ થાય છે. આટલું જાણ્યા પછી પણ આપણે પ્રવૃત્તિ સુધારવા માટે પ્રયત્ન કરીએ છીએ કે પરિણામ સુધારવા માટે? માત્ર પ્રવૃત્તિ જ સુધારવી છે ને? મોક્ષમાં જવું હશે તો પરિણામ સુધારવા જ પડશે. આપણે ક્રિયા ઉપર ભાર આપીએ છીએ, શાસ્ત્રકારોએ પરિણામ ઉપર ભાર આપ્યો છે. અને જેને પરિણામ હોય તે ક્રિયાની ઉપેક્ષા કોઇ સંયોગોમાં કરી ન શકે. જેને ઇષ્ટ સ્થાને જવાનો, ગાડીમાં બેસવાનો પરિણામ હોય તે ગાડીનાં પૈડાં કાઢી નાંખે? પેટ્રોલ ન ભરે-એવું બને? સંયોગો ન હોય તો જાુદી વાત, બાકી પરિણામ હોય તે પ્રવૃત્તિને અવગણી ન શકે. આપણને જો દીક્ષા લેવાનું મન ન થતું હોય તો તેમાં અંતરાય નથી નડતો. કારણ કે કોઇ આપણને અટકાવતું નથી, ચારિત્રમોહનીય કર્મ, આગળ વધીને મિથ્યાત્વ નડે છે. અવિરતિ છૂટી ન જાય એવું ઘર વસાવ્યું છે ને? તો ચારિત્ર ક્યાંથી મળે? અવિરતિ ભોગવવાનું શીખવે તેવું આ ચારિત્રમોહનીય કર્મ છે. હવે આ કર્મ ટાળવા માટે પ્રવૃત્તિમાત્ર સુધારીને નહિ ચાલે પરિણામ સુધારવા પડશે. હવે કયા પરિણામથી મોક્ષ મળે તે માટે જણાવે છે કે - પ્રમાદના અભાવમાં મળતા સુખની વૃદ્ધિ થતાં થતાં તે સુખ પરાકાષ્ઠાએ પહોંચે તો મોક્ષની પ્રાપ્તિ થાય. અત્યાર સુધી આપણે પ્રમાદના કારણે જ સુખનો અનુભવ કર્યો છે ને? નિદ્રામાં સુખ લાગે, વિષયમાં સુખ લાગે, કષાયમાં સુખ લાગે, માદક દ્રવ્યોના સેવનમાં સુખ લાગે, વિકથામાં સુખ લાગે : આના કારણે જ મોક્ષમાં જવાતું નથી. એના બદલે પ્રમાદનો પરિણામ જાય તો તેમાં સુખ છે - એ અનુભવાય તો મોક્ષે જવાય.

સ. કષાયમાં સુખ કેવી રીતે માનીએ છીએ?

સાચું કહો તમે બીજાને બોલો તો રાજી કે બીજા તમને બોલે તેમાં રાજી? જો બીજા તમને કંઇક સંભળાવે તો તમે રાજી થાઓ કે દુ:ખી દુ:ખી થઇ જાઓ? કષાય

કરીએ તો જ બધા સીધા રહે છે, આવું માનનારો કષાયમાં સુખ માનનારો છે ને?

સ. આપણે ન બોલીએ તો કાયમ દબાતા રહેવું પડે.

દબાતા રહેવું પડે તો સારું જ છે. આપણે ભગવાનના વચનથી દબાયેલા રહીશું તો જ કર્મોથી છૂટીશું.

સ. વચનથી દબાતા રહેવું સારું પણ સંસારમાં શા માટે દબાતા રહેવું?

જેઓ ભગવાનના વચનથી દબાતા નથી તેમને તો આ સંસારમાં બધાથી દબાવાનો વખત આવવાનો જ. જેઓ ભગવાનના વચનથી એક વાર બંધાઇ જાય તો તેમને કોઇ બંધનમાં બંધાવું ન પડે. આજે આપણે બીજાના બંધનમાં રહેવું પડે છે એનું કારણ એ છે કે આપણે ભગવાનનું માન્યું નથી અને બીજાને બંધનમાં નાંખવા પ્રયત્ન કરેલો. મારા ગુરુમહારાજ કહેતા હતા કે તમારા ઘરમાં જે આવ્યા છે તે તમારા સગા છે-એવું નથી, આ બધા તમારા લેણદાર છે, તમારી પાસેથી એમનું લેણું વસૂલ કરવા આવ્યા છે. આજે છોકરો તમને દબાવે છે એનું કારણ એ છે કે પહેલાં તમે એને દબાવીને આવ્યા છો. તેથી આપણા સગાઓમાં રાચવાની જરૂર નથી. આપણું દેવું પૂરું કરવું છે- એમ સમજીને સમતાથી ભોગવી લેવું છે. સમતાનું જે સુખ છે તે અપ્રમત્તદશાનું સુખ છે. નિદ્રામાં સુખ છે કે જાગવામાં? નિદ્રા લેવાનું મન હોય તો નિદ્રામાં સુખ લાગે બાકી જાગવામાં જ સુખ છે ને? તેવી રીતે માદક પદાર્થો વાપરીએ તો સ્ફૂર્તિ આવે કે ન વાપરીએ તો? વિષયો મળે તો સુખ કે વિષયોની જરૂર ન પડે તો સુખ? કષાય કરવામાં સુખ કે સમતા રાખવામાં સુખ? નકામી વાતો કરવામાં સુખ કે કામની વાતો કરવામાં સુખ? પ્રમાદનો પરિણામ જેને ન હોય તેના માટે અપ્રમાદ સુખરૂપ છે. ભગવાનનું વચન ન માનવું એ મોટામાં મોટો પ્રમાદ છે. ભગવાનનું વચન માનવું એ અપ્રમત્ત દશા છે. આવા અપ્રમાદના સુખની વૃદ્ધિ થાય તો મોક્ષની પ્રાપ્તિ થાય. જેમ જેમ અપ્રમત્તદશાની વૃદ્ધિ થાય તેમ તેમ ચારિત્રનો પરિણામ પરાકાષ્ઠાએ પહોંચે. તેથી સકલ ક્લેશના લેશથી પણ વિનિર્મુક્ત એવા જીવના સ્વરૂપની પ્રાપ્તિરૂપ મોક્ષ પ્રાપ્ત થાય છે. ચારિત્રધર્મ મોક્ષનું જેમ કારણ છે તેમ આ સંસારની ઉચ્ચ અવસ્થા કે જેટલી શુભ અવસ્થા છે તે આ ધર્મથી જ મળે છે તે જણાવે છે :

**यत्किञ्चन शुभं लोके, स्थानं तत्सर्वमेव हि ।**
**अनुबन्धगुणोपेतं, धर्मादाप्नोति मानवः ।।४०।। इति।**

આ ત્રણ જગત સ્વરૂપ લોકમાં ઇન્દ્રાદિની અવસ્થા સ્વરૂપ જે કોઇ શુભ સ્થાન છે તે બધાં જ ઉત્તરોત્તર અનુબંધથી યુક્ત એવાં સ્થાનો; ઉપર જણાવ્યા મુજબના ધર્મની આરાધનાથી મનુષ્ય પ્રાપ્ત કરે છે. મનુષ્ય જ પરિપૂર્ણ ધર્મની સાધનાના અધિકારી હોવાથી શ્લોકમાં 'માનવ'નું ગ્રહણ કર્યું છે.

**तथा – धर्मश्चिन्तामणिः श्रेष्ठो, धर्मः कल्याणमुत्तमम् ।**
**हित एकान्ततो धर्मो, धर्म एवामृतं परम् ।।४१।। इति।**

ધર્મ એ શ્રેષ્ઠ ચિંતામણિરત્ન છે, ધર્મ એ ઉત્તમ કલ્યાણ સ્વરૂપ છે, ધર્મ એકાન્તે હિતકારી છે અને ધર્મ જ પરમ અમૃત છે. અહીં 'ધર્મ' શબ્દનો ચાર વાર પ્રયોગ કર્યો છે તે ધર્મની અત્યંત આદરણીયતાને જણાવવા માટે છે. ગમે તેટલું દુઃખ વર્ત્તમાનમાં આવે તોપણ દુર્ગતિમાં જવું ન પડે તેનું નામ હિત. દુઃખ દુઃખ ન લાગે અને સુખની લાલચ ન જાગે એ જ ખરું હિત છે. આવું હિત આ ધર્મથી જ પ્રાપ્ત થાય છે. ધર્મના કારણે અમરણ અવસ્થા પ્રાપ્ત થાય છે માટે ધર્મ એ પરમ અમૃત છે.

**तथा – चतुर्दशमहारत्नसद्भोगान्नृष्वनुत्तमम् ।**
**चक्रवर्त्तिपदं प्रोक्तं धर्महेलाविजृम्भितम् ।।४२।।**

જેમાં બીજાની અપેક્ષા ન હોય તેવા સુંદર પ્રકારે ચૌદ મહારત્નોના ભોગવટાને લઇને જે ચક્રવર્ત્તિપદ મનુષ્યોમાં ઉત્તમ મનાય છે તે ધર્મની લીલાનો જ વિલાસ છે. આ પ્રમાણે ધર્મના ફળનો વિધિ જેમાં જણાવ્યો છે તેવો સાતમો અધ્યાય પૂર્ણ થયો.

# આઠમો અધ્યાય

તીર્થંકર પરમાત્માઓ આપણા હિત માટે તીર્થની સ્થાપના કરે છે. આપણને ધર્મ પ્રત્યે જેટલું બહુમાન છે એટલું બહુમાન ધર્મના પ્રરૂપકો ઉપર નથી ને? ધર્મ કરવાનું આપણને ગમે પણ ભગવાનનું માનવું ન ગમે ને? આપણા ભગવાનને આપણે ઓળખીએ છીએ ખરા? આપણા ભગવાન સુખ આપે કે મોક્ષ આપે? આપણે ભગવાનને ઓળખીએ કે આપણા ઘરના લોકોને? આપણા ઘરના લોકો ઉપકારી કે આપણા ભગવાન ઉપકારી?

સ. ભગવાન ઉપકારી લાગે છે.

ભગવાનને ઉપકારી માને તે ઘરે બેસે કે ભગવાનની પાછળ જાય? પેલા સંન્યાસીની પાછળ જનારા માણસની વાત કરી હતી ને? એક માણસને સંન્યાસીનો પરિચય થયો અને તેને સંન્યાસ લેવાનું મન તો થયું પણ ઘરના લોકો રજા આપતા ન હતા. તેથી તે, સંન્યાસીને રોજ કહેતો કે મારે દીક્ષા તો લેવી છે પણ હું સંન્યાસી થઉં તો મારા ઘરના લોકોને બહુ આઘાત લાગશે-તો શું કરું? સંન્યાસીએ કહ્યું કે જો તારે સંન્યાસ લેવાનું મન સાચે હોય તો બાકીનું બધું હું સંભાળી લઇશ. આવતી કાલે સવારે પથારીમાંથી ઊભો ન થતો. હું આવું પછી જ ઊભો થજે. પેલો તો સવારે પથારીમાંથી ઊઠ્યો જ નહિ. પત્ની ઢંઢોળીને ઉઠાડે છે છતાં પેલો ઊઠતો જ નથી. કારણ કે એને સંન્યાસીએ ના પાડેલી. તેની પત્ની વિચારે છે કે કાંઇ ઓછુંવધતું થયું હોય તો ખબર નથી તેથી જલદીથી નાસ્તો કરી લઉં. એમ વિચારીને નાસ્તો કરીને ફરીથી પેલાને ઉઠાડ્યો. ન ઊઠ્યો તો ચાર ઠેકાણે સમાચાર આપી લોકોને ભેગા કર્યા. ડોક્ટર બોલાવ્યા તોય કાંઇ અસર ન થઇ. છેવટે લોકોને યાદ આવ્યું કે પેલા સંન્યાસી પાસે રોજ જાય છે તેને જ બોલાવીએ તો કોઇ ઉપાય બતાવશે. સંન્યાસીને બોલાવ્યા, પેલા તો રાહ જોઇને જ બેઠા હતા. સંન્યાસીએ આવીને એક પ્યાલામાં પાણી લઇને મંત્ર્યું. અને કહ્યું કે આ પાણી એક જણ પી જાઓ, જે પીશે તે મરી જશે પણ આ ઊભો થઇ જશે. બધા એકબીજાના મોઢા જોવા લાગ્યા. કોઇ પીવા તૈયાર ન થયું ત્યારે સંન્યાસીએ કહ્યું કે કોઇને ન પીવું હોય તો હું પી જઉં. બધાએ એકી સાથે હા પાડી. સંન્યાસી પાણી વાપરી ગયા. પેલો ઊભો થયો અને ઊઠીને સંન્યાસીની પાછળ ચાલવા માંડ્યો, લોકો પૂછવા લાગ્યા કે કયાં ચાલ્યા? પેલાએ કહ્યું કે જે મારા માટે મરવા તૈયાર થાય તેની પાછળ જઉં છું. જે આપણા ઉપકારી હોય

તેની પાછળ જવું પડે ને? તમે ભગવાનને ઉપકારી માનો છો ને?

સ. ભગવાનની કૃપાથી જ બધું મળે ને?

ભગવાનની કૃપા શેના માટે જોઇએ છે? સંસારમાં સુખી થવા કે સંસાર છોડીને ભગવાનની આજ્ઞા માનવા માટે? ભગવાનની આજ્ઞા માને તેને જ ભગવાનની કૃપા મળે, તો આજ્ઞામાં કૃપા સમાય કે કૃપામાં આજ્ઞા સમાય? સંસારમાં સારું મળે એ ભગવાનની કૃપા નથી, સંસાર છૂટી જાય એ ભગવાનની કૃપા છે. સંસારમાં જે કાંઇ સારું મળે છે તે તો આપણી ધર્મ કરવાની અણ-આવડતના કારણે મળે. ધર્મ જો કરતાં આવડે તો તો સંસાર છૂટી જ જાય.

**किञ्चेह बहुनोक्तेन तीर्थकृत्त्वं जगद्धितम् ।**
**परिशुद्धादवाप्नोति धर्माभ्यासान्नरोत्तमः ।।४३।। इति।**

આઠમા અધ્યાયની શરૂઆતમાં જણાવે છે કે ધર્મના ફળનું વધુ શું વર્ણન કરવું? આ જગતના હિતને કરનારું તીર્થંકરપણું પણ પરિશુદ્ધ એવા ધર્માભ્યાસના કારણે ઉત્તમ નર પ્રાપ્ત કરે છે. પરમાત્માને ઓળખાવવા માટે એક જ વિશેષણ અહીં આપ્યું છે કે ભગવાન સમસ્ત જગતનું હિત કરનારા છે. આપણા ભગવાન આપણને આ સંસારથી તરવાનો માર્ગ બતાવે છે - એ જ તેઓશ્રીનો મોટો ઉપકાર છે. દેરાસરમાં જતાંની સાથે આ મારા તારક છે-એવો ભાવ આવવો જોઇએ.

**नातः परं जगत्यस्मिन् विद्यते स्थानमुत्तमम् ।**
**तीर्थकृत्त्वं यथा सम्यक् स्वपरार्थप्रसाधकम् ।।४४।। इति।**

ધર્મ જેટલો મહાન છે તેના કરતાં પણ ધર્મના પ્રરૂપકો મહાન છે. કારણ કે ધર્મ કરવાથી નિસ્તાર નથી થતો, ધર્મના પ્રરૂપકોએ જે રીતે ધર્મ કરવાનો કહ્યો છે તે રીતે ધર્મ કરીએ તો નિસ્તાર થાય. આપણે ધર્મ ઇચ્છા મુજબ કરીએ કે આજ્ઞા મુજબ?

સ. શક્તિ મુજબ કરીએ.

શક્તિ મુજબ કરો છો-એ વાત પણ સાચી છે? તમારા સંસારના કામ શક્તિ મુજબ કરો છો કે શક્તિ કેળવીને કરો છો? ધંધો શક્તિ મુજબ કરો કે ધંધો કરતાં કરતાં શક્તિ ખીલે? શક્તિ મુજબ ખાઓ કે ખાતાં ખાતાં શક્તિ આવે? તમે પૂજા સ્વદ્રવ્યથી કરી શકો કે નહિ? તમારા ઘરનાં કાર્ય સ્વદ્રવ્યથી કરો ને? મહેમાનને

સ્વદ્રવ્યથી જમાડો ને? અને ભગવાનની પૂજા ભગવાનના દ્રવ્યથી કરો ને? મારા ગુરુમહારાજ દેરાસર જઇને પગ ધોવા માટેનું પાણી પણ ઘરેથી જાતે લઇને આવતા હતા.

સ. શક્ય નથી.

અશક્ય પણ નથી, થતું નથી-એવું ય નથી, કરવું નથી - એ હકીકત છે. જો કરવું હોય તો કશું અશક્ય નથી. એક વાર નક્કી કરો કે ભગવાનની આજ્ઞા મુજબ જ કરવું છે તો બધું જ શક્ય છે. આપણે ધર્મ શક્તિ મુજબ નથી કરતા, ઇચ્છા મુજબ કરીએ છીએ અને ઇચ્છા પણ અનુકૂળતા ભોગવવાની છે, આથી જ આપણું કલ્યાણ થતું નથી. આપણા ભગવાન સમસ્ત જીવોનું કલ્યાણ કરવા સમર્થ હોવા છતાં જો આપણું કલ્યાણ કરવા સમર્થ ન બનતા હોય તો તે આપણી ખામીના કારણે, આપણે અનુકૂળતાના અર્થી હતા માટે ભગવાને આપણું કલ્યાણ ન કર્યું. જેની આપણે પૂજા કરીએ તે આપણી સામે પણ જોતા ન હોય તો તે આપણાં લક્ષણ ન હોવાથી નથી જોતા. આ જગતમાં પરમ ભક્તિનું પાત્ર આ એક તીર્થંકર ભગવન્તને છોડીને બીજું એકે નથી. આ પરમાત્માની ભક્તિ કરવી એટલે તેમની આજ્ઞાનું પાલન કરવું. આજ્ઞાનું સંપૂર્ણ પાલન ચારિત્રમાં જ થાય તેની ના નથી. પરંતુ તે માટે ગૃહસ્થપણાનાં અનુષ્ઠાનો આજ્ઞા મુજબ કરતાં થવું પડે ને? શાસ્ત્રમાં કહ્યું છે કે જે રૂનું પૂમડું પણ ન ઉપાડી શકે તે મેરુનો ભાર કેવી રીતે ઉપાડી શકે? તેમ જે ભગવાનની પૂજા પણ આજ્ઞા મુજબ ન કરી શકે તે ચારિત્ર કેવી રીતે પાળવાના? નાનું પણ અનુષ્ઠાન આજ્ઞા મુજબ ન કરે તે મોટું અનુષ્ઠાન કઇ રીતે આજ્ઞા મુજબ કરે? અનુષ્ઠાન આજ્ઞા મુજબ કરવું છે - એવો આગ્રહ ખરો? જેને ભગવાનની આજ્ઞા પ્રત્યે પ્રેમ હોય તેને ગૃહસ્થપણામાં ફાવે નહિ. તે ગૃહસ્થપણામાં રહે નહિ, એવું નથી કહેવું; કદાચ કોઇ કારણોસર સંસારમાં રહેવું પડે તોપણ તેને ત્યાં રહેવું ફાવે નહિ.

સ. ભગવાનની ભક્તિ કરવી એટલે?

ભગવાનને આપણું સર્વસ્વ અર્પણ કરવાની તૈયારી તેનું નામ ભક્તિ. આપણું બચાવીને કરીએ તો સમજવું કે આપણે ભગવાનને ઓળખ્યા નથી. રાખ્યા વિના આપીએ તો સમજવું કે ભગવાનને ઓળખ્યા. આપણા ભગવાન સ્વપરના અર્થને સાધી આપે છે છતાં પણ આપણું કલ્યાણ નથી થતું તેનું કારણ એ છે કે આપણે

ભગવાનને ઓળખ્યા નથી. ઘરના લોકો ગમે કે ભગવાન ગમે? જે દિવસે ભગવાન ગમે તે દિવસે સમજવું કે ધર્મ આપણા હૈયામાં પેઠો. સંસાર જ્યાં સુધી ગમે ત્યાં સુધી ભગવાન ગમવાના નથી. સાધુપણું ગમે અને ઘરના લોકો ન ગમે ત્યારે ભગવાન ગમ્યા એમ સમજવું.

**पञ्चस्वपि महाकल्याणेषु त्रैलोक्यशङ्करम् ।**
**तथैव स्वार्थसंसिद्ध्या परं निर्वाणकारणम् ।।४५।।**

આપણને જે જોઇતું નથી તે દૂર કરવાનું સામર્થ્ય ધર્મમાં છે અને જે આપણને જોઇએ છે તે મેળવી આપવાનું સામર્થ્ય પણ ધર્મમાં છે. આમ છતાં આપણે ધર્મની ઉપેક્ષા કરીએ છીએ એનું કારણ એ છે કે આપણને શું જોઇએ છે એની આપણને જ ખબર નથી. આપણો ધર્મ આપણને સંસારથી તારીને મોક્ષે પહોંચાડે છે. આ સંસારમાં આપણું કલ્યાણ નથી, મોક્ષમાં જ આપણું કલ્યાણ છે. આ કલ્યાણને કરનારો ધર્મ છે. આપણે બહુમતીમાં કે લઘુમતીમાં નથી રહેવું, જિનમતમાં રહેવું છે. જિનમત આપણને એક જ વસ્તુ શીખવે છે કે આપણું જતું કરવું પડે તો ભલે કરવું પડે, પણ કોઇનું લેવું નથી. જે પુણ્યથી મળ્યું હોય તે પણ છોડવું છે તો હવે પાપથી ભેગું શા માટે કરવું? જે ધર્મ આપણું કલ્યાણ કરે એવો છે એવો ધર્મ આપણને આ પરમાત્માએ બતાવ્યો છે. આપણા ભગવાન આપણી ઉપર જન્મથી ઉપકાર કરે છે. ભગવાનના ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ : આ પાંચે પ્રસંગો કલ્યાણને કરનારા મનાય છે. કારણ કે એ પાંચેય પ્રસંગે ત્રણે લોકના જીવો ક્ષણ વાર માટે સુખનો અનુભવ કરે છે. નરકના જીવો પણ ક્ષણવાર સુખનો અનુભવ કરે છે એ પ્રભાવ એ તારકની તારકતાનો છે. આપણા તારક દેવલોકમાંથી ચ્યવ્યા, તારકનો જન્મ થયો, આપણા તારકે દીક્ષા લીધી, આપણા તારક કેવળજ્ઞાન પામ્યા અને એ તારક આપણને મોક્ષમાર્ગ બતાવી મોક્ષમાં ગયા-એ પાંચે આપણા માટે આનંદનો વિષય છે ને? દુઃખ જાય ત્યારે તો આનંદ આવે, પણ આપણું દુઃખ જશે એવી કલ્પના પણ આનંદનો અનુભવ કરાવે ને? ડોકટર આવ્યા છે - એવું સાંભળવામાત્રથી પણ આનંદ આવે ને? એવી રીતે આપણા તારકના જન્માદિ પણ આપણા આનંદનું કારણ બને છે.

સ. ભગવાનના જન્મ વખતે બધા ગ્રહ ઉચ્ચદશાએ હોય એ જ સમયે બીજાનો પણ જન્મ થયો હોય છતાં તે ભગવાન ન થાય - એનું કારણ શું?

દરેકનું પોતપોતાનું તથાભવ્યત્વ. ગ્રહના સમય સાથે ક્ષેત્રનો પણ ફરક પડે ને? તમને આવી શંકા કેમ પડે છે? તમારે તો ઉપરથી એમ પૂછવું જોઇએ કે ત્રણે જગતના લોકોને ભગવાનનું વચન મળ્યું છે છતાં બીજાને અસર થાય છે અને અમને નથી થતી-એનું કારણ શું? ભગવાને દીક્ષા લીધી ત્યારે પણ મુહૂર્ત સારામાં સારું હતું છતાં ભગવાને એકલાએ દીક્ષા કેમ લીધી - આવી શંકા નથી પડતી ને? તમારી નજર સંસારની ઉચ્ચ અવસ્થા ઉપર છે, ચારિત્ર ઉપર નહિ ને? આપણા પરમાત્મા આ રીતે દ્રવ્યથી અને ભાવથી આપણું કલ્યાણ કરીને અંતે પોતાના સ્વાર્થની સિદ્ધિરૂપ નિર્વાણને પામે છે.

**इत्युक्तप्रायं धर्मफलम्, इदानीं तच्छेषमेव उदग्रमनुवर्णयिष्याम इति।।१।। (४८२)**

આ રીતે ધર્મનું ફળ લગભગ કહેવાઇ ગયું. હવે બાકી રહેલું ઉદગ્રફળ જણાવે છે.

**तच्च (सुख)परम्परया प्रकृष्टभावशुद्धेः सामान्यं चरमजन्म तथा तीर्थकृत्त्वं चेति ।।२।। (४८३)**

ધર્મના કારણે પ્રકૃષ્ટભાવની વિશુદ્ધિ થવાથી તીર્થંકર તરીકેનો અથવા તો તે સિવાય સામાન્ય આત્મા તરીકે ચરમજન્મની પ્રાપ્તિ થાય છે, કેટલાક અનાદિકાલીન યોગ્યતાવાળાને તીર્થંકરપણાની પ્રાપ્તિ થાય છે. જેઓ અત્યંત વિશુદ્ધ પરિણામમાં હોય તેમને આયુષ્ય બંધાતું નથી. આયુષ્યનો બંધ પ્રમાદ અવસ્થામાં થાય છે. અપ્રમત્ત અવસ્થામાં રહેલા આયુષ્યનો બંધ કરતા નથી. અત્યંત અશુદ્ધ અને અત્યંત વિશુદ્ધ અવસ્થામાં આયુષ્ય બંધાતું નથી. પરિણામની વિશુદ્ધિ વધે તે માટે સંસારની તમામ ઇચ્છાઓ ઉપર કાપ મૂકીને એક મોક્ષના લક્ષ્યથી આજ્ઞાનું પાલન કરવું. જેઓને મોક્ષમાં જવું હોય અને પરભવમાં ન જવું હોય તેણે પરભવનું ભાથું ન બાંધવું. ધર્મના કારણે સંસારનો અંત આવે છે. સંસારનો અંત આવે તેવી સામગ્રી પણ ધર્મના પ્રભાવે મળે છે.

ઉત્તમમાં ઉત્તમ સામગ્રી મળ્યા પછી પણ આપણે આરાધના ન કરી શકતા હોઇએ તો તેમાં કારણ આપણું પ્રમાદપૂર્ણ જીવન છે. સાધુસાધ્વીનું પણ પતન થતું હોય તો તે મિથ્યાત્વ, અવિરતિ કે કષાયના કારણે નહિ, પ્રમાદના કારણે થાય છે. આરાધના કરવા પહેલાં આપણે અવરોધ દૂર કરવા માટે પ્રયત્ન કરી લેવો છે.

શાસ્ત્રકારોએ આરાધનાના અવરોધોને જણાવીને એને દૂર કરવાનો ઉપાય પણ બતાવ્યો છે. ચરમભવ ત્યારે મળે કે જ્યારે સંક્લેશ દૂર થાય અને વિશુદ્ધિ વધે. દઢપ્રહારી જેવાએ ચરમ જન્મમાં ચાર હત્યા કરી છતાં પણ એ પાપનો પશ્ચાત્તાપ એવો કર્યો કે જેના કારણે એ જ ભવમાં મોક્ષ થઇ ગયો. તેમની પ્રવૃત્તિ ગમે તેટલી અશુભ હોવા છતાં પણ પરિણામમાં એવો સંક્લેશ આવ્યો જ ન હતો. જ્યારે આપણે પાપ કર્યા પછી પશ્ચાત્તાપ કરીએ તોપણ દુઃખનો પશ્ચાત્તાપ કરીએ. એ મહાપુરુષોએ પાપનો પશ્ચાત્તાપ કરેલો. સાચું કહો, પાપ કર્યા પછી દુઃખ ન આવવાનું હોય તો પાપનો પશ્ચાત્તાપ થાય ખરો? દુઃખનો પ્રતિકાર કરવાની ભાવના આપણને સંસારમાં રખડાવે છે. પાપનો પશ્ચાત્તાપ કર્યો હોત તો આપણે મોક્ષમાં પહોંચી ગયા હોત. અવિરતિનું પાપ ભયંકર હોવા છતાં અવિરતિના કારણે થોડુંઘણું સુખ મળે છે માટે જ અવિરતિને આપણે ચલાવી લઇએ છીએ ને? અવિરતિ છોડવી છે ને?

સ. અવિરતિ છોડવી એટલે બંધનમાં રહેવું એ જ ને?

બાર પ્રકારની અવિરતિનો ત્યાગ કરવો - એટલે અવિરતિ છોડવી. છ જીવનિકાયની હિંસા ન કરવી, પાંચ ઇન્દ્રિયો અને છઠ્ઠું મનઃ આ છયેના અનુકૂળ વિષયો શોધવા નહિ, પ્રતિકૂળ વિષયો ટાળવા નહિ, તેનું નામ અવિરતિનો ત્યાગ. આમાં કોઇ બંધનની વાત નથી. બંધનમાંથી છૂટવાની વાત છે. આપણને અવિરતિ ગમે છે. કારણ કે તે સુખ આપે છે. જ્યારે શાસ્ત્રકારો અવિરતિ છોડાવવા માટે ઉપદેશ આપે છે. આથી જ ધર્મનું અંતિમ ફળ જણાવે છે :

**तत्राऽक्लिष्टमनुत्तरं विषयसौख्यं, हीनभावविगमः, उदग्रतरा सम्पत्, प्रभूतोपकारकरणं, आशयविशुद्धिः, धर्मप्रधानता, अवन्ध्यक्रियात्वमिति ।।३।। (४८४)**

જેઓ ધર્મની આરાધના આજ્ઞા મુજબ કરે તેમને ચરમભવમાં પણ કેવી સુંદર અવસ્થા પ્રાપ્ત થાય છે તે જણાવે છે કે વિષયનું સુખ જે મળે તે સંક્લેશ વિનાનું અને અનુત્તર કોટિનું મળે છે. અક્લિષ્ટ તેને કહેવાય કે જે પરિણામે સુંદર હોય. એવા જીવોને ચરમજન્મમાં પાંચે ઇન્દ્રિયોના વિષયસુખ મળે તેમાં રાગસ્વરૂપ સંક્લેશ નથી હોતો. સુખ ઊંચામાં ઊંચું અને રાગનું નામ નહિ. આપણી હાલત તો એવી છે કે સુખમાં કોઇ માલ નથી અને રાગનો પાર નથી. ચરમજન્મ પામેલા મહાપુરુષોને ઊંચામાં ઊંચી સુખસામગ્રી વચ્ચે પણ આસક્તિનું નામનિશાન નથી હોતું. તેમ જ

તેમને જાતિ હીન ન મળે, કુળ હીન ન મળે, વિભવ પણ હીન ન મળે, રૂપ હીન કોટિનું ન મળે, આ રીતે હીનતાનો વિગમ થાય છે. તેમને દ્વિપદ્ચતુષ્પદાદિ સંપત્તિઓ અન્ય ભવો કરતાં પણ ઉચ્ચ કોટિની મળે છે. એ જીવો સ્વપરનો અત્યંત ઉપકાર કરનાર બને છે. તેથી જ તેમના ચિત્તની વિશુદ્ધિ પણ ઘણી હોય છે, ચિત્તમાં કોઇ મલિનતા રહેતી નથી. ધર્મ જ તેમના માટે સારભૂત હોય છે અને તેમની ધર્મની આરાધના અત્યંત નિપુણતાસહિતના વિવેકપૂર્વકની યથાવસ્થિત સાધનસામગ્રીના કારણે અવંધ્યકોટિની હોય છે. એટલે કે તેમની ધર્મારાધના નિષ્ફળ જતી નથી. છેલ્લા ભવમાં તેમની જે ક્રિયા હોય છે તે સંસારને કાપનારી બને છે.

સ. મરુદેવા માતાને છેલ્લા ભવમાં એવા પરિષહ-ઉપસર્ગો આવ્યા ન હતા, છતાં દુઃખ વેઠ્યા વગર તેમને મોક્ષ મળ્યો તેનું કારણ શું?

મરુદેવા માતાએ એ ભવમાં દુઃખ વેઠ્યું ન હતું પરંતુ એની પૂર્વે કેળના ભવમાં તો બાજુમાં રહેલા કાંટાનું દુઃખ આખા ભવમાં સહન કર્યું હતું.

સ. એ તો અકામનિર્જરા હતી, એવી તો અમે પણ કરી હશે ને?

તેમણે અકામનિર્જરા કરીને બીજું કોઇ પાપ બાંધ્યું ન હતું. આપણે અકામનિર્જરા કર્યા પછી પણ પાપ બાંધવાનું કામ અનેક ભવોથી ચાલુ રાખ્યું છે તેથી ચારિત્ર લઇને દુઃખ ભોગવ્યા વિના એ પાપથી મુક્ત નહિ થવાય. નિર્જરા ગમે તેટલી કરીએ પરંતુ સાથે પાપબંધ કરીએ તો તે નિર્જરા નકામી જવાની. આપણને ખબર નથી કે આપણે કેટલાં પાપ કર્યાં છે. તેથી દુઃખ ભોગવવા તૈયાર થવું છે. દુઃખ તો આપણે જેટલું પાપ કર્યું હશે એટલું જ આવશે. શ્રી મહાવીરપરમાત્માએ નંદનૠષિના ભવમાં લાખો માસક્ષમણ કર્યાં છતાં છેલ્લા ભવમાં સાડા બાર વરસ સુધી ભયંકર દુઃખો ભોગવવાનાં બાકી રહ્યાં. ભગવાનનાં પાપ બાકી રહેલાં માટે તેમને દુઃખ આવેલું. તેમ આપણાં પાપ પણ બાકી છે એમ સમજીને દુઃખ ભોગવી લેવું છે જેથી પાપનો ઝટ અંત આવે.

ધર્મ જન્મમરણની પરંપરાને ટાળનારો ત્યારે બને કે જ્યારે આપણો જન્મ જન્માન્તરનું કારણ ન બને. આ જન્મમાં એ રીતે જીવવું છે કે જેથી બીજો જન્મ કરવો ન પડે. આપણે જન્મને ટાળવા માટે પ્રયત્ન કરીએ કે સારો જન્મ પામવા માટે મહેનત કરીએ? ગમે તેટલો સારો જન્મ પણ અનંતદુઃખમય એવા આ સંસારમાં જ મળે ને? તો સારો જન્મ જોઇએ છે કે જન્મ ટાળવો છે? જન્મ ટાળવો હોય તો આ જન્મમાં એવી એકે ભૂલ નથી કરવી કે જેથી બીજા જન્મમાં જવું પડે. આ

સંસારમાં તમે એક પણ સાધન એવી રીતે નથી વાપરતાં કે જે પીડાનું કારણ બને. અગ્નિ, શસ્ત્ર વાપરવું પડે તો કેવી રીતે વાપરો? આપણને દુ:ખ ન પડે એ રીતે ને? તેમ આ જન્મ પણ હવે જન્માન્તરનું કારણ ન બને એવો બનાવવો છે. આપણો જન્મ ચરમ જન્મ ત્યારે જ બને કે જ્યારે તે ધર્મની પ્રધાનતાવાળો બને. આપણો જન્મ ધર્મની પ્રધાનતાવાળો નથી ને? દુ:ખના અભાવની પ્રધાનતાવાળો અને સુખની પ્રધાનતાવાળો જે જન્મ હોય તે ચરમ જન્મ ન બને. ધર્મ પ્રધાન હોય તો જ ચરમજન્મ બને, ધર્મ જો ગૌણ બને તો તે જન્મ ભવાન્તરનું કારણ બને. આપણા જન્મને ચરમજન્મ બનાવવો છે ને? તો તે માટે શું કરવું તે જણાવે છે:

**विशुद्ध्यमानाप्रतिपातिचरणावाप्तिः, तत्सात्म्यभावः, भव्यप्रमोदहेतुता, ध्यानसुखयोगः, अतिशयर्द्धिप्राप्तिरिति ।।४।। (४८५)**

સંક્લેશનો સર્વથા અભાવ હોવાથી ચરમજન્મમાં એ જીવોને વિશુદ્ધ્યમાન અને અપ્રતિપાતી એવા ચારિત્રની પ્રાપ્તિ થાય છે. આપણા જન્મને ચરમભવ બનાવવો હોય તો શુભાશુભ દરેક કર્મોની નિર્જરા કરવી પડશે. નિર્જરા કરવા માટે સાધુપણું લેવું પડશે. અને સાધુપણું વિશુધ્યમાન બનાવવું પડશે. અપ્રતિપાતી એટલે કે પરિણામ પડે નહિ તેવું સાધુપણું પામવું પડશે. દુ:ખ ભોગવવાની તૈયારી વિના નિર્જરા નહિ થાય. નિર્જરા માટે સાધુ થવું જ પડશે.

સ. નિર્જરા માટે સાધુ થવા સિવાય બીજો કોઇ ઉપાય નથી?

જો બીજો ઉપાય હોત તો અનંતા તીર્થંકરો અને બીજા અનંતા આત્માઓએ સાધુપણું લીધું ન હોત. અનંતા આત્માઓ ચારિત્ર લઇને જ મોક્ષે ગયા છે.

સ. પૃથ્વીચંદ્રગુણસાગર તો લગ્નની ચોરીમાં અને રાજસિંહાસન ઉપર કેવળજ્ઞાન પામ્યા ને?

તમને પૃથ્વીચંદ્રગુણસાગરનો એકવીસમો ભવ યાદ છે, એની પહેલાના ભવો યાદ નથી ને? તેમણે ઓગણીસમા ભવમાં ભાવથી નિરતિચાર ચારિત્ર પાળેલું માટે જ તેઓ વીસમા ભવે સર્વાર્થસિદ્ધ વિમાનમાં ગયેલા. દરેક મનુષ્યભવમાં તેમણે દીક્ષા લીધેલી. તમારે એક વાર પણ નથી લેવી ને? પૃથ્વીચંદ્રગુણસાગરનું નામ લેવું હોય તો પહેલા ભવથી યાદ કરો. કલાવતીનાં કાંડા કપાયાં હતાં છતાં સમતાનો પાર ન હતો. સગા ધણીએ કાંડાં કાપ્યાં છતાં ધણીને માટે અશુભ વિચાર નથી આવ્યો. આપણા તો પગમાં કાંટો વાગે તોય ઊંચાનીચા થઇ જઇએ અને તેમનાં કાંડાં કપાયાં

તોપણ આર્તધ્યાન નથી કર્યું. આજે કોઇ સ્ત્રીને આવો ધણી મળ્યો છે? નહિ ને? છતાં ફરિયાદ ચાલુ છે ને? એ મહાત્માઓએ દુઃખ વેઠ્યું પછી તેમનો એકવીસમો ભવ આવેલો. ભરતમહારાજાએ પણ પૂર્વભવમાં પાંચ સો સાધુઓની વૈયાવચ્ચ કરેલી. વૈયાવચ્ચ દુઃખ વેઠ્યા વગર થાય? કોઇની પણ સેવા દુઃખ ભોગવ્યા વિના ન થાય. તમે સંસારના સુખ માટે ઓછું દુઃખ ભોગવો છો? તો મોક્ષ માટે દુઃખ ભોગવવામાં શું વાંધો છે?

સ. અમારે ત્યાં તો દુઃખ આવ્યા પછી છૂટછાટ લઇ શકાય, ત્યાં ન લેવાય ને?

હોસ્પિટલમાં છૂટછાટ મળે? નહિ ને? છતાં ત્યાં જાઓ ને? કારણ કે સાજા થવું છે. જે છૂટછાટ લે તે સાજો થાય ખરો? જેને સાજા થવું હોય તે છૂટછાટ ન લે, તેમ જેને મોક્ષે જવું હોય તે દુઃખના ભોગવટામાં છૂટછાટ ન લે. દુઃખ ભોગવવાની તૈયારી હોય તેના માટે સાધુપણું સુકર છે. તમને પૃથ્વીચંદ્ર, ગુણસાગર, ભરતમહારાજા વગેરે યાદ આવ્યા પરંતુ ગજસુકુમાલ મુનિ, ખંધકમુનિ વગેરે યાદ ન આવ્યા ને? તમે દુઃખથી ભાગવા માટે ગમે તેટલો પ્રયત્ન કરો, તમારા નસીબમાં દુઃખ ભોગવવાનું હશે તો તે આવશે જ. સુખ ભોગવવું નથી અને દુઃખ આવે તો ચિંતા નથી : આટલી તૈયારી હોય તેના ચારિત્રના પરિણામ વિશુધ્યમાન હોય. તેમ જ તેના પરિણામ પડવાનું પણ કોઇ કારણ નથી. આ રીતે પરિણામની વિશુદ્ધિ આત્મસાત્ થવાથી સાત્મ્યભાવની પ્રાપ્તિ થાય છે. આવા જીવો પોતાની ચારિત્રની આરાધના દ્વારા ભવ્યજીવોના પ્રમોદનું કારણ બને છે. ક્રમે કરીને તેમને ધ્યાનના સુખનો યોગ પ્રાપ્ત થાય છે. પાપ ન કરવાનો અધ્યવસાય ચોવીસે કલાક હોય તેનું નામ ધ્યાન. સાધુ ભગવંતને કોઇ પણ જાતની ઇચ્છા નથી હોતી. ઇચ્છાના કારણે પાપ કરવાનું મન થાય છે. પાપ ન કરવાનો પરિણામ ઇચ્છાના અભાવથી આવે છે. આથી જ સાધુ ધ્યાનના સુખને અનુભવનારા બને છે. તેમને ચારિત્રની આરાધનાના પ્રભાવે આમર્ષૌષધિ વગેરે ક્ષયોપશમભાવની અનેક પ્રકારની લબ્ધિઓ પ્રાપ્ત થાય છે. ત્યાર બાદ :

**अपूर्वकरणं, क्षपकश्रेणिः, मोहसागरोत्तारः, केवलाभिव्यक्तिः, परमसुखलाभ इति।।५।। (४८६)**

આ જીવો ચારિત્રની આરાધનામાં ઉત્કૃષ્ટ પરિણામ દ્વારા સાતમા ગુણઠાણાની પરાકાષ્ઠાને પામે છે ત્યાર બાદ ઘાતીકર્મના ક્ષય માટે અપૂર્વકરણનામના આઠમા ગુણઠાણાને પામે છે. આ બધી વાતો વિસ્તારથી સમજાવવા માટે ઘણો સમય

જોઇએ. કર્મગ્રંથનો અભ્યાસ ન કર્યો હોય તેના માટે આ બધુ સમજવાનું કઠિન છે. તેથી આપણે સામાન્યથી એનું સ્વરૂપ સમજી લેવું છે. કરણ એટલે અહીં ઇન્દ્રિય અર્થ ન કરવો, પરંતુ આત્માનો પરિણામ-અધ્યવસાય તેનું નામ કરણ. અને કર્મોને કાઢવાનો અપૂર્વ એવો પરિણામ તેને અપૂર્વકરણ કહેવાય. કર્મોને કાઢવાનો પરિણામ તો સાધુને કાયમ માટે હોય જ છે. પરંતુ 'આજે એ નહિ કાં તો હું નહિ' આવા પ્રકારનો ઘાતીકર્મને કાઢવાનો જે દૃઢ અધ્યવસાય તેને અપૂર્વકરણ કહેવાય છે. અપૂર્વકરણ બાદ ઘાતીકર્મોને ખપાવવાનો જે ક્રમ છે-તેને ક્ષપકશ્રેણી કહેવાય છે. ક્ષપકશ્રેણીમાં મોહનીયકર્મને પ્રધાનપણે ખપાવવાનું કામ કરાય છે. ક્ષપકશ્રેણીના પ્રભાવે મિથ્યાત્વમોહનીયાદિ સ્વરૂપ મોહસાગરના પારને પામવાનું બને છે. મોહ સાગરજેવો લાગે છે ખરો? જ્યાં સુધી મોહ સાગરજેવો ભયંકર નહિ લાગે ત્યાં સુધી તેને તરવાનું શક્ય નહિ બને. આપણે સંસારમાં બેઠા છીએ તે મોહના કારણે બેઠા છીએ ને? કે ફરજના કારણે? તમે સંસારનાં કાર્યો મોહથી કરો છો કે ફરજથી?

સ. અમે ગૃહસ્થપણામાં હોઇએ ત્યાં સુધી તો અમારું કર્ત્તવ્ય ખરું ને?

એને કર્ત્તવ્ય ન કહેવાય, ફરજ કહેવાય. જે કરવાયોગ્ય હોય તેને કર્તવ્ય કહેવાય અને જે કરવું પડે એવું હોય તેને ફરજ કહેવાય. સાધુપણું એ કર્ત્તવ્ય છે અને ગૃહસ્થપણાનાં કાર્યો ગૃહસ્થ માટે ફરજરૂપ ગણાય. જ્યાં સુધી સાધુપણું કર્ત્તવ્ય નહિ લાગે ત્યાં સુધી સંસાર છૂટશે નહિ. સંસાર મોહના કારણે છે અને મોહ સાગરજેવો છે. એ સાગર ક્ષપક શ્રેણી દ્વારા તરાય છે. મોહનીયકર્મની પ્રકૃતિઓ ક્રમસર ખપાવીને અંતે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયકર્મને ખપાવતાંની સાથે કેવળજ્ઞાનની અભિવ્યક્તિ થાય છે અર્થાદ્ આત્માનો કેવળજ્ઞાન ગુણ પ્રગટ થાય છે અને તેના કારણે પરમસુખની પ્રાપ્તિ થાય છે.

જ્યાં સુધી આપણે ધર્મ કરતા ન હતા ત્યાં સુધી પાપ કરીને ચાર ગતિમાં રખડવાનું કામ કરતા જ હતા પરંતુ ધર્મ કરવાનું શરૂ કર્યા પછી પણ જો આપણે ચાર ગતિમાં રખડતા જ રહીએ તો માનવું પડે ને કે આપણે સંવરને આશ્રવ બનાવ્યો. જે મહાપુરુષોએ આશ્રવને સંવર બનાવ્યો, તેઓએ પોતાના જન્મને ચરમ જન્મ બનાવી દીધો. જેણે ભગવાને કીધેલું કર્યું, છતાં ભગવાનના કહ્યા મુજબ ન કર્યું તેણે સંવરને પણ આશ્રવ બનાવ્યો. આપણે આશ્રવને પણ સંવર બનાવવાનો હતો તેના બદલે સંવરને પણ આશ્રવ બનાવ્યો માટે આપણો જન્મ નકામો ગયો. આશ્રવને સંવર બનાવતાં આવડ્યું હોત તો આપણો જન્મ ચરમ જન્મ બની શકત.

સ. આશ્રવને સંવર બનાવવું એટલે શું?

આસક્તિ માટે ખાવું, સ્વાદ માટે ખાવું તે આશ્રવ. અને અશક્તિ લાગે છે માટે ખાવું તે આશ્રવને સંવર બનાવવા સ્વરૂપ છે. અશક્તિના કારણે આરાધના સારી થતી ન હોવાથી વાપરે તો તે ભાવ શુભ હોવાથી તેનો ખાવાની ક્રિયા સ્વરૂપ આશ્રવ પણ સંવરરૂપે પરિણમ્યો - એમ સમજવું. તમે બ્રહ્મચારી રાજા અને નિત્ય ઉપવાસી એવા મુનિભગવંતની કથા સાંભળી છે ને? એક રાજાની રાણીને મુનિને વહોરાવીને વાપરવાનો નિયમ હતો. એ રાણીને કોઇ કામકાજ નહિ હોય ને? રાણી હોવા છતાં મુનિને વહોરાવ્યા વિના મોઢામાં અન્નપાણી ન નાંખવાનો નિયમ હતો. આપણે રાણી કરતાં પણ મોટા છીએ માટે આવો નિયમ આપણને નથી ને? એક વાર વરસાદના દિવસોમાં નદી બે કાંઠે વહેતી હતી. અને મુનિભગવંત નદીને પેલે પાર હતા. રાણી વિમાસણમાં પડ્યાં તેથી રાજાએ પૂછ્યું. રાણીએ કારણ જણાવ્યું. રાજાએ કહ્યું કે નદીને જઇને કહે કે ‘મારો પતિ જો બ્રહ્મચારી હોય તો હે નદી! તું મને માર્ગ આપ’. રાણીને પોતાનો પતિ કેવો બ્રહ્મચારી છે-એ તો ખબર હોય ને? છતાં રાણીજી સતી હતાં. તેથી પતિના વચનમાં શંકા કર્યા વિના નદી પાસે ગયાં અને નદીને એ પ્રમાણે કહ્યું. તરત નદી બે ભાગમાં વહેંચાઇ ગઇ અને નદીએ માર્ગ કરી આપ્યો. રાણીજી ત્યાં પહોંચ્યાં, સાધુભગવન્તને વહોરાવ્યું, પોતે વાપર્યું અને પાછા ત્યાં ઊભાં રહ્યાં. સાધુભગવન્તે પૂછ્યું. રાણીજીએ કહ્યું કે નદીમાં પૂર છે, કેવી રીતે જઉં? સાધુએ પૂછ્યું કે ‘તમે આવ્યાં કઇ રીતે?’ રાણીજીએ જે રીતે આવ્યાં હતાં તે જણાવ્યું. સાધુભગવંતે કહ્યું કે નદીને જઇને કહો કે, ‘સાધુભગવંત નિત્ય ઉપવાસી હોય તો નદી! તું મને માર્ગ આપ’. રાણીજીએ સાધુને વહોરાવ્યું છે, મહાત્માએ વાપર્યું છે-એ પણ જાણે છે છતાં મુનિના વચનમાં શંકા કર્યા વિના નદીને જઇને કહ્યું. નદીએ માર્ગ કરી આપ્યો. રાણીજી પાછાં તો આવ્યાં. પરંતુ આવીને રાજાને પૂછ્યું કે - હું મુનિને વહોરાવી તો આવી, પરંતુ આપનું બ્રહ્મચર્ય કેવું અને મુનિનો ઉપવાસ કેવો - એ મને સમજાતું નથી. ત્યારે રાજાએ સમજાવ્યું કે ભોગના પરિણામ ન હોવા છતાં તારા મન ખાતર પ્રવૃત્તિ કરું છું. અને મુનિભગવંતને આહારની ઇચ્છા ન હોવા છતાં શરીરના નિર્વાહ માટે આહાર લે છે. આ રીતે ઇચ્છા વિનાની પ્રવૃત્તિ હોવાથી એ પ્રવૃત્તિ ગણાતી નથી. મન વગરની અશુભ પ્રવૃત્તિ કર્મબંધનું કારણ બનતી નથી તેથી રાજા બ્રહ્મચારી ગણાયા અને મુનિ ઉપવાસી કહેવાય છે. રાણી વિચારવા લાગી કે રાજાને સંસારમાં રહેવાનું મન ન હોવા છતાં મારા કારણે સંસારમાં રહ્યા છે, એના

બદલે હું જ જો ચારિત્ર લઇ લઉં તો તેમનો માર્ગ ખુલ્લો થઇ જાય. આપણા કારણે કોઇને સંસારમાં બેસવું પડે તેના કરતાં આપણે જ સંસારથી ખસી જવું સારું ને? આ પ્રસંગ બાદ રાજા અને રાણીએ દીક્ષા લીધી. આશ્રવની પ્રવૃત્તિમાં આશ્રવના પરિણામ ન ભળે તો આશ્રવ પણ સંવરરૂપે પરિણમે. અને સંવરની પ્રવૃત્તિમાં આશ્રવના પરિણામ ભળે તો સંવર પણ આશ્રવરૂપે પરિણમે. આશ્રવને સંવર બનાવવાની તૈયારી આવે તો જ ક્ષપકશ્રેણી માંડી શકાય. અપૂર્વકરણ એ આઠમે ગુણઠાણે હોય. ક્ષપકશ્રેણી એ નવમે-દસમે ગુણઠાણે હોય, મોહસાગરનો ઉત્તાર બારમે ગુણઠાણે હોય, કેવલજ્ઞાનની અભિવ્યક્તિ તેરમે ગુણઠાણે હોય છે. અને પરમસુખનો લાભ ચૌદમા ગુણઠાણાના અંતે થાય છે. પરમસુખની પ્રાપ્તિ શેના કારણે થાય છે-એમાં હેતુ જણાવે છે:

**सदारोग्याप्तेरिति।।६।। (૪૮૭) भावसन्निपातक्षयादिति।।७।। (૪૮૮)**

કેવળજ્ઞાનની પ્રાપ્તિ બાદ સદા આરોગ્યસ્વરૂપ ભાવ આરોગ્યની પ્રાપ્તિ થવાથી પરમસુખની અનુભૂતિ થાય છે. આ આરોગ્ય સદા માટે કઇ રીતે પ્રાપ્ત થાય છે તે માટે જણાવે છે કે ભાવસંનિપાતનો ક્ષય થવાથી સદા આરોગ્યની પ્રાપ્તિ થાય છે. ભાવસંનિપાત કેવા પ્રકારનો છે તે બતાવે છે :

**रागद्वेषमोहा हि दोषाः, तथा तथाऽऽत्मदूषणादिति ।।८।। (૪૮૯)**

રાગ, દ્વેષ અને મોહ: આ ત્રણ દોષો પ્રગટપણે આત્માને દૂષિત કરતા હોવાથી ભાવસંનિપાત સ્વરૂપ છે. રાગ, દ્વેષ, મોહના કારણે આત્મા વિકારને પામે છે. રાગના કારણે અભિષ્વંગસ્વરૂપ વિકાર આત્મામાં જાગે છે, દ્વેષના કારણે આત્મામાં માત્સર્ય સ્વરૂપ વિકાર જાગે છે અને મોહના કારણે અવિવેક સ્વરૂપ વિકાર જાગે છે. રાગાદિનું સ્વરૂપ જણાવે છે :

**अविषयेऽभिष्वङ्गकरणाद्राग इति ।।९।। (૪૯૦)**

રાગની વ્યાખ્યા કરતાં જણાવે છે કે જે પદાર્થો સ્વભાવથી જ નાશ પામનારા હોવાથી બુદ્ધિમાનો માટે રાગ કરવા યોગ્ય નથી તેવા સ્ત્રી વગેરે પદાર્થોને વિષે ચિત્તનું લાગી રહેવું તેનું નામ રાગ. જેઓ નાશવંત વસ્તુમાં ચિત્તને જોડે છે તેઓ બુદ્ધિમાન નથી, કારણ કે બુદ્ધિમાનો નાશવંત વસ્તુમાં પોતાના ચિત્તને જોડતા નથી. આપણે બુદ્ધિમાન છીએ ને? જે નાશવંત હોય તેની ઉપર આપણે રાગ કરતા નથી ને? તમને

ધર્મશાળા ઉપર રાગ ન થાય પણ તમારા ઘર ઉપર રાગ થાય ને? કેમ? ઘર વિનશ્વર નથી? નશ્વર સ્વભાવવાળી વસ્તુ ઉપર આસક્તિ કરવી તેનું નામ રાગ.

સ. પ્રશસ્ત રાગ કોને કહેવાય?

રાગને તોડવા માટે જે રાગ કામ લાગે તેને પ્રશસ્ત રાગ કહેવાય. ખરાબ અંગ કાપવા માટે છરી વાપરવી તે પ્રશસ્ત ઉપયોગ અને મારવા માટે જે છરી વપરાય તે અપ્રશસ્ત છે. ક્ષયોપશમભાવનો ધર્મ ક્ષાયિકભાવમાં પરિણમે છે અને ક્ષાયિકભાવનો ધર્મ શાશ્વત છે. તેથી ધર્મ પ્રત્યેનો રાગ પ્રશસ્ત છે. આપણે અત્યારે રાગની વાત કરીએ છીએ તેમાં પ્રશસ્ત રાગને વચ્ચે નથી લાવવો. રાગ પછી દ્વેષની વ્યાખ્યા કરતાં જણાવે છે :

**तत्रैवाग्निज्वालाकल्पमात्सर्यापादनाद् द्वेष इति ।।१०।। (४९१)**

કોઇ એક પદાર્થ ઉપર રાગ થવાથી માત્સર્ય જે પેદા થાય છે તેને દ્વેષ કહેવાય છે. જે નશ્વર વસ્તુ પર રાગ છે તે બીજા પાસે જોઇને સહન ન થાય અર્થાદ્ બીજાની સંપત્તિ જોઇને હૈયામાં જે બળતરા થાય છે તે દ્વેષ છે. આ દ્વેષ અગ્નિની જ્વાળા જેવો છે. કારણ કે તેનાથી સમ્યક્ત્વાદિ સમસ્ત ગુણો બળી જાય છે.

સ. માત્સર્ય કઇ રીતે કાઢવું?

બીજાની સામે નજર ન કરવી. બીજા પાસે કેટલું છે-એ જોવાના બદલે આપણે આપણા આત્મા સામે જોવું છે. આપણા આત્માના ગુણો સામે જોઇએ તો આપણને કશું ઓછું ન આવે. બીજા પ્રત્યે માત્સર્ય હોવાથી તેની સંપત્તિ સહન ન થાય. તેના કારણે તેને નીચા પાડવાનું મન થાય. બીજાને નીચા પાડીને આપણે ઊંચા આવવાની વૃત્તિ માત્સર્યના ઘરની છે.

સ. કોઇનું આપણે જિંદગી સુધી સારું કર્યું હોય એમ છતાં તે આપણું ખરાબ કરે તો તેની પ્રત્યે દ્વેષ આવે ને? તે કેવી રીતે કાઢવો?

એવા વખતે વ્યક્તિનો દોષ ન કાઢવો આપણા કર્મનો જ દોષ કાઢવો. એવા વખતે આપણા કર્મનો દોષ માન્યા પછી પણ જો દુ:ખ થતું હોય તો સમજી લેવું કે માત્ર બોલવા ખાતર કર્મનો દોષ બોલ્યા, બાકી કર્મ પ્રત્યે શ્રદ્ધા નથી.

શાસ્ત્રમાં તો એવું પણ કહેલું છે કે કોઇ જીવ આપણી પ્રશંસા કરીને રાજી થાય

અને કોઇ આપણી નિંદા કરીને રાજી થાય તેમાં આપણે રાજી કે નારાજ થવાની જરૂર નથી. આપણને પામીને કોઇ પણ રીતે સામો માણસ રાજી થતો હોય તો આપણે તેમાં નારાજ નથી થવું.

જેમ શરીરમાંથી વાત, પિત્ત અને કફ આ ત્રણ દોષો દૂર થવાથી દ્રવ્ય આરોગ્ય પ્રાપ્ત થાય છે તેમ આત્મામાંથી રાગ દ્વેષ અને મોહ આ ત્રણ દોષો દૂર થવાથી ભાવઆરોગ્ય પ્રાપ્ત થાય છે. સંસારનો ઉચ્છેદ સંસારના દોષોના ઉચ્છેદ વિના નહિ થાય. દ્રવ્યઆરોગ્ય પામવા માટે અને દ્રવ્યરોગ ટાળવા માટે આપણે જે પ્રયત્ન કરીએ છીએ તે આપણી મોટામાં મોટી ભૂલ છે. ભાવઆરોગ્ય મેળવવા માટે જેઓ પ્રયત્ન નથી કરતા, ભાવરોગ ટાળવા માટે પ્રયત્ન નથી કરતા તેઓને દ્રવ્યરોગમાં પણ રિબાવાનો વખત આવે છે. જેઓ ભાવરોગ ટાળે તેમનો દ્રવ્ય રોગ પણ નાશ પામે. આપણે જોઇ ગયા કે નાશવંત ચીજો પર આસક્તિ કરવી તેનું નામ રાગ. અને બીજાનું સહન ન થવા સ્વરૂપ જે માત્સર્ય છે તેને દ્વેષ કહેવાય છે. બીજાનું સારું કે ખોટું સહન કરવાની વૃત્તિ હોય તો દ્વેષ ન આવે. બીજા આપણી ભૂલ બતાવે તોપણ તેની ઉપર દ્વેષ નથી કરવો, કારણ કે આપણી ભૂલ બતાવનાર આપણા આત્માની રક્ષા કરે છે. બીજાનો ગમે તેવો સ્વભાવ હોય તે ચલાવી લેતાં શીખી જવું છે. આજે તમારો સંસાર આના ઉપર જ ટક્યો છે. તમને ઘરના લોકોનું ચલાવી લેતાં આવડે છે, માટે તો તમારો સંસાર ચાલે છે. ચલાવી લેવાની રીત તો અમારાં સાધુસાધ્વીએ તમારી પાસે શીખવાની જરૂર છે.

સ. આપણી ભૂલ ન હોય ને બતાવે તો દ્વેષ આવે ને?

આપણી ભૂલ નથી-એવું કહેનારા તમે કોણ? આપણી ભૂલ તો છે જ. આપણે જન્મ્યા એ આપણી પહેલી ભૂલ, જન્મ્યા પછી આઠમા વર્ષે દીક્ષા ન લીધી એ આપણી બીજી ભૂલ અને હવે સંસારમાં ચલાવી નથી લેતા એ આપણી ત્રીજી ભૂલ છે. આ ત્રણે ભૂલોને ભૂલ ન માનવી - એ ચોથી ભૂલ છે. ત્રણ ભૂલ ના ટળે તોય ચોથી ભૂલ તો નથી જ કરવી. રાગના કારણે ગુણો આવતા નથી અને દ્વેષના કારણે આવેલા પણ ગુણો બળી જાય છે. નાશવંતી ચીજ ઉપર આસક્તિ ન કરીએ તો રાગ જાય અને સહનશીલતા કેળવી લઇએ તો દ્વેષ જાય. હવે મોહની વ્યાખ્યા કરતાં જણાવે છે :

**हेयेतरभावाधिगमप्रतिबन्धविधानान्मोह इति।।११।। (४९२)**

હેય અને ઉપાદેયભાવને સ્વીકારવામાં જે અવરોધ કરે તેનું નામ મોહ. માત્ર અજ્ઞાન એ મોહ નથી. અજ્ઞાન એટલે તો જ્ઞાનનો અભાવ. જ્યારે, જાણ્યા પછી પણ માનવા ન દે તેનું નામ મોહ. હેયને હેય માનવા ન દે અને ઉપાદેયને ઉપાદેય માનવા ન દે તેનું નામ મોહ. માન્યા પછી ન કરવા દે તે મોહ નથી, અવિરતિ છે. અવિરતિ એટલે ચારિત્રમોહનીય, જ્યારે મોહ એટલે મિથ્યાત્વમોહનીય. ચારિત્રનો પરિણામ લાવવા ન દે તે ચારિત્રમોહનીય અને ચારિત્રને ઉપાદેય માનવા ન દે તે મિથ્યાત્વમોહનીય. રાગ અને દ્વેષ એ ચારિત્રમોહનીય છે અને મોહ એ મિથ્યાત્વમોહનીય છે. હવે આ ત્રણ દોષોને સંનિપાત કેમ કહેવાય છે તે જણાવે છે :

**सत्स्वेतेषु न यथावस्थितं सुखं, स्वधातुवैषम्यादिति।।१२।। (४९३)**

રાગાદિ હોતે છતે આત્માની ધાતુઓની વિષમતા થવાથી આત્માનું યથાવસ્થિત સુખ અનુભવી શકાતું નથી. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર એ આત્માની ધાતુઓ છે. જે જીવના સ્વરૂપને ધારી રાખે છે તેને ધાતુ કહેવાય. સમ્યગ્દર્શનાદિ એ આત્માના સ્વરૂપને ધારી રાખે છે માટે તે ધાતુઓ છે. રાગાદિના કારણે આ ધાતુમાં વિષમતા-વિકાર આવે છે. તેથી જ આત્માનું સુખ અનુભવાતું નથી.

સ. અમને જેની ઇચ્છા હોય તે મળે તો તેમાં સુખ અનુભવાય છે તે શું છે?

એ સુખ યથાવસ્થિત નથી. તમને વસ્તુ મળવાના કારણે આનંદ થાય છે કે જોઇએ છે તે મળે તો આનંદ થાય છે? વસ્તુમાં સુખ આપવાની તાકાત નથી. આપણા મમત્વના કારણે એમાં સુખનો આભાસ થાય છે. વસ્તુતઃ રાગાદિ દુઃખના કારણ છે છતાં તેના કારણે સુખ અનુભવાય છે-એ મતિભ્રમ છે. રાગાદિની હાજરીમાં જે સુખ મળે તે યથાવસ્થિત નથી હોતું. દુઃખનો સર્વથા નાશ થવાથી જે સુખ મળે છે તે તાત્ત્વિક છે. આથી જણાવે છે:

**क्षीणेषु न दुःखं, निमित्ताभावादिति ।।१३।। (४९४)**

રાગાદિ ક્ષીણ થયે છતે દુઃખનો નાશ થાય છે. કારણ કે દુઃખનું નિમિત્ત જ રાગાદિ છે. દુઃખનું નિમિત્ત જ ન હોય તો દુઃખ ક્યાંથી રહે? જે વસ્તુ પર મમત્વ હોય તેના નાશમાં દુઃખ થાય, જેની ઉપર મમત્વ જ ન હોય તે નાશ પામે તોપણ દુઃખ ન થાય ને? એક ભાઇએ પોતાનો બંગલો વેચી દીધો. બંગલાનો સોદો કર્યો ત્યારે તેનો છોકરો હાજર ન હતો. તે બહારગામથી આવ્યો એ દિવસે તે બંગલાને આગ લાગી. એ જોઇને તેના છોકરાએ તરત પિતાને સમાચાર આપ્યા કે 'આપણા

બંગલામાં આગ લાગી છે'. ત્યારે તેના પિતાએ કહ્યું કે 'દીકરા ચિંતા ન કર. આપણો બંગલો વેચાઇ ગયો છે'. બંગલા ઉપરનું મમત્વ ગયું તો તે બળવા છતાં પણ દુઃખ ન થયું ને? તેમ રાગ, દ્વેષ અને મોહનો નાશ થવાથી દુઃખનો નાશ થાય છે.

**आत्यन्तिकभावरोगविगमात् परमेश्वरताऽऽप्तेस्तत्तथास्वभावत्वात् परमसुखभाव इतीति ।।१४।। (४९५)**

રાગાદિ ભાવરોગોનો આત્યન્તિક વિગમ થવાથી અર્થાદ્ અપુનર્ભાવે-ફરીથી ઉત્પન્ન ન થાય તે રીતે નાશ થવાથી ઇન્દ્રો કે ચક્રવર્તી કરતાં પણ ચઢિયાતા ઐશ્વર્ય સ્વરૂપ કેવળજ્ઞાનાદિની પ્રાપ્તિ થાય છે. અને આ પરમૈશ્વર્ય સ્વરૂપ જ પરમસુખનો લાભ છે. તેથી કેવલજ્ઞાનાદિની પ્રાપ્તિ એ જ પરમસુખરૂપ છે. આ રીતે તીર્થંકર થનાર અથવા તો નહિ થનાર : આ બન્ને પ્રકારના જીવોને સાધારણ એવું જે ફળ પ્રાપ્ત થાય છે તે જણાવ્યું. હવે તીર્થંકરપણા સ્વરૂપ જે વિશિષ્ટ ફળ મળે તે જણાવે છે :

**देवेन्द्रहर्षजननमिति ।।१५।। (४९६)**

ધર્મના પ્રભાવે, દેવેન્દ્રોને પણ હર્ષ-સંતોષને ઉત્પન્ન કરે તેવા તીર્થંકરના જન્મની પ્રાપ્તિ થાય છે. ઇન્દ્રાદિ દેવતાઓને પોતે જન્મ્યાનો આનંદ નથી હોતો, ભગવાન જન્મ્યાનો આનંદ હોય છે. તેઓ ભગવાનનો જન્માભિષેક કરે ત્યારે તેના આનંદની આગળ પોતાના દેવલોકનાં સુખોને તૃણ જેવાં પણ નથી માનતા.

સ. ઇન્દ્રોને ભગવાનના જન્મ વખતે આટલો આનંદ કેમ થાય?

માંદા માણસને ડોક્ટર જોઇને આનંદ થાય કે સગાને જોઇને? સમકિતી દેવોને સુખ પાર વગરનું હોવા છતાં તેમનું મન સંસાર કાઢવાનું જ હોય છે. રાગાદિ સ્વરૂપ ભાવરોગને દૂર કરનારા ભાવવૈદ્યના જન્મથી તેમને આનંદ થાય છે.

ભગવાન થઇને જેટલા આત્માઓ મોક્ષે ગયા છે તેના કરતાં અસંખ્યાતગુણા આત્માઓ ભગવાનનું માનીને મોક્ષે ગયા છે. આ બન્નેના ચરમ જન્મનો વિચાર આપણે કરી લીધો. હવે તીર્થંકરના ચરમ ભવની વાત શરૂ કરી છે. તીર્થંકરના આત્માઓ માત્ર ગર્ભાવસ્થામાં આવે છે ત્યારથી ઇન્દ્રાદિ દેવતાઓને આનંદ થાય છે, કારણ કે તેમને એમ લાગે છે કે આપણા તારકનો જન્મ થવાનો છે. ભગવાનના જન્મથી માંડીને નિર્વાણ સુધીમાં તે તે નિમિત્તે ભગવાનની પૂજા કરે છે માટે જ જણાવ્યું છે.

**તથા - પૂજાનુગ્રહાઙ્ગતેતિ ।।૧૬।। (૪૯૭)**

આપણા તારકનો જન્મ થાય તો આનંદ થાય ને? ઇન્દ્રાદિ દેવતાને ભગવાનના ચ્યવનમાત્રથી પણ આનંદ થાય, આપણને ભગવાનની પૂજા કરતાં પણ આનંદ નથી આવતો તેનું કારણ શું? આજે પરમાત્માની પૂજા કરનારા જૈનો માંડ ૫-૧૦ ટકા મળે ને? બાકી તો એવું કહેનારા મળે કે પથ્થરની ગાય દૂધ ન આપે તેમ પથ્થરની પ્રતિમા ફળ ન આપે! નાના છોકરાઓ હાથીના ચિત્ર ઉપરથી પણ હાથીને ઓળખે અને ભગવાનની પ્રતિમા પરમાત્માનું જ્ઞાન ન કરાવે - આ વાત બેસે એવી છે? આપણા ભગવાન આપણને તારે છે-એવું ભાન જ નથી ને? જો આ પરમાત્મા પ્રત્યે પણ ભક્તિ નહિ હોય તો હવે આપણને આ સંસારથી તારશે કોણ? ઇન્દ્રાદિ દેવતાને પરમાત્માના જન્મથી પણ આનંદ થાય, આપણને પૂજામાં પણ આનંદ ન આવતો હોય તો માનવું પડે કે આપણને સંસારથી તરવાનો ભાવ જ નથી.

સ. એમને અવધિજ્ઞાન હતું.

તેમના અવધિજ્ઞાનથી પણ ચઢિયાતું શ્રુતજ્ઞાન આપણી પાસે છે ને? તો આજે નક્કી કરવું છે કે ભગવાનની પૂજા કર્યા વિના રહેવું નથી. આપણા ઘરમાં પણ કોઇ પૂજા વિના રહેવું ન જોઇએ. સંસારથી તરવું છે ને? તો આટલું કરવું પડશે.

સ. આપે જ કહ્યું હતું ને કે પરાણે ધર્મ કોઇને ન કરાવવો.

નાનું છોકરું અગ્નિને અડતું હોય તો તેને પરાણે પણ ત્યાં જતાં અટકાવો ને? ઝેર ખાતું હોય તો પરાણે અટકાવાય ને? ધર્મ માત્ર પરાણે ન કરાવાય ને?

સ. રાત્રિભોજન કરનારને શું પ્રાયશ્ચિત્ત આવે?

રાત્રિભોજન કરનારને મરણ આવે. શાસ્ત્રમાં લખ્યું છે કે રાત્રિભોજન એ નરકનું પહેલું દ્વાર છે. ઝેર ખાવાથી શું થાય? મરણ જ આવે ને? રાત્રિભોજન ઝેર કરતાં પણ ભૂંડું છે. તે આપણે પણ કરવું નથી અને બીજાને પણ કરવા દેવું નથી. ધર્મ જો તારક લાગતો હોય અને પાપ જો ડુબાડનારું લાગતું હોય તો પરાણે પણ પાપ છોડાવવું છે. આ તો તમને કષાય આવે છે માટે બીજાને સુધારવાની ના પાડેલી. બાકી સંસારથી જેને તરવું હોય તેણે ધર્મ પરાણે પણ કરવો. જો સંસારથી તરવાનો ભાવ હશે તો તો આશ્રવ પણ સંવરમાં પરિણમે અને સંસારથી તરવાનો ભાવ ન હોય, માત્ર સંસારમાં સારા દેખાવાનો ભાવ હોય તો સંવર પણ આશ્રવમાં પરિણમે.

ઇન્દ્રાદિ દેવતાઓને તરવાનો ભાવ ઉત્કટ કોટિનો હોવાથી ભગવાનનો જન્મ થાય ત્યારથી તેમને મેરુશિખર ઉપર લઇ જઇને જન્માભિષેક કરવા દ્વારા ભક્તિ કરે છે. ઇન્દ્રમહારાજા ભગવાનને સિંહાસન ઉપર ન બેસાડતાં પોતાના ખોળામાં બેસાડીને અભિષેક કરાવે છે. આવી અભિષેકપૂજા દ્વારા મોક્ષના બીજભૂત સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે - એ જ મોટો ઉપકાર છે. જે જીવો આવો અભિષેક જુએ તેમને પણ સમ્યગ્દર્શનાદિ પ્રાપ્ત થાય છે. આ રીતે પરમાત્માની પૂજા અનેક પ્રકારે ઉપકાર કરનારી છે.

### तथा – प्रातिहार्योपयोग इति ।।१७।। (४९८)

તીર્થંકર પરમાત્માને કેવળજ્ઞાન થયા બાદ ઇન્દ્રાદિ દેવતાઓ ભગવાનના આઠ મહાપ્રાતિહાર્યને રચે છે. અશોકવૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ, દિવ્ય ધ્વનિ, ચામર, સિંહાસન, ભામંડલ, દુંદુભિ, છત્ર : આ આઠ પ્રાતિહાર્ય દ્વારા પરમાત્મા કાયમ માટે પૂજાય છે. ભગવાનના સમવસરણમાં ભગવાનની બેઠક ઉપર મનોહર અશોકવૃક્ષ હોય છે. દેવતાઓ આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ કરે, ભગવાનની દેશનામાં દેવતાઓ દિવ્ય સૂર પૂરે છે. ભગવાનની બે બાજુ ચામર ઢળાય છે. ભગવાનને બેસવા માટે દિવ્ય સિંહાસન હોય છે, ભગવાનના મુખની પાછળ ભામંડળ દેવતાઓ રચે છે, દેવતાઓ મધુર દુંદુભિનો નાદ કરે છે અને ભગવાન ઉપર ત્રણ છત્ર હોય છે.

### ततः – परं परार्थकरणमिति ।।१८।। (४९९)

બધા જીવો પોતપોતાની ભાષામાં સમજે એવી અમૃતપાન કરતાં પણ અધિક મીઠી વાણી વડે ભગવાન શ્રેષ્ઠ એવા ઉપકારને કરે છે. ભગવાને જે ધર્મ બતાવ્યો છે તે માત્ર પ્રભાવ પાડવા માટે નથી બતાવ્યો, આપણે સિદ્ધ થઇએ એ માટે ધર્મની સ્થાપના કરી છે. ધર્મના કારણે આપણે સિદ્ધ થઇએ-એ જ ધર્મનો પ્રભાવ છે. ઇન્દ્રાદિ દેવતાઓ લોકોને ખેંચવાનું કામ કરે જ્યારે લોકોને પ્રતિબોધવાનું કામ પરમાત્મા કરે. ધર્મ લોકોના હૈયામાં પેસાડવો એ જ મોટો પ્રભાવ છે. ઇન્દ્રાદિ દેવતાઓ જે સમવસરણની રચના કરે તે પણ એટલું અદ્‌ભુત હોય તો એ સમવસરણમાં બિરાજમાન થનાર પરમાત્મા કેટલા અદ્‌ભુત હશે-એ સમજી શકાય ને? જે ધર્મ આપણને સિદ્ધ બનાવે છે તે ધર્મ લોકોના હૈયામાં પેસે - એ જ પ્રભાવકતા છે. ધર્મનો પ્રભાવ પાડવાના બદલે આપણે આપણો પ્રભાવ પાડીએ છીએ ને? પરમાત્માને ભારેમાંની આંગી રચ્યા પછી પણ તમે બોર્ડ ઉપર શું લખો? 'આંગીનાં દર્શન કરવા

પધારજો' કે પરમાત્માનાં દર્શન કરવા પધારજો' એમ લખો? આંગીનાં દર્શન કરવામાં આપણો પ્રભાવ પાડવાની ભાવના છે અને પરમાત્માનાં દર્શન કરવામાં ધર્મનો પ્રભાવ પડે છે. આપણને ભગવાન ગમે કે ભગવાનનું પુણ્ય ગમે? ભગવાનનું પુણ્ય ભલે ગમતું હોય તોપણ એટલું યાદ રાખવું કે ભગવાને પહેલાં પાપનો ત્યાગ કરેલો પછી પુણ્ય બાંધેલું. આપણે તો પાપ કરવાનું ચાલુ રાખીને પુણ્ય બાંધવું છે ને? ઇન્દ્રાદિ દેવતાઓ તો ભગવાનની ભક્તિ એ રીતે કરે કે તેના કારણે પરમાત્માનો પ્રભાવ પડે, પોતાનો નહિ. અમારે ત્યાં તો અનુષ્ઠાન કરનાર શેઠિયાનો પ્રભાવ પડે પણ ધર્મનો પ્રભાવ ન પડે. કારણ કે અનુષ્ઠાન કરતી વખતે પોતાનો પ્રભાવ પાડવાની જ ભાવના હોય તો ધર્મનો પ્રભાવ ક્યાંથી પડે? અનુષ્ઠાન કરતી વખતે ભાવ કયો હોય?

સ. બંન્ને પ્રકારનો ભાવ હોય તો?

તોપણ બેમાંથી કયો ભાવ વધારે છે-એ વિચારવું પડે ને? જ્યાં સુધી પોતાનો પ્રભાવ પાડવાની ભાવના હશે ત્યાં સુધી ધર્મપ્રભાવનાનું ફળ નહિ મળે.

સ. દરેક વખતે પરિણામનો વિચાર કરીશું તો પ્રવૃત્તિ જ નહિ થાય.

જેનું ફળ ન મળવાનું હોય તેવી પ્રવૃત્તિ ન થાય તો વાંધો શું છે? તમે પ્રવૃત્તિ છૂટી જશે એવો ડર બતાવો છો પરંતુ પરિણામ લાવવા માટે શું કરવું જોઇએ - એ તો પૂછતા જ નથી. પરિણામ ઉપર આટલી નફરત કેમ છે? ધર્મનો પ્રભાવ પાડવો હશે તો પ્રવૃત્તિ સારામાં સારી કરવી જ પડશે, જેવી-તેવી પ્રવૃત્તિ કરવાથી ધર્મનો પ્રભાવ ન પડે. તમે બહારના લોકોને આમંત્રણ આપીને બોલાવો અને ગામના લોકો આવ્યા હોય તોય સત્કાર ન કરો ને? જેને ખરેખર પ્રભાવના કરવાની છે તેને તમે દૂર કાઢો અને જેની ભક્તિ કરવાની છે-એને પ્રભાવના આપો તો ધર્મનો પ્રભાવ ક્યાંથી પડે? તમે જો અનુંકપાપૂર્વક અનુષ્ઠાન ન કરો તો લોકો બોલશે કે 'અહીં આટલો ખર્ચો કરવો એના બદલે જે ભૂખે મરે છે તેના પેટ ભરો...'

સ. આજે ઘણા જૈનેતરો આવું આવું બોલતા હોય છે.

તમારે જૈનેતરોને પ્રભાવના કરવી નથી તો તેઓ તમારા ધર્મની નિંદા કરે-એમાં નવાઇ નથી. તમે તેમનું સાધર્મિકવાત્સલ્ય ન કરો પણ તમારી આજુબાજુમાં રહેનારા પરિચિતોને મિઠાઇના બોક્સ તો આપી શકો ને? આ તો આપણા વરઘોડા કે સામૈયા વગેરેમાં ટ્રાફિકને ઊભો રાખે અને પછી ફરિયાદ કરે કે 'લોકો આપણા ધર્મ માટે બોલે છે' પરન્તુ એવા વખતે ત્યાં ઊભા રહેલા પ્રત્યેક વાહનમાં એક એક મિઠાઇના બોક્સ

આપતા જાઓ તો લોકો પણ બોલે કે આ જૈનોના વરઘોડા રોજ નીકળે તો સારું.

સ. આ તો લાલચ આપી કહેવાય ને?

આ લાલચ નથી. એ લોકો જૈનધર્મની નિંદા કરીને દુર્લભબોધિ ન બને-એ આશયથી આ વાત કરી છે. લોકોના હૈયામાં ધર્મ પેસવાની વાત તો પછી પરંતુ લોકો ધર્મથી ઊભગી ન જાય અને ધર્મને વગોવીને દુર્લભબોધિ ન બને-એ એક આશયથી તેમને પ્રભાવના આપવાની છે. આ રીતે પ્રભાવના આપવી એ લાલચ નથી. આપણે ત્યાં વરઘોડા કે સામૈયામાં છેલ્લે અનુકંપાની ગાડી રાખવાનો આશય પણ આ જ છે કે લોકોના હૈયામાં આ ધર્મનો પ્રભાવ પડે અને લોકો જૈનધર્મની પ્રશંસા કરવા દ્વારા સુલભબોધિ બને. હૈયામાં બહુમાન હોય તો આ બધું શક્ય બને. લોકોની વાત તો જવા દો પરંતુ આપણા ઘરના લોકો પણ આપણા માટે બે શબ્દ સારા બોલે એવો આપણો ધર્મ છે ખરો? તમારે ઘરનાને સુધારવા છે કે જાતે સુધરવું છે? આ તો ચોમાસામાં એકાસણાં-બેસણાં કરે અને ઘરના લોકોને ઊભા ને ઊભા રાખે. એના બદલે ઘરના લોકોને કહી દેવાનું કે-'મારે બેસણું છે પણ ખાખરો-દૂધ ચા સિવાય ચોથી વસ્તુ નથી વાપરવી, મગ કરશો તોપણ પડ્યા રહેશે'. વધારાનું ખાવા માટે તપ નથી કરવાનો, વધારાનું ખાવું નથી માટે જ તપ કરવાનો છે. તમારું પાણી પણ તમે જાતે ઉકાળતા હો તો તમારા તપ નિમિત્તે કોઇને ટેન્શન ન થાય. આપણી મૂળ વાત એ છે કે આપણો ધર્મ લોકો ઉપર ધર્મનો પ્રભાવ પાડે એવો હોવો જોઇએ. કારણ કે ધર્મ હૈયામાં આવે એ જ મોટો પરોપકાર છે. આવો પરોપકાર શ્રેષ્ઠ કોટિનો તીર્થંકરના આત્માઓ કરે છે.

**अविच्छेदेन भूयसां मोहान्धकारापनयनं हृद्यैर्वचनभानुभिरिति ।।११।। (५००)**

આપણા ભગવાન આપણા અજ્ઞાનને દૂર કરે છે-એ જ ભગવાનની મોટામાં મોટી કૃપા છે. આપણા ભગવાન આપણને સુખ પણ નથી આપતા અને આપણું દુ:ખ પણ ટાળતા નથી. સુખ આપણને આપણા પુણ્યથી મળે છે અને દુ:ખ આપણા પાપથી આવે છે. સંસારમાં આપણે સુખી થઇએ એ ભગવાનની કૃપા નથી. આપણને સુખની જરૂર જ ન પડે એ ભગવાનની કૃપા છે. ધર્મના પ્રભાવે સુખી છીએ-આવું બોલતાં પહેલાં વિચારવાની જરૂર છે કે ધર્મનું સુખ જુદું છે અને પુણ્યનું સુખ જુદું છે. ધર્મના કારણે જે સુખ મળે છે એ તો 'સુખ જોઇતું નથી' એનું છે જ્યારે પુણ્યના કારણે જે સુખ છે તે વસ્તુની પ્રાપ્તિનું સુખ છે. ભગવાને ધર્મતીર્થની સ્થાપના મોક્ષની

આરાધના કરવા માટે કરેલી, પુણ્ય બાંધવા માટે નહિ.

સ. ધર્મથી પુણ્ય બંધાય ને?

ધર્મથી પુણ્ય બંધાય, પરંતુ ધર્મની સ્થાપના પુણ્ય બાંધવા માટે નહિ, મોક્ષે જવા માટે કરાય છે. ઘડો બનાવતી વખતે માટીથી હાથ બગડે પણ ઘડો હાથ બગાડવા માટે કોઇ બનાવતું નથી. સાચું કહો, તમને મળ્યું છે-એનો આનંદ છે કે નથી મળ્યું-એનું દુઃખ છે?

સ. દેવગુરુપસાયે સુખી છીએ-એમ કહીએ ને?

'સુખ જોઇતું નથી' આ મહાસુખ દેવગુરુપસાયે મળે છે. ઇચ્છાપૂર્તિનું સુખ મળે એ દેવગુરુની કૃપા નથી, ઇચ્છાનો અંત આવે એ દેવગુરુની કૃપા છે. આજે જૈનો કરતાં જૈનેતરો પાસે પૈસા વધારે હોવા છતાં જૈનો સુખી છે તેનું કારણ એ છે કે તેમને સુખ જોઇતું નથી. ઇચ્છાપૂર્તિનું સુખ કોઇને મળતું નથી. કારણ કે આ સંસારમાં ઇચ્છા કોઇની પૂરી થઇ નથી અને થવાની નથી. ઇચ્છાનો અંત લાવવા ન દે એવો આ મોહ છે. અને એ મોહને દૂર કરવાનું કામ આપણા ભગવાન કરે છે. ઇચ્છાનો અંત લાવવા માટે સાધુ થવું જ પડશે.

સ. સાધુભગવંતને ઇચ્છા ન થાય?

ન થાય, અને જો સાધુને ઇચ્છા થાય તો સમજવું કે સાધુ પણ અવિરતિના ઘરમાં ગયા. સાધુને સુખની ઇચ્છા થાય નહિ- એવો સાધ્વાચાર ભગવાને બતાવ્યો છે. 'સુખ જોઇએ છે છતાં પાપથી સુખ તો નથી જ જોઇતું'. એનું નામ માર્ગાનુસારીપણું. ધર્મથી-નીતિથી મળતું સુખ પણ ઉપાદેય નથી - એવું માને તે ચોથું ગુણઠાણું છે. જ્યારે સુખ જોઇતું નથી- આ પરિણામ છઠ્ઠા ગુણઠાણાનો છે. આપણા ભગવાન યાવજ્જીવ અનેક ભવ્ય જીવોના મોહરૂપી અંધકારને હૃદયંગમ એવાં વચનોરૂપી કિરણો વડે દૂર કરનાર સૂર્યસમાન છે. સૂર્ય જેમ અંધકારને દૂર કરે તેમ ભગવાન આપણા અજ્ઞાનને દૂર કરે છે માટે ભગવાન સૂર્યસમાન છે. ફરક માત્ર એટલો છે કે સૂર્યનાં કિરણો તેજ હોય છે, ઉષ્ણ હોય છે જ્યારે ભગવાનના વચનરૂપી કિરણો સૌમ્ય અને હૃદયને ગમે એવાં હોય છે. આપણા ભગવાન આપણું દુઃખ ન ટાળે અને આપણને સુખ ન આપે- આટલું સમજાય તો સમજવું કે મોહ દૂર થયો. જે વિનાશ્ય વસ્તુ છે તે પુણ્યથી મળતી હોય તોપણ જોઇતી નથી - આટલું નક્કી ને? જે શાશ્વત હોય તે પુણ્યથી ન મળે, જે પુણ્યથી મળે તે શાશ્વત ન હોય.

સ. દીક્ષા પુણ્યથી મળે ને?

દીક્ષાની સામગ્રી પુણ્યથી મળે, દીક્ષા તો ક્ષયોપશમભાવથી મળે. અને ક્ષયોપશમભાવ ત્યારે પ્રગટે કે જ્યારે પુણ્યથી મળેલી સુખની સામગ્રી છોડવાજેવી લાગે. પુણ્ય ભોગવવાજેવું ન લાગે તેનું જ નામ ક્ષયોપશમભાવ. જેને પુણ્ય ભોગવવા જેવું ન લાગે તે પુણ્ય છોડી દે ને? પુણ્ય ભોગવવું -એ મોટામાં મોટી મૂર્ખાઇ છે. પાપ ભોગવી લેવા તૈયાર થવું તેનું નામ ધર્મ. ભગવાનનાં વચનો વિષય અને કષાયથી સંતપ્ત થયેલા જીવોને શાંત કરે છે માટે તે હૃદયંગમ છે. આવાં વચનોના શ્રવણથી મોહરૂપી અંધકાર દૂર થાય છે. તેના પ્રભાવે શું થાય છે - તે જણાવે છે.

**सूक्ष्मभावप्रतिपत्तिरिति ।।२०।। (५०१)**

મોહ દૂર થવાથી સૂક્ષ્મ ભાવોનો બોધ થાય છે. જે આત્મા વગેરે પદાર્થો નિપુણ બુદ્ધિથી ગમ્ય છે તેવા ભાવોને પણ સ્વીકારવાનું સામર્થ્ય મોહ જવાથી પ્રગટે છે. જે ભાવો સૂક્ષ્મબુદ્ધિથી ગમ્ય હોય તેને સૂક્ષ્મ ભાવો કહેવાય છે. ધર્મથી સુખ મળે છે અને દુ:ખ જાય છે - આ વાત તો સ્થૂલબુદ્ધિથી પણ સમજાય એવી છે જ્યારે ધર્મથી સુખની જરૂર પડતી નથી-આ વાત સૂક્ષ્મબુદ્ધિથી ગમ્ય છે. ધર્મથી પુણ્યબંધ થાય છે - આ વાત સ્થૂલબુદ્ધિથી ગમ્ય છે જ્યારે ધર્મથી પાપ અને પુણ્ય બંન્નેની નિર્જરા કરીને મોક્ષે જવાનું છે - આ વાત સૂક્ષ્મબુદ્ધિથી ગમ્ય છે. સુખનું અર્થીપણું જાય અને દુ:ખ ભોગવવાની તૈયારી થાય ત્યારે સમજવું કે મોહ ગયો.

**ततः - श्रद्धामृतास्वादनमिति ।।२१।। (५०२)**

સૂક્ષ્મભાવોને વિશે જે શ્રદ્ધા જાગે છે તેનો આસ્વાદ અમૃત કે જે દેવતાઇ ભોજન છે તેના જેવો મધુર હોય છે. હૃદયરૂપી જીભ વડે આ શ્રદ્ધાસ્વરૂપ અમૃતનો સ્વાદ અનુભવાય છે.

**ततः - सदनुष्ठानयोग इति ।।२२।। (५०३)**

મોહથી વાસિત થઇને જે કરાય તે અસદનુષ્ઠાન છે. મોહ જવાના કારણે જે અનુષ્ઠાન સાધુધર્મ કે ગૃહસ્થધર્મના અભ્યાસ સ્વરૂપ હોય તે સદ્ બને છે. મોહથી વાસિત થયા વિના જે અનુષ્ઠાન કરાય તે સદનુષ્ઠાન છે.

**ततः - परमापायहानिरिति ।।२३।। (५०४)**

સદનુષ્ઠાનના કારણે પરમ અપાયની હાનિ થાય છે. નરકાદિ કુગતિમાં જવાના કારણે જે અનર્થની પરંપરા સર્જાય છે તે પરમ અપાય છે, એની હાનિ આ મોહરહિતપણે કરાયેલા સદનુષ્ઠાનથી થાય છે.

આપણા ભગવાને આપણી ઉપર જે ઉપકાર કર્યો છે – એ ઉપકારને આપણે માનીએ છીએ ખરા? આપણા ભગવાન આપણને સંસારમાં સુખી બનાવવાનું કે આપણું દુઃખ ટાળવાનું કામ ન કરે, ભગવાન તો આપણા સંસારને કાઢવાનું કામ કરે. આમ છતાં આપણે ભગવાન પાસે સંસાર કાઢવાના ઇરાદે જઇએ કે દુઃખ ટાળવા અને સુખ મેળવવાના ઇરાદે જઇએ? જે વ્યક્તિ જે વિષયમાં નિષ્ણાત હોય તેની પાસે તે જ કાર્ય માટે જઇએ ને? ડોક્ટર પાસે જાઓ તો શરીર જ બતાવો ને? જ્યોતિષી પાસે જાઓ તો કુંડલી બતાવો ને? તેમ ભગવાન પાસે જઇને શું કરવાનું? આત્માની શુદ્ધિ કરવાની કે શરીર અને વાતાવરણની? ભગવાને મોહદશા કાઢી તે જ્ઞાન આપીને કાઢી છે. જ્યારે આપણી હાલત એ છે કે આપણને ભણવાનું જ ગમતું નથી. ભણવાના કારણે જ્ઞાનાવરણીય કર્મની નિર્જરા થાય છે. તેના કારણે આપણી સમજણ વધે છે. ભણવાના કારણે આવડે છે એવું નથી, ભણવાથી જ્ઞાનાવરણીય કર્મની નિર્જરા થાય ત્યારે આવડે. આમ છતાં આપણે ભણીને જ્ઞાનાવરણીય કર્મ કાઢવું નથી, ઉપરથી ભણ્યા વિના જ્ઞાનાવરણીય કર્મ બાંધવાનું ચાલુ છે ને?

સ. ન ભણવાથી જ્ઞાનાવરણીયકર્મ બંધાય?

કચરો ન કાઢો તો કચરો વધે તેમ ન ભણીએ તો જ્ઞાનાવરણીયકર્મ બંધાય. કારણ કે ન ભણવું એ પ્રમાદ છે ને? પ્રમાદ એ કર્મબંધનું કારણ છે. કાળે, વિનયથી, બહુમાનપૂર્વક ભણવું – આ જ્ઞાનાચાર છે. આ જ્ઞાનાચાર ન પાળીએ તો જ્ઞાનાવરણીય કર્મ બંધાવાનું જ. ભગવાને બધી ક્રિયાઓ કર્મનિર્જરા માટે બતાવી છે. મિથ્યાત્વ મોહનીયના ક્ષય માટે ભગવાને દર્શનની ક્રિયાઓ બતાવી છે, ચારિત્રમોહનીયના ક્ષય માટે ચારિત્રની ક્રિયા બતાવી અને જ્ઞાનાવરણીયના ક્ષય માટે ભણવાનું બતાવ્યું છે. તમારે ભણવું નથી તો જ્ઞાનાવરણીય બંધાશે. આપણાં સાધુસાધ્વી ભણે, ચૌદપૂર્વધરો પણ રોજ ચૌદપૂર્વનો સ્વાધ્યાય કરે તો આપણે ન ભણીએ એ ચાલે?

સ. ભણવાનું ચઢતું નથી, માટે ભણવાનું મન નથી થતું.

જો ચઢતું હોય તો ભણવું છે? પાણી ન ચડતું હોય તો બે મોટર લગાડીને પણ ચડાવો ને? અહીં ચડતું નથી માટે ભણવું નથી? તમને ભલે ન ચડે પણ ભણતા

રહેશો તો જ્ઞાનાવરણીય કર્મની નિર્જરા થશે જ.

સ. જ્ઞાનસારમાં કહ્યું છે ને કે નિર્વાણપદની ભાવના વારંવાર ભાવવી - એ જ ઉત્કૃષ્ટ જ્ઞાન છે, અધિકનો આગ્રહ નથી : એનો અર્થ શું?

તમારી પાસે નિર્વાણપદની ભાવના છે ને? જેને મોક્ષનું રટણ હોય તે સંસારમાં રમે ખરો? જેને પૈસાનું રટણ હોય તે ઘરે બેસે કે દુકાને જાય? દુકાનમાં પણ બેસી રહે કે ઓર્ડર લેવા માટે ફર્યા કરે? તેમ જેને નિર્વાણપદની પરિભાવના હોય તે સંસારમાં રહી ન શકે, તેને સાધુપણામાં આવવું જ પડે.

સ. અધિક જ્ઞાનની જરૂર નથી-એનો અર્થ શું?

એનો અર્થ એ નથી કે નહિ ભણો તો ચાલશે. આવું કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે ભણવા છતાં નહિ આવડે તો ચાલશે. માષતુષમુનિએ બાર વરસ સુધી ન આવડવા છતાં ભણવાનું ચાલુ રાખ્યું તો તેમનું જ્ઞાનાવરણીય કર્મ એવું ખપી ગયું કે તેમને સીધું કેવળજ્ઞાન પ્રાપ્ત થઇ ગયું. ગાથા આવડે કે ન આવડે પણ ગોખવાથી નિર્જરા તો થાય જ છે.

સ. વાંચન કરવું ગમે, સૂત્ર ગોખવાથી માથા ઉપર દબાણ આવે !

ઊંઘવાનું ગમે અને કસરત કરતાં તકલીફ પડે તો શું કરવાનું? ઊંઘવા દેવાના કે પરાણે પણ કસરત કરાવવાની? ચાર દિવસ કસરત કરો પછી ફાવી જાય ને? તેમ અહીં પણ ગાથા કરતી વખતે શરૂઆતમાં થોડા દિવસ કષ્ટ પડશે પછી કોઠે પડી જશે.

સ. સૂત્ર ગોખીને પછી યાદ રાખવું પડે...

પૈસો કમાયા પછી સાચવવો પડે તો ન કમાવો? તમારી મૂડીને વ્યાજે જો ન મૂકો તો આજે નહિ તો કાલે મૂડી ખલાસ થઈ જાય ને? તેમ જો સ્વાધ્યાય ન કરો તો વિદ્યા નાશ પામી જાય. તેથી સૂત્ર ગોખીને સ્વાધ્યાય કરતાં રહેવું.

સ. અર્થ આવડતા હોય તો સૂત્ર ન ભણે તો ચાલે?

સોનાના મણકા હોય તે દોરામાં પરોવ્યા ન હોય તો ટકે ખરા? અર્થ પણ સૂત્રના આધારે ટકે છે. મુહપત્તીના બોલમાં સૌથી પહેલો બોલ સૂત્રનો જ છે. પહેલાં સૂત્રને તત્ત્વ માનવાનું છે પછી અર્થને તત્ત્વ માનવાનું છે. સૂત્ર જો ન હોત તો

દ્વાદશાંગીનો અર્થ આપણા સુધી કેવી રીતે પહોંચત? ભગવાને કરેલા ઉપકારની કિંમત જેને સમજાય તે જ્ઞાનની ઉપેક્ષા ન કરી શકે.

**सानुबन्धसुखभाव उत्तरोत्तरः प्रकामप्रभूतसत्त्वोपकाराय अवन्ध्यकारणं निर्वृतेरिति।।२४।। (५०५)**

ત્યાર બાદ ઉત્તરોત્તર સાનુબંધ એવા સુખભાવની પ્રાપ્તિ થાય છે કે જે જીવોના અત્યંત ઉપકાર માટે થાય છે અને એ ઉપકાર મોક્ષનું અવંધ્ય કારણ છે. કર્મના ક્ષયથી જે સુખ પ્રાપ્ત થાય છે તેનો અનુબંધ તૂટતો નથી હોતો. જેમાં ખંડ પડે તે સુખ નિરનુબંધ કહેવાય. આ સંસારના પાંચે ઇન્દ્રિયોનાં વિષયસુખો એવાં છે કે જે દુઃખથી મિશ્રિત હોય, જે સુખમાં ખંડ પડે, જે સુખમાં થોડા સમય પછી કંટાળો આવે, જે સંતાપનું કારણ બને, જેનો નાશ થાય... જ્યારે મોક્ષનું સુખ આનાથી સાવ વિલક્ષણ છે. તેમાં દુઃખનો લેશ પણ નથી, તે નિરંતર છે અને તેમાં ક્યારેય કંટાળો પણ આવતો નથી. આ સુખ અનેક જીવોના ઉપકારનું કારણ છે અને મોક્ષનું અવંધ્ય કારણ છે.

**इति परं परार्थकरणमिति ।।२५।। (५०६)**

આ રીતે પૂર્વે જે શ્રેષ્ઠ પરોપકારની વાત કરી હતી તે પરોપકાર કરવાનું કામ આ તીર્થંકરના આત્માઓ કરે છે. હવે તીર્થંકર અથવા સામાન્ય કેવળીને ધર્મનું જે ફળ મળે છે તે જણાવે છે.

**भवोपग्राहिकर्मविगम इति ।।२६।। (५०७)**

ધર્મબિંદુ ગ્રંથની શરૂઆતથી પૂર્ણાહુતિ સુધીમાં આપણે મોક્ષનો વિકાસક્રમ જોઇ ગયા. આત્માનું શુદ્ધ સ્વરૂપ કર્મના સર્વથા વિગમથી જ પ્રગટે છે. આત્માની શુભ કે અશુભ અવસ્થા તે તે શુભાશુભ કર્મના યોગે હોય છે. જ્યારે શુદ્ધ સ્વરૂપ માટે કોઇ કર્મની જરૂર નથી. શુભ કર્મ ગમે તેટલી સારી અવસ્થામાં રાખે તોપણ તે સંસારમાં જ રાખે છે. ઘાતિકર્મો આત્માના ગુણોનો નાશ કરે છે. જ્યારે અઘાતિકર્મો તો આત્માના ગુણો પ્રગટ થયા પછી પણ આત્માને સંસારમાં જકડી રાખે છે. સંસારમાંથી મોક્ષમાં જવાની યોગ્યતા પ્રગટ્યા પછી પણ આગ્રહપૂર્વક આત્માને સંસારમાં રાખી મૂકે એવાં આ અઘાતિકર્મો છે તેથી તેને ભવોપગ્રાહી કહેવાય. આ ભવોપગ્રાહી કર્મોનો પણ વિગમ ધર્મના પ્રભાવે થાય છે. આ કર્મોના વિગમથી શું મળે છે તે જણાવે છે.

**ततः-निर्वाणगमनमिति ।।૨૭।। (૫૦૮)**

**तत्र च पुनर्जन्माद्यभाव इति ।।૨૮।। (૫૦૯)**

ત્યાર બાદ નિર્વાણની પ્રાપ્તિ થાય છે. જેમાં જીવો શાંત થાય છે તેને નિર્વાણ કહેવાય. સિદ્ધિક્ષેત્ર કે જે જીવના જ સ્વરૂપાવસ્થાન સ્વરૂપ છે તેને પામવાનું બને છે. આપણા પરમાત્મા આપણી ઉપર જે ઉપકાર કરે છે તે મોક્ષમાં પહોંચાડવાનો ઉપકાર જ છે. પરમાત્માનો ઉપકાર પરમાત્માના વચનને લઇને છે. પરમાત્માને કે ગુરુને યાદ કરવાનો અર્થ જ એ છે કે તેમના વચનને યાદ કરવું. આ તો ગુરુની સ્વર્ગારોહણતિથિ આવે ત્યારે ગુરુને યાદ કરે, પણ ગુરુના વચનને તો કયારેય યાદ ન કરે! તમારે સ્વર્ગારોહણતિથિ ઊજવવી છે પણ દીક્ષા નથી લેવી ને? મરતાં સુધી પણ દીક્ષાનો અભિગ્રહ લેવો નથી ને? મરી જઇશું પણ દીક્ષા નહિ લઇએ - ખરું ને? ધર્મના ફળરૂપે મોક્ષની પ્રાપ્તિ થવાથી જન્માદિનો અભાવ થાય છે. જન્મ, જરા, મૃત્યુ વગેરે પર્યાયોનો આત્યંતિક નાશ થાય છે. બીજી વાર જન્મ પણ લેવો પડતો નથી. આપણે તો જન્મને પણ ઊજવીએ ને? જન્મ કર્મના યોગે થાય છે. કર્મ આપણા સંસારનું કારણ છે. માટે આપણે જન્મ ઊજવવો નથી. જન્મનો અભાવ કેમ થાય છે-તે માટે જણાવે છે.

**बीजाभावतोऽयमिति ।।૨૯।। (૫૧૦)**

**कर्मविपाकस्तदिति ।।૩૦।। (૫૧૧)**

**अकर्मा चासाविति ।।૩૧।। (૫૧૨)**

જન્મના બીજનો અભાવ થવાથી જન્માદિનો અભાવ થાય છે. જન્માદિનું બીજ શું છે તે માટે જણાવે છે કે કર્મનો વિપાક એ જ જન્મનું બીજ છે. અને આ સિદ્ધના આત્માઓ કર્મ વગરના હોવાથી તેમને કર્મનો વિપાક નથી હોતો. જે અકર્મા હોય તેનો ફરી જન્મ થવામાં શું વાંધો છે - એવું પૂછે તો જણાવે છે :

**तद्वत एव तद्ग्रह इति ।।૩૨।। (૫૧૩)**

**तदनादित्वेन तथाभावसिद्धेरिति ।।૩૩।। (૫૧૪)**

જે કર્મયુક્ત હોય એને જ જન્માદિ હોય છે. કર્મ વિનાનાનો જન્મ થતો નથી. જોકે આ રીતે કર્મયોગે જન્માદિ છે - એ બરાબર, પરંતુ કર્મ જો ક્રિયમાણ હોય તો કર્મને સાદિ માનવાનો પ્રસંગ આવે. તેથી કાયમ માટે કર્મવાળાને જ જન્માદિ હોય છે - એવું કઇ રીતે કહી શકાય? કારણ કે જન્માદિ તો અનાદિના છે અને કર્મ સાદિ

માનવું પડે એવું છે. તો કર્મયુક્તનો જન્મ થાય છે – એવું કઇ રીતે માની શકાય- આવી શંકાના નિરાકરણમાં જણાવે છે કે કર્મ તે તે વ્યક્તિરૂપે ક્રિયમાણ-કૃતક હોવા છતાં પ્રવાહથી અનાદિનું છે માટે 'કર્મવાળાને જ જન્માદિ હોય છે' આ ભાવની સિદ્ધિ થાય છે. હવે કોઇ એવી શંકા કરે કે ઘણા લોકો 'ભગવાન પણ મોક્ષમાં ગયા પછી ફરી પૃથ્વીના ઉદ્ધાર માટે જન્મ લે છે' એવું માને છે તો તેમની જેમ અકર્માનો પણ જન્મ થાય ને? આવી શંકાના નિરાકરણમાં જણાવે છે :

**सर्वविप्रमुक्तस्य तु तथास्वभावत्वान्निष्ठितार्थत्वान्न तद्ग्रहणे निमित्तमिति ।।३४।। (५१५)**

જે, સર્વ કર્મોથી સર્વ પ્રકારે મુક્ત થયા હોય તેઓના સર્વ પ્રયોજન સિદ્ધ થયા હોવાથી તેઓની પાસે જન્માદિના ગ્રહણનું કોઈ નિમિત્ત જ હોતું નથી. નિષ્ઠિતાર્થ હોવાથી તેમનો જન્માદિ ગ્રહણ કરવાનો સ્વભાવ જ રહેતો નથી અને ભગવાન પૃથ્વીના ઉદ્ધાર માટે જન્મ લે છે – આ વાત પણ અસંગત છે. કારણ કે આવો ઉદ્ધારનો પરિણામ કષાયના વિકારથી જન્ય છે. આ રીતે મોક્ષમાં ગયા પછી શું શું નથી હોતું – તે જણાવે છે.

**नाजन्मनो जरेति ।।३५।। (५१६)**
**एवं च–न मरणभयशक्तिरिति ।।३६।। (५१७)**
**तथा न चान्य उपद्रव इति ।।३७।। (५१८)**

જેનો જન્મ જ ન હોય અર્થાદ્ જેની ઉત્પત્તિ જ ન થવાની હોય તેને વૃદ્ધાવસ્થા આવવાનું પણ કોઇ કારણ નથી. તે જ રીતે મરણનો ભય પણ તેમને રહેતો નથી. સાથે સાથે ભૂખ, તરસ, પીડા વગેરે અન્ય ઉપદ્રવો પણ તેમને હોતા નથી. જો મોક્ષમાં આ બધું નથી હોતું તો ત્યાં હોય છે શું તે જણાવે છે :

**विशुद्धस्वरूपलाभ इति ।।३८।। (५१९)**
**तथा–आत्यन्तिकी व्याबाधानिवृत्तिरिति ।।३९।। (५२०)**
**सा निरुपमं सुखमिति ।।४०।। (५२१)**
**सर्वत्राप्रवृत्तेरिति ।।४१।। (५२२)**

મોક્ષમાં આત્માનું મળરહિત એવું જે વિશુદ્ધ સ્વરૂપ છે તે પ્રગટ થાય છે. તેમ જ શરીરસંબંધી અને મનસંબંધી પીડાનો કાયમ માટે નાશ થાય છે. આ પીડાની નિવૃત્તિ એ જ ઉપમા આપી ન શકાય એવું સુખ છે. કારણ કે ત્યાં હેય કે ઉપાદેય,

કોઇ પણ વસ્તુમાં પ્રવૃત્તિ જ હોતી નથી.

સ. ત્યાં કોઇ પ્રવૃત્તિ ન હોય તો કરવાનું શું?

સ્વસ્વરૂપમાં રમણતા ત્યાં ચાલુ જ હોય છે. પ્રવૃત્તિમાં આનંદ હોય છે કે અપ્રવૃત્તિમાં? તમારો અનુભવ શું છે? કોઇ પ્રવૃત્તિ કરવી પડે તેમાં આનંદ આવે કે કશું કરવાનું ન હોય તેમાં આનંદ આવે? જેવું સુખ આપણને ગમે છે - એવું જ મોક્ષમાં છે. શાસ્ત્રકારોએ આપણા આત્માનું સ્વરૂપ આપણને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. આપણે કોણ છીએ - એનું આપણને જ ભાન નથી. આથી જ આપણે બહાર દોડધામ કરીએ છીએ. આપણા આત્માનું આપણને જ્ઞાન નથી આથી જ આત્માથી ભિન્ન પદાર્થોની પાછળ આપણે પડ્યા છીએ. આપણા આત્માનું સ્વરૂપ જો ઓળખાઇ જાય તો આ બધી જ દોડધામ બંધ થઇ જાય. શાસ્ત્રોની રચના આપણને આપણા સ્વરૂપનું ભાન કરાવવા માટે કરી છે. આપણને જે સુખ ગમે છે તે કેવું ગમે છે? અસમાધિ થાય, દુ:ખનો અનુભવ થાય, આર્ત્તધ્યાન થાય... એવું નથી ગમતું ને? મોક્ષનું સુખ આવી ઉપાધિઓ વગરનું છે. કોઇ પૂછે કે મોક્ષમાં શું છે? તો કહેવું અહીં જે નથી ગમતું તે મોક્ષમાં બિલકુલ નથી. આપણો આત્મા શુદ્ધ સ્વરૂપવાળો છે જ, માત્ર સંસારમાં કર્મોના કારણે એ સ્વરૂપ અવરાઇ ગયેલું છે. કપડું ઉજળું હોવા છતાં તેની ઉપર મેલ લાગવાના કારણે કપડું ઝાંખું લાગે. પરંતુ એ મેલ દૂર થાય તો વસ્ત્ર ઊજળું દેખાય ને? પ્રયત્ન મેલ કાઢવા માટે કરવો છે. આત્માનું સુખ જેને જોઇતું હોય તેણે શરીરના સુખથી દૂર થવું પડે. તેના માટે કર્મથી દૂર થવું પડે. કર્મ દૂર કરવા સંસારથી દૂર થવું પડે. અને સંસારથી દૂર થવા માટે સાધુ થવું પડશે. આપણા આત્માનું સ્વરૂપ ઓળખ્યા વિના ધર્મ કરવાની શરૂઆત કરી એ આપણી મોટામાં મોટી ભૂલ છે. આત્માનું સ્વરૂપ ઓળખાય તો તેને આવરનાર કર્મોને દૂર કરવાનું મન થયા વિના ન રહે, અઘાતી કર્મો આપણા ગુણોને નથી અટકાવતા, ઘાતી કર્મ અટકાવે છે. અશાતાના કારણે કેવળજ્ઞાન અટકતું નથી, મોહનીયના કારણે કેવળજ્ઞાન અટકે છે, આમ છતાં પુરુષાર્થ મોહનીયને કાઢવાનો કરીએ કે અશાતાને?

સ. અશાતા ઘણી હોય તો ધર્મમાં મન ન લાગે.

અશાતા ઘણી ક્યાં આવી છે? મહાવીરપરમાત્માને જેટલી અશાતા આવેલી એના હિસાબમાં તો આપણી પાસે કોઇ અશાતા જ નથી ને? અને ગમે તેટલી

અશાતા આવે તોપણ તમે ધંધે તો જાઓ જ છો ને? તાવ આવ્યા પછી ઓફિસે જાઓ ને? દુકાને જાઓ ને? પૈસા મળતા હોય તો અશાતાને ન ગણકારો ને? તેમ જ્ઞાન મળતું હોય તો અશાતાને ગણકારવી નથી. પૈસાની જરૂર છે કે જ્ઞાનની? પૈસાની અપેક્ષા રાખી છે પણ વચનની અપેક્ષા નથી રાખી ને? લોકોત્તર માર્ગની આરાધના કરવી હશે તો વચનની અપેક્ષા રાખવી જ પડશે. ભગવાને અશાતા ટાળવાની વાત જ કરી નથી. અશાતાનો ઉદય તો ચૌદમા ગુણઠાણા સુધી હોય છે. અશાતાના બદલે મોહનીયને ટાળવા પ્રયત્ન કરવો છે. પૈસાની જેટલી કિંમત સમજાઇ છે તેટલી ધર્મની નથી સમજાઇ. જેને ધર્મની કિંમત સમજાય તે પૈસા ભેગા કરવા મહેનત ન કરે, પૈસા કાઢવા મહેનત કરે. આ તો ભાજીપાલાવાળા પાસે જઇને પણ ભાવતાલ કરે! આવાઓ ધર્મ ક્યાંથી પામી શકે? જેને ધર્મ પામવો હોય તે ભેગું કરવા મહેનત ન કરે, જ્યાંથી જતું હોય ત્યાંથી કાઢવા માટે પ્રયત્ન કરે. છોડવાની ભાવના હોય તે ભેગું ન કરે. આપણે દેવું નથી કરવું પણ સાથે ભેગું પણ નથી કરવું.

આપણે જે કાંઇ પ્રવૃત્તિ કરીએ છીએ તે કર્મના યોગે કરીએ છીએ. કર્મનો યોગ ન હોવાથી મોક્ષમાં અપ્રવૃત્તિ હોય છે. આ અપ્રવૃત્તિનું કારણ શું છે તે જણાવે છે:

**समाप्तकार्यत्वादिति ।।४२।। (५२३)**

બધાં કાર્યો સમાપ્ત થઇ ગયાં હોવાથી તેમને કોઇ પ્રવૃત્તિ હોતી નથી.

**न चैतस्य क्वचिदौत्सुक्यमिति ।।४३।। (५२४)**

મોક્ષના જીવોનાં સર્વ કાર્યો સમાપ્ત થઇ ગયાં હોવાથી, તેઓ બધાં જ કાર્યોથી નિવૃત્ત હોવાથી તેમને કોઇ પણ જાતની ઉત્સુકતા હોતી નથી. ઉત્સુકતાનો નિષેધ કેમ કર્યો છે તે માટે જણાવે છે :

**दुःखं चैतत्स्वास्थ्यविनाशेनेति ।।४४।। (५२५)**

આ ઔત્સુક્યના કારણે સ્વાસ્થ્યનો વિનાશ થતો હોવાથી તે દુઃખરૂપ છે. સ્વસ્થતા એ સર્વ સુખનું કારણ છે અને અસ્વસ્થતા સર્વ દુઃખનું કારણ છે. જેને સર્વ વસ્તુનું પરિપૂર્ણ જ્ઞાન છે તેને ઉત્સુકતા થવાનું કોઇ કારણ નથી. જે જાણવાનું બાકી હોય તેમાં ઉત્સુકતા હોય. ઉત્સુકતા એ અજ્ઞાનતાનું સૂચક છે. જે અજ્ઞાની હોય તેને જાણવાની ઉત્સુકતા હોય, જ્ઞાનીને કોઇ પણ જાતની ઉત્સુકતા હોતી નથી. આ દુનિયાનો એક પણ પદાર્થ આપણા માટે નવો નથી. જગતમાં લગભગ એવી

એકે વસ્તુ નહિ હોય કે જે આપણે ભિન્ન ભિન્ન રૂપે ભોગવી ન હોય. આપણે જે જે વસ્તુને ભોગવીએ છીએ એ કોઇએ ને કોઇએ ભોગવેલાં જ પુદ્‌ગલો ભોગવીએ છીએ. કારણ કે કોઈ પુદ્‌ગલ સર્વથા નવું ઉત્પન્ન થતું નથી અને સર્વથા નાશ પામતું નથી. આથી જે ઉચ્છિષ્ઠ-એંઠું છે, બીજાએ ભોગવેલું છે તે જ આપણે ભોગવીએ છીએ. તેથી એમાં કોઇ ઉત્સુકતા રાખવાની જરૂર નથી. ઔત્સુક્ય એટલે જાણવાની, ભોગવવાની પ્રબળ ઇચ્છા. આ ઇચ્છાના કારણે સ્વાસ્થ્યનો વિનાશ થાય છે માટે દુ:ખની અનુભૂતિ થાય છે. એ જ જણાવે છે:

**दुःखशक्त्युद्रेकतोऽस्वास्थ्यसिद्धेरिति ।।४५।। (५२६)**

ઔત્સુકયના કારણે દુ:ખની શક્તિનો ઉદ્રેક થવાથી અસ્વસ્થતા આવે છે. જેને કોઇ ઔત્સુકય ન હોય તે શાંતિથી પડ્યા રહે. ઉત્સુકતાવાળા અસ્વસ્થ કેમ બને છે તે જણાવે છે :

**अहितप्रवृत्त्येति ।।४६।। (५२७)**

ઔત્સુક્યના કારણે જે સ્ત્રી વગેરે વિષયો અહિતકારી છે તે મનને પ્રીતિ કરાવતા હોવાથી તેમાં પ્રવૃત્તિ થાય છે. આ રીતે અહિતની પ્રવૃત્તિ જ અસ્વસ્થતાની જનિકા છે. - તો સ્વસ્થતા શું છે - તે જણાવે છે :

**स्वास्थ्यं तु निरुत्सुकतया प्रवृत्तेरिति ।।४७।। (५२८)**

સર્વ કાર્યોમાં કોઈ પણ જાતના ઔત્સુક્ય વિના પ્રવૃત્તિ કરવી એ જ સ્વસ્થતા છે. ઇચ્છા થયા પછી પણ ઔત્સુકય નથી રાખવું. નજર પડ્યા પછી પણ નજર ખસેડી લઇએ તો ઇચ્છા પ્રબળ ન બને. ઉત્સુકતા ન હોય તો સ્વસ્થતા કયારે પણ ન હણાય.

**परमस्वास्थ्यहेतुत्वात् परमार्थतः स्वास्थ्यमेवेति ।।४८।। (५२९)**

આ રીતે ચિત્તના વિપ્લવનો અભાવ હોવાથી પ્રકૃષ્ટપણે સ્વભાવમાં અવસ્થાન કરવાના નિમિત્તભૂત સ્વાસ્થ્ય હોય છે. આવું સ્વાસ્થ્ય પરમાર્થથી કેવળી ભગવંતોને હોય છે. આથી જ તેમને કોઇ પણ જાતનું ઔત્સુકય નથી હોતું - આ વાત સિદ્ધ થાય છે.

આપણે જે કાંઇ ધર્મ કરીએ છીએ તે મનથી કરીએ છીએ કે મન વિના કરીએ

છીએ? સંસારનાં કાર્યો બધાં મનથી કરીએ અને ધર્મ મન વિના જેમતેમ કરીએ ને? દાઢી કરતી વખતે રેઝર વાળ સુધી પહોંચે અને વાંદણાં આપતી વખતે હાથ માથા સુધી ન પહોંચે ને? આપણી દાઢી જેટલી પણ કિંમત આપણાં વાંદણાંની નથી ને? ધર્મ આપણે આપણી ઈચ્છાથી કરીએ છીએ ને? તો તેમાં વેઠ શા માટે ઉતારવી? જ્યાં સુધી ઉત્કંઠા પડી હશે ત્યાં સુધી સ્થિરતા નહિ આવે. અતિ ઉત્કંઠા કાળક્ષેપને અર્થાદ્ કાળના વિલંબને સહન કરતી નથી. કામ જો સારું કરવું હોય તો ધીરતા જોઇએ. સંસારનાં દરેક કાર્યો ધીરતાથી કરનારા આપણે ધર્મનાં કાર્યમાં જ અધીરા કેમ બનીએ છીએ? ધર્મ કરતી વખતે ક્રિયા જલદી પૂરી કરવાની ઇચ્છા છે, ફળ પામવાની ઇચ્છા નથી માટે ઉત્કંઠા આવે છે. આપણે ધર્મ કરીને મોક્ષ પામવો હશે તો ઉત્કંઠા કર્યે નહિ ચાલે, અધીરાઇ કર્યે નહિ ચાલે. તમારે ત્યાં પણ કહેવાય છે ને કે 'ધીરજનાં ફળ મીઠાં' એવી રીતે અહીં પણ ઉત્સુકતા ન રાખે અને ધીરજ રાખે તેને મોક્ષ મળે.

સ. મોક્ષમાં જવાની જેને ઇચ્છા ન હોય તેને એ ઇચ્છા પેદા થાય તેવો ઉપાય છે ખરો?

છે ને! તમને મોક્ષનું સ્વરૂપ ભલે ન સમજાય, પરંતુ સંસારનું સ્વરૂપ બરાબર સમજાઇ જાય અને સંસાર પ્રત્યે નફરત પેદા થાય એવું તો અમે કરીએ છીએ. અમારે તમને મોક્ષમાં નથી મોકલવા, આ સંસારમાંથી કાઢવા છે. સંસારમાંથી નીકળશો એટલે તમે આપોઆપ મોક્ષમાં પહોંચી જશો. જયવીયરાયસૂત્રમાં પણ સૌથી પહેલાં 'ભવનિવ્વેઓ' માંગ્યું છે. જયવીયરાયમાં મોક્ષ માંગ્યો જ નથી. જ્યાં સુધી સંસાર છે ત્યાં સુધીની ભગવાનનાં ચરણોની સેવા માંગી છે. સંસારના નિર્વેદથી શરૂઆત કરી અને સંસારના અંત સુધીમાં માંગણીની પૂર્ણાહુતિ કરી. ધન્ના કાકંદીએ ભગવાનની એક જ દેશના સાંભળી અને ઘરે આવીને માતા તથા પત્નીઓને કહ્યું કે ભગવાને આજે દેશનામાં સમજાવ્યું કે 'માતા પિતા ભાઇ બહેન બધા સ્વાર્થના સગા છે, નારી નરકની દીવડી છે, દુર્ગતિની દાતાર છે.' આ રીતે સંસારનું વિચિત્ર સ્વરૂપ બતાવ્યું. અને દીક્ષા લેવા માટે નીકળી પડ્યા.

સ. ઇષ્ટફળસિદ્ધિ પણ માંગી છે ને?

પહેલાં ભવનિર્વેદ પછી જો ઇષ્ટફલસિદ્ધિ બતાવી હોય તો તેમા સંસારના ફળની વાત ન જ હોય ને? શાસ્ત્રમાં ચોખ્ખું કહ્યું છે કે મોક્ષનું અવિરોધી ફળ તે ઇષ્ટફળ

છે. તમારી ભાષામાં કહીએ તો મિષ્ટાન્ન વાપરવું હોય તોપણ શરીરનું સ્વાસ્થ્ય બગડે નહિ- એ રીતે વાપરવું. તેમ જેમાં મોક્ષનો બાધ આવે એવું એક પણ ફળ ઇષ્ટફળમાં ન આવે.

સ. શાસ્ત્રમાં સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે તો વિવાદ શા માટે?

શાસ્ત્રમાં લખેલું હોવા છતાં જેને વાંચવું ન હોય અને પોતાની ઇચ્છા મુજબ અર્થ કરવો હોય તેના માટે કોઇ ઉપાય નથી. ભગવાન કહે છે કે સંસારમાં સુખ નથી - આવું સાંભળવા, સમજવા છતાં આપણે માનવું નથી ને? એવી જ એમની દશા છે. એ લોકો વિવાદ કરે છે - એવું બોલવાના બદલે તમે જ ત્યાંથી ખસી જાઓ ને? જેઓ સંસારના સુખ માટે ધર્મ કરવાની વાત કરે તેમની દેશનામાંથી ઊઠીને ચાલવા માંડવાનું.

સ. આમાં ઔચિત્ય ન હણાય?

ચોરબજારમાંથી બહાર નીકળીએ તો ઔચિત્ય હણાય કે ચોરબજારમાંથી નીકળી જવું એ જ ઔચિત્ય કહેવાય?

સ. ચોરની સાથે સરખામણી કરો છો?

આવી સરખામણી મેં નથી કરી, ઉપાધ્યાયજી મહારાજાએ કરી છે. તેમણે કહ્યું છે કે 'અર્થની દેશના જે દીએ, ઓળવે ધર્મના ગ્રંથ રે; પરમપદના પ્રગટ ચોર તે, તેહથી કેમ વહે પંથ રે'. ઉપાધ્યાયજી મહારાજ જે વાત કરતા હોય તેનાથી જુદી વાત કરીએ તો અમે પણ માર્ગના ચોર કહેવાઇએ. માટે આ વાત તો અમારે કરવી જ જોઇએ ને? આજે જ્યાં-ત્યાં જવાની ટેવ પડી છે માટે જ આપણે સંસારમાં રખડીએ છીએ. મોક્ષમાં જવું હશે તો માર્ગે રહેવું જ પડશે. માર્ગ એક જ છે : સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર.

સ. સંસાર ખરાબ લાગતો નથી.

સાચું કહો છો? સંસાર ભંગાર લાગ્યો નથી કે લાગવા છતાં માનવું નથી? આ સંસારમાં એવી કઇ ચીજ છે કે જે તમને ગમે છે? તમને ગમે એવી એક પણ ચીજ સંસારમાં છે ખરી?

સ. અમને જે ગમે છે, જોઇએ છે - એ મળતું નથી.

તમને જે ગમે છે, જેવું જોઇએ છે - એવું સુખ આ સંસારમાં નહિ મળે, એના માટે ઉપર જવું પડશે. તમને ઉપર મોકલવા માટે જ આ શાસ્ત્રની રચના છે. અમે પણ એનો જ ઉપદેશ આપીએ છીએ. કોઇ ધર્માચાર્ય તમને રસ્તામાં રખડતા નહિ મૂકે. તમને માર્ગે ચલાવવા માટે જ એમનો પ્રયાસ હોય છે. પણ તમે જ જો ઢીલા પડો અને ધર્માચાર્યને છોડીને જતા રહો તો એ શું કરે? તમારું મન સંસાર તરફ જ લાગેલું હશે તો ધર્માચાર્ય તમારી ઉપેક્ષા કરશે જ. તમે પેલા જિનપાલિત અને જિનરક્ષિતની કથા સાંભળી છે ને?

રયણાદેવીમાં એ બે જણ આસક્ત બનેલા. મનુષ્ય હોવા છતાં તે રયણાદેવીમાં આસક્ત થઇને એક દ્વીપ ઉપર રહેતા હતા. એક વાર કોઇ દેવના કાર્યથી રયણાદેવીને બહાર જવાનું થયું. જતી વખતે તે દેવીએ તે બે જણને દક્ષિણ દિશામાં જવાની ના પાડી. આથી તેમને એનું જ કુતૂહલ જાગ્યું. દક્ષિણ દિશામાં જઇને જોયું તો ત્યાં ઘણાં મડદાં પડેલાં. શૂળીમાં પરોવેલાં હતાં. તેમને થયું કે આપણી પણ આવી દશા થશે. પરંતુ અહીંથી ભાગવું કેવી રીતે - એની ચિંતામાં હતા. એટલામાં ત્યાં એક યક્ષ આવ્યો. તેણે કહ્યું કે અહીંથી હું તમને જ્યાં જવું હોય ત્યાં મૂકી આવું. પરંતુ એક શરત છે કે હું તમને અહીંથી લઇ જઇશ ત્યારે પેલી દેવી કાલાવાલા ઘણા કરશે. જો તમારું મન જરા પણ ઢીલું થશે તો તરત હું તમને તે દેવી પાસે પાછા મૂકી દઇશ. પેલા બે જણે શરત કબૂલ રાખી. બંન્નેને એક એક ખભા ઉપર બેસાડીને યક્ષ ઊડવા માંડ્યો. એટલી વારમાં તો પેલી રયણાદેવી વાળ છૂટા કરીને કાલાવાલા કરતી આવી અને 'તમારા વિના હું નહિ રહી શકું' એમ કહેવા લાગી. તે બેમાંથી એકને વિચાર આવ્યો કે આને જરા શાંત કરીને પછી જઇએ. તેનો વિચાર યક્ષે જાણી લીધો. એટલે તરત એને નીચે ઉતારી મૂક્યો. તરત રયણાદેવીએ એને શૂળ ઉપર પરોવી દીધો. જે ઢીલો ન પડ્યો તે પોતાના સ્થાને પહોંચી ગયો. તમે પણ ઘરના લોકો ઉપરના મમત્વના કારણે જ સંસારમાં બેઠા છો ને? કે જવાબદારીના કારણે? આર્દ્રકુમારે અનાર્યદેશમાંથી અહીં આવીને દીક્ષા લીધી હતી. પરંતુ ભોગકર્મના ઉદયે ચારિત્ર છોડી દીધું. બાર વરસ પછી પાછા ચારિત્ર લેવા તૈયાર થયા ત્યારે તેમની પત્ની રેંટિયો કાંતવા લાગી. તેમનો છોકરો બહારથી રમતો આવ્યો. અને માતાને પૂછવા લાગ્યો કે આ શું કરે છે? માતાએ કહ્યું કે 'તારા પિતા કાલે દીક્ષા લેવાના છે તેથી આપણું ગુજરાન ચલાવવા માટે હું રેંટિયો કાંતું છું'. જેમને પોતાના કુટુંબના નિર્વાહ માટે કોઇ મૂડી ન હતી તેઓ પણ દીક્ષા લેવા તૈયાર થયા હતા તો આપણે

કઇ જવાબદારી વહન કરવા બેઠા છીએ? પેલા છોકરાએ પિતા જે પલંગ ઉપર સૂતા હતા તે પલંગ ઉપર સૂતર વીંટીને પિતાને બાંધ્યા અને કહ્યું કે 'હું પિતાને એવા બાંધી દઉં છું કે - પિતા જઇ જ ન શકે'. આર્દ્રકુમારે જાગીને જોયું. જેટલા આંટા સૂતરના હતા એટલાં વરસ પાછા સંસારમાં રહ્યા. જે જવાબદારી છોડીને જવા નીકળેલા તે પણ પુત્રના મમત્વના કારણે પાછા પડ્યા. સંસાર પ્રત્યેનો મોહ દૂર થશે ત્યારે મોક્ષ પ્રત્યે રાગ પ્રગટશે. જ્યાં સુધી સંસારમાં મમત્વ પડ્યું હશે ત્યાં સુધી મોક્ષ પ્રત્યે નફરત રહેવાની.

આપણે જોઇ ગયા કે કેવળી ભગવંતને જ તાત્ત્વિક સ્વાસ્થ્ય હોય છે, કારણ કે તેમને ઉત્સુકતા હોતી નથી. હવે શિષ્ય શંકા કરે છે કે જો કેવલીને ઔત્સુક્ય નથી, સંસાર અને મોક્ષ પ્રત્યે તેઓ એકાન્તે સ્પૃહા વગરના છે, તો તેઓ આહારવિહારાદિની પ્રવૃત્તિનિવૃત્તિ શા માટે કરે છે? તેના નિરાકરણમાં જણાવે છે કે તેમની તે પ્રવૃત્તિ દ્રવ્યથી જ થાય છે, કુંભારના ચક્રના ભ્રમણની જેમ પૂર્વના સંસ્કારથી થાય છે. તેથી મન વિના કરાયેલી તે પ્રવૃત્તિનિવૃત્તિ તાત્ત્વિક નથી - એ જ જણાવે છે :

**भावसारे हि प्रवृत्त्यप्रवृत्ती सर्वत्र प्रधानो व्यवहार इति ।।४९।। (५३०)**

ભાવપૂર્વક કરાયેલ જે પ્રવૃત્તિ કે નિવૃત્તિ હોય તેમાં જ પ્રધાનતયા પ્રવૃત્તિનિવૃત્તિનો વ્યવહાર થાય છે. જે મન દઇને કરાય તે જ પ્રવૃત્તિનિવૃત્તિ તાત્ત્વિક છે, મન વગર કરાતી પ્રવૃત્તિનિવૃત્તિ તાત્ત્વિક નથી. એ રીતે કેવળી ભગવંતોને ભાવમન હોતું નથી અને દ્રવ્યમનથી તેઓ કોઇ પ્રવૃત્તિ-નિવૃત્તિ કરતા નથી માટે તેમની પ્રવૃત્તિનિવૃત્તિ ગણાતી જ નથી. જેમ આપણે ધર્મ મન વગર કરીએ છીએ તેથી આપણા ધર્મથી નિર્જરા નથી થતી, તેમ કેવલી ભગવંતો મન વગર પ્રવૃત્તિ કરતા હોવાથી તેમને કર્મબંધ થતો નથી. અભવ્યનું ચારિત્ર મન વગરનું હોવાથી અતાત્ત્વિક છે અને સમકિતીની મન વગર થતી સંસારની પ્રવૃત્તિ અતાત્ત્વિકી છે.

**प्रतीतिसिद्धश्चायं सद्योगसचेतसामिति ।।५०।। (५३१)**

આ રીતે માનસિક પ્રણિધાન વિના દ્રવ્યથી જ પ્રવૃત્તિનિવૃત્તિ થાય છે એ વિષય, શુદ્ધ ધ્યાનરૂપ સદ્યોગના કારણે સુંદર ચિત્તવાળા આત્માઓને અનુભવસિદ્ધ છે. અર્થાદ્ નિર્મલ ધ્યાનરૂપ મનવાળા મહામુનિઓ જાતે જ આ વિષયને જાણે છે, તેમાં પરના ઉપદેશની ઇચ્છા રાખતા નથી.

**सुस्वास्थ्यं च परमानन्द इति ।।५१।। (५३२)**

ઉત્સુકતા વગરની પ્રવૃત્તિથી જે સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય છે તેના કરતાં પણ અધિક સ્વાસ્થ્ય જે છે તેને સુસ્વાસ્થ્ય કહેવાય છે. આ સુસ્વાસ્થ્ય એ જ મોક્ષનું સુખ છે. તેરમા ગુણઠાણે ઉત્સુકતારહિત જે પ્રવૃત્તિ થાય છે તેમાં જે સ્વાસ્થ્ય હોય છે તેના કરતાં મોક્ષમાં અધિક સ્વાસ્થ્ય હોય છે, તેનું કારણ એ છે મોક્ષમાં શરીરાદિ ન હોવાથી કોઇ પણ જાતની પ્રવૃત્તિ નથી. મોક્ષનું સુખ જ સુસ્વાસ્થ્ય કેમ છે - તે જણાવે છે :

**तदन्यनिरपेक्षत्वादिति ।।५२।। (५३३)**

સુસ્વાસ્થ્ય એ આત્માનું સુખ છે, તેમાં આત્મા સિવાય બીજા કશાની અપેક્ષા હોતી નથી આથી એ જ પરમાનંદસ્વરૂપ છે. આત્માનું સુખ આત્મભિન્ન પદાર્થની અપેક્ષા વિનાનું હોવાથી જ તે કાયમ માટે ટકી રહે છે. તીર્થંકરભગવંતો તેરમા ગુણઠાણે પણ જે કાંઇ દેશના વગેરેની પ્રવૃત્તિ કરે છે તે મન વગર જ કરે છે. તે આપણા હિતની ચિંતાથી દેશના નથી આપતા.

સ. ભગવાનને હિતની ચિંતા નથી તો આપણા હિતની વાત કેમ કરે છે?

હિતની વાત તો ભગવાન તીર્થંકરનામકર્મના ઉદયથી કરે છે. તીર્થંકરનામકર્મનો વિપાક જ એવો છે. જેમ સૂર્ય આપણા અજવાળા માટે પ્રકાશતો નથી, છતાં તેના ઊગવાથી પ્રકાશ થાય છે, નદીઓ આપણા ઉપકાર માટે વહેતી નથી છતાં તેના વહેવાથી ઉપકાર થાય છે તેમ ભગવાન ઉપકાર માટે દેશના નથી આપતા છતાં દેશનાથી ઉપકાર થાય છે. તમારે ત્યાં પણ પૈસાને ઉપકારની ભાવના નથી છતાં પૈસાથી ઉપકાર થાય છે ને? તેમ અહીં પણ સમજવું. મોક્ષનું સુખ આત્માથી અન્યની અપેક્ષા વિનાનું હોવાથી સુસ્વાસ્થ્યરૂપ છે તેનું કારણ જણાવે છે :

**अपेक्षाया दुःखरूपत्वादिति ।।५३।। (५३४)**

સ્વ-આત્મા સિવાય અન્યની અપેક્ષા એ જ દુઃખરૂપ છે. સંસારનું સુખ તો આત્મભિન્ન પદાર્થની અપેક્ષાવાળું હોવાથી દુઃખરૂપ છે. આ જ વસ્તુ સ્પષ્ટ કરે છે:

**अर्थान्तरप्राप्त्या हि तन्निवृत्तिर्दुःखत्वेनानिवृत्तिरेवेति ।।५४।। (५३५)**

અપેક્ષા દુઃખરૂપ છે એનું કારણ એ છે કે અપેક્ષાની નિવૃત્તિ અર્થાંતરની

પ્રાપ્તિના કારણે થાય છે. અને અર્થાન્તરની પ્રાપ્તિ અર્થાદ્ આત્મભિન્ન પદાર્થની પ્રાપ્તિ સ્વયં દુઃખરૂપ હોવાથી અપેક્ષાની નિવૃત્તિ પણ અસલમાં અનિવૃત્તિસ્વરૂપ છે.

**न चास्यार्थान्तरावाप्तिरिति ।।५५।। (५३६)**

મુક્તાત્માઓને આત્માથી ભિન્ન કોઈ પણ પદાર્થનો સંબંધ જ નથી. માટે તેમને અર્થાન્તરપ્રાપ્તિરૂપ પણ દુઃખ નથી અને અપેક્ષારૂપ પણ દુઃખ નથી.

ધર્મનું સાક્ષાત્ ફળ કર્મની નિર્જરા છે જેના કારણે વિષયકષાયની પરિણતિ શાંત થઈ જાય છે. અને ધર્મનું પરંપરાએ ફળ મોક્ષ છે. આ મોક્ષનું સુખ કેવું છે-એની વિચારણા આપણે કરી રહ્યા છીએ. આપણને જે જોઈએ છે તે આ સંસારમાં છે ખરું? મોક્ષનું સ્વરૂપ એક વાક્યમાં સમજાવીએ તો 'આપણને જે જોઈએ તે ત્યાં પરિપૂર્ણ છે અને આપણને જે જોઈતું નથી તે ત્યાં બિલકુલ નથી.' સંસારમાં તેનાથી તદ્દન વિપરીત છે. આપણને જે જોઈએ છે એનો અંશ પણ સંસારમાં નથી અને આપણને જે જોઈતું નથી તે ઢગલાબંધ આ સંસારમાં છેઃ આટલું જેને સમજાય તેને મોક્ષમાં જવાનું મન થયા વિના નહિ રહે. આ તો જે જોઈતું નથી તે પણ ચલાવી લેવાની, નભાવવાની તૈયારી છે માટે જ સંસારમાં રહેવાનું ફાવે છે. દુઃખ ભોગવવા માટે છાતી મજબૂત છે અને સુખ ન મળે તો આશા છૂટતી નથી માટે જ સંસાર છૂટતો નથી. સંસારમાં દુઃખ છે-એવું નથી, સંસાર જ દુઃખમય છે. દુઃખ આપણને જોઈતું નથી પણ તે સંસારમાં પાર વગરનું છે. સુખ આપણને જોઈએ છે પરંતુ સંસારમાં એ બિલકુલ નથી. સંસાર દુઃખરૂપ છે કે સંસારમાં દુઃખ છે? જે સંસારને દુઃખરૂપ માને તે મુમુક્ષુ ચારિત્ર લેવા માટે યોગ્ય છે. એ જ રીતે સંયમમાં દુઃખ હોય કે ન હોય, સંયમ તો સુખરૂપ જ છે : આટલી શ્રદ્ધા છે ને? સંસારમાં સુખનું નામ નથી અને દુઃખનો પાર નથી, જ્યારે મોક્ષમાં દુઃખનું નામ નથી અને સુખનો પાર નથી. તો સંસાર છોડીને મોક્ષમાં જવું છે ને? તો વિરતિધર્મનો અભ્યાસ પાડવા માંડો. ચારિત્ર વિના આ મોક્ષ નહિ જ મળે. તમે સામાયિક પણ કેવું કરો? ચારિત્ર અપાવે એવું કરો ને? સામાયિકમાં જે આનંદ આવે છે - એ મોક્ષનો જ અંશ છે.

સ. સામાયિકમાં સંસારજેવો આનંદ નથી આવતો.

તો સામાયિક શા માટે કરો છો? સામાયિકમાં આનંદ ન આવતો હોય છતાં સામાયિક કરતા હો તો માનવું પડે કે ધર્મી કહેવડાવવા માટે અથવા તો સંસારની ઉપાધિથી થોડો સમય બચવા માટે સામાયિક કરો છો! સામાયિક સામાયિકની રીતે

કરો તો એમાં આનંદ આવે ને? બત્રીસ દોષથી રહિત સામાયિક કર્યું છે? મહાશતક શ્રાવકે પૌષધમાં પોતાની પત્નીનો અનુકૂળ અને ભયંકર એવો પ્રતિકૂળ પરિષહ સહન કર્યો તો અવધિજ્ઞાન થયું. અવધિજ્ઞાનથી તેની ગતિ જાણી કે તે નરકમાં જવાની છે. તેથી સહેજ કઠોરતાથી કહ્યું કે 'અહીંથી મરીને નરકમાં જવાનું છે. હજુ કેટલાં પાપ કરવાં છે?' એ વખતે મહાવીરપરમાત્માએ ગૌતમસ્વામીને તે પ્રતિમાધારી શ્રાવક પાસે મોકલીને તેમના વ્રતમાં કઠોરભાષાપ્રયોગથી લાગેલા અતિચારની આલોચના કરવાનું જણાવ્યું. આટલી પણ કઠોરતા સામાયિકમાં ન ચાલે ને?

સ. મહાશતક શ્રાવકે આટલું કઈ રીતે સહન કર્યું?

જે પોતાની જાત સામે જુએ તેને બીજાનું સહન કરવામાં વાંધો ન આવે. જે બીજાની સામે જુએ તે સહન ન કરી શકે.

હવે મોક્ષના જીવો સર્વથા નિરપેક્ષ કઈ રીતે છે તે માટે જણાવે છે કે જે ક્ષેત્રમાં રહ્યા છે તે ક્ષેત્રની પણ તેમને અપેક્ષા નથી.

**स्वस्वभावनियतो ह्यसौ विनिवृत्तेच्छाप्रपञ्च इति ।।५६।। (५३७)**

સિદ્ધભગવંતો મોક્ષમાં પણ સ્વસ્વરૂપમાં-સ્વસ્વભાવમાં રહ્યા છે, આકાશક્ષેત્રમાં નહિ. કારણ કે કોઈ પણ પરપદાર્થ સાથે સ્પૃહાનો સંબંધ જ નથી.

**अतो अकामत्वात्तत्स्वभावत्वान्न लोकान्तक्षेत्राप्तिराप्तिः ।।५७।। (५३८)**

આ રીતે સર્વથા ઈચ્છાઓનો પ્રપંચ વિશેષે કરીને નિવૃત્ત થયેલો હોવાથી તેમનો સ્વભાવ આત્મભિન્ન પદાર્થથી નિરપેક્ષપણાનો છે. આવો સ્વભાવ હોવાથી જ લોકાન્તરૂપ આકાશક્ષેત્રની પ્રાપ્તિ પણ પ્રાપ્તિરૂપ મનાતી નથી.

**औत्सुक्यवृद्धिर्हि लक्षणमस्याः, हानिश्च समयान्तरे इति ।।५८।। (५३९)**

સિદ્ધના જીવોને આકાશ સાથે પણ સંબંધ નથી. એટલે સિદ્ધક્ષેત્રની પ્રાપ્તિ એ અર્થાન્તરની પ્રાપ્તિસ્વરૂપ નથી. કારણ કે અર્થાન્તરપ્રાપ્તિનું લક્ષણ જુદું છે. અર્થાંતરપ્રાપ્તિના પ્રથમ સમયે ઔત્સુક્યની વૃદ્ધિ અને બીજા સમયે ઔત્સુક્યની હાનિ એ જ અર્થાન્તરપ્રાપ્તિનું લક્ષણ છે. અને સિદ્ધાત્માઓને આવા પ્રકારની ઔત્સુક્યની હાનિવૃદ્ધિવાળી અર્થાન્તરપ્રાપ્તિ છે જ નહિ, તેનું કારણ જણાવે છે:

**न चैतत्तस्य भगवतः, आकालं तथावस्थितेरिति।।५९।। (५४०)**

સિદ્ધના જીવોનું મોક્ષમાં અવસ્થાન એકસરખું હોય છે. મોક્ષના પહેલા સમયે જેવી અવસ્થા તેમની હોય છે એવી જ અવસ્થા કાયમ માટે હોય છે. જ્યાં સુધી કાળ છે ત્યાં સુધી તેમનું અવસ્થાન એવું ને એવું જ હોય છે. તેથી અર્થાન્તરપ્રાપ્તિનું લક્ષણ સિદ્ધના જીવોમાં ઘટતું નથી, સિદ્ધના જીવોમાં ઔત્સુક્યની હાનિવૃદ્ધિ સ્વરૂપ લક્ષણ કેમ ઘટતું નથી તેનું કારણ જણાવે છે.

**कर्मक्षयाविशेषादिति।।६०।। (५४१)**

સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ સમસ્ત કર્મના ક્ષયથી થાય છે. અને આ કર્મક્ષય સિદ્ધાવસ્થાના પહેલા સમયે જેવો હોય છે એવો જ અનન્તકાળ સુધી પ્રત્યેક ક્ષણે હોય છે.

**इति निरुपमसुखसिद्धिरिति ।।६१।। (५४२)**

આ મોક્ષનું સુખ નિરુપમ કોટિનું છે કારણ કે તે કર્મના ક્ષયથી પ્રગટે છે.

આ સંસારનાં સુખો કર્મજનિત છે જ્યારે મોક્ષનું સુખ કર્મક્ષયથી પ્રગટ થનારું છે તેથી મોક્ષસુખને કોઈની ઉપમા આપી શકાય એવું નથી. અનંતસુખનો ધણી એવો આત્મા પણ આ સુખના લેશને અનુભવી શકતો નથી તેમાં કારણભૂત કર્મપરમાણુ છે. કર્મપરમાણુ જવાથી ઔત્સુક્યની આત્યંતિક નિવૃત્તિ થાય છે તેથી નિરુપમ સુખની સિદ્ધિ થાય છે. આત્મા ઉપરથી જે કર્મપરમાણુ છૂટા પડ્યા છે તે પાછા કેમ વળગતા નથી તે જણાવવા માટે ઉપસંહાર કરતાં જણાવે છે-

**सद्ध्यानवह्निना जीवो, दग्ध्वा कर्मेन्धनं भुवि ।**
**सद्ब्रह्मादिपदैर्गीतं, स याति परमं पदम् ।।४६।। इति।**

આ રીતે શુક્લધ્યાનરૂપી વહ્નિ વડે આ મનુષ્યક્ષેત્રમાં કર્મરૂપ ઇંધનને બાળીને અર્થાત્ ભવોપગ્રાહી કર્મને સર્વથા નષ્ટ કરીને પરમપદને પામે છે કે જે પદ સદ્બ્રહ્મ લોકાન્ત વગેરે પદોથી ગવાય છે. શુક્લધ્યાનરૂપી અગ્નિમાં એટલું સામર્થ્ય હોય છે કે તેનાથી માત્ર જીવના પોતાના જ નહિ, સમસ્ત જીવોનાં કર્મો પણ બળી જાય. પરંતુ એકનાં કર્મો બીજામાં સંક્રમિત થતાં નથી. અગ્નિ બધું જ બાળી નાંખવા સમર્થ હોવા છતાં અગ્નિમાં જેટલું નાંખીએ એટલાને જ તે બાળે. તેમ અહીં પણ સામર્થ્ય હોવા છતાં તે જીવનાં જ કર્મોનો ક્ષય થાય છે. કર્મ-ઈન્ધન બળી ગયું હોવાથી ફરી કર્મો બંધાતાં નથી. આ રીતે કર્મરહિત બનેલા આત્મા અહીં ન રહેતાં અહીંથી મોક્ષમાં

કેમ જાય છે - તે જણાવે છે.

**पूर्वावेधवशादेव तत्स्वभावत्वतस्तथा ।**
**अनन्तवीर्ययुक्तत्वात् समयेनानुगुण्यतः ।।४७।। इति।**

કર્મરહિત એવો આત્મા અનંતવીર્યયુક્ત હોવાથી તેમ જ પોતાનો ઊર્ધ્વગતિનો સ્વભાવ હોવાથી પૂર્વાવેધના કારણે એક જ સમયમાં સમશ્રેણિમાં અસ્પૃશદ્ગતિએ લોકના અગ્રભાગ ઉપર જાય છે.

સ. આકાશપ્રદેશમાંથી જ પસાર થાય છે છતાં અસ્પૃશદ્ગતિ કેમ કહેવાય?

આકાશપ્રદેશમાંથી પસાર થવા છતાં સિદ્ધાત્મા તેનો સ્પર્શ કરતા નથી. સ્પૃશદ્ એ કર્ત્તરિવર્ત્તમાન કૃદંત છે. કર્ત્તાની કૃતિ ઈચ્છાપૂર્વકની સામાન્યથી મનાય છે. સિદ્ધાત્માને સ્પર્શની ઈચ્છા નથી માટે સ્પર્શની કૃતિ પણ નથી, સ્પર્શ થવા છતાં કર્યો નથી માટે તે અસ્પૃશદ્ગતિ મનાય છે.

**स तत्र दुःखविरहादत्यन्तसुखसङ्गतः ।**
**तिष्ठत्ययोगो योगीन्द्रवन्द्यस्त्रिजगतीश्वरः ।।४८।। इति।**

આપણે ધર્મ કરીએ છીએ તે સારું મળે માટે કરીએ છીએ કે સારું જોઈતું નથી માટે કરીએ છીએ? જેને શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવું હશે તેણે સારું કાઢવાની તૈયારી રાખવી જ પડશે. મોક્ષમાં જવા માટે સારું ભેગું કરવાની જરૂર નથી, બધા જ પ્રકારનો સારો કે નરસો વિભાવ કાઢવાની જરૂર છે.

સ. શરીર સારું હોય તો ધર્મ સારો થાય ને?

શરીર સારું હોય તો ધર્મ સારો થાય કે સહનશીલતા હશે, તિતિક્ષા હશે તો ધર્મ સારો થશે? શરીર સારું હોય છતાં સહનશીલતા જ ન હોય તો ધર્મ ક્યાંથી થાય?

સ. તિતિક્ષા અને સહનશીલતામાં શું ફરક છે?

કોઈ પણ રીતે સહન કરવું, લાચારીથી પણ સહન કરવું તે સહનશીલતા અને દીનતા વિના સહન કરવું તેનું નામ તિતિક્ષા. તિતિક્ષા એ સાધુપણાનો પ્રાણ છે. સહન કરવું છે પણ લાચારીથી સહન નથી કરવું, અદીનમનથી કરવું છે. મોક્ષમાં જવું હોય તો સંસારમાંથી ખસવું જ પડશે. જ્યારે નિર્જરાની શરૂઆત થાય ત્યારે

સંસારથી ખસ્યા-એમ સમજવું. આપણે પુણ્ય કેટલું બંધાય છે-એ જોયું કે પાપ કેટલું જાય છે - એ જોયું? આજે તો સાધુસાધ્વી પણ પુણ્ય કેટલું બંધાય છે - એ જોયા કરે છે. જેઓ સંસાર પણ છોડીને આવ્યા તેમને પુણ્યની જરૂર ખરી? બે સાધુ ભેગા થયા તોપણ શરૂઆત ત્યાંથી કરે કે 'તમારું પુણ્ય ઘણું, અમારું પુણ્ય કાંઈ નહિ.' આપણે કહેવું પડે કે સંસારથી તરવા માટે નિર્જરાની જરૂર છે, પુણ્યથી તરાતું નથી. સંસાર છોડવા છતાં પાપ છૂટતું નથી માટે મોક્ષે જવાતું નથી. પુણ્ય હોય કે ન હોય, પાપ જાય તો કામ થાય. ભણનારને પણ જ્ઞાન જોઈએ કે જ્ઞાનાવરણીયની નિર્જરા જોઈએ? ધર્મથી દુ:ખ કાઢવું છે કે કર્મો કાઢવાં છે? ધર્મ કરવાથી દુ:ખ જાય કે ન જાય, કર્મની નિર્જરા તો થાય જ છે : આટલી શ્રદ્ધા ખરી?

આપણે જોઈ ગયા કે શુક્લધ્યાનરૂપી અગ્નિમાં કર્મો બાળીને સિદ્ધાત્મા પરમપદે જાય છે. જેઓ કર્મરહિત થયા છે તેઓ અહીંથી મોક્ષમાં જવાની ગતિ શા માટે કરે છે? તો તેના માટે જણાવે છે કે જીવનો ઊર્ધ્વગતિનો સ્વભાવ છે માટે મોક્ષમાં જાય છે. જો સ્વભાવ જ હતો તો પહેલાં કેમ ન ગયા, આજે કેમ જાય છે? આવી શંકા માટે જણાવ્યું કે સ્વભાવ હોવા છતાં કર્મના યોગે એ સ્વભાવ આવરાઈ ગયો હોવાથી પહેલાં ઉપર ન ગયા, કર્મનો અવરોધ જેવો દૂર થાય કે તરત ઉપર જતા રહે. જો ઊર્ધ્વગતિનો સ્વભાવ હોય તો લોકના અગ્રભાગ ઉપર અટકી કેમ જાય છે - તેના માટે જણાવ્યું છે કે લોકાકાશની બહાર, ગતિમાં સહાય કરનાર ધર્માસ્તિકાય ન હોવાથી અલોકમાં ગતિ કરતા નથી. અચિન્ત્યસામર્થ્યના કારણે, પૂર્વના અનુવેધથી, સ્વસ્વભાવથી મોક્ષમાં જાય છે.

આ રીતે મોક્ષમાં ગયેલા આત્માઓ શરીરસંબંધી અને મનસંબંધી દુ:ખની બાધાથી રહિત અને અત્યંત સુખથી સંગત થયેલ એવા યોગીન્દ્રોને પણ વન્દ્ય ત્રણ જગતના ઈશ્વર, યોગરહિતપણે અનંતકાળ સુધી રહે છે. મોક્ષમાં જે સુખ છે એનો અંશ પણ આ સંસારમાં નથી. આ સંસારમાં થોડીઘણી પણ શાંતિ કદાચ મળતી હોય તોપણ એ અશાંતિનું મૂળ છે. મોક્ષનું સુખ મળે તો સારું કે મેળવીએ તો સારું?

સ. વગર મહેનતે મળે તો સારું!

વગર મહેનતે મળે-એવું નથી, મહેનત મહેનત ન લાગે એવો ઉપાય છે. સાધુપણું લઈ લો, તો મોક્ષ માટેની મહેનત કરવા છતાં મહેનત લાગશે નહિ. તમે સંસારમાં જેટલી મહેનત કરો છો એના સોમા ભાગની મહેનત જો સાધુપણામાં કરો

તો આજે મોક્ષ મળે એવો છે. તમે સંસાર માટે જે મહેનત કરો છો- એ જોતાં તો એમ લાગે છે કે સાધુપણું તો આના કરતાં ઘણું સહેલું છે. સંસારમાં રહીને થોડી વારના દુઃખના અભાવને સુખ માનવું, તેના માટે રાતદિવસ દોડધામ કરવી તેના કરતાં સંસારનો ત્યાગ કરીને સર્વથા દુઃખથી રહિત એવા મોક્ષને પામવા માટે પ્રયત્ન કરવો સારો ને?

આ રીતે ધર્મબિંદુનો આઠમો અધ્યાય અહીં પૂરો થાય છે. ગૃહસ્થધર્મ અને યતિધર્મનું વિસ્તૃત વર્ણન કરવા સાથે તેના ફળનું પણ અહીં વિસ્તારથી વર્ણન આપણે જોયું. આ ધર્મનું સ્વરૂપ અને એનું ફળ જો ગમી ગયું હોય તો ગૃહસ્થપણાના સામાન્ય ધર્મમાંથી ગૃહસ્થપણાના વિશેષધર્મમાં જવું છે, ગૃહસ્થપણાના વિશેષધર્મમાંથી યતિધર્મમાં અને યતિધર્મમાંથી તેના ફળરૂપ મોક્ષમાં જવા માટે સદા પ્રયત્નશીલ બની રહો એ જ એક સદા માટેની શુભાભિલાષા.

★★★★★

